# જૈનદર્શનમાં ઉપયોગ


લેખક અને પ્રકાશક :

ખુબચંદ કેશવલાલ પારેખ

વાયા પાલનપુર, જી. બનાસકાંઠા,

મુ. : વાવ. પીનકોડ ૩૮૫૫૭૫

# જૈનદર્શનમાં ઉપયોગ


લેખક અને પ્રકાશક

**ખુબચંદ કેશવલાલ પારેખ. વાવ** (બનાસકાંઠા)


—: મુખ્ય દ્રવ્યસહાયક :—

**માલવાડા** ( રાજસ્થાન ) **જૈન સંઘ**

—: પ્રેરક :—

**સ્વ૦ પં૦ મ૦ સા૦ શ્રી ભદ્રંકરવિજયજીના શિષ્ય, મુ૦ શ્રી વારિષેણ વિ૦ મ૦ સા૦**


દ્વીતિયાવૃત્તિ  પ્રત–૧૦૦૦  વિ૦ સં૦ ૨૦૩૮

મૂલ્ય :—**દ્રવ્ય સહાયકો તરફથી ભેટ.**

( ૭૫ ન. પૈ., પોસ્ટ તથા પેકીંગ ખર્ચ માટે મોકલવા. )

---

**મુદ્રક** : મણિલાલ છગનલાલ શાહ

રાકેશ પ્રિ. પ્રેસ– મું. સાદરા. સ્ટે, ડભોડા (એ. પી. રેલ્વે)

# દ્રવ્ય સહાયકોની શુભ નામાવલી

૧ પરમપૂજ્ય મુનિવર્ય શ્રી વારિષેણુવિજયજી મ૦સા૦ની શુભ પ્રેરણાથી માલવાડા (રાજસ્થાન) જૈનસંઘ તરફથી રૂા. ૪૨૦૦) જ્ઞાનખાતામાંથી તથા રૂા. ૮૦૦) સાધારણખાતામાંથી.

૨ પરમપૂજ્ય શાસનપ્રભાવક આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભુવનશેખર સૂરીશ્વરજી મ૦સા૦, તથા તેઓશ્રીના શિષ્યરત્ન મુ૦શ્રી મહિમાવિજયજી મ૦સા૦ના સદુપદેશથી ભાભર શ્રી બુદ્ધિતિલક જ્ઞાનમંદિર તરફથી રૂા. ૧૦૦૦)

૩ મહેતા ચુનીલાલ શોભાગચંદ-વાવ (બનાસકાંઠા)વાળા તરફથી રૂા. ૨૦૧)

૪ પરમપૂજ્ય આચાર્ય ભગવંત શ્રી અશોકચંદ્રસૂરીજી મ૦સા૦ (ડહેલાવાળા), તથા સ્વ૦ આચાર્યદેવ શ્રી રાજેન્દ્રસૂરીજી મ૦સા૦ (ડહેલાવાળા)ના સુશિષ્ય પૂજ્ય મુનીવર્ય શ્રી વિમલવિજયજી મ૦સા૦ના સદુપદેશથી શ્રી જીનદાસ ધર્મદાસ જૈન શ્વે૦ પેઢી (જૈનસંઘ) જાવાલ (રાજસ્થાન) તરફથી રૂા. ૩૦૦)

---

# પ્રસ્તાવના

જ્ઞાન એ આત્માનો ગુણ છે. જ્ઞેયને જાણવું તે જ્ઞાનનો ધર્મ છે. જે જીવને જેટલી જ્ઞાનશક્તિ ખુલ્લી હોય, તેને તે જ્ઞાનલબ્ધિ કહેવાય છે. ખુલ્લી થયેલ જ્ઞાનમાત્રાની બે અવસ્થાઓ હોય છે. (૧) લબ્ધિરૂપે અને (૨) પ્રવૃત્તિરૂપે. તેમાં પ્રવૃત્તિરૂપ જ્ઞાનને ઉપયોગ કહેવાય છે. જીવને જ્ઞેય-પદાર્થનો ખ્યાલ, માત્ર લબ્ધિરૂપે સ્થિત જ્ઞાનદ્વારા જ થતો નથી. પરંતુ પ્રવૃત્તિરૂપ જ્ઞાનદ્વારા જ થાય છે. પ્રવૃત્તિ તે લબ્ધિની જ છે. એટલે લબ્ધિવિના પ્રવૃત્તિરૂપ ઉપયોગજ્ઞાન હોઈ શકતું જ નથી. માટે જ જ્યાં જ્યાં જ્ઞાનમાત્રાનો ઉપયોગ છે, ત્યાં ત્યાં તેની લબ્ધિ તો છે જ. પરંતુ જ્યાં લબ્ધિ છે, ત્યાં તેનો ઉપયોગ હોય પણ ખરો અને ન પણ હોય. કેટલાક પદાર્થોના જ્ઞાનનો ઉપયોગ પ્રવર્તતો ન હોય, તો પણ તે વિષેનાં ઘણાં જ્ઞાનો તેને શક્તિરૂપે–લબ્ધિરૂપે તો હોઈ શકે છે.

"ઉપ" એટલે સમીપ અને "યોગ" એટલે જ્ઞાન-દર્શનનું પ્રવર્ત્તન. અર્થાત્ જેનાવડે આત્મા, જ્ઞાનદર્શનનું પ્રવર્ત્તન કરવાની અભિમુખતાવાળો થાય, એવો જે ચેતના-વ્યાપાર, તે ઉપયોગ કહેવાય છે. ચેતનાશક્તિના પ્રવર્ત્તનમાં જ, જીવ હોવાનું માલુમ પડતું હોવાથી શાસ્ત્રકારોએ તો ઉપયોગને જ જીવનું લક્ષણ માન્યું છે. આ હકીકત "વ્યાખ્યાપૂર્વક ઉપયોગની સ્પષ્ટ સમજ" નામે પહેલા પ્રકરણમાં દર્શાવી છે.

જ્ઞાન અને દર્શન તે ઉપયોગના જ બે પ્રકારો છે. વિશેષરૂપે પદાર્થબોધ કરાવનારી ચૈતન્યશક્તિ તે જ્ઞાન છે. અને સામાન્યરૂપે પદાર્થબોધ કરાવનારી ચૈતન્ય શક્તિ તે દર્શન છે. આ બન્ને પ્રકારની ચૈતન્યશક્તિને અનુક્રમે (૧) જ્ઞાનો-

પયોગ અને (૨) દર્શનોપયોગ કહેવાય છે. શક્તિ હોવા છતાં ઉપયોગ વિના પદાર્થને જાણી–દેખી શકાય જ નહિં. માટે આ જ્ઞાન અને દર્શનવડે વર્ત્તતા પ્રયત્નને જ ઉપયોગ કહેવાય છે. અહિં જ્ઞાન તે આઠપ્રકારે અને દર્શન તે ચાર પ્રકારે હોઈ, જ્ઞાન–દર્શનલબ્ધિની પ્રવૃત્તિરૂપ ઉપયોગની પણ વિવિધતાના બાર પ્રકારોની હકીક્ત બીજા પ્રકરણમાં વિચારાઈ છે. કોઈપણ કાર્યપ્રવૃત્તિમાં જીવ, કેવા ક્રમે પ્રવર્તે છે, તે સમજાવતું, "ઉપયોગ-ભાવના–પરિણામ અને પ્રવૃત્તિ" નામે ત્રીજું પ્રકરણ છે.

જેમ જ્ઞાન–દર્શન–ચારિત્ર તે આત્માના ગુણો છે, તેમ વીર્ય પણ આત્માનો એક ગુણ છે. જીવના સર્વગુણોની પ્રવૃત્તિમાં સહાયક આત્મશક્તિને "વીર્ય" કહેવાય છે. માનસિક, વાચિક કે કાયિક, એ સર્વ ક્રિયાઓ ઉપયોગપૂર્વક અને ક્રિયાશક્તિરૂપ વીર્યના લીધે જ સંભવે છે. ચોથું પ્રકરણ, આત્માના આ વીર્યગુણની હકીકતને સરલતાપૂર્વક યથાર્થરીતે સમજવામાં બહુ જ ઉપયોગી છે.

સામાન્ય બાલભોગ્ય ભાષામાં ઉપયોગને મન તરીકે પણ વ્યવહારાય છે. મન અંગે જૈનદર્શનમાં કહેલી એક હકીકત સમજવી જરૂરી છે કે "મનઃપર્યાપ્તિ" નામકર્મના ઉદયથી મનોયોગ્ય પુદ્ગલદ્રવ્યને ગ્રહણ કરીને મનપણે પરિણમાવેલ જે પુદ્ગલદ્રવ્યો, તે જ દ્રવ્યમન કહેવાય છે. અને તે મનપણે પરિણમિત પુદ્ગલદ્રવ્યના આલંબનવાળો જીવનો ચિન્તનસ્વરૂપ જે વ્યાપાર, તેને ભાવમન કહેવાય છે. અહિં હૃદયોસ્થિત ચિન્તનસ્વરૂપ પરિણામ તે ભાવમન છે. એ

ભાવમન તે આત્માના અભ્યંતર પુરૂષાર્થસ્વરૂપ હોઇ તેની ગણત્રી ઉપયોગ તરીકે પણ કહી શકાય. આ પુસ્તકનું પાંચ–છ–સાત અને આઠમું પ્રકરણ તે ઉપયોગ, ઇન્દ્રિય અને મન અંગેની વિસ્તૃત હકીકતવાળું છે.

દરેક પ્રાણિનું ચિત્ત, અસંખ્ય અધ્યવસાયમાં વર્ત્તતું હોય છે. અને તેથી તે વિચિત્ર પ્રકારની યોનિરૂપ સંસારનું કારણ બને છે. તે અનેક અધ્યવસાયોને અનુરૂપ સ્થાનમાં લઇ જાય છે. જો ચિત્ત, દોષથી ભરેલા સ્થાનોમાં વર્ત્તતું હોય તો, તે સંસારનું કારણ બને છે. અને તે નિર્દોષ-સ્થાનમાં વર્ત્તતું હોય તો તે જ ચિત્ત મોક્ષનું કારણ બને છે. પ્રાણિને પોતાનું ચિત્ત, એ જ ખરૂં અંતરધન છે. એના ઉપર જ ધર્મ અને અધર્મનો આધાર છે. એના ઉપર જ સુખ અને દુઃખનો આધાર રહે છે. માટે એ ચિત્તરૂપી સુંદરરત્નનું સારી રીતે રક્ષણ કરવું એમાં જ આ ઉપયોગધર્મને સમજવાની સફલતા છે. જે પ્રાણિ, પોતાના ભાવચિત્તનું રક્ષણ કરે છે. બરાબર જાળવે છે, તે વાસ્તવિક રીતે તો પોતાના આત્માનું જ રક્ષણ કરે છે. જ્યાં સુધી એ ચિત્ત, ભોગની લાલસાએ વસ્તુઓ કે ધન મેળવવા માટે જ્યાં ત્યાં દોડાદોડ કર્યા કરે ત્યાંસુધી જીવને સુખની ગંધ પણ આવી શકે જ નહિં. આ હકીકતને સમજાવતું "ભૌતિકદ્રષ્ટિ અને આધ્યાત્મિક દ્રષ્ટિ" નામે આ પુસ્તકનું નવમું પ્રકરણ છે.

જ્ઞેયપદાર્થને અનુસરીને જ વિવિધ સમયે પરિવર્તન પામતી રહેતી ઉપયોગની પરિવર્ત્તન ધારાને પરિણામ

કહેવાય છે. એ રીતે સ્વસ્વરૂપની સ્થિરતાપૂર્વક વર્ત્તતા ઉત્પતિ અને વિનાશરૂપ પરિણામની ધારા, પ્રત્યેક સમયે વહ્યા જ કરે છે. જેથી જીવ સિવાયનાં શેષ પાંચ અજીવદ્રવ્યો પણ, ગુણ-પર્યાય અને પરિણામયુક્ત જ વર્તે છે. આ ગુણ, પર્યાય અને પરિણામનું સ્વરૂપ તથા તેના નિયમન અંગેની હકીકત દર્શાવતું, આ પુસ્તકનું દશમું અને અગીઆરમું પ્રકરણ છે.

રાગ, દ્વેષ અને મોહની છાયાથી અનુરંજિત યા વિકૃત ઉપયોગને અશુદ્ધઉપયોગ કહેવાય છે. અને હિંસા, અસત્ય આદિ પાપપ્રવૃત્તિઓને અશુદ્ધયોગ કહેવાય છે. ઉપયોગની શુદ્ધતા માટે યોગની શુદ્ધતા પણ જરૂરી છે. બારમું અને તેરમું પ્રકરણ યોગ અને ઉપયોગની શુદ્ધાશુદ્ધતા દર્શક છે.

જીવને સંસારભ્રમણના કાળપૈકી અમુક કાળ તો ઉપયોગશુદ્ધિ માટે અયોગ્ય જ વર્ત્તે છે. આવો અયોગ્યકાળ વ્યતીત થયા બાદ જ સદનુષ્ઠાનની પારમાર્થિક આરાધનાને જીવ, સફલ બનાવી શકે છે. વિવિધભાવનાપૂર્વક કરાતાં સદનુષ્ઠાનો પૈકી શુદ્ધોપયોગપૂર્વક કરાતાં સદનુષ્ઠાનોથી જ આત્મિકઉન્નત્તિ સાધી શકાય છે. અને ત્યારે જ જીવ, પ્રશમરસસ્વરૂપ શુદ્ધાત્મસ્વરૂપની અનુભૂતિને પામી શકે છે. ત્યારે જ આત્મા, પરમઆનંદના અમૃતરસમાં ઝીલે છે. તે આનંદ અવર્ણનીય છે. નિરૂપમ છે. આ બધી હકીકત ૧૪ થી ૧૯ સુધીના પ્રકરણો દ્વારા સરલતાથી સમજી શકાય તેવી છે. ૨૦મા પ્રકરણમાં "ત્રિપદી" અને ૨૧મા પ્રકરણમાં સમતા તથા મમતાનું સ્વરૂપ સંક્ષેપમાં જણાવ્યું છે.

આ પુસ્તકની પ્રથમાવૃત્તિ, આજથી ત્રણ વરસ પહેલાં દોઢસો પેઈજની છપાવી હતી. વાંચકો તરફથી તે આવૃત્તિ અંગે ઘણા અનુમોદનક પત્રો આવ્યા હતા. અને તેની નકલો જલ્દી ખલાસ થઈ ગઈ હતી તો પણ ઘણા જિજ્ઞાસુઓની માંગણી ચાલુ હતી. જેથી પહેલી આવૃત્તિના લખાણમાં વધારો કરી લગભગ ત્રણસો પેઈજની આ દ્વીતિયાવૃત્તિ છપાવી પ્રગટ કરી છે.

શુભાશયથી લખાયેલા આ પુસ્તકમાં જિનાજ્ઞા વિરુદ્ધ લખાયું હોય તે અંગે "મિથ્યા મે દુષ્કૃત" હો. વિદ્વાનોની દ્રષ્ટિએ મારાં લેખિત પુસ્તકો હાંસીપાત્ર જ ગણાય. કારણકે તેમાં ઘણીઘણી ત્રુટીઓ રહી જવા પામે તે સ્વાભાવિક છે. છતાં વિદ્વાનો મને ક્ષમા અર્પે, અને મારા પર કૃપા કરી મને માર્ગદર્શક બનતા રહે એ જ શુભેચ્છા.

વસંતપંચમી
વિ૦સં૦ ૨૦૩૮

લી. ખુબચંદ કેશવલાલ પારેખ
વાવ (બનાસકાંઠા). ૩૮૫૫૭૫

# અનુક્રમણિકા


| ક્રમાંક | વિષય | પૃષ્ટ |
|---|---|---|
| ૧ | વ્યાખ્યાપૂર્વક ઉપયોગની સ્પષ્ટ સમજ... ... | ૧ થી ૧૬ |
| ૨ | જ્ઞાન અને દર્શનલબ્ધિની વિવિધતાએ ઉપયોગની વિવિધતા ... ... ... ... ... ... | ૧૭ થી ૨૭ |
| ૩ | ઉપયોગ, ભાવના, પરિણામ અને પ્રવૃત્તિ ... ... | ૨૮ થી ૪૨ |
| ૪ | ક્રિયાશક્તિ યા આત્મવીર્ય. ... ... ... ... | ૪૩ થી ૫૫ |
| ૫ | ઇન્દ્રિયો અને મન ... ... ... ... ... | ૫૬ થી ૭૮ |
| ૬ | मन एव मनुष्याणां कारणं बन्ध मोक्षयोः ... ... | ૭૯ થી ૧૧૨ |
| ૭ | મનયોગ અને ઉપયોગ ... ... ... ... | ૧૧૩ થી ૧૨૫ |
| ૮ | મનને સ્થિર રાખવાનો ઉપાય ... ... ... | ૧૨૬ થી ૧૪૨ |
| ૯ | ભૌતિકદ્રષ્ટિ અને આધ્યાત્મિક દ્રષ્ટિ ... ... | ૧૪૩ થી ૧૭૫ |
| ૧૦ | ગુણ, પર્યાય અને પરિણમન ... ... ... | ૧૭૬ થી ૧૮૦ |
| ૧૧ | પરિણમનનું નિયમન ... ... ... ... | ૧૮૧ થી ૧૮૫ |
| ૧૨ | શુદ્ધાશુદ્ધસ્વરૂપે યોગ અને ઉપયોગની સમજ... | ૧૮૬ થી ૨૦૨ |
| ૧૩ | યોગ અને ઉપયોગની ચતુર્ભંગી ... ... | ૨૦૩ થી ૨૧૮ |
| ૧૪ | જ્ઞાન ક્રિયાભ્યાં મોક્ષઃ ... ... ... ... | ૨૧૯ થી ૨૨૮ |
| ૧૫ | ધર્મબીજની પ્રાપ્તિ કરાવનાર ચરમાવર્ત્તકાળ... | ૨૨૯ થી ૨૩૭ |
| ૧૬ | ગાઢ મિથ્યાત્વના કારણે અચરમાવર્ત્તી જીવોમાં ભાવશુદ્ધિનો અભાવ ... ... ... ... | ૨૩૮ થી ૨૪૬ |
| ૧૭ | સદનુષ્ઠાની પારમાર્થિક આરાધના ... ... | ૨૪૭ થી ૨૫૭ |
| ૧૮ | અનુષ્ઠાન પંચક ... ... ... ... ... | ૨૫૮ થી ૨૭૨ |
| ૧૯ | પ્રશમરસસ્વરૂપ શુદ્ધાત્મસ્વરૂપની અનુભૂતિ ... | ૨૭૩ થી ૨૮૪ |
| ૨૦ | ત્રિપદી ... ... ... ... ... ... | ૨૮૪ થી ૨૯૪ |
| ૨૧ | સમતા અને મમતા ... ... ... ... | ૨૯૫ થી ૩૦૪ |

# જૈન દર્શનમાં ઉપયોગ

## ૧. વ્યાખ્યાપૂર્વક ઉપયોગની સ્પષ્ટ સમજ

વર્તમાનકાળે બાહ્ય પ્રવૃત્તિમાં ધર્મનું પ્રમાણ ઘણું વધ્યું હોય, તેમ અનુભવવામાં આવે છે- અને એ પ્રવૃત્તિ-સ્વરૂપધર્મની આજના જડવાદના વિષમ વાતાવરણમાં ઘણી જ જરૂર છે. એમ છતાં પણ એ પ્રવૃત્તિધર્મમાં જ ધર્મની પૂર્ણતા ન માની લેતાં ઉપયોગમાં પણ ધર્મને સ્થાન આપવાની અને એ રીતે ધર્મને આત્મસ્પર્શી બનાવવાની ખૂબ જ આવશ્યકતા છે.

ઉપયોગ, એ જૈનશાસનનો પારિભાષિક શબ્દ છે. એટલે શાસ્ત્રીય દ્રષ્ટિએ તેના સ્વરૂપને સર્વપ્રથમ સમજી લેવું આવશ્યક છે. જેથી જીવનને સાર્થક બનાવવામાં "ઉપયોગ" ને યથાર્થ રીતે પ્રવર્તાવી શકાય.

ચેતના એ જીવનો મુખ્ય ગુણ છે. ગુણ વિના ગુણી ન હોય. માટે ગુણ અને ગુણીનો કથંચિદ્ અભેદ સંભવે છે.'

જાણવું એ એક પ્રકારનો ચેતના વ્યાપાર છે. એટલે તે ચેતનાયુક્ત દ્રવ્યમાં જ સંભવે. આવું ચેતનાયુક્ત દ્રવ્ય,

આત્મા છે. એટલે જાણવાની ક્રિયા આત્મામાં જ સંભવે છે.

વસ્તુને સામાન્યરૂપે જાણવાની ચેતનશક્તિ તે દર્શન છે. અને વિશેષરૂપે જાણવાની ચેતનશક્તિ તે જ્ઞાન છે. આ બન્ને પ્રકારની શક્તિનું અસ્તિત્વ માત્ર આત્મદ્રવ્યમાં જ હોઈ શકે.

આ બન્ને પ્રકારની ચેતનાશક્તિ રહિત કોઈ પણ જીવ આ જગતમાં હોઈ શકે જ નહિં. કારણ કે શાસ્ત્રોમાં કહ્યું છે કે, નિગોદમાં રહેલા જીવોમાં પણ અક્ષરનો અનંતમો ભાગ તો ઉઘાડો જ હોય છે. અને જો એ પણ અવરાય તો જડમાં અને જીવમાં કોઈ ભેદ કે તફાવત રહે જ નહિં.

જ્ઞાનપ્રાપ્તિનું (વસ્તુસ્વરૂપ જાણવાનું) નિમિત્ત મળતાં આપણી ચેતના–શકિતદ્વારા આપણને "કંઈક," એવો જે અસ્ફુટ કે સામાન્ય બોધ થાય તે દર્શન છે.'

जं सामान्नगहणं भावाणं ने य कट्टु आगारं ।
अविसेसि ऊण अत्ये, दंसणमिइ वुच्चए समये ॥

અર્થ–સ્ફુટ આકાર કર્યા વિના તથા અર્થની વિશેષતા વિના, ભાવોનું જે ગ્રહણ કરવું તેને શાસ્ત્રોમાં દર્શન કહેલું છે. હાલનું માનસશાસ્ત્ર આ ક્રિયાને Pereehtien કહે છે.

સામાન્યબોધ બાદ તેના રૂપ, રંગ, અવયવ, સ્થાન વગેરેનો સ્ફુટ કે વિશેષબોધ થાય તેને જ્ઞાન કહેવાય છે.

ઉત્પત્તિના ક્રમથી જોઈએ તો દર્શન પહેલું છે. અને જ્ઞાન પછી છે. મહત્ત્વની દ્રષ્ટિએ જોઈએ તો જ્ઞાન પહેલું છે, અને દર્શન પછી છે. કેમકે જ્ઞાન દ્વારા જ સકલ શાસ્ત્રાદિનાં વિષયો પરત્વે વિચાર થઈ શકે છે. વળી જ્ઞાનરૂપ ઉપયોગમાં વર્તતો જીવ જ સર્વ લબ્ધિઓ મેળવે છે.

ચેતના વ્યાપારને "ઉપયોગ" કહેવામાં આવે છે. અહિં વસ્તુના બોધપ્રતિ આત્માની પ્રવૃત્તિ અથવા વિષય તરફની અભિમુખતા એ ઉપયોગ શબ્દનો અર્થ છે.

उपयुज्यते वस्तुपरिच्छेदं प्रति व्यापार्यते जीवो, नेनेत्युपयोगः।

જેના વડે જીવ, વસ્તુના પરિચ્છેદ એટલે બોધપ્રતિ વ્યાપાર કરે, પ્રવૃત્ત થાય, તે ઉપયોગ છે. અથવા "ઉપ" એટલે સમીપ, અને "યોગ" એટલે જ્ઞાન તથા દર્શનનું પ્રવર્ત્તન. જેના વડે આત્મા, જ્ઞાન અને દર્શનનું પ્રવર્ત્તન કરવાની અભિમુખતાવાળો થાય એવો જે ચેતના વ્યાપાર તે ઉપયોગ કહેવાય છે.

શાસ્ત્રકારોએ તો ઉપયોગને જ જીવનું લક્ષણ માન્યું છે. કારણ કે ચેતના શક્તિના પ્રવર્તનમાં જ જીવ હોવાનું માલુમ પડે છે. શ્રી ઉત્તરાધ્યયન સૂત્રના અઠ્ઠાવીસમા અધ્યયનમાં કહ્યું છે કે :–

वत्तणा लेक्खणो कालो, जीवो उवओग लक्खणो
नाणेणं दंसणेणं च, सुहेण अ दुहेण य॥

અર્થ–કાળ, વર્ત્તના લક્ષણવાળો છે. અને જીવ તે

ઉપયોગલક્ષણવાળો છે. તે જ્ઞાન અને દર્શન વડે તથા સુખ અને દુ:ખના અનુભવવડે જણાય છે.

શ્રી ઉમાસ્વાતિ મહારાજે તત્ત્વાર્થ સૂત્રના બીજા અધ્યયનમાં જીવનું લક્ષણ બતાવતાં કહ્યું છે કે :—उपयोगो लक्षणम्. ઉપયોગ એ જીવનું લક્ષણ છે.

જ્ઞાન અને દર્શન એ આ ઉપયોગના જ બે પ્રકારો છે. જે ઉપયોગ સાકાર એટલે વિશેષતાવાળો હોય તે જ્ઞાન કહેવાય, અને જે ઉપયોગ અનાકાર એટલે સામાન્ય પ્રકારનો હોય તેને દર્શન કહેવાય.

જ્ઞાન અને દર્શન, એ તો જ્ઞાનવરણીય અને દર્શનાવરણીય કર્મના ક્ષયોપશમથી કે ક્ષયથી વર્તતી જીવની જ્ઞાન અને દર્શનલબ્ધિ છે. પણ પોતાની એ લબ્ધિને લબ્ધિવંત જીવ, જ્ઞાનોપયોગ અને દર્શનોપયોગ દ્વારા જ્યારે પ્રકાશિત કરે છે, ત્યારે જ તે જ્ઞેયપદાર્થને જાણી–દેખી શકે છે. શક્તિ હોવા છતાં ઉપયોગ વિના પદાર્થને જાણી–દેખી શકાય જ નહિ. આ જ્ઞાન અને દર્શનની લબ્ધિવડે વર્ત્તતા પ્રયત્નને જ ઉપયોગ કહેવાય છે.

જે જે જીવને જે જે જ્ઞાન અને દર્શનની જેટલી જેટલી જ્ઞાન અને દર્શનશક્તિ ખુલ્લી હોય, તેને તે તે જ્ઞાનલબ્ધિ અને દર્શનલબ્ધિ કહેવાય છે. આ ખુલ્લી થયેલ જ્ઞાન અને દર્શનમાત્રાની બે અવસ્થા હોય છે. (૧) લબ્ધિરૂપે અને (૨) પ્રવૃત્તિરૂપે. તેમાં પ્રવૃત્તિરૂપ જ્ઞાન

અને દર્શનને ઉપયોગ કહેવાય છે. જીવને જ્ઞેયપદાર્થનો ખ્યાલ કેવળ લબ્ધિરૂપે સ્થિત, જ્ઞાન અને દર્શનદ્વારા જ થતો નથી. પરંતુ પ્રવૃત્તિરૂપ જ્ઞાન–દર્શન દ્વારા જ થાય છે. પ્રવૃત્તિ તે લબ્ધિની જ છે. એટલે લબ્ધિવિના પ્રવૃત્તિરૂપ ઉપયોગ હોઈ શકતો નથી. જ્યાં જ્ઞાન અને દર્શન માત્રાનો ઉપયોગ છે, ત્યાં તેની લબ્ધિ તો છે જ. પરંતુ જ્યાં લબ્ધિ છે, ત્યાં તેનો ઉપયોગ હોય પણ ખરો અને ન પણ હોય. કેટલાક પદાર્થોના જ્ઞાન અને દર્શનનો ઉપયોગ પ્રવર્ત્તતો ન હોય, તો પણ તે વિષેનું ઘણું જ્ઞાન અને દર્શન, શક્તિરૂપે તો જીવોમાં હોઈ શકે છે.

સામાન્યોપયોગ અને વિશેષોપયોગ, એમ બે પ્રકારનો ઉપયોગ છે. સામાન્યોપયોગ તે દર્શનલબ્ધિને પ્રવર્ત્તાવવારૂપ હોઈ તેને દર્શનોપયોગ કહેવાય છે. અને વિશેષોપયોગ તે જ્ઞાનલબ્ધિને પ્રવર્ત્તાવવારૂપ હોઈ તેને જ્ઞાનોપયોગ કહેવાય છે.

જ્ઞાનલબ્ધિ અને દર્શનલબ્ધિ તે સર્વ છદ્મસ્થ જીવોને તથા એકના એક જીવને પણ અન્યાન્ય સમયે એક સરખી હોતી નથી. કારણ કે તે જીવોની જ્ઞાનલબ્ધિ અને દર્શનલબ્ધિ, જ્ઞાનાવરણીય અને દર્શનાવરણીય કર્મના ક્ષયોપશમે જ વર્ત્તતી હોઈ, ક્ષાયોપશમિક ભાવની હોય છે. ક્ષાયોપશમિક ભાવમાં લબ્ધિનું અસ્તિત્વ તે એકસરખું નહિ હોતાં તેમાં તારતમ્યતા–વિવિધતા હોય છે. કારણ કે ક્ષયોપશમતા તો અનેક પ્રકારે હોય છે. જેથી શાસ્ત્રોમાં છદ્મસ્થજીવોની જ્ઞાનલબ્ધિને સ્થૂલપણે સાત પ્રકારે અને દર્શનલબ્ધિને ત્રણ

પ્રકારે દર્શાવી છે. તે સાત પ્રકારોને પણ સૂક્ષ્મપણે વિચારીએ તો તેને અનેક ભેદે વિચારી શકાય છે.

કેવલી પરમાત્માને જ્ઞાનલબ્ધિ અને દર્શનલબ્ધિ તે જ્ઞાનાવરણીય અને દર્શનાવરણીય કર્મના સંપૂર્ણ ક્ષયથી જ વર્તતી હોઈ, ક્ષાયિક ભાવની છે. ક્ષાયિકભાવની લબ્ધિ તે સદાના માટે અને સર્વકેવળીઓને એક સરખી જ હોય છે. તેમાં વિવિધતા હોઈ શકતી નથી. જેથી કેવલી પરમાત્માઓની જ્ઞાનલબ્ધિ અને અને દર્શનલબ્ધિ તે એક એક પ્રકારની હોય છે.

એમ છદ્મસ્થ જીવોની જ્ઞાનલબ્ધિ અને દર્શનલબ્ધિ તે અનુક્રમે સાત અને ત્રણ પ્રકારે તથા કેવલી પરમાત્માઓની તે બન્ને લબ્ધિઓ એક એક પ્રકારે હોઈ, જ્ઞાનલબ્ધિ આઠ પ્રકારે અને દર્શનલબ્ધિ તે ચાર પ્રકારે હોય. એ રીતે જ્ઞાન અને દર્શનની મળીને કુલ્લ બાર પ્રકારે લબ્ધિ હોવાથી ઉપયોગ પણ બાર પ્રકારે હોય.

અપર્યાપ્તા સૂક્ષ્મનિગોદના જીવની અલ્પમાં અલ્પ જ્ઞાનમાત્રાઓથી પ્રારંભી કેવલજ્ઞાનરૂપ સંપૂર્ણ જ્ઞાનમાત્રા પર્યંતની તમામ ચૈતન્ય માત્રાઓનો સમાવેશ, મતિ–શ્રુત–અવધિ–મનઃ પર્યવ અને કેવલ એમ પાંચ સંજ્ઞાયુક્ત વિભાગમાં જ કરવામાં આવ્યો છે. તેમાં અમુક જથ્થામાં અમુક વિશિષ્ટતાવાળી ખુલ્લી થયેલ જ્ઞાનમાત્રાઓમાં રહેલ પ્રધાનતાની વિવક્ષાએ મતિજ્ઞાનાદિ નામો આપેલાં છે. જે જીવને જે જે જ્ઞાનની જેટલી જ્ઞાનશક્તિ ખુલ્લી હોય, તેને

તે તે જ્ઞાનલબ્ધિ કહેવાય. એવી રીતે ચક્ષુદર્શન, અચક્ષુદર્શન અવધિદર્શન અને કેવલદર્શન સ્વરૂપે દર્શનમાત્રાઓ અંગે પણ સમજવું.

એમ મતિજ્ઞાનલબ્ધિ, શ્રુતજ્ઞાનલબ્ધિ, અવધિજ્ઞાનલબ્ધિ, મનઃપર્યવજ્ઞાનલબ્ધિ, અને કેવલજ્ઞાનલબ્ધિ તથા ચક્ષુદર્શનલબ્ધિ, અચક્ષુદર્શનલબ્ધિ, અવધિદર્શનલબ્ધિ અને કેવલદર્શનલબ્ધિ, એમ નવભેદ થયા.

આમાં સમ્યક્ત્વી જીવોની મતિ–શ્રુત અને અવધિસ્વરૂપ લબ્ધિને જ્ઞાનલબ્ધિ કહેવાય છે.પરંતુ મિથ્યાત્વી જીવોની તે ત્રણેય લબ્ધિને અજ્ઞાનલબ્ધિ કહેવાય છે. આ પ્રમાણે પાંચજ્ઞાનલબ્ધિ, ત્રણ અજ્ઞાનલબ્ધિ અને ચાર દર્શનલબ્ધિ મળીને બાર પ્રકાર થાય. એ લબ્ધિના વપરાશરૂપ (૧) મતિજ્ઞાનોપયોગ (૨) શ્રુતજ્ઞાનોપયોગ (૩) અવધિજ્ઞાનોપયોગ (૪) મનઃપર્યવજ્ઞાનોપયોગ (૫) કેવલજ્ઞાનોપયોગ (૬) મતિ અજ્ઞાનોપયોગ (૭) શ્રુતઅજ્ઞાનોપયોગ (૮) વિભંગજ્ઞાનોપયોગ (૯) ચક્ષુદર્શનોપયોગ (૧૦) અચક્ષુદર્શનોપયોગ (૧૧) અવધિદર્શનોપયોગ અને (૧૨) કેવલદર્શનોપયોગ, એમ બાર પ્રકારે ઉપયોગ પણ હોય.

એક સમયે તો એક જીવને એક જ જ્ઞેયવસ્તુ યા વિષયપ્રત્યેનો ઉપયોગ હોઈ શકે છે. એક સમયે ક્રિયા વિવિધ થઈ શકે છે, પણ ઉપયોગ તો એકમાં જ વર્ત્તે છે. એકી સાથે બે વસ્તુમાં આપણો ઉપયોગ રહી શકતો નથી.

વળી કોઈ પણ જીવ કોઈપણ કાળે ઉપયોગરહિત તો હોઈ શકે જ નહિ. એક યા અન્ય જ્ઞેયવિષય પ્રત્યે ઉપયોગ તો દરેક જીવને વર્તતો જ રહે છે. વિષયાંતર થવામાં ઉપયોગનો પલ્ટો ભલે થતો રહે, પરંતુ એક યા બીજી રીતે ઉપયોગનું અસ્તિત્વ તો પ્રત્યેક સમયે જીવમાં વર્તતું જ રહે છે.

કોઈ હકીકતના વર્ણનમાં અનુપયોગ દશા કહેવાય છે; તેનો અર્થ એ નથી કે તે ટાઈમે જીવની દશા બિલ્કુલ ઉપયોગ રહિત છે. પરંતુ જે વસ્તુ, યા, વિષયઅંગેના ઉપયોગની જ જે ટાઈમે જરૂર હોય, તે ટાઈમે તે વસ્તુ યા વિષયને છોડી, અન્ય વસ્તુ યા વિષયમાં ઉપયોગ ચાલ્યો જાય, ત્યારે વિવક્ષિત વસ્તુ અંગેની જીવની અનુપયોગ (લક્ષરહિત) દશા વર્તે છે. તેને જ ઉપયોગ શૂન્યતા કહેવાય છે.

વળી ઉપયોગ પ્રવર્તનના પ્રયત્નમાં આત્માને આત્માના વીર્યગુણની પણ સહાય હોવાથી, તેમાં વીર્યાંતરાય કર્મનો ક્ષયોપશમ પણ કારણભૂત છે. કારણ કે આત્મપ્રયત્ન વિના જ્ઞાન અને દર્શનલબ્ધિના વપરાશરૂપ જ્ઞાનોપયોગ કે દર્શનોપયોગ પ્રવર્તે નહિં. અને વીર્યગુણની સહાય વિના આત્મપ્રયત્ન થઈ શકે નહિં.

અમુક જ્ઞેયપદાર્થને અનુસરી વર્તતો ઉપયોગ, જ્યારે અન્ય જ્ઞેયપદાર્થના વિષયગ્રહણમાં પ્રવર્તે છે, ત્યારે એક ઉપયોગ વિનષ્ટ થાય છે, અને બીજો ઉપયોગ ઉત્પન્ન થાય

છે. એ પ્રમાણે પરીવર્તન પામતા પ્રત્યેક ક્ષણના ઉપયોગ પ્રવર્તનમાં જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ (કેવલીને જ્ઞાનાવરણીય કર્મનો ક્ષય) અને જે પ્રકારે જ્ઞાનરૂપ અને દર્શનરૂપ ઉપયોગ ઉત્પન્ન કરવો હોય તેને અનુરૂપ અનુકુળ નિમિત્તોનો સદ્ભાવ હોવો જોઈએ. આ બન્ને કારણો પૈકી જ્ઞાનાવરણીયકર્મનો ક્ષયોપશમ તે ઉપાદાન યા અભ્યંતર કારણ છે. અને વસ્તુનો ઇન્દ્રિયસાથે સંયોગ–સન્નિકર્ષ ઈત્યાદિ બાહ્યકારણ યા નિમિત્તકારણ છે.

આ નિમિત્ત કારણ અંગે અવધિ અને મનઃપર્યવ જ્ઞાનીને ઇન્દ્રિયો સાથે વસ્તુસંયોગની આવશ્યકતા રહેતી નથી. વસ્તુ સંયોગ વિના પણ રૂપી પદાર્થને જ્ઞેયરૂપે નિમિત્તપણે પ્રવર્તાવી શકે છે. અને કેવલી ભગવંત તો રૂપી અને અરૂપી એમ બન્ને પ્રકારના જ્ઞેયપદાર્થોના ત્રિકાલિકપર્યાયોને નિમિત્તપણે પ્રવર્તાવે છે.

જીવને જ્ઞાનાવરણીયકર્મના ક્ષયોપશમરૂપ અભ્યંતર કારણથી ઇન્દ્રિયો અને મનવડે જ્ઞેયપદાર્થના સ્વરૂપનું જ્ઞાન થાય છે. જેથી સ્પર્શેન્દ્રિયથી વસ્તુના સ્પર્શનું, રસનેન્દ્રિયથી વસ્તુના સ્વાદનું, ઘ્રાણેન્દ્રિયથી વસ્તુની ગંધનું, ચક્ષુરિંદ્રિયથી વસ્તુનારૂપનું, અને શ્રોત્રેન્દ્રિયથી શબ્દનું જ્ઞાન થાય છે.

આ રીતે ઇન્દ્રિયો અને મનવડે થતા રૂપ–રસ–ગંધ અને સ્પર્શ અંગેના બોધ સમયે તે તે રૂપાદિ વિષયો અંગે જીવમાં વર્તતો રાગ–દ્વેષ અને મોહ (અજ્ઞાન) નો

પરિણામ તે તે સમયના ઉપયોગને અશુદ્ધ–મલીન બનાવે છે! અને તેથી આત્મહાની થાય છે!

કોઈપણ પદાર્થ કે વિષય અંગે, ઇન્દ્રિય કે મનનો સંયોગ થવા માત્રથી કંઈ આત્મહાની થતી નથી. પરંતુ તે સંયોગરૂપ નિમિત્તકારણ દ્વારા પ્રવર્તતા ઉપયોગને કષાયનો અર્થાત્ રાગ–દ્વેષ અને મોહનો જે પટ (રજ–મેલ) લાગી જાય છે, તેનાથી જ આત્મહાની થાય છે! રાગ–દ્વેષ, અને મોહથી રંગાતા ઉપયોગથી જીવનું સંસારભ્રમણ, સુખ–દુઃખ વગેરે સર્જાય છે. અને તેથી જ જીવ, અનાદિકાળથી ત્રાહી ત્રાહી પોકારી ગયો છે.

ઉપયોગ, એ તો આત્માનું લક્ષણ હોવાથી સ્વપર વસ્તુના બોધ થવારૂપ છે. પરંતુ તેમાં ઇષ્ટપણા અને અનિષ્ટ-પણારૂપ વિભાવ જ, પર વસ્તુના સંગથી થયેલ અનાદિ પરંપરાજન્ય અશુધ્ધતા છે.

જીવને વર્ણાદિનું જ્ઞાન થવાથી કંઈ ઉપયોગની મલીનતા થઈ જતી નથી. પરંતુ વર્ણાદિ વિષયોમાં ઇષ્ટપણું અને અનિષ્ટપણું થવાથી, ઇષ્ટ વિષયમાં રાગ અને અનિષ્ટ વિષયમાં દ્વેષ, તથા રાગદ્વેષ અંગે વર્ત્તતું અજ્ઞાન (મોહ) જ, ઉપયોગમાં અશુદ્ધતા ઉત્પન્ન કરે છે.

પ્રતિસમય વર્ત્તતા ઉપયોગને રાગ–દ્વેષ અને મોહ (અજ્ઞાન)નો રંગ જેટલો મંદ લાગે, તેટલી આત્મહાની ઓછી થાય, અને તે રંગ જેટલો વધુ લાગે તેટલી

આત્મહાની વધુ થાય. માટે સંસારભ્રમણ અને સાંસારિક સુખ-દુઃખથી બચવા માટે રાગ-દ્વેષ અને મોહનો રંગ તે ઉપયોગને ઓછો યા મંદ લાગે, અગર ન લાગે, તેનો જીવને પોતાને જ ખ્યાલ અને સાવચેતી રાખવી જોઈએ. અને ઉપયોગને મલીન બનાવનાર તત્ત્વને ઉપસ્થિત કરનારાં નિમિત્તોથી દૂર રહી, સંતસમાગમ-શાસ્ત્રશ્રવણ-જ્ઞાનનો સ્વાધ્યાય આદિ, ઉપયોગની શુદ્ધતાને ઉપસ્થિત કરનાર નિમિત્તોનું સેવન કરવું જોઈએ.

રાગ-દ્વેષ અને મોહ (અજ્ઞાન) એ મોહનીય કર્મના ઉદયથી વર્ત્તતા જીવના ઔદાયિક ભાવો છે. અને તેઓજ ઉપયોગને મલીન બનાવનાર છે. જ્યારે મોહનીયકર્મનો ક્ષયોપશમ થતો રહે છે, ત્યારે તેટલે તેટલે અંશે આ રંગથી આત્માનો ઉપયોગ ઓછો ઓછો રંગાય છે. મોહનીયકર્મના ક્ષયોપશમની વૃદ્ધિએ, ઉપયોગને રાગાદિથી રંગાવાનું ઓછું, અને મોહનીયના ઉદયની વૃદ્ધિએ રંગાવાનું વધુ અને ગાઢ, તથા મોહનીયના ઉપશમે અને ક્ષયે, ઉપયોગને મલીનતારૂપે રંગાવાનું બિલ્કુલ હોઈ શકતું જ નથી.

આ પ્રમાણે જ્ઞાનાવરણીય-દર્શનાવરણીય અને અંતરાય કર્મનો ક્ષયોપશમ તે જીવને ઉપયોગ પ્રવર્ત્તનમાં, તથા મોહનીયકર્મનો ઉદય જીવના તે ઉપયોગને અશુદ્ધ બનાવવામાં કારણભૂત છે. પરંતુ સર્વજ્ઞ વીતરાગ ભગવંતોને વર્ત્તતા ઉપયોગમાં જ્ઞાનવરણીય-દર્શનાવરણીય અને અંતરાય-કર્મનો સંપૂર્ણ ક્ષય જ કારણભૂત છે. અને તેમને મોહનીય-

કર્મનો પણ સંપૂર્ણ ક્ષય થઈ ગયો હોવાથી તેમનો ઉપયોગ સદા શુદ્ધ જ બની રહે છે.

વળી ઉપશાંતમોહ વીતરાગ નામે અગીઆરમા ગુણસ્થાનકવર્ત્તી જીવોનો ઉપયોગ તે જ્ઞાનાવરણીયાદિ ત્રણ કર્મોના ક્ષયોપશમવાળો અને મોહનીયકર્મનો તે ગુણસ્થાને ઉપશમ હોવાથી મોહનીયના ઉદયના અભાવે તે ઉપયોગ શુદ્ધ વર્તે છે. પરંતુ તે શુદ્ધતા કાયમી હોતી નથી. કારણ કે તે ટાઈમે મોહનીયકર્મના સંબંધથી કંઈ તે આત્મા, સર્વથા અને સદાના માટે છૂટી ગયેલો નથી. તે ટાઈમે તો મોહનીયકર્મના સંબંધની સ્થિતિ રાખથી ભારેલા અગ્નિ જેવી છે. પવનના ઝપાટાથી રાખ ઉડી જવાથી જેમ ભારેલો અગ્નિ જલ્દી પ્રજ્વલીત બની જાય છે, તેમ ઉપશમીત મોહ, ઉદય અવસ્થાને પામી જતાં પુનઃ આત્મા, રાગી–દ્વેષી બની જાય છે. જેથી તે ટાઈમે વર્ત્તતો ઉપયોગ ફરીને રાગાદિ દોષોથી મલીન બની જતો હોઈ, અશુદ્ધરૂપે તેનું પતન થાય છે.

બારમા ક્ષીણમોહ ગુણસ્થાને તો જ્ઞાનાવરણીયાદિ ત્રણ કર્મના ક્ષયોપશમવાળો ઉપયોગ હોવા છતાં, ત્યાં મોહનીય કર્મનો સર્વથા ક્ષય થઈ ગયો હોઈ, ત્યાંથી તો તે ઉપયોગની શુદ્ધતા સદાના માટે પૂર્ણરૂપે ટકી રહે છે.

શાસ્ત્રોમાં કોઈપણ વિષયનું નિરૂપણ કરવા સમયે તે નિરૂપણના અંતિમ ઉદ્દેશ તરીકે તો મોક્ષને જ મૂકાય છે. જેથી કોઈ પણ વિષયના શાસ્ત્રીય પ્રારંભમાં તે તે વિષયના

અંતિમ ફળ તરીકે મોક્ષનો જ નિર્દેશ હોવાનો. અને તેના ઉપસંહારમાં પણ છેવટે તે વિષયથી મોક્ષ સિદ્ધ કરવાનું જ કથન હોવાનું. એ રીતે ઉપયોગ વિષયક હકીકતને પણ જૈનશાસ્ત્રમાં, મોક્ષનો ઉદ્દેશ સિદ્ધ કરવા માટે જ વર્ણવી છે. જેથી અનાદિ કાળથી જીવને સંસારમાં રખડાવી-રઝળાવી હેરાન પરેશાન કરનાર ઉપયોગની અશુદ્ધતાને નિર્મૂલ હટાવી, સંપૂર્ણ શુદ્ધતાને પ્રાપ્ત કરવામાં જ મોક્ષપ્રાપ્તિના ઉદ્દેશની સફલતા છે.

જ્ઞેયપદાર્થ પ્રત્યે ઉપયોગસ્વરૂપ જીવનું લક્ષ લાગુ થતાંની સાથે જ કંઈ જીવનો ઉપયોગ મલીન બની જતો નથી. ઉપયોગ લાગુ થયા બાદ જ્ઞેયપદાર્થ યા વિષય અંગેની રૂચિ–અરૂચિ યા હર્ષ-ઉદ્વેગવાળી ઉપસ્થિતથતી ભાવનારૂપ લાગણીના કારણે જ ઉપયોગ મલીન બને છે. ઉપયોગ લાગુ થવા છતાં તે પદાર્થ યા વિષય અંગે કંઈ પણ હર્ષ કે વિષાદવાળી ભાવના ન થાય, અર્થાત્ માત્ર સમભાવપૂર્વક જ જ્ઞાતા–દ્રષ્ટા બની રહેવાપૂર્વક સર્વજ્ઞકથિત શાસ્ત્રાનુસાર તટસ્થ (માધ્યસ્થભાવી) બની રહેનાર જ ઉપયોગ શુદ્ધતા સાચવી શકે છે.

જીવમાં રૂચિ–અરૂચિનો ભાવ પેદા કરનાર પોતાનામાં સત્તાસ્વરૂપે સંબંધિત બની રહેલ પૂર્વોપાર્જીત મોહનીય કર્મનો વિપાકોદય જ છે. તેમાં દર્શનમોહનીયકર્મોદય તો જીવને રૂચિ–અરૂચિની અસારતાનો વિવેક જ પેદા થવા દેતો નથી. જેનું દર્શનમોહનીયકર્મ, ઉપશમ–ક્ષયોપશમ કે

ક્ષાયિક ભાવને પામ્યું હોય છે, તેવા જ જીવોમાં એ રીતનો વિવેક ઉપસ્થિત થતો રહેતો હોવા છતાં, ચારિત્રમોહનીય કર્મનો ઉદય તેને રૂચિ-અરૂચિ ભાવથી મુક્ત થવા દેતો નથી. પાપસ્થાનકોનું સેવન ન્યૂનાધિકપણે પણ રૂચિ-અરૂચિ યા હર્ષ-વિષાદના કારણે જ થતું હોવાથી વિવેકી જીવો તેવા ભાવથી મુક્ત થવાના પ્રયત્નવાળા હોય છે. એ રીતનો પ્રયત્ન સફલ ન થાય ત્યાં સુધી તેવા આત્માઓને પ્રયત્નની અસફલતાનું દુઃખ હોય છે. આવા આત્માઓ આ રીતની ભાવના-પરિણામ અને પ્રવૃત્તિના કારણે પોતાના આત્મામાં સત્તારૂપે સ્થિત, ચારિત્રમોહનીયકર્મને ધીમે ધીમે પણ નબળું પાડે છે. અને ક્રમે ક્રમે તે કર્મ નબળું બનતાં અન્તે વધુમાં વધુ અર્ધપુદ્ગલપરાવર્તન કાળે પણ સદાકાળ અને સર્વથા મોહનીયકર્મના સંબંધથી આત્મા મુક્ત બની પોતાનું ભાવઆરોગ્ય પ્રાપ્ત કરે છે. જેથી આત્મા, પરમ સમાધિને વરે છે. લોગસ્સ સૂત્રમાં ચોવીસે તીર્થંકરોની સ્તુતિ કર્યા બાદ તે સ્તુતિના ફળસ્વરૂપે અન્તે आरुग्ग बोहिलाभं, समाहिवर मुत्तमं दिंतु એ પદોદ્વારા આ જ વસ્તુની માગણી છે. દર્શનમોહનીય કર્મના ઉપશમ-ક્ષયોપશમ કે ક્ષયથી સમકિત પામેલ આત્માનું સદાના માટે એ જ લક્ષ્ય બંધાઈ રહે છે. જેથી ધીમે ધીમે તેના ઉપયોગની મલીનતા ઘટતી જઈ શુદ્ધતા થતી જાય છે. જેટલે જેટલે અંશે એ રીતની ઉપયોગશુદ્ધતા જીવમાં ઉપસ્થિત થતી રહે છે, તેટલે તેટલે અંશે જ તે જીવમાં ધર્મનું પ્રાગટ્ય થયું ગણાય છે. સર્વજ્ઞકથિત શાસ્ત્રોમાં આયોજીત વિવિધ બાહ્ય ક્રિયાનુષ્ઠાનો

પણ આ હેતુએ જ છે. જ્યારે જ્યારે જે જે ક્રિયાનુષ્ઠાનો દ્વારા આ હેતુ સિદ્ધ થાય, ત્યારે ત્યારે જ તે અનુષ્ઠાનો ધર્મ-પ્રાપ્તિના કારણરૂપે બની રહેતાં હોઈ કારણમાં કાર્યના ઉપચારે તે અનુષ્ઠાનોમાં પણ ધર્મ ગણાય છે. કારણ કે શુદ્ધ અનુષ્ઠાન દ્વારા કર્મમેલ દૂર થવાથી પ્રગટ થયેલી અને સમ્યગ્દ-ર્શનાદિ જે ગુણો, મોક્ષનાં કારણ છે, તેનો લાભથવારૂપ ફળવાળી જે ઉપયોગ શુદ્ધિ તે જ ધર્મ છે. માટે જ ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી મહારાજાએ સ્વરચિત, સીમંધરસ્વામીને વિનંતીરૂપ સવાસો ગાથાના સ્તવનની બીજી ઢાળની વીસમી ગાથામાં કહ્યું છે કે :—

**જે જે અંશે રે નિરૂપાધિકપણું, તે તે જાણો રે ધર્મ;**
**સમ્યગ્ દૃષ્ટિ રે ગુણઠાણા થકી, જાવ લહે શિવ શર્મ.**
શ્રી સીમંધર સાહેબ સાંભલો.

**અર્થ**–જેટલે અંશે આત્માને ઉપાધિરહિતપણું હોય તેટલે અંશે આત્મધર્મ જાણવો. જેમ સમ્યગ્દૃષ્ટિને મિથ્યાત્વ ઉપાધિ ટળી તેટલો જ તેને ધર્મ સમજવો. તેમ જ વિરતિને, અવિરતિ ટળે તેટલો જ ધર્મ, અકષાયીને કષાય ટળ્યો તે ધર્મ, અયોગીને યોગ ટળ્યો તે ધર્મ, આવી રીતે સમ્યગ્દષ્ટિ ગુણઠાણાથી માંડીને જ્યાં સુધી મોક્ષ સુખને પામીએ ત્યાં સુધી અંશે અંશે ધર્મવૃદ્ધિ પામતાં સંપૂર્ણ ધર્મ, ચૌદમા ગુણઠાણાને છેલ્લે સમયે હોય.

કર્મદલિકો અતિ સૂક્ષ્મસ્વરૂપે હોઈ આત્માની સાથે સંબંધિત બની રહેલ હોવા છતાં છદ્મસ્થ જીવોને દૃષ્ટિ-

ગોચર થઈ શકતાં નથી. પરંતુ તે કર્મોના વિપાકોદય સમયે જીવમાં વર્ત્તતી હર્ષ – વિષાદ–રાગ–દ્વેષ–ગુસ્સો – અભિમાન માયા–તૃષ્ણા આદિ લાગણીવાળી ભાવના–પરિણામ અને તેને અનુરૂપ પ્રવૃત્તિદ્વારા જીવ, સર્વજ્ઞ કથિત શાસ્ત્રોના આધારે તેને સમજી શકે છે. ભાવના-પરિણામ અને પ્રવૃત્તિમાં ઉપરોક્ત લાગણી સ્વરૂપે મોહનીય કર્મનો વિપાકોદય હોવાથી બાળ જીવોની સમજ માટે ઉપયોગની અશુદ્ધતા ભાવનાદિના કારણે જ થતી હોવાનું બોલાય છે. વસ્તુતઃ તો આ હકીકત બરાબર છે. મોહનીયકર્મના વિપાકોદયની અસર પહેલી તો ભાવનાદિમાં જ વર્તે છે. અને તેથી અશુદ્ધ ભાવનાદિના કારણે જ ઉપયોગ મલીન બને છે. એ જ રીતે સમત્વભાવી–સમતાભાવી ભાવના–પરિણામ તે શુદ્ધ હોઈ, જેટલે જેટલે અંશે ભાવનામાં શુદ્ધતા વર્તે તેટલે અંશે ઉપયોગમાં પણ શુદ્ધતા વર્તે છે. ભાવનામાં વર્ત્તતી અશુદ્ધતા તે જેમ મોહનીયકર્મના વિપાકોદયે વર્ત્તના ઔદાયિકભાવના કારણે છે, તેવી રીતે ભાવનામાં ન્યૂનાધિકપણે વર્ત્તતી શુધ્ધતા તે મોહનીયકર્મના ક્ષયોપશમે વર્ત્તતા ક્ષાયોપશમિક ભાવના જ કારણે છે. પોતાના ઉપયોગને શુધ્ધ બનાવી રાખવા ઇચ્છક જીવે, આ ઔદાયિક આદિ ભાવોને શાસ્ત્રાનુસારે સમજી તેમાં વિવેકી બનવા પ્રયત્ન કરવો જોઈએ અને એ રીતના જ પુરૂષાર્થ દ્વારા મોહનીયકર્મના ક્ષયોપશમમાં આગળ વધી અન્તે મોહનીય કર્મનો સંપૂર્ણ ક્ષય કરવાદ્વારા ઉપયોગની શુદ્ધતાને ક્ષાયિક ભાવે પ્રાપ્ત કરી શકાય છે.

## ૨. જ્ઞાન–દર્શનલબ્ધિની વિવિધતાએ ઉપયોગની વિવિધતા

લક્ષ્યને બરાબર ઓળખવા માટે તેના લક્ષણનો પૂરો ખ્યાલ હોવો જ જોઈએ. અનેક વસ્તુની મિશ્રતામાં લક્ષ્ય-વસ્તુના લક્ષણનો ખ્યાલ ન હોય તો લક્ષ્યવસ્તુ ઓળખી શકાતી નથી.

ગાય, ભેંસ આદિ પશુઓના ટોળામાં આ ગાય છે, એવો ખ્યાલ તે ગાયના લક્ષણરૂપ તેની ગળાની ગોદડી જ છે. ગાય સિવાય ગળાની ગોદડી અન્ય પશુને હોય નહિં. અને કોઈપણ ગાય કોઈ પણ કાળે ગળાની ગોદડી વિનાની હોય જ નહિં. એથી જ ગળાની ગોદડી, એ ગાયનું જ લક્ષણ કહેવાય. ગાય સિવાય અન્યપશુનું તે લક્ષણ ન કહેવાય.

અહિં આપણે આત્માને તેના શુદ્ધલક્ષણદ્વારા તેને સાચા સ્વરૂપે જાણવા–ઓળખવા અને સમજવા માટે તેનું શુદ્ધલક્ષણ જાણવું ખાસ જરૂરી છે.

જીવ અને પુદ્ગલ તે અનાદિથી એક ક્ષેત્રમાં સમાવ-ગાહીને રહે છે. (યા સાથે રહે છે). એકમેક બની રહેલ

શરીર અને આત્મા, તે જીવની પોતાની અજ્ઞાનદશાથી તેને તે બન્ને ભિન્નરૂપે ભાસતાં નથી. જેથી અજ્ઞાની આત્મા તે શરીરને જ પોતાનો આત્મા સમજે છે. હું એટલે આ શરીર, એવી રીતે પોતાને ઓળખે છે. પરંતુ એક આકાશક્ષેત્ર અવગાહી રહેલ જીવ અને પુદ્ગલનો તેના સાચા લક્ષણ વડે નિર્ણય કરવામાં આવે તો તે બન્નેની ભિન્નતા સમજી શકાય છે.

ચૌદરાજ પ્રમાણ લોકાકાશમાં જીવ અને પુદ્ગલ ઉપરાંત ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, પણ અવસ્થિત છે. આ રીતે એક ક્ષેત્રાવગાહી બની રહેલ જીવ અને અજીવને જુદાં જુદાં ઓળખવા–સમજવા માટે દરેક જીવ અને અજીવમાં પોતાનાં લક્ષણો, શાસ્ત્રમાં બતાવ્યાં છે. એ લક્ષણોથી જ તે દરેક પદાર્થ જુદો તારવી શકાય છે. તેમાં જીવનું લક્ષણ "ઉપયોગ" બતાવ્યું છે. એટલે જેનામાં ઉપયોગ હોય તેને જ જીવ કહેવાય છે. આ ઉપયોગની વ્યાખ્યા પહેલા પ્રકરણમાં વિચારી ગયા. આ ઉપયોગ જ જીવનું ત્રિકાલાબાધિત લક્ષણ છે. આત્માની ચડતી, પડતી, એટલે ઉત્થાન અને પતનમાં ઉપયોગ જ મુખ્ય કારણ છે. સુખ અને દુઃખ, સદ્ગતિ અને દુર્ગતિ, સંસાર અને મોક્ષ, પુણ્ય અને પાપ, સમાધિ અને અસમાધિ, આ બધાનું કારણ ઉપયોગ જ છે. માટે જેઓ ઉપયોગને યથાર્થરૂપે સમજે છે, તેઓ જ આધ્યાત્મિક ઉન્નતિ શાધી શકે છે.

કોઈ ઠેકાણે દ્રવ્ય અને ભાવપ્રાણને ધારણ કરનાર તે જીવ, અને શેષ અજીવ, એમ જીવ અને અજીવની ભિન્નતાદર્શક લક્ષણ બતાવ્યાં છે. અહિં જીવના લક્ષણરૂપે બતાવેલ પ્રાણ, તે જીવની ચેતનશક્તિરૂપ હોઈ ઉપયોગથી અભિન્ન જ છે. એટલે જીવનું લક્ષણ, ભાવપ્રાણ કે ઉપયોગ કહેવામાં ભિન્નતા નથી. વળી દ્રવ્યપ્રાણ તે વસ્તુબોધમાં સાધનરૂપ હોઈ કારણમાં કાર્યનો ઉપચાર થાય છે. એટલે જીવનું લક્ષણ ઉપયોગ કહેવામાં કે પ્રાણ કહેવામાં કંઈ પણ વિસંવાદિતા નથી. એવી રીતે જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ અને વીર્યને જીવનાં લક્ષણ કહેવામાં પણ મુખ્યત્વે તો તે ઉપયોગસ્વરૂપ જ છે. એટલે નવતત્ત્વમાં કહ્યું છે કે :—

नाणं च दंसणं चेव, चरित्तं च तवो तहा;
वीरियं उवओगोय, एवं जीवस्स लक्खणं.

આ ગાથામાં જીવનાં લક્ષણ છ બતાવ્યાં છે. પરંતુ તે બધાનો સંક્ષેપમાં સમાવેશ તો ઉપયોગમાં જ થઈ શકે છે.

જેમકે તપનો સમાવેશ ચારિત્રમાં થાય છે. વળી દર્શનનો સમાવેશ જ્ઞાનમાં થઈ શકે છે. ज्ञायते अनेन अस्माद् वा इति ज्ञानम् । અર્થાત્ જેના વડે કે જેનાથી જાણી શકાય તે જ્ઞાન કહેવાય છે. પછી તે બોધસ્વરૂપ યા જાણવા સ્વરૂપ જ્ઞાન તે સામાન્યરૂપે હોય કે વિશેષરૂપે હોય. આ વ્યાખ્યા

પ્રમાણે દર્શનને પણ જ્ઞાનનો જ એક ભાગ કહી શકાય. કારણ કે જ્ઞેય પદાર્થનું જ્ઞાન થવામાં દર્શન એ છદ્મસ્થ જીવોની પહેલી ભૂમિકા છે.

આ સામાન્યબોધરૂપ દર્શનલબ્ધિ કે વિશેષ બોધરૂપ જ્ઞાનલબ્ધિ, જ્ઞેય પદાર્થના બોધ ગ્રહણમાં પ્રવર્તે છે, ત્યારે તેને ઉપયોગ કહેવાય છે. એટલે ઉપયોગ એ જ્ઞાનલબ્ધિની પ્રવૃત્તિ છે. આ રીતે જ્ઞાનશક્તિના પ્રવર્તનમાં જ જીવ હોવાનું માલુમ પડતું હોવાથી શાસ્ત્રકારોએ ઉપયોગને જ જીવનું લક્ષણ માન્યું છે. એ ઉપયોગ એ ચેતનાથી (જ્ઞાનથી) ભિન્ન નથી. તેમછતાં જ્ઞાનની લબ્ધિ અવસ્થા, અને પ્રવૃત્તિ અવસ્થાની ભિન્નતાની દ્રષ્ટિએ, જ્ઞાન–દર્શન અને ઉપયોગને ભિન્ન કહેવાય, તેમાં વાંધો નથી.

ચારિત્ર અંગે વિચારીએ તો તે પણ કંઈ ઉપયોગથી ભિન્ન નથી. શુદ્ધ ઉપયોગ તે જ ચારિત્ર છે. અર્થાત્ ઉપયોગની શુદ્ધાવસ્થાને ચારિત્ર કહેવાય છે. માટે ચારિત્રશબ્દ તે ઉપયોગની શુદ્ધાવસ્થા દર્શક હોઇ, ઉપયોગથી ભિન્ન ન ગણાય. બાકી ઉપયોગને શુદ્ધપણે પ્રવર્તાવવાના લક્ષમાં જીવને લક્ષિત બનાવવાની દ્રષ્ટિએ ચારિત્રને ઉપયોગથી ભિન્ન દર્શાવવામાં વાંધો નથી.

વીર્યએ આત્મશકિત રૂપે છે. આત્માના બળ–પરાક્રમ–શક્તિને વીર્ય કહેવાય છે. શારીરિક શક્તિને વીર્ય કહેવાય નહિ. આહ તો આત્મિક શક્તિરૂપ વીર્યની

વાત છે. વૈદ્યકમાં કહેવાતું વીર્ય તો પૌદ્ગલિક છે. તે અહીં લેવાનું નથી. જીવની બાહ્ય પ્રવૃત્તિમાં આત્મિક શક્તિરૂપ લબ્ધિવીર્યના સંચાલનમાં શારીરિક શક્તિરૂપ કરણવીર્ય તે તો સાધનરૂપ છે. આ વીર્ય અંગેની સ્પષ્ટ હકીકત, આગળ ક્રિયાશક્તિ યા આત્મવીર્ય નામે પ્રકરણમાં દર્શાવાશે. અહિં તો એટલું જ સમજવું જરૂરી છે કે પ્રતિ-સમય જીવનો ઉપયોગપ્રવાહ સદાના માટે ચાલુ છે, અને ચાલુ રહેવાનો જ. તેમ છતાં તે ઉપયોગપ્રવાહમાં જીવને આત્માના લબ્ધિવીર્યની સહાય તો હોય જ છે. પરંતુ અભ્યંતર વીર્યનો આપણને ખ્યાલ આવી શકતો નથી. એટલે ઉપયોગનો સતત પ્રવાહ લબ્ધિવીર્યની સહાયતા વિના વહી શકતો નહીં હોવાથી ઉપયોગના અસ્તિત્વમાં વીર્યનું અસ્તિત્વ આવી જ જાય છે. આ રીતે " उपयोगो लक्षणम् " સૂત્રદ્વારા કહેવાતું જીવનું લક્ષણ " ઉપયોગ " બરાબર છે.

ઉપયોગ એ જ્ઞાનલબ્ધિના પ્રવર્ત્તનરૂપ છે. આ જ્ઞાનલબ્ધિની વિવિધતાના હિસાબે ઉપયોગની પણ વિવિધતા હોવાથી, ઉપયોગને બાર પ્રકારે શાસ્ત્રમાં જણાવેલ છે.

છદ્મસ્થની જ્ઞાનલબ્ધિ અને કેવલીની જ્ઞાનલબ્ધિ, એમ જ્ઞાનલબ્ધિ બે પ્રકારે છે. એ રીતે દર્શનલબ્ધિ પણ બે પ્રકારની સમજવી. મનઃપર્યવ પ્રાપ્ત જ્ઞાનલબ્ધિ સુધીની જ્ઞાન અને દર્શનલબ્ધિને છદ્મસ્થની જ્ઞાન-દર્શન લબ્ધિ કહેવાય છે. આ લબ્ધિમાં જ્ઞાન અને દર્શન તે ક્ષાયોપ-

શમિક ભાવે હોઈ ક્ષયોપશમતાની વિવિધતાનુસાર તે લબ્ધિ પણ વિવિધ પ્રકારે વર્તે છે. પરંતુ કેવલી પરમાત્માની જ્ઞાન અને દર્શનલબ્ધિ તે જ્ઞાનાવરણીય અને દર્શના વરણીય કર્મનો સંપૂર્ણ ક્ષય થવાથી જ વર્ત્તવાવાળી હોઈ કેવલીની તે લબ્ધિ, ક્ષાયિક ભાવની અને સર્વ કેવલીને સદા એક સરખી જ હોય છે. તેમાં ક્યારેય પણ વિવિધતા હોઇ શકતી જ નથી. વાદળથી ઘેરાયલ સૂર્યના પ્રકાશમાં વાદળના આવરણ મુજબ ન્યૂનાધિકતા હોય છે. પરંતુ સંપૂર્ણ વાદળના આવરણથી મુક્ત બની રહેલ સૂર્યના પ્રકાશમાં ન્યૂનાધિકતા હોતી નથી. એવી રીતે જ્ઞાનાવરણીય અને દર્શનાવરણીય કર્મના ન્યૂનાધિક આવરણથી આચ્છાદિત જ્ઞાન અને દર્શનલબ્ધિરૂપ આત્મપ્રકાશમાં ન્યૂનાધિકતા હોય છે. પરંતુ તે બન્ને કર્મના આવરણથી મુક્ત જ્ઞાન અને દર્શનલબ્ધિરૂપ આત્મપ્રકાશ સંપૂર્ણ અને એક સરખો જ પ્રકાશિત હોય છે.

"મતિ અને શ્રુત" સંજ્ઞાથી આગળ વધીને જ્ઞાનલબ્ધિનો વિકાસ વિશેષરૂપ થાય ત્યારે તે જ્ઞાનશક્તિને વિષયગ્રહણ કરવામાં ઇન્દ્રિયસહાયની જરૂર નહિં રહેતાં, આત્મપ્રત્યક્ષ જ પદાર્થસ્વરૂપને જીવ જોઈ શકે છે. આ રીતની જ્ઞાનલબ્ધિ તે જ્યાં સુધી રૂપી (રૂપ–રસ–ગંધ–સ્પર્શ-યુક્ત) પદાર્થને જ જાણી શકવાવાળી હોય ત્યાં સુધી તેને "અવધિજ્ઞાન" અને દર્શનને "અવધિદર્શન" તરીકે ઓળખાય છે.

અવધિનો વિષય તે કેવળ, રૂપી પદાર્થ સુધી જ

સીમિત હોવાથી તેને સીમિત-સીમા યા અવધિ કહેવાય છે. એટલે અવધિશબ્દ તે સીમાસૂચક છે. અરૂપી પદાર્થોમાં અવધિની પ્રવૃત્તિ હોઈ શકતી નથી. જગતના મૌલિક છ દ્રવ્યોમાં એક પુદ્ગલદ્રવ્ય જ રૂપી છે. એટલે પુદ્ગલદ્રવ્ય જ, અવધિનો વિષય થઈ શકે છે પુદ્ગલદ્રવ્ય સિવાય, આત્મા આદિ પાંચદ્રવ્ય, અવધિનો વિષય થઈ શકતાં નથી.

અવધિજ્ઞાનસ્વરૂપ જ્ઞાનલબ્ધિ ઉપરાંત, અઢીદ્વીપ (મનુષ્યક્ષેત્ર)માં રહેલ સંજ્ઞિપર્યાપ્ત પંચેન્દ્રિય પ્રાણિઓના ચિન્તિત અર્થને જાણી શકવાવાળી જ્ઞાનલબ્ધિને મનઃપર્યવજ્ઞાન કહેવાય છે.

દીર્ઘકાલોપદેશિકી સંજ્ઞાવાળો જીવ, જ્યારે ચિંતન કરે છે, ત્યારે બ્રહ્માંડમાં રહેલી અર્થાત્ લોકાકાશમાં વ્યાપ્ત, અતિસૂક્ષ્મ એવી મનોવર્ગણા નામે ઓળખાતા પુદ્ગલના જથ્થાનો ઉપયોગ કરે છે. આમ જીવને વસ્તુ અંગે મનન કરવા માટે આ મનોવર્ગણારૂપ પુદ્ગલજથ્થાની સહાયતા આવશ્યક છે. તેની મદદથીજ — તે સાધનથી જ જીવને જે બાબતનું ચિંતન કરવું હોય તે થઈ શકે છે. અને પછી તે જીવ, જેવું ચિંતન કરે, તેવી આકૃતિ, તે જીવે ગ્રહિત મનોવર્ગણાના પુદ્ગલ જથ્થામાં ખડી થાય છે. અને તે આકૃતિ મનઃપર્યવજ્ઞાનીની નજર સમક્ષ ખડી થાય છે. આ મનોવર્ગણાના પુદ્ગલોનું ગ્રહણ, પરિણમન, ચિંતિત-વસ્તુની આકૃતિ, અને ગ્રહિત તે પુદ્ગલોનું વિસર્જન, આ બધું અતિ ઝડપથી અલ્પ ટાઈમમાં બની રહે છે, આ રીતે જીવે

ગ્રહિત મનોવર્ગણાના પુદ્ગલોના, ગ્રહણ કરનાર જીવોની વિચારણાનુસાર ઉપસ્થિત થતી માનસિક આકૃતિને દ્રવ્યમન કહેવાય છે.

મનઃપર્યવજ્ઞાની તે માનસિક આકૃતિઓને જ પ્રત્યક્ષ કરે છે. પરંતુ તેના અર્થજ્ઞાનને અર્થાત્ ચિંતનીય વસ્તુને પ્રત્યક્ષ કરી શકતા નથી. અર્થજ્ઞાન કે ચિંતનીય વસ્તુનું તો તે અનુમાન કરે છે. અને મનઃપર્યવજ્ઞાનમાં મનઃપર્યાય અર્થાત્ માનસિક વિવિધ આકૃતિઓનું પ્રત્યક્ષ જ્ઞાન છે. અને ચિંતનીય વસ્તુનું અનુમાન જ્ઞાન છે.

મતિજ્ઞાન–શ્રુતજ્ઞાન–અવધિજ્ઞાન અને મનઃપર્યવજ્ઞાનમાં આત્માની જ્ઞાનલબ્ધિ તે જ્ઞાનાવરણીય કર્મથી સંપૂર્ણ નિરાવરણ તો નથી જ. તેથી તે ચારે જ્ઞાનલબ્ધિઓ ક્ષાયોપશમિક ભાવની હોય છે. જ્યારે જ્ઞાનાવરણીય કર્મનો સંબંધ, આત્મામાંથી સર્વથા ક્ષય પામી જાય છે, ત્યારે તે સંપૂર્ણ નિરાવરણજ્ઞાનને કેવલજ્ઞાન કહેવાય છે. તે કેવલજ્ઞાન તો રૂપી અને અરૂપી સર્વ વિષયગ્રાહી હોવાથી સકલપ્રત્યક્ષ કહેવાય છે. અને અવધિ તથા મનઃપર્યવ એ અરૂપીપદાર્થને ગ્રહણ નહીં કરી શકતાં હોઈ અપૂર્ણપ્રત્યક્ષ યા વિકલ પ્રત્યક્ષ છે. જ્યારે ઇન્દ્રિય અને મનની સહાયતાથી વર્ત્તતાં મતિ અને શ્રુત તે શાસ્ત્રીય દ્રષ્ટિએ તો પરોક્ષ છે, પરંતુ ઈન્દ્રિયજન્ય વિષયોનું જ્ઞાન, લોકવ્યવહારમાં પ્રત્યક્ષ ગણાતું હોવાથી વ્યવહારના હિસાબે તેને પ્રત્યક્ષ કહેવાય છે.

અહિં સામાન્ય મનુષ્યને એ જ વિચાર આવે કે

જેટલા જ્ઞાનના ભેદો દર્શાવ્યા છે, તેટલા જ ભેદો દર્શનના પણ હોવા જોઈએ. કારણ કે જ્ઞાનની પ્રારંભ ભૂમિકામાં દર્શન છે જ. એટલે જ્ઞાનને જેમ પાંચ ભેદે દર્શાવ્યું છે, તેમ દર્શન પણ પાંચભેદે દર્શાવવું જોઈએ. પરંતુ આ રીતની સમજણ વ્યાજબી નથી. કારણ કે શાસ્ત્રોમાં આત્માના જ્ઞાન અને દર્શનનું સ્વરૂપ સમજાવવા સાથે જ્ઞાનના પાંચભેદ દર્શાવી, દર્શનના ચારભેદ દર્શાવ્યા છે. અને તે જ વ્યાજબી છે. તેની સમજણ નીચે મુજબ વિચારવાથી સ્પષ્ટ સમજી શકાશે.

(૧) ચક્ષુદર્શન (૨) અચક્ષુદર્શન (૩) અવધિદર્શન અને (૪) કેવલદર્શન, એમ ચારભેદે દર્શન છે. અહિં જ્ઞાનમાં જેમ મતિ અને શ્રુતસંજ્ઞા આવી તેમ દર્શનમાં તે બન્નેમાંથી એકેય સંજ્ઞાવાળું દર્શન નથી. એવી રીતે જેમ મનઃપર્યવની સંજ્ઞાવાળું જ્ઞાન છે, તેમ તે સંજ્ઞાવાળું પણ દર્શન નથી. તેની સ્પષ્ટતા દર્શાવતાં કહ્યું છે કે, ચક્ષુદર્શન અને અચક્ષુદર્શન એ મતિજ્ઞાનની જ ભૂમિકાઓ છે. પરંતુ તે બન્નેનાં નામ મતિદર્શન નહિં હોવાનું કારણ એ જ છે કે દર્શનમાં ચક્ષુઇન્દ્રિયનું મહત્ત્વ અધિક છે. ચક્ષુના મહત્ત્વના કારણે એક ભેદ ચક્ષુના નામે અને બીજો ભેદ તે શેષ ઇન્દ્રિયો અને મનના હિસાબે અચક્ષુ નામે રાખ્યો છે. વળી શ્રુતપ્રાપ્તિમાં વર્તતી જ્ઞાનલબ્ધિ હંમેશાં સવિકલ્પક હોવાથી શ્રુતજ્ઞાનની માફક શ્રુતદર્શન પણ હોઈ શકતું નથી. સવિકલ્પકપણું તે વિશેષ બોધગ્રાહ્ય છે. એ

પ્રમાણે મનઃપર્યવદર્શન પણ ન હોય. કારણ કે મનોદ્રવ્યને દેખવા ટાઈમે વિશેષ બોધ જ વર્તે છે. એટલે મનઃપર્યવ-દર્શન હોઈ શકતું નથી. એ માટે (૧) ચક્ષુદર્શન (૨) અચક્ષુદર્શન (૩) અવધિદર્શન અને (૪) કેવલદર્શન, એમ દર્શનના ભેદો ચાર સંજ્ઞાથી જ યુક્ત છે, તે જ બરાબર છે.

છદ્મસ્થ અને સર્વજ્ઞના જ્ઞાન તથા દર્શનના ક્રમમાં ભેદ છે. કારણ કે સર્વજ્ઞના જ્ઞાનની પ્રારંભ ભૂમિકા જ્ઞાનોપયોગ સ્વરૂપે છે. અને છદ્મસ્થના જ્ઞાનની ભૂમિકા, સામાન્ય-બોધરૂપ દર્શનોપયોગ સ્વરૂપે છે. એ રીતે ભૂમિકાભેદ હોવા છતાં પણ સર્વજ્ઞમાં કેવળજ્ઞાનની માફક કેવલદર્શન પણ છે.

આ રીતે પાંચ પ્રકારની જ્ઞાનલબ્ધિ અને ચારપ્રકારની દર્શનલબ્ધિ છે. પરંતુ તેમાં મતિ, શ્રુત, અને અવધિ જ્ઞાન લબ્ધિ તે સમકીતિ જીવોની જ્ઞાનસ્વરૂપે અને મિથ્યાત્વી જીવોની અજ્ઞાનરૂપે વ્યવહારાય છે. અજ્ઞાન એટલે બિલ્કુલ જ્ઞાનરહિત નહિ સમજતાં વિપરીત જ્ઞાનપણે વર્તતી જ્ઞાન-લબ્ધિ કહેવાય. મનઃપર્યવ અને કેવલજ્ઞાન તો મિથ્યાત્વ દશામાં હોઈ શકે જ નહિં એટલે તેમાં જ્ઞાન અને અજ્ઞાનરૂપ બે ભેદ નહીં હોતાં કેવલ, જ્ઞાનરૂપે જ હોય. દર્શનલબ્ધિ તો સામાન્યબોધ ગ્રાહક જ હોઈ, સમકીતિની અને મિથ્યાત્વીની દર્શનલબ્ધિમાં કંઈ ફેરક જ નથી. આ રીતે પાંચ જ્ઞાનલબ્ધિ, ત્રણ અજ્ઞાનલબ્ધિ અને ચાર દર્શન–લબ્ધિ મળીને કુલ્લ ભેદ બાર થયા. તેમાં જે જે લબ્ધિ

વિષયગ્રહણમાં પ્રવૃત્ત હોય તેને તે તે નામને। જ ઉપયોગ કહેવાય. એમ લબ્ધિના નામ મુજબ ઉપયોગના પણ બાર ભેદ થયા.

અહિં એ વિદિત થવું જરૂરી છે કે ઉપયોગ એ જીવનું સામાન્ય રીતે વ્યાપક લક્ષણ હોવા છતાં સાધના–આરાધના વિષયક શુભ અને શુદ્ધ ઉપયોગ જ મહત્ત્વનો હોઈ, અશુભ અને અશુદ્ધ ઉપયોગથી બચી જઈ, શુદ્ધ ઉપયોગના લક્ષ્યપૂર્વક શુભ ઉપયોગમાં પ્રવર્ત્તી, અંતે આત્માને સદાના માટે સંપૂર્ણશુદ્ધ ઉપયોગવંત બનાવવા પ્રયત્નશીલ રહેવું, એજ ઉપયોગને સમજવાની સાર્થકતા છે.

## ૩. ઉપયોગ, ભાવના, પરિણામ અને પ્રવૃત્તિ

**વિશ્વના** કોઈપણ પદાર્થ યા વિષય પરત્વે જીવનું લક્ષ (ધ્યાન) ખેંચાયા બાદ, હેય અને ઉપાદેય અર્થાત્ ગ્રહણ અને ત્યાગનું લક્ષ્ય નિર્ણિત થાય છે. અને ત્યારબાદ નિર્ણિત લક્ષ્યાનુસરા લક્ષ્યસિદ્ધિ માટે જીવ, તત્પરતા પૂર્વક પ્રવૃત્તિશીલ બને છે. અહિં લક્ષ તે જીવનો ઉપયોગ છે. લક્ષ્ય તે ભાવના છે. તત્પરતા તે પરિણામ છે. અને પ્રયત્ન–પુરૂષાર્થ તે પ્રવૃત્તિ છે.

જૈનદર્શન કહે છે કે આ સમગ્ર વિશ્વ તે જીવ અને અજીવ, યા ચેતન અને જડ, એ બે તત્ત્વોથી ભરપુર છે. તેમાં જડ તત્ત્વોનું વર્ગીકરણ પાંચ ભેદે દર્શાવી તે પૈકીના એક ભેદને પુદ્ગલ નામે ઓળખાવ્યો છે. વિશ્વમાં સદાના માટે અસ્તિત્વ ધરાવતા ધર્મ, અધર્મ, આકાશ, અને કાળ, એ ચાર જડ પદાર્થો અરૂપી હોવાથી ઇન્દ્રિયગમ્ય બની શકતા નથી.

આધુનિક વિજ્ઞાનની શોધ મુખ્યત્વે કરીને જડ પદાર્થો અંગેની જ, અને તેમાં પણ જૈનદર્શને પ્રરૂપિત પાંચ જડ–પદાર્થો પૈકીનો એક ભેદ જેને પુદ્ગલ કહેવાય છે, તે અંગેનીજ છે. જેને વૈજ્ઞાનિક ભાષામાં Matter (મેટર) કહેવાય છે.

જૈનદર્શન કહે છે કે સમસ્ત સૃષ્ટિ, જીવ અને પાંચ–

અજીવ પૈકીના પાંચમા અજીવ પદાર્થ, પુદ્ગલના વિવિધ અણુ યા અણુસમુહ સ્વરૂપ વિવિધ વિભાગોથી ભરપુર છે. દૃશ્ય જગત, તે વિવિધ અણુસમુહસ્વરૂપ પુદ્ગલનું જ બનેલું છે. તેવી રીતે આધુનિક વિજ્ઞાન પણ જણાવે છે કે 'સમસ્ત સૃષ્ટિ વીજળીમય છે." અને પ્રત્યેક પદાર્થ તે વીજળીના કણ, વીજળીના તરંગોથી ભરેલો છે. માનવ શરીર પણ એક વીજળી ઘર છે. એ રીતે વિજ્ઞાન, માત્ર જડ પદાર્થ સ્વરૂપ વીજળીની જ સમજ સુધી પહોંચ્યું છે. અહિં વીજળી એ એક પૌદ્ગલિક શકિતરૂપ છે. જ્યારે જૈનદર્શને તો આત્મિક શકિતરૂપ વીજળીનું પણ અતિસ્પષ્ટ અને વિશદ વર્ણન કર્યું છે. જૈનદર્શન કહે છે કે આત્મિક વીજળીનો કરંટ, અદૃશ્ય શકિતવડે સંકલ્પના સ્પન્દનથી અખંડ વિચાર ધારાના વાયરો (તાર) દ્વારા લક્ષ્યપર્યંત લાગુ થાય, તેને ઉપયોગ યા લક્ષ કહેવાય છે. એ રીતે વર્તતા ઉપયોગના કારણે, તે સમયે ઇન્દ્રિય પ્રત્યક્ષ વર્ત્તતા પદાર્થ અંગે, અગર પૂર્વે અનુભવેલ પ્રત્યક્ષતાની સ્મૃતિરૂપ પદાર્થ અંગે, આત્મા પોતે વિવિધ લાગણીઓમાં વર્ત્તી, પોતાની બુદ્ધિ અને વિવેક અનુસાર, પોતાના હિતાહિતનું યા ગ્રહણ અને ત્યાગનું લક્ષ્ય,નિર્ણિત કરી રહે, ત્યારે તે નિર્ણયાતાને ભાવના કહેવાય છે. લક્ષ્ય યા ભાવનાનુસાર,લક્ષ્ય સંયોગોની પ્રાપ્તિ માટે, જીવ, વાચિક અગર કાયિક પુરૂષાર્થ કરવા પ્રેરાય–તત્પર બને તેને પરિણામ કહેવાય છે. અને તેવા પુરૂષાર્થમાં કાર્યશીલ બને, એટલે તેને પ્રવૃત્તિ કહેવાય છે નિર્ણિત લક્ષ્યાનુસાર તેની પ્રપ્તિના સંયોગો તે સમયે અનુકુલ ન હોય તો લક્ષ્ય પ્રાપ્તિની તીવ્ર

ઉત્કંઠા હોવા છતાં પણ, પરિણામ અને પ્રવૃત્તિમાં આત્મા, આગળ નહિં વધી શકતાં, ભાવના સુધી જ રોકાઈ જાય છે. અને લક્ષ્યપ્રાપ્તિની સુવિધા મળી જતાં, વિના વિલંબે પરિણામ અને પ્રવૃત્તિમાં પુરૂષાર્થી બને છે,

અહિં ભાવના, પરિણામ અને પ્રવૃત્તિમાં ઉપયોગનું અનુસંધાન તો અવશ્ય ચાલુ જ હોય છે. કારણ કે આત્મિક વિદ્યુત કરંટસ્વરૂપ ઉપયોગના જોડાણ વિના, ભાવના-પરિણામ અને પ્રવૃત્તિ સંભવે જ નહિ. જડ અને ચેતન પદાર્થોની ભિન્નતાનું કારણ એ જ છે કે જ્યાં ઉપયોગ હોય, ત્યાંજ ચેતન (જીવ) છે. જ્યાં ઉપયોગ નથી ત્યાં જીવતત્વ નહિં હોતાં અજીવત્વ યા જડત્વ જ છે. ઉપયોગ તો જીવને જ હોઇ, ભાવના, પરિણામ અને પ્રવૃત્તિ પણ જીવમાં જ હોય. વળી ભાવના, પરિણામ અને પ્રવૃત્તિ હોય, ત્યાંજ સુખ અને દુઃખ પણ સંભવે. અજીવ યા જડમાં નથી ઉપયોગ, નથી ભાવના, નથી પરિણામ, નથી સ્વેચ્છાએ પ્રવૃત્તિ, અને નથી સુખ કે દુઃખની લાગણી.

ઉપયોગ, એ જૈન પારિભાષિક શબ્દ હોવાથી કેટલાક બાળજીવોને તેની સમજ પ્રાપ્ત થતી નથી. લૌકિક ભાષામાં જેને આપણે ધ્યાન-એકાગ્રતા-તન્મયતા-ચિત્ત ચોટાડવું-લક્ષ રાખવું-ભાન રાખવું-ખ્યાલ રાખવો-કહીએ છીએ, તે બધા શબ્દો, ઉપયોગ સૂચક જ છે. ધ્યાન રાખજો, ખ્યાલ રાખજો, ખ્યાલ છે કે ભૂલી ગયા? એ બધું કથન, ઉપયોગ અંગેનું જ છે. બજારમાં અમુક વસ્તુઓ ખરીદવા નીકળનાર, ખરી-

દીની સર્વ વસ્તુઓનું ધ્યેય-લક્ષ્ય નક્કી કરીને જ નીકળે છે. તેમાંથી અમુક વસ્તુની ખરીદી ચૂકી જઈ, તેના બદલે અન્ય વસ્તુની ખરીદી કરી લે તો તે વસ્તુ અંગે ઉપયોગ ચૂકી ગયો યા ખ્યાલ ચાલ્યો ગયો એમ કહેવાય. એ રીતે ધ્યેય વસ્તુનો પણ ઉપયોગ તો અવશ્ય જોઈએ જ. વળી ધ્યેય નિર્ણિત વસ્તુઓ પૈકીની પણ એક વસ્તુ સર્વથા ખરીદવી જ ભૂલી જાય, તો તે વસ્તુની ખરીદીરૂપ પરિણામ અને પ્રવૃત્તિનો જ ઉપયોગ ચૂકી ગયો કહેવાય. એ રીતે ભાવના, પરિણામ, અને પ્રવૃત્તિની સિધ્ધિમાં ઉપયોગની આવશ્યકતા તો અવશ્ય છે. કોઈપણ કાર્ય કરવા સમયે તે કાર્યનું ભાન ભૂલી જઈ, કાર્ય ચાલુ હોવા છતાં પણ અન્ય વિચારણામાં મગ્ન બની જવાય, તો તે વખતે કાર્યમાં સ્ખલના થાય છે. અગર કાર્ય અધુરૂં રહી જાય છે. ત્યારે આપણે તેને કહીએ છીએ કે ભાન કેમ ન રાખ્યું? એમ કહીને ઠપકો દઈએ છીએ. વળી તેને ભાન વિનાનો કહીએ છીએ. અહિં ભાન ભૂલી જવું તેને જ ઉપયોગ શૂન્યતા કહેવાય છે.

ક્યારેય અને કોઈપણ માનસિક, વાચિક કે કાયિક પ્રવૃત્તિ સમયે ઉપયોગ તો વર્તતો જ હોય છે. કારણ કે ઉપયોગ, એ, આત્માનું જ લક્ષણ હોવાથી કોઈપણ સમયે આત્મા, ઉપયોગ રહિત તો હોઇ શકે જ નહિં. કોઈપણ સમયે આત્મા, સર્વથા ઉપયોગ રહિત બની જાય તો તો ચેતન તે જડ બની જાય. પરંતુ ચેતન કદાપિ જડ ન બને, અને જડ કદાપિ ચેતન ન બને. ચેતન તે ચેતન જ રહે. અને જડ તે

જડ જ રહે. ઉપયોગરહિત કદાપિ ચેતન ન જ હોય, અને ઉપયોગ સહિત કદાપિ જડ ન જ હોય. પરંતુ જે જે સમયે જે જે વિષય યા પદાર્થ અંગે ઉપયોગ પ્રવર્તાવવો જરૂરી હોય, તે તે વિષય યા પદાર્થ–સ્વરૂપને ચૂકી જઈ, અન્ય વિષય યા પદાર્થમાં ઉપયોગને પ્રવર્તાવવો, તેને જરૂરી ઉપયોગની અપેક્ષાએ ઉપયોગશૂન્ય કહેવાય છે.

જ્ઞેયપદાર્થને જાણી શકવાની શકિત, આત્મામાં હોવા છતાં, ઈન્દ્રિયપ્રત્યક્ષ પદાર્થપ્રત્યે લક્ષ–ધ્યાન ન હોય, આત્મિક વિજળીનો કરંટ, જ્ઞેય પદાર્થને લાગુ ન હોય, તો પણ જ્ઞેય પદાર્થને જાણી શકાતો નથી. જેમ વિજળીનો કરંટ (કનેકશન) લાગુ કર્યા વિના, ઘરમાં કરાયેલ વિજળી-ફીટીંગમાંથી વિજળીનો પ્રકાશ થઈ શકતો નથી, તેવી રીતે આત્માના ઉપયોગસ્વરૂપ કરંટને લાગુ કર્યાવિના, જ્ઞેયપદાર્થનું જ્ઞાન, જીવને થઈ શકતું નથી. આત્મા તો જ્ઞાનશકિતરૂપ વિજળીનું પાવર હાઉસ છે. ઉપયોગ એ કરંટ છે, અને જ્ઞાન એ પ્રકાશ છે. કહ્યું છે કે :–ज्ञायते परिछिद्यते वस्त्वनेन इति ज्ञानम् એટલે જેનાવડે વસ્તુનો બોધ થાય તેનું નામ જ્ઞાન છે. તેના બે પ્રકાર છે. (૧) સામાન્ય બોધ અને (૨) વિશેષબોધ. સામાન્યબોધને દર્શન કહેવામાં આવે છે. અને વિશેષબોધને જ્ઞાન કહેવામાં આવે છે. આ સામાન્ય બોધની પ્રાપ્તિસમયે અને વિશેષબોધની પ્રાપ્તિસમયે ઉપયોગ તો અવશ્ય વર્તતો જ હોવાથી સામાન્ય બોધ સમયેનો ઉપયોગ તે સામાન્યોપયોગ, અને વિશેષબોધ

સમયનો ઉપયોગ તે વિશેષોપયોગ કહેવાય છે. એટલે દર્શનને સામાન્યોપયોગ અથવા નિરાકાર ઉપયોગ, અને જ્ઞાનને વિશેષ ઉપયોગ અથવા સાકારઉપયોગ કહી શકાય. છદ્મસ્થને યાને આપણને પ્રથમ દર્શન થાય છે. અને પછી જ્ઞાન થાય છે, જ્યારે કેવળી ભગવંતોને પ્રથમ જ્ઞાનોપયોગ અને પછી દર્શનોપયોગ થાય છે. આ પ્રમાણે સમયે સમયે એ રીતે જ્ઞાનોપયોગ અને દર્શનોપયોગનો ક્રમ ચાલુ જ હોય છે. વળી છદ્મસ્થને ઉપયોગ મૂકવો પડે છે. જ્યારે કેવલીને ઉપયોગ મૂકવાની જરૂર રહેતી નથી. આ પ્રમાણે ઉપયોગની પરાવૃત્તિ એ જીવનો સ્વભાવ છે.

વિશ્વમાં જે લાગણીયુક્ત અને સુખ દુઃખના અનુભવ યુક્ત પદાર્થ છે, તે પદાર્થને જ જીવ કહેવાય છે. લાગણી રહિત સર્વપદાર્થો જડ છે. આહાર–ભય– મૈથુન–પરિગ્રહ, ક્રોધ–માન–માયા, લોભ, સુખ,દુઃખ, વગેરે શુભ–અશુભ, શુદ્ધ–અશુદ્ધ લાગણીઓ, સર્વ પદાર્થસ્વરૂપનો ખ્યાલ, જગતના પ્રાણિમાત્રમાં ન્યૂનાધિક પ્રમાણમાં પણ જોવામાં આવે છે. એકના એક જીવમાં પણ એકથી અન્યસમયમાં આ લાગણીઓનું ન્યૂનાધિકપણું હોય છે. એક સમયે અનુભવેલી તે લાગણીઓનું અન્યસમયે સ્મરણ પણ થયા કરે છે. આવી લાગણીઓ, પદાર્થ સ્વરૂપનો ખ્યાલ, અને ભૂતપૂર્વ લાગણીઓનું સ્મરણ, જીવને અનુભવવામાં જીવનો ચૈતન્યગુણ અર્થાત્ જ્ઞાનગુણ છે. જ્યાં જ્ઞાનગુણ યા ચૈત-

ન્ય ગુણ છે, ત્યાં જ આ બધો અનુભવ છે. જ્ઞાનગુણના અભાવે જડ પદાર્થમાં તેવી લાગણીઓનો અનુભવ હોઇ શકતો નથી. આ જ્ઞાનગુણ એ જીવમાં જ હોય. જીવસિવાય જ્ઞાન-ગુણ હોય જ નહીં. અને જ્ઞાનગુણ વિનાનો જીવ પણ ન હોય. ગુણ અને ગુણીનો અભેદ સંબંધ હોય છે.

જીવે ધારણ કરેલ શરીરના કોઈ અવયવનો એ જ્ઞાન ગુણ હોઈ શકતો જ નથી. શરીરમાંથી જીવ ચાલ્યો ગયા પછી, શરીર તેના સંપૂર્ણ અવયવો સહિત પડ્યું હોય છે. પરંતુ તેમાં ઉપરોક્ત લાગણીઓ પ્રગટાવનાર ચૈતન્યપણું હોતું નથી. એટલે માનવું જ પડે છે કે ચૈતન્ય એ શરીરનો નહિં, પરંતુ જીવનો જ ગુણ છે. કેટલાક માણસો ઉપરોક્ત લાગણીઓને સમજવાનું, વિચારવાનું, યાદ રાખવાનું, આગળ પાછળની વાતોની મેળવણી કરવાનું, અમુક વાતનો જીવનમાં અમલ કરવાનું, ત્યાગ કરવાનું, એ વગેરેનો નિર્ણય કરનાર તે જીવનું મગજ છે, એમ માને છે. પરંતુ આ માન્યતા ભૂલ ભરેલી છે. કારણ કે હજારો કે લાખો વર્ષોનાં મડદાં ને પણ મગજ હોય છે. તાત્કાલિક મૃત્યુ પામેલ એક સારા વિદ્વાન બુદ્ધિશાળી મનુષ્યના મૃતદેહમાં પણ, મગજ તો વિદ્યમાન છે. એટલે ઉપરોક્ત લાગણીઓને અનુભવવાનો આ મગજનો જ જો સ્વભાવ હોય તો, મૃત દેહવાળા મગજમાં એવી લાગણીઓ કેમ અનુભવાતી નથી ? વસ્તુનો ગુણ સ્વભાવ કે લક્ષણ તેને જ કહેવાય કે તે તે વસ્તુમાં સદાના માટે વિદ્યમાન હોય, અને તે વસ્તુની જાત સિવાય અન્ય જાત-

વાળી વસ્તુમાં કદાપી ન જ હોય. માટે ઉપરોક્ત લાગણીઓ પ્રગટાવનાર ચૈતન્ય ગુણ એ મગજનો ગુણ હોત તો, મૃત દેહના મગજમાંથી એ લાગણીઓ નષ્ટ પામી શકતજ નહિં. માટે માનવું પડશે કે ચૈતન્ય તે શરીર યા શરીરના કોઈ પણ અવયવનો ગુણ નહી હોતાં, જીવનો જ ગુણ છે. જીવને એ લાગણીઓ પોતાના ચૈતન્ય ગુણવડે અનુભવવામાં, મગજ અને તેની સાથે જોડાયેલ શરીરના બીજા તંતુઓ તો સાધનરૂપ એટલે મદદ રૂપ છે. તંતુઓ તે જ્ઞાનતંતુઓ કહેવાય છે. તે મગજ સાથે સંયુક્ત બની રહી, શરીરમાં સર્વ સ્થળે ફેલાયેલા હોવાથી આખા શરીરની ઉપર કે અંદર થતી અસરકારક હીલચાલના સમાચાર તે જ્ઞાનતંતુ, મગજમાં પહોંચાડે છે. મગજ દ્વારા તે સમાચાર મનને પહોંચે અને મન તે તાંતણાના તાર ઇંદ્રિયો ને જોડે છે. આ બધાનો સંચાલક તો જીવ છે. જીવ વિના મૃત દેહમાં આવું સંચાલન થઈ શકતું નથી. એટલે લાગણી ઉત્પન્ન કરનાર ચૈતન્ય યા જ્ઞાન શક્તિ, એ જીવમાં જ હોઈ શકે છે. જ્યારે આત્મિક વિજળીના કરંટ સ્વરૂપ ઉપયોગ, જ્ઞેય પદાર્થ પ્રત્યે જોડાય, ત્યારે જ તે જ્ઞાન શક્તિ વડે, જ્ઞેય પદાર્થનું જ્ઞાન થઈ શકે છે. કોઈ અમુક કાર્યમાં મગ્ન બની રહેલ મનુષ્યની સામેથી કોઈ વ્યક્તિ ચાલી જાય, છતાં તે ટાઈમે તેનું ધ્યાન, તેનું ચિત્ત, તેનો ઉપયોગ, પોતાનના ઈચ્છિત કાર્યમાં મગ્ન બની રહેલ હોવાના કારણે, પાસેથી ચાલી જતી વ્યક્તિના ગમનનું ભાન શુદ્ધાં પણ તેને રહેતું નથી. તેનું કારણ એજ છે કે,

કાર્યશીલ બની રહેલ મનુષ્યનો, ઉપયોગસ્વરૂપ કરંટ, તે ચાલ્યા જતા માણસ પ્રત્યે લાગુ નથી. જ્યાં જે જે બાબત અંગે જરૂરી ઉપયોગ હોતો નથી, ત્યાં તે તે બાબત અંગેની ભાવના અને પરિણામ પણ સંભવી શકે નહિ.

પૂર્વના ઉપયોગ, ભાવના અને પરિણામના કારણે થતી વર્તમાન બાહ્ય પ્રવૃત્તિમાં, તે તે પ્રવૃત્તિ અંગેનો ઉપયોગ તે તે સમયે ચૂકી જવાય તો, તે સમયે તેની ભાવના અને પરિણામ પણ વિસરી જવાય છે. કારણ કે એક સમયે ઉપયોગ તો એકજ બાબત અંગેનો હોય. એક સમયે ક્રિયા વિવિધ થઈ શકે, પણ ઉપયોગ તો એકમાંજ ટકે. માટે જ્યારે જ્યારે અને જ્યાં જ્યાં જે જે બાબત અંગેનાજ ઉપયોગની આવશ્યકતા હોય, ત્યારે તે તે બાબત અંગેનાજ ઉપયોગમાં વર્તવું યોગ્ય ગણાય છે.અંગ્રેજીમાં પણ કહ્યું છે કેઃ—

વર્ક વ્હાઈલ યુ વર્ક, એન્ડ પ્લેય વ્હાઈલ યુ પ્લેય, ધેટ-ઈઝ ધી વે, ટુબી હેપી આઈ સે.

જિન મંદિરમાં જિનપૂજા અને જિન દર્શનની વિધિ જાણનાર અને સમજનાર ભાવિકને ખ્યાલ હશે કે ત્યાં જુદીજુદી ત્રણ વખત "નિસિહી" શબ્દનું ઉચ્ચારણ કરાય છે. કેવલ લોકસંજ્ઞાએ યા ગતાનુગતિથી નિસિહી બોલી જનાર કેટલાન્કોને આ શબ્દપ્રયોગ, કયા હેતુએ કરાય છે? તેની ખબર પણ હોતી નથી. ખબરવાળા પૈકીના પણ કેટલાકો તે હેતુ પ્રમાણે વર્તવાની ઉપેક્ષા સેવે છે. અને જિનપૂજા કર્યાનો

સંતોષ અનુભવે છે. એ રીતે બોલાતી, અગર બિલ્કુલ નહિ બોલવાથી, અગર અણુસમજના કારણે, વિવિધ રીતે થતી પ્રભુ ભક્તિના ઉપયોગની સ્ખલના થાય છે. કોઈ પણ ક્રિયા નિષ્ફળ તો જતી નથી, પણ તે ક્રિયાના ફલમાં ઘણું મોટું અંતર પડે છે. વિવિધ રીતે થતી વિવિધ પૂજાના સર્વપ્રકારો શુભ હોવા છતાં, અમુક રીતે થતી પૂજા સમયે, અન્ય રીતે કરવાના પૂજાના કાર્યનો આ નિસિહીના ઉચ્ચારણ દ્વારા નિષેધ કરાય છે. તેનું કારણ એ છે કે જે સમયે જે રીતની પૂજાનો કાર્યક્રમ ચાલતો હોય, તે સમયે અન્ય રીતની પૂજાના કાર્યમાં જોડાવાથી ઉપયોગ ભંગ થવાય છે. ઉપયોગ-ભંગ થવાથી ભાવના અને પરિણામની ધારા તુટી જાય છે. અને એ રીતે પૂજાના ફળને ગુમાવી દેવાય છે. આ હકીકત પણ આપણને તે તે સમયે વર્તતી ક્રિયાનાજ ઉપયોગવંત બની રહેવાનું સૂચવે છે.

બાહ્ય પ્રવૃત્તિમાં ધ્યેય પણ સારૂં અને વધુ લાભદાયી બની શકે તેવું હોવું જોઈએ. ઉપયોગ, ભાવના, પરિણામ અને પ્રવૃત્તિના ક્રમે, વિવિધ ફળદાયી બની રહેતી એક સરખી બાહ્ય પ્રવૃત્તિમાં તેની ફળપ્રાપ્તિ તો લક્ષ્ય-ધ્યેય-ભાવનાનું-સારેજ થાય છે. માટે કઈ પ્રવૃત્તિમાં કઈ જાતનું લક્ષ્ય વધુ લાભકારી છે, તેની સમજ પણ હોવી જરૂરી છે. જે પ્રયત્નના પરિણામે વધું સારૂં ફળ મળી શકતું હોય, અને તેવા ફળની સાથે કોઈ પ્રાસંગિક ફળ આવી જતું હોય, તો તે પ્રાસંગિત ફળની પ્રાપ્તિ પુરતોજ પ્રયત્ન કરી, સંતોષી

અને નિવૃત્ત ન બની જવું જોઈએ. જેમકે ખેતી કરનાર ખેડૂતને અનાજની સાથે ઘાસ તો મળવાનું જ છે. પરંતુ જેનાથી અનાજ અને ઘાસ બન્ને મળી શકે તેમ છે, તેવી ખેતીમાં ઘાસ ઉત્પાદનની ઇચ્છામાં જ ઇતિકર્તવ્યતા માની, દાણા માટેની ઇચ્છાને છોડી દેવામાં આવે તો તે મૂર્ખતા જ છે.

ભાવના હોવા છતાં પણ શક્તિ અને સંયોગોની પ્રતિકૂળતાએ પરિણામ અને પ્રવૃત્તિ ન થઈ શકે એવું-ય બને. કારણ કે પરિણામ તે, શક્તિ અને સંયોગોને આધિન છે. પરિણામ પ્રકાશમાં આવે તેને જ પ્રવૃત્તિ કહેવાય. વ્યસની સમજે છે કે વ્યસન ખરાબ છે. ભયંકર છે. વ્યસનની સામગ્રી નહિં મળતાં બેહાલ થાઉં છું. રોજ મનમાં એ જ વિચાર ઘૂમ્યા કરે છે કે આ વ્યસન છોડું તો સારૂં. પણ છોડું એવા પરિણામ થતા નથી. ભાવના તો છૂટી જાય તો સારૂંની જ છે. અહિં છોડાય તો સારૂં એ ભાવના છે. 'છોડું' એ પરિણામ છે. અને 'છોડયું' એ પ્રવૃત્તિ છે. પરિણામ થયા બાદ કાર્યપ્રવૃત્તિ બની શકે. પરિણામ ચાલ્યા પણ જાય. માટે મહાપુરૂષો કહે છે કે સારા પરિણામ આવે એટલે ઝટ કાર્ય કરી લ્યો. કારણ કે સારા પરિણામ દુર્લભ છે. કહ્યું છે કે, 'श्रेयांसि बहु विघ्नानि' માટે ઝટ અમલ કરો.

માણસની યોગ્યતા અને અયોગ્યતા યા સજ્જનતા અને દુર્જનતા, એ કેવળ પરિણામ કે પ્રવૃત્તિને અનુલક્ષીને

નથી. પરિણામ અને પ્રવૃત્તિ તો શક્તિ અને સંયોગાધિન હોવાથી, તેના અભાવે ભાવનાનુસાર પણ તેની યોગ્યતા અને અયોગ્યતા પ્રચલિત બની રહે છે.

કાયમી ખીસ્સાં કાપી નામાંકિત બની રહેલા ગુંડાઓ, શક્તિ અને સંયોગના અભાવે કોઈક વખતે ઈચ્છિત પરિણામી અને પ્રવૃત્તિશીલ ન પણ હોય. પરંતુ અવાર નવાર પરિણામી અને પ્રવૃત્તિશીલ બની રહેતા હોવાથી, સદાચારી તરીકે તો તેમની ખ્યાતિ હોતી જ નથી. એવા લોકો પરિણામ અને પ્રવૃત્તિ રહિત સમયમાં પણ, લોકોના આદરને પામી શકતા જ નથી. તેવી રીતે અનેક વાર પરમાર્થનાં કાર્યો જેણે કર્યાં છે, એવા મનુષ્યો, શકિત અને સંયોગના પલટામાં તેવાં પરમાર્થનાં કાર્યો ન કરી શકે તો પણ, પરમાર્થી તરીકે તો તેમની નામના વર્તે જ છે. કારણ કે તેઓ પરમાર્થના ભાવનાશીલ છે.વળી શક્તિ અને સંયોગની અનુકુળતા સમયે પરમાર્થ કરવામાં ઉત્સુક રહી, પરિણામી બની રહેવા છતાં, અકસ્માત યોગે સંયોગો પલટાઈ જવાથી (જીરણશેઠની માફક) પ્રવૃત્તિ અટકી જાય તોપણ તે પરમાર્થી તો બની ગયો જ ગણાય. એવી રીતે દુષ્પ્રવૃત્તિ કરવામાં તૈયાર બની રહેલો પણ સયોગ પલટાએ ઇચ્છિત દુષ્કૃત્યથી ચૂકી જવા છતાં, તેને ગુનેગાર તો કહી જ શકાય. બાકી દંભી બની રહી પરિણામ અને પ્રવૃત્તિને ગુપ્ત બનાવી રાખનારાઓ અંગે, લોક અજાણ બની રહે, તે વાત જુદી છે. છતાં કુદરતના ન્યાયે તો તે પણ દુર્જન જ છે. આ સર્વ હકીકત

આપણને સારા ભાવનાશીલ અને સારા પરિણામી બની રહેવાનું સૂચવે છે.

કોઈ પણ કાર્યસિદ્ધિ, જીવના આંતરિક અને બાહ્ય પ્રયત્ન સ્વરૂપ, કયા કયા ક્રમે થાય છે, તે હકીકત સમજવા માટે, અહિં આપણે ઉપયોગ, ભાવના, પરિણામ અને પ્રવૃત્તિનું સ્વરૂપ વિચાર્યું. આ બધાની સફલતા ઉપયોગાધિન જ હોવાથી તેની સફલતાનો આધાર તદ્‌યોગ્ય ઉપયોગ સહિતતામાં, અને તેની નિષ્ફળતાનો આધાર તદ્‌યોગ્ય ઉપયોગ શૂન્યતામાં જ છે. વિવિધ પ્રસંગોમાં ઉપયોગ શબ્દનું કથન કેવળ ઉપયોગ ને જ અનુલક્ષીને છે, કે ભાવના, પરિણામ અને પ્રવૃત્તિમાં સ્થિર બની રહેતા ચિત્તને અનુલક્ષીને છે, તે પ્રસંગોચિત સમજી લેવું. કારણ કે તેનાથી જ ભાવના, પરિણામ અને પ્રવૃત્તિમાં બની રહેતી ચિત્તની શૂન્યતાને ટાળી શકાય. ભાવનામાં સ્ખલના થતી હોય તો ભાવના (લક્ષ્ય) અંગેનો ઉપયોગ, અને પરિણામ યા પ્રવૃત્તિમાં સ્ખલના થતી હોય તો તે અંગેનો ઉપયોગ, સ્થિર બનાવી રાખવો.

ઉપયોગની શુદ્ધિ અને અશુદ્ધિ, તે ભાવના અને પરિણામની શુદ્ધિ–અશુદ્ધિના અનુસારે છે. શુદ્ધ અને શુભ ભાવના તથા પરિણામમાં વર્તતો ઉપયોગ, તે શુદ્ધ યા શુભ ઉપયોગ કહેવાય. અને અશુદ્ધ યા અશુભ ભાવના તથા પરિણામમાં વર્ત્તતો ઉપયોગ, તે અશુદ્ધ યા અશુભ ઉપયોગ કહેવાય.

સામાન્ય બાલભોગ્ય ભાષામાં ઉપયોગ, ભાવના અને

પરિણામને મન તરીકે પણ વ્યવહારાય છે. પરંતુ ઉપરોક્ત ઉપયોગ શબ્દના કથનની માફક વિવિધ પ્રસંગોમાં વપરાતા 'મન' શબ્દના કથનમાં પણ ભાવના અને પરિણામ અંગે ખ્યાલ હોવો જોઈએ. મન શબ્દનો ઉપયોગ કરવા ટાઈમે કઈ જગ્યાએ ઉપયોગ (લક્ષ) સ્વરૂપ મન બોલાય છે, કઈ જગ્યાએ ભાવના (લક્ષ્ય–ધ્યેય) સ્વરૂપ મન બોલાય છે, અને કઈ જગ્યાએ પરિણામ સ્વરૂપ મન બોલાય છે, તે પોતે સ્વયં સમજી લેવું જોઈએ. મન અંગે જૈન દર્શનમાં કહેલી એક હકીકત સમજવી જરૂરી છે કે 'મનઃપર્યાપ્તિ' નામ કર્મોદયથી, મનયોગ્ય પુદ્ગલ દ્રવ્યને ગ્રહણ કરીને, મનપણે પરિણમાવેલાં જ પુદ્ગલ દ્રવ્યો, તે 'દ્રવ્યમન' કહેવાય છે. અને તે મનપણે પરિણમિત પુદ્ગલદ્રવ્યના આલંબન વાળો જીવનો ચિન્તન સ્વરૂપ જે વ્યાપાર, તેને 'ભાવમન' કહેવાય છે. અહિં હૃદયોસ્થિત ભાવના અને પરિણામ તે ભાવ મન છે. એ ભાવમન તે આત્માના અભ્યંતર પુરૂષાર્થ સ્વરૂપ હોઈ તેની ગણત્રી ઉપયોગ તરીકે પણ કરી શકાય. અને વાણી તથા વર્તન, તે બાહ્ય પુરૂષાર્થ સ્વરૂપ હોઈ તેને યોગ તરીકે ગણાય. તથા હૃદયોસ્થિત ભાવસૂચક મનના પર્યાયો–મનના તરંગોને પણ યોગ કહેવાય. વાણી તે વચન યોગ છે. વર્તન તે કાયયોગ છે. અને મનના તરંગો તે મન યોગ છે. વળી યોગને આચાર તરીકે અને ઉપયોગને વિચાર તરીકે પણ બોલાય. મનુષ્યના આચાર–વિચાર તે બંને શુદ્ધ રાખવાં જોઈએ. સંયોગવશાત્ આચાર શુદ્ધિ સચવાઇ ન

રહે તોપણ આચાર શુદ્ધિને તાત્કાલિક અમલમાં લાવી શકાય તેવી દઢતાપૂર્વક વિચારશુદ્ધિને તો ભૂલાવી નહિં જ જોઈએ.

વિચારશુદ્ધિ એ ભાવમનનો વિષય છે. ભાવમનની શુદ્ધિવિના ઉપયોગમાં શુદ્ધિ સંભવી શકતી જ નથી. એટલે જ્યાં ઉપયોગ શુદ્ધિનું કથન હોય ત્યાં ભાવમનની-ચિંતવનની શુદ્ધિ સમજી જ લેવી.

*

## ૪. ક્રિયા શક્તિ યા આત્મવીર્ય

જ્ઞાન, એ જીવનો ગુણ છે. એ જ્ઞાનગુણ તે જ્ઞેય પદાર્થને જાણવાનું કારણ (સાધન) હોઈ, જાણવા માટે થતી જ્ઞાન સ્ફૂરણાએ પ્રવૃત્તિ, તે ક્રિયા છે. અને એ પ્રવૃત્તિ દ્વારા થતું જ્ઞેય પદાર્થનું જાણપણું, તે કાર્ય છે. એ કરણ (સાધન), કાર્ય અને ક્રિયાનો કર્તા જીવજ છે. જીવ સિવાય એ ત્રણે બાબતો કોઈમાં હોઈ શકે જ નહિ.

કોઈ પણ કાર્ય કરવાની ઇચ્છાવાળામાં પ્રથમ તો કાર્ય કરવાની યોગ્યતા હોવી હોઈએ. યોગ્યતાવાળો જ કાર્ય કરી શકે. તે યોગ્યતાનુસાર કાર્યસિદ્ધ કરવાને તે ક્રિયાશીલ બને ત્યારે ક્રિયાપ્રવૃત્તિ થઈ કહેવાય. આ ક્રિયાપ્રવૃત્તિને પુરૂષાર્થ પણ કહેવાય. કારણ કે પુરૂષાર્થ, એ, ક્રિયાશક્તિને કામે લગાડવા રૂપ છે.

જ્ઞેય (જાણવા યોગ્ય) પદાર્થનું ભાન થવામાં જીવની જ્ઞાનગુણરૂપ યોગ્યતા જ કામ કરતી હોવા છતાં, જાણવા માટે જીવને ક્રિયાશીલ બનવુંજ પડે છે. ક્રિયાશીલ બનવાથી જ પોતાના જ્ઞાનગુણ વડે જ્ઞેયપદાર્થને જાણી શકાય છે. આ હકીકત એક સ્થૂલ દ્રષ્ટાંતદ્વારા વિચારવાથી સમજવામાં સરલતા રહેશે.

આપણી નજર સમક્ષ ગુન્હો કરીને ભાગી ગયેલ ગુન્હેગાર માણસનું જ્ઞાન (ઓળખ શક્તિ) આપણને હોવા છતાં, મોટી સંખ્યા પ્રમાણ જન મેદનીમાં ઘૂસી ગયેલ તે ગુન્હેગાર ને શોધી કાઢવા આપણી જ્ઞાન શક્તિનો ઉપયોગ કરીએ, તો જ તે ગુન્હેગારને પકડી શકીએ. માનવ મેદનીમાં નજર ફેરવતાં ફેરવતાં જ્યારે ગુન્હેગાર માણસ ઉપર દૃષ્ટિ જાય, ત્યારે જ આપણે કહી શકીએ કે, આ ગુન્હેગાર છે. એ રીતે ગુન્હેગારને ઓળખી કાઢવા માટે, આપણી ઓળખ શક્તિને કામે લગાડીએ, અર્થાત્ ઓળખશક્તિને ક્રિયાશીલ બનાવીએ, ત્યારે જ તે માણસને શોધી શકાય છે. જે કાર્ય માટે આપણે ક્રિયાશીલ બનીએ છીએ, તે કાર્ય પ્રત્યે આપણા જ્ઞાનોપયોગને પણ જોડવો જ પડે છે. આ રીતે અહિં જ્ઞાન શક્તિ, જ્ઞાનોપયોગ અને ક્રિયાશીલતા, એ ત્રણે બાબતો કામ કરે છે.

જ્ઞાનગુણ વડે જાણવા ( વિશેષ બોધ ) માટે જ્ઞાનોપયોગ અને દર્શનગુણ વડે દેખવા ( સામાન્ય બોધ ) માટે દર્શનોપયોગને લાગુ કરવો જ પડે છે. એ રીતે જીવના ચારિત્ર આદિ અન્ય ગુણોવડે તે તે ગુણોને અનુરૂપ ક્રિયાશીલ બનવા ટાઈમે પણ ઉપયોગની આવશ્યકતા તો રહેતી જ હોવા છતાં, તે બધા ગુણો વડે, તે તે ગુણોને જરૂરી ક્રિયાશીલ બની રહેવામાં થતી જીવની ક્રિયા પ્રવૃત્તિ, તે વીર્યના સહકારે જ થાય છે. વીર્યના સહકાર વિના જાણવા–દેખવા કે સ્વરૂપમાં રમણતા યા પરભવમાં રમણતા આદિ કોઈ પણ ક્રિયાપ્રવૃત્તિ

થઈ શકે જ નહિં. એ રીતે દરેક ગુણને ક્રિયાશીલ બનવા માટે સહકાર દેનાર જીવનો વીર્ય ગુણ છે. તેવી રીતે જ્ઞાન-ગુણના ઉપયોગ વિના વીર્ય પણ સ્ફુરી શકતું નહિં હોવાથી, વીર્યને સહાય જ્ઞાનગુણની છે. આ સર્વ ગુણો કંઈ આત્મ-દ્રવ્યથી ભિન્ન નથી. કેમકે જે ગુણ, જે વસ્તુનો હોય તે ગુણ, તે ગુણથી ભિન્ન હોઈ શકે નહિ. ગુણ અને ગુણીનો અભેદ સંબંધ છે.

આત્મા, જેમ-જ્ઞાન-દર્શનથી યુક્ત છે, તેમ વીર્યથી પણ યુક્ત છે. વૈદકની પરિભાષામાં વીર્યનો અર્થ શુક્ર થાય છે. પણ અહિં તેનો અર્થ ક્રિયાશક્તિ સમજવાનો છે. આ શક્તિ વડે જ, પ્રત્યેક આત્મા, કોઈ પણ ક્રિયા કે પ્રવૃત્તિ કરવાને શક્તિમાન થાય છે. જાણવું, દેખવું, શુદ્ધાત્મ પરિ-ણતિરૂપ નિજરમ્ય વિષે રમણતા કરવી, વિભાવ પરિણતિમાં રમણતા કરવી, ઈત્યાદિ આત્મિક આંતરિક પ્રવૃત્તિઓ, તથા ખાવું, પીવું, સુવું, ઊઠવું, બેસવું, ચાલવું, દોડવું, વિચાર કરવા, વાતો કરવી, આનંદ વિનોદ કરવો, ધર્મની આરાધના કરવી, વગેરે ભૌતિક કે આધ્યાત્મિક, માનસિક-વાચિક કે કાયિક, સર્વ ક્રિયાઓ ઉપયોગપૂર્વક અને શક્તિરૂપ વીર્યના લીધે જ સંભવે છે. જો આત્મામાં આ શકિત ન હોય તો ઉપરોકત પૈકીની કોઈપણ ક્રિયા, સંભવી શકત જ નહિં.

અજીવ (જડ) વસ્તુઓમાં યંત્રાદિના પ્રયોગથી ક્રિયા-

શકિત ઉત્પન્ન થાય છે. પણ તે ક્રિયામાં અને આ ક્રિયામાં ઘણો મોટો તફાવત છે. કારણ કે યાંત્રિક ક્રિયામાં ઉપયોગ સ્વરૂપ સંજ્ઞા, વિચાર, લાગણી કે ઇચ્છા જેવું કાંઈ નથી. માત્ર એકધારી ગતિ હોય છે. અને તે વેગ પુરો થતાં અટકી પડે છે. જ્યારે આત્મા વડે થતી ક્રિયામાં સંજ્ઞા, વિચાર, લાગણી કે ઇચ્છાનું તત્ત્વ હોય છે. અને તેથી તેમાં વિવિધતા દેખાય છે. જે આત્માઓ હજુ અવિકસિત સ્થિતિમાં છે, તેમની ક્રિયાઓમાં વિચાર નહિં, પણ, સંજ્ઞા, મુખ્ય હોય છે. આહાર-ભય મૈથુન અને પરિગ્રહ, એ ચાર મુખ્ય સંજ્ઞાઓ છે. પ્રકારાંતરે દશ અને સોળ સંજ્ઞાઓનો પણ શાસ્ત્રમાં ઉલ્લેખ છે. સંજ્ઞા એટલે અનાદિકાળથી જીવમાં વર્તતી વાસના.

સંજ્ઞા–વિચાર–લાગણીનું હોવા પણું, આત્માના જ્ઞાન ગુણે કરીને જ હોય છે. જ્યાં જ્ઞાન નથી, ત્યાં ઉપયોગ, સંજ્ઞા આદિ પણ નથી. અને તેના અભાવે, જાણવા દેખવા માટે થતી ક્રિયાપ્રવૃત્તિ પણ નથી. જ્યાં ક્રિયાપ્રવૃત્તિ જ નથી, ત્યાં તો ક્રિયાપ્રવૃત્તિના સહકાર સ્વરૂપે, વીર્ય પણ નથી. માટે સ્પષ્ટ થાય છે. કે જ્ઞાન, દર્શન, ચારિત્ર, વીર્ય આદિ ગુણોનું અસ્તિત્વ જીવમાં જ સંભવે, અજીવમાં નહિં. અજીવમાં વર્તતી ક્રિયા, તે ઇચ્છાપૂર્વકની નથી. વિશેષતાએ કરીને તે જીવના પ્રયત્ને,અને યંત્રાદિના પ્રયોગથી અજીવમાં ક્રિયા પ્રવર્તે છે. માટે સ્પષ્ટ થાય છે કે ક્રિયાશક્તિ, તે આત્માનો જ ગુણ છે. સર્વ આત્માઓ ક્રિયાશકિત–ધારક છે. સંસારી

જીવોમાં સર્વ જીવોની અપેક્ષાએ જોઈએ તો આ ક્રિયાશક્તિ-રૂપ વીર્ય, સર્વ જીવોમાં સમાન રૂપે નહિં હોતાં, તેમાં ન્યૂનાધિકતા જોવામાં આવે છે. આ ન્યૂનાધિકતા, વીર્યાંતરાય કર્મના ક્ષયોપશમના કારણે હોવાનું જૈન દર્શનમાં દર્શાવ્યું છે. જેમ જ્ઞાન-દર્શન-અને ચારિત્રની ન્યુનાધિકતા, અનુક્રમે જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, અને ચારિત્રાવરણીય કર્મના ક્ષયોપશમના કારણે છે, તેમ વીર્યની ન્યુનાધિકતા તે વીર્યાં-તરાય કર્મના ક્ષયોપશમના કારણે છે. કેવલી ભગવાન તથા સિદ્ધ પરમાત્મામાં તો વીર્યાંતરાય કર્મના ક્ષયથી, સંપૂર્ણ અને એક સરખું અનન્તલબ્ધિવીર્ય પ્રગટ થયેલું હોવાથી, તેવા વીર્યને ક્ષાયિક ( કદાપિ ન્યૂનાધિક નહિ થવાવાળું ) કહેવાય છે. જ્યારે સંસારી જીવોના વીર્યમાં સંપૂર્ણતાનો અભાવ હોવાથી, ક્ષાયોપશમિક વીર્ય વર્તે છે. ક્ષાયોપશમિક વીર્ય જ ન્યૂનાધિકતા વાળું હોય છે. ક્ષાયિક વીર્યમાં સમગ્ર જગત ને પલટાવી નાખવાની શકિત હોય છે, પરંતુ એ રીતે પલટાવવાનું કોઈ કાળે કરતા નથી. કારણ કે તેવી રીતના પ્રગટ વીર્યવંત આત્માને એવું કરવાનું કોઈ પ્રયોજન હોતું નથી.

વીર્યના સત્ય સ્વરૂપથી અજ્ઞાત લોકો શરીરની તાકાત -બળને જ વીર્ય સ્વરૂપમાં સમજે છે. પરંતુ શરીરની અંદર રહેલું વીર્ય તો પુદ્ગલમાંથી બનેલું હોવાથી તે તો પૌદ્ગલિક વીર્ય કહેવાય છે. આ પૌદ્ગલિક વીર્યની પ્રગટતાનો આધાર, આત્માના વીર્યગુણના પ્રગટીકરણ પર જ છે.

જગતના નાના મોટા સર્વ પ્રાણીઓની મન, વચન, તથા શરીરની સ્થૂલ યા સૂક્ષ્મ પ્રવૃત્તિમાં આત્માનું વીર્ય જ કામ આપે છે. મન, વચન, અને કાયા તો જડ હોવાથી આત્માના વીર્ય વિના કોઈ પણ પ્રકારની ક્રિયા કરી શકતાં નથી. આત્મા જ્યારે શરીરનો ત્યાગ કરીને ચાલ્યો જાય છે, ત્યારે મજબુતમાં મજબુત શરીર પણ કાષ્ટની માફક થઈને પડ્યું રહે છે.

વીર્યનો અર્થ, યોગ–ઉત્સાહ–બળ–પરાક્રમ–શક્તિ ઇત્યાદિ થાય છે. આ વીર્ય બે પ્રકારે છે. (૧) લબ્ધિવીર્ય અને (૨) કરણવીર્ય. આત્મામાં શક્તિરૂપે રહેલું વીર્ય તે લબ્ધિ વીર્ય છે. અને તે લબ્ધિવીર્યની પ્રવૃત્તિમાં નિમિત્તભૂત મન, વચન, અને કાયારૂપ સાધન તે કરણવીર્ય છે. કરણવીર્યમાં આત્મિક વીર્યના વાહન રૂપથી વીર્ય શબ્દનો ઉપચાર છે. આત્મજ્ઞાન રહિત જીવોને, વીર્ય ગુણની પ્રાથમિક સમજ, કરણવીર્ય દ્વારા જ આપી શકાય છે. કારણ કે લબ્ધિવીર્ય પ્રગટ હોવામાં કરણવીર્ય સંબંધ ધરાવે છે. માટે તે ઉપચાર યોગ્ય છે. વાસ્તવિક રૂપથી તો વીર્ય એ શરીરની નહીં, પરંતુ આત્માની વસ્તુ છે. વીર્ય એ શરીરનો ગુણ નથી, પરંતુ શરીરનું સર્વ પ્રકારનું સંચાલન કરવાવાળો જે આત્મા શરીરમાં રહેલો છે. તેનો ગુણ છે. શરીરગત પૌદ્ગલિક–વીર્ય, એ બાહ્યવીર્ય છે. બાહ્યવીર્ય, એ આત્મિક વીર્યના અનેક બાહ્ય સાધનોમાંનું એક બાહ્ય સાધન છે. અર્થાત્ આત્મિક વીર્ય પ્રગટ હોવામાં બાહ્યવીર્ય પણ સંબંધ ધરાવે છે. આ બાહ્યવીર્ય, તે મન વચન અને કાયાની પ્રવૃત્તિ

સ્વરૂપ છે. આ મન વચન અને કાયાના પુદ્ગલો દ્વારા પ્રવર્ત્તતા આત્મવીર્યને યોગ કહેવાય છે. આ મન વચન અને કાયાનાં પુદ્ગલો, આત્મવીર્યના પ્રવર્તનમાં સહકારી કારણ હોવાથી, કાર્યનો આરોપ કરીને, તેનો પણ શાસ્ત્રમાં યોગ તરીકે વ્યવહાર કર્યો છે.

જે જીવોના લબ્ધિ (આત્મ) વીર્યનું પ્રવર્તન, મન વચન અને કાયા દ્વારા પ્રવર્તે છે, તે જીવો સયોગી કહેવાય છે. અને જે જીવોના લબ્ધિવીર્યમાં મન વચન અને કાયા રૂપ સાધનનો ઉપયોગ હોતો નથી, તે જીવોને અયોગી કહેવાય છે.

આધ્યાત્મિક પ્રગતિના જુદા જુદા દરજ્જાને યોગ, અને તેવી આધ્યાત્મિક પ્રગતિના કોઈ પણ અંગ ધારણ સાધકને યોગી કહેવાતો હોવા છતાં, અહિં યોગ અને યોગીનું કથન, અનુક્રમે મન વચન અને કાયાની પ્રવૃત્તિ તથા મન વચન અને કાયાના યોગવાળા જીવને અનુલક્ષીને છે.

વીર્ય તે વીર્યાંતરાય કર્મના સંપૂર્ણ ક્ષયવાળું પણ હોય છે. અને દેશક્ષયવાળું પણ હોય છે. તે અનુક્રમે ક્ષાયિક અને ક્ષાયોપશમિક વીર્ય કહેવાય છે. અયોગી કેવલી (ચૌદમા ગુણસ્થાનકવર્તી)ને તથા સયોગી કેવલી (તેરમા ગુણસ્થાનકવર્તી)ને તો ક્ષાયિક વીર્ય હોય છે. મોક્ષને પામેલા જીવો પણ ક્ષાયિક વીર્યવંતજ હોય છે. જ્યારે છદ્મસ્થ (અસર્વજ્ઞ) જીવો ક્ષાયોપશમિક વીર્યવાળા હોય છે. ક્ષાયોપશમિક એટલે

અપૂર્ણ અને ન્યૂનાધિક થવાવાળું, અને ક્ષાયિક એટલે સંપૂર્ણ તથા એક સરખું રહેવાવાળું.

બારમા ગુણસ્થાનક સુધીના જીવોનું વીર્ય ક્ષાયોપશમિક અને તેરમા ગુણસ્થાનકવર્તી જીવોનું વીર્ય ક્ષાયિક હોવા છતાં, તે જીવોમાં મન, વચન અને કાયાની પ્રવૃત્તિ હોવાના કારણે તે બધાય જીવો સયોગી કહેવાય છે. એટલે સયોગીપણામાં ક્ષાયોપશમિક અને ક્ષાયિક એમ બન્ને પ્રકારના વીર્યનું પ્રવર્તન છે. સયોગીપણાના આ બન્ને પ્રકારના વીર્યમાં દરેકના અભિસંધિજ અને અનભિસંધિજ એમ બબ્બે પ્રકાર હોય છે.

કર્મના સંયોગથી આત્મપ્રદેશમાં ઉકળતા પાણીની માફક સતત કંપન ચાલુ હોય છે. અને તેની અસર શારીરિક – માનસિક અને વાચિક અનેક બાહ્ય પ્રવૃત્તિઓથી વ્યક્ત થાય છે.

સજીવ દેહની નાડીઓ ધબકતી જ રહે છે. વળી શરીરમાં અનેક ધાતુઓ તથા ઉપધાતુઓ બને છે. પારસ્પરિક સંક્રમણ થાય છે. અનાવશ્યક પદાર્થ, શરીરમાંથી વિસર્જીત થાય છે. શરીરમાં લોહીના પ્રવાહનું વહન, સતત ચાલુ જ રહે છે. આ બધી પ્રક્રિયા, લબ્ધિ (આત્મ) વીર્યના કારણે જ ચાલે છે. વીર્યવંત આત્મા, દેહમાંથી ચાલ્યો જાય એટલે એ બધી પ્રક્રિયાઓ બંધ પડે છે. આ રીતે થવાવાળી સર્વ પ્રવૃત્તિઓમાં પ્રવૃત્તવીર્યને "અનભિસંધિજ" વીર્ય કહેવાય છે.

આપણે હાલીએ છીએ, ચાલીએ છીએ, તે સમયે અગર તો હાથ વડે કંઈક ઉચકવા ટાઈમે વિશેષ બળની જ આવશ્યકતા રહે છે. એવી ઐચ્છિક પ્રવૃત્તિયોમાં પ્રવૃત્ત-વીર્યને “ અભિસંધિજ ” વીર્ય કહેવાય છે.

આ બન્ને પ્રકારે થતા વીર્યપ્રવર્તનથી આત્મામાં સતત-રૂપે કર્મનો પ્રવેશ થતો જ રહે છે. અને કર્મબંધન થાય છે. આત્મામાં અસંખ્ય આત્મપ્રદેશો છે. અને તે પ્રત્યેક આત્મપ્રદેશમાં અસંખ્ય અસંખ્ય વીર્યાંશ છે. કેવળજ્ઞાની ભગવંતની જ્ઞાનશક્તિથી પણ બે ભાગ થઈ ન શકે, એવા અવિભાજ્ય વીર્યનો એક ભાગ “અવિભાજ્ય વીર્ય ” કહેવાય છે. એવા અનંત વીર્યઅવિભાગ પ્રત્યેક આત્મામાં હોય છે. આ વીર્યમાંથી જેટલું વીર્ય, કર્મ વડે અવરાએલું છે, તેટલા વીર્યને “આવૃત્તવીર્ય” કહેવાય છે. વીર્યાંતરાયકર્મના ક્ષયોપશમ અથવા ક્ષયથી પ્રગટ થયેલું વીર્ય તે લબ્ધિવીર્ય કહેવાય છે. અને લબ્ધિવીર્યમાંથી જેટલું વીર્ય, મન-વચન અને કાયયોગ દ્વારા પ્રવર્ત્તે છે, તેને “પરિસ્પન્દ” વીર્ય કહેવાય છે. ઉકળતા પાણીના ચરૂમાં જેમ પાણી ઉકળતું જ રહે છે, તેવી રીતે આત્મપ્રદેશમાં પણ કર્મના સંબંધથી મન વિગેરેની પ્રવૃત્તિઓ ચાલુ હોવાથી સ્ફુરણા થતી જ રહે છે. જેથી સયોગી આત્માનું લબ્ધિવીર્ય સ્થિર નહીં રહેતાં, પ્રકંપિત બને છે. આ આત્મવીર્યની પ્રકંપિત અવ-સ્થામાં બળ-શક્તિ અને મન વીગેરેની પ્રવૃત્તિ અનુસાર, ન્યૂનાધિક પ્રમાણમાં કાર્મણ વર્ગણાના પુદ્ગલ ગ્રહણમાં,

જીવના પોતાના સર્વ પ્રદેશોનો પ્રયત્ન થાય છે. કારણ કે પ્રત્યેક જીવના સર્વ જીવપ્રદેશોનો પરસ્પર સંબંધ સાંકળના અંકોડાની પેઠે હોવાથી, જેમ કોઈ વસ્તુ ગ્રહણ કરવા માટે અંગુલી પ્રવર્તે, એટલે કરતલ-મણિબંધ-ભુજા અને ખભો, એ સર્વ અનંતર-પરંપરાએ બળ કરે છે, તેવી રીતે પુદ્ગલ-ગ્રહણમાં પણ સર્વ જીવપ્રદેશો અંગે સમજવું. અહીં સાંકળની કડીઓનું દૃષ્ટાન્ત પરસ્પર ભિન્ન નહિં પડવા રૂપ સંબંધની અપેક્ષાએ છે.

જીવના સર્વ પ્રદેશોવડે ગ્રહણ કરાતા તે પુદ્ગલ સ્કંધ-સમૂહોમાં અનંત વર્ગણાઓ (વિવિધ જાતો) તથા પ્રત્યેક વર્ગણામાં અનંત પરમાણુઓ હોય છે.

મન-વચન અને કાયાદ્વારા થતું વીર્યપ્રવર્તન તે વિપરીત પ્રવર્તન છે. આ પ્રમાણે વિભાવ દશામાં (કર્મથી સંબંધિત-અવસ્થામાં યા સયોગી અવસ્થામાં) આત્માના વીર્યની વિપરીત પ્રવૃત્તિ વડે અસંખ્ય પુદ્ગલોથી આત્મા ઢંકાઈ જાય છે. કારણ કે યોગસ્થાનકો તે આત્માને નવાં નવાં કર્મોનું બંધન કરાવતાં હોવાથી, પ્રતિ સમયે અનેક પુદ્ગલ સમૂહ સતતરૂપથી આત્મામાં આવ્યા જ કરે છે.

આ રીતે થતા પુદ્ગલગ્રહણથી જીવનો સંસાર છે. સંસારથી જન્મ-મરણ છે. જન્મ-મરણથી દુઃખ છે. આત્મ વીર્યની પ્રકંપિત અવસ્થામાં જીવ વડે ગ્રહણ કરાતાં કાર્મણ

વર્ગણાનાં પુદ્ગલો તે શું ચીજ છે? કઈ જગ્યાએ રહેલ છે? કેવા સ્વરૂપે રહેલ છે? તે આપણી ચક્ષુથી કેમ દેખાતાં નથી? તેના અસ્તિત્વની સાબિતી કેવી રીતે બુદ્ધિગમ્ય બની શકે? તે આત્માને કેવી રીતે ચોંટે છે? કેટલો ટાઈમ ચોંટી રહી શકે છે? આત્મામાં શું અસર પેદા થાય છે? તે વિવિધ કર્મરૂપે કેવી રીતે પરિણામ પામે છે? આ રીતની તે અંગેની સ્પષ્ટ અને બુદ્ધિગમ્ય સમજ તો જૈનદર્શનમાં પરૂપિત કર્મવાદના અધ્યયનથી જ પ્રાપ્ત કરી શકાય છે. કર્મના વિષયમાં, ઉપયોગના વિષયમાં, આત્માના વિષયમાં, અને વીર્યના વિષયમાં, આવી સુંદર અને સ્પષ્ટ હકીકત, જૈનદર્શન સિવાય જગતના કોઈ પણ સાહિત્યમાં જોવા મળી શકતીજ નથી. અને તેથી જ આધ્યાત્મિક ઉન્નત્તિ દર્શકદર્શનમાં જૈન દર્શન, એ સર્વ શ્રેષ્ટ દર્શન છે. પૂર્વગ્રહને ત્યાગી, સત્યનો જ પક્ષપાતી બની રહેનારને જ આ હકીકત માન્ય રહે છે.

ઉપરોક્ત હકીકતથી સ્પષ્ટ સમજી શકાય છે, કે, જે વીર્યપ્રવૃત્તિમાં મન, વચન, અને કાયાનો સહકાર છે, તે વીર્યની ' યોગ ' સંજ્ઞા છે. કાર્મણવર્ગણાનાં પુદ્ગલોનું ગ્રહણ પણ આ યોગસંજ્ઞક વીર્યથી જ થાય છે.

પ્રકંપિત વીર્યદ્વારા જ આત્મામાં નવાં નવાં કર્મનો બંધ થતો જ રહે છે. પરંતુ તે સમયે કર્મનું શુભાશુભ રૂપે ઉત્પન્ન થતું પરિણમન તો, તે સમયે વર્ત્તતા જીવના ઉપયોગના જ આધારે છે. કેમકે ઉપયોગ વિના, વીર્ય

સ્ફુરિત થઈ શકતું નથી. માટે કર્મનું શુભાશુભપણું, ઉપયોગના અનુસારે જ થાય છે. આ ઉપયોગની પ્રવૃત્તિ જ્યારે શુભ કાર્યમાં હોય છે, ત્યારે શુભ ઉપયોગ કહેવાય છે. અશુભ તથા અશુદ્ધ ભાવે પ્રવૃત્તિ હોય છે, ત્યારે અશુભ યા અશુદ્ધ ઉપયોગ કહેવાય છે. ધર્મધ્યાનાદિ શુભમાં પ્રવૃત્તિ, તે શુભ ઉપયોગ છે. વિષયવાસનાદિ ઇંદ્રિયોના વિષયમાં થતી પ્રવૃત્તિ, તે અશુભ ઉપયોગ છે. અને રૌદ્ર-ધ્યાન–તીવ્ર ક્રોધાદિ વિચાર તથા વર્તનમાં, અશુદ્ધ ઉપયોગ છે. શુભ ઉપયોગ પ્રવૃત્તિથી દેવ અને મનુષ્યની ગતિ, તથા અશુભ ઉપયોગથી તિર્યંચની ગતિ અને અશુદ્ધ ઉપયોગથી નરકગતિને યોગ્ય કર્મ બંધાય છે. શુભ–અશુભ અને અશુદ્ધ ઉપયોગ ઉપરાંત ચોથો શુધ્ધ ઉપયોગ પણ છે. સહજ સ્વરૂપથી નિર્વિકલ્પ સ્વરૂપમાં પરિણમિત રહેવાની સ્થિતિ તે શુધ્ધ-ઉપયોગ છે. શુદ્ધ ઉપયોગની પ્રવૃતિમાં કર્મનિર્જરા અને મોક્ષ પ્રાપ્તિ થાય છે.

કેવા ભાવથી ઉપયોગને પરિણમિત કરવો, અગર ન કરવો, તેની જાગૃતિની ક્ષણે ક્ષણે જીવને અતિ અગત્યતા છે. શુદ્ધ ઉપયોગ જે નિરાકાર અને નિર્વિકલ્પ સ્વરૂપ છે, તેમાં જ શાંતિ, આનંદ અને કર્મક્ષય કરવાનું સામર્થ્ય છે. તે સિવાય શુભ, અશુભ અને અશુદ્ધ ઉપયોગમાં, દુઃખની ઉત્પતિ થાય છે. જેમ જેમ શુભ, અશુભ અને અશુદ્ધ ઉપયોગમાં લીન થવાય છે, તેમ તેમ આત્માનો વિકાસ રોકાઈ જાય છે. શુદ્ધ ઉપયોગમાં સ્થિરતા રહી ન શકે તો પણ શુદ્ધ ઉપયો-

ગનું લક્ષ્ય રાખીને શુભ ઉપયોગમાં પરિણત રહેવાથી, શુદ્ધ ઉપયોગમાં જવાની સરલતા થાય, એવાં સાધન જીવને પ્રાપ્ત થાય છે. એ અપેક્ષાએ શુભ ઉપયોગ ઠીક છે. પરંતુ શુદ્ધ ઉપયોગના લક્ષ્યવિના, વિશ્વની માયાના લક્ષ્યથી કરાતો શુભ ઉપયોગ, ભાવિ દુઃખના કારણભૂત થાય છે. શુભ–અશુભ અને અશુદ્ધ ઉપયોગ તે વૈભાવિક છે. તે ત્રણે ઉપયોગમાં રાગ–દ્વેષની પરાધીનતા હોવાથી પરભાવરમણ છે. એવા વૈભાવિક ઉપયોગની રમણતામાં સહાયક વીર્ય પણ વૈભાવિક છે, એ પ્રકારે વૈભાવિક રૂપે પ્રવર્તન હોવાવાળી આત્મગુણોવાળી આત્મદશા પણ વૈભાવિક છે.

જ્યારે આત્મા શુદ્ધ ઉપયોગમાં સ્થિત થાય છે, ત્યારે તેનો ઉપયોગ, રાગ અને દ્વેષની પરાધીનતા રહિત હોવાથી, ચારિત્રરૂપ સ્વભાવ દશામાં, આત્માનું રમણ થાય છે. તે સમયનું સહાયક વીર્ય, તે સ્વાભાવિક વીર્ય કહેવાય છે. એ રીતના સ્વાભાવિક રૂપથી પ્રવૃત હોવાવાળું વીર્ય, તે ઉત્કૃષ્ટ વીર્ય કહેવાય છે. ઉત્કૃષ્ટ વીર્ય ઉપર, યોગનો કોઈ પ્રભાવ પડી શકતો નથી. જેમ જેમ કર્મની સંખ્યા ઓછી થતી જાય છે, તેમ તેમ વીર્યમાં સ્થિરતા થતી જાય છે. અર્થાત્ ઉચ્ચ ગુણસ્થાનકની પ્રાપ્તિથી ત્રણે યોગ (મન–વચન–કાયા)ની પ્રવૃતિઓમાં, મંદતાના પ્રમાણમાં, આત્મવીર્ય અનાવૃત બની, વિકસીત થતું જાય છે. તથા મન વચન કાયાના યોગોની સ્થિરતા વૃદ્ધિ પામવાથી, આત્મશક્તિની ચંચળતા પણ ઓછી બની જઈ, સ્થિર થતી જાય છે. આગળના ગુણસ્થાનકોમાં

જેમ જેમ યોગની સ્થિરતા થતી જાય છે, તેમ તેમ આત્મ-શક્તિ વૃદ્ધિ પામે છે. જેમ જેમ આત્મશક્તિ વૃદ્ધિ પામે છે, તેમ તેમ મન વચન અને કાય યોગોનો પ્રભાવ, આત્મા ઉપરથી ઓછો થતો જાય છે. અને ધીમે ધીમે આત્મામાં પુદ્ગલો લેવાનું બંધ થતું જાય છે. અહીં પુદ્ગલ અને આત્મા, બન્ને સ્વતંત્ર થઈ જાય છે. ત્યારબાદ એક બીજા પર કોઈ પ્રભાવ રહેતો નથી. એ રીતે રત્નત્રયીની સંપૂર્ણ પ્રાપ્તિથી અને વીર્યંતરાય કર્મનો સર્વથા ક્ષય થઈ જવાથી, મેરૂ પર્વત તથા સમગ્ર વિશ્વને પણ પલટાવી શકે, એવું અક્ષય આત્મવીર્ય ક્ષાયિક ભાવથી પ્રગટ થાય છે. એવા વીર્ય દ્વારા આત્મા, શૈલેશી મેરૂપર્વત જેવો સ્થિર વીર્યવંત બને છે. પછી આત્મા, પુદ્ગલ ગ્રહણ કરતો નથી. કારણ કે અહીં તેની અયોગી અવસ્થા છે. પાંચ હ્રસ્વાક્ષર ઉચ્ચારણ કાળ સુધી, અયોગી બની રહેલ તે આત્મા, અંતે મોક્ષગામી થઈ સિદ્ધશિલા ઉપર સદાના માટે વાસ કરીને રહે છે.

*

# ૫. ઇન્દ્રિયો અને મન

**જીવને** પ્રત્યેક ક્ષણના ઉપયોગ પ્રવર્ત્તનમાં જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ (કેવલીને જ્ઞાનાવરણીય કર્મનો ક્ષય) અને જે પ્રકારે જ્ઞાનરૂપે અને દર્શનરૂપે ઉપયોગ ઉત્પન્ન કરવો હોય તેને અનુરૂપ અનુકુળ નિમિત્તોનો સદ્‌ભાવ હોવો જોઈએ. આ બન્ને કારણો પૈકી જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ તે ઉપાદાન યા અભ્યંતર કારણ છે, અને વસ્તુનો ઇન્દ્રિય સાથે સંયોગ–સન્નિકર્ષ ઇત્યાદિ બાહ્યકારણ યા નિમિત્તકારણ છે.

છદ્મસ્થ જીવોને જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમરૂપ અભ્યંતર કારણે થતો વિષયબોધ તે ઇન્દ્રિય અને મનની સહાયથી થાય છે. ઇન્દ્રિય શબ્દ અને તેનો અર્થ પ્રસિદ્ધ હોવા છતાં તેના સ્વરૂપ સંબંધી લોકોમાં ઘણા મતભેદો છે. એટલે તેની વાસ્તવિક સમજ તો જૈનશાસ્ત્રાનુસારે જ મગજમાં સરલતાથી બેસી શકે છે. વળી દરેક જીવની જ્ઞાનશક્તિનું માપ પણ જૈનશાસ્ત્રાનુસારે જ સમજી શકાય છે આવું સ્પષ્ટ જીવવિજ્ઞાન અને ઇન્દ્રિયવિજ્ઞાન, તે, જૈનદર્શન સિવાય અન્ય કોઈ દાર્શનિક શાસ્ત્રોમાં કે વર્ત્તમાન વિજ્ઞાનમાં દ્રષ્ટિગોચર થતું નથી.

ઉપયોગ પ્રવર્ત્તન અંગે અર્થાત્ કોઈપણ વિષય કે

પદાર્થ પ્રત્યે જીવનું લક્ષ જોડાવામાં એટલે જીવને (કેવલી વિનાના છદ્મસ્થ જીવોને) ઉપયોગ પ્રવર્ત્તનમાં જીવનું પોતાનું મન અને ઈન્દ્રિયો જ કામ કરે છે. પરંતુ ઇન્દ્રિય અને મન અંગેની સમજ જો જૈનશાસ્ત્રાનુસારે મેળવી શકાય તો જ તે બાબત અતિસ્પષ્ટતાથી અને સરલતાએ સમજી શકાય. અહિં ઉપયોગ લાગુ થવા ટાઈમે ભાવના તથા પરિણામ તે ચિંતવનરૂપ હોઈ તે ટાઈમે મન કામ કરે છે.

(૧) સ્પર્શેન્દ્રિય (ત્વચા) (૨) રસનેન્દ્રિય (જીભ) (૩) ઘ્રાણેન્દ્રિય (નાસિકા) (૪) ચક્ષુરિન્દ્રિય (આંખ) અને (૫) શ્રોત્રેન્દ્રિય (કાન), એમ પાંચ પ્રકારે ઇન્દ્રિયો છે. આ ક્રમે ઈન્દ્રિયોનાં નામ કહેવાનો હેતુ એ છે કે, એકેન્દ્રિય જીવને કઈ એક ઇન્દ્રિય હોય અને બેઇન્દ્રિયાદિ જીવોને કઈ કઈ બે-ત્રણ-ચાર અને પાંચ ઇન્દ્રિય હોય તે સ્પષ્ટ જાણી શકાય.

ઇન્દ્રિયોના પાંચે પ્રકારો તે (૧) દ્રવ્યેન્દ્રિય અને (૨) ભાવેન્દ્રિય, એમ બબ્બે પ્રકારે છે. તેમાં પાંચ દ્રવ્યેન્દ્રિયો તે નિવૃત્તિરૂપ તથા ઉપકરણરૂપે, અને ભાવેન્દ્રિયો તે લબ્ધિરૂપ અને ઉપયોગરૂપ એમ બબ્બે પ્રકારની છે.

ખરી રીતે કોઈપણ વિષય કે પદાર્થને જાણવાની મૂળભૂત શકિત તો ભાવેન્દ્રિયોમાં જ છે. નિર્વૃત્તિ અને ઉપકરણરૂપ દ્રવ્યેદ્રિન્ય, તે તો શરીરના અવયવરૂપ હોવાથી જેમાંથી શરીર બન્યું છે, તે જ મસાલામાંથી બનેલી હોય

છે. ભાવેન્દ્રિયોની પ્રાપ્તિ તો જીવને પોતાના જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમાનુસારે થાય છે. અને તેથી તે આત્માના જ્ઞાનગુણરૂપે હોઈ, ગુણી અને ગુણના અભિન્ન સ્વરૂપે આત્મા સાથે જ સંબંધિત બની રહેલ છે. તેમાં જ્ઞાનાવરણીયકર્મના ક્ષયોપશમાનુસારે હાનિવૃદ્ધિ થતી રહે, પરંતુ સર્વથા તો જ્ઞાનગુણરહિત કોઈપણ જીવ બની જતો જ નથી.

જીવનું શરીર અને દ્રવ્યેન્દ્રિયો એક જ જાતના મસાલામાંથી બનેલ હોવા છતાં તેમાં ફેર માત્ર એટલો જ હોય છે કે :-

ખોરાકમાં આવેલ પદાર્થનું શરીર બનેલું છે. ખોરાકનો પહેલો રસ થાય છે. અને શરીરમાં તે જરૂરી ઠેકાણે વ્હેંચાય છે. તેમાંથી લોહી, માંસ, મેદ, હાડકાં, મજ્જા, મગજ, વીર્ય અને ઓજસ ઉત્પન્ન થઈ પોતપોતાના આશયમાં સૌ સૌને યોગ્ય ઠેકાણે જરૂરીયાત પ્રમાણે વ્હેંચાઈને ગોઠવાય છે, તથા શરીરમાં ફેલાય છે. તેમાંથી બીજી ધાતુઓ, ઉપધાતુઓ, નસો, વાળ, સ્નાયુઓ, ચામડી વગેરે બને છે. તથા દરેકના મેલ અને મળ પણ જુદા પડીને જુદાજુદા દ્વારોથી બહાર નીકળ્યા કરે છે. પરંતુ એ બધામાંથી વધારે શક્તિશાળી, તીવ્ર અને દેદીપ્યમાન તત્ત્વોમાંથી ઉપકરણેન્દ્રિયો અને તે તે ઇન્દ્રિયોને લગતા જ્ઞાનતંતુઓ બને છે.

આમાં આંખ-નાક-કાન વગેરે બહાર જણાતા અને

પુદ્ગલદ્રવ્યમાંથી બનેલા શરીરના એક જાતના શારીરિક અવયવો તે, નિવૃત્તિ ઇન્દ્રિય કહેવાય છે. અને તેજ પ્રમાણે જાણવા યોગ્ય વિષય પકડવાની તીવ્ર શક્તિવાળા, ઇન્દ્રિયોના અંદરના આકારોને ઉપકરણેન્દ્રિય કહેવાય છે. જો કે વિષય ગ્રહણ કરવાની તાકાત તો ભાવઇન્દ્રિયની છે. પરંતુ તેમાં મદદગાર યા સાધનરૂપ બની શકનાર અભ્યંતર ઇન્દ્રિયાકાર હોવાથી તેને સાધનરૂપે વિષય ગ્રહણ કરવાવાળી કહી શકાય છે.

તલવારની ધાર તે વસ્તુને કાપવામાં ગમે તેટલી પાણીદાર હોય, પરંતુ તેમાં તલવાર ધારણ કરનાર મનુષ્યની શક્તિ જ કામ કરે છે. જમીન ઉપર પડી રહેલી તલવાર સ્વયં કોઈ વસ્તુને કાપી શકતી નથી. પરંતુ તલવાર તો વસ્તુને કાપવામાં શક્તિધારક મનુષ્યને સાધનરૂપ બને છે. છતાં વસ્તુને કાપવાની તીવ્રશક્તિ આ તલવારમાં છે, એમ વ્યવહારથી બોલાય છે. તેવી રીતે પદાર્થના વિષયને જાણ-વામાં જીવના જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમાનુસારે જીવની જ્ઞાનશક્તિરૂપ ભાવેન્દ્રિય જ કામ કરતી હોવા છતાં સાધન-રૂપે વર્તતી અભ્યંતર ઈન્દ્રિયાકારને પણ વિષય ગ્રહણ કરવાની તાકાતવાળી કહી શકાય છે. તે સાધનરૂપે હોવાના કારણે તેને ઉપકરણેન્દ્રિય કહેવાય છે.

બાહ્યાકારે દેખાતા આંખ–નાક–કાન વગેરે શારીરિક અવયવો તે તો ઉપકરણેન્દ્રિયોની ખોળીરૂપે–ડબ્બીરૂપે–સાચવણીરૂપે કે માળખારૂપે છે. જીવને વિષય ગ્રહણ કરવામાં

નજીકના સંબંધવાળી તો ઉપકરણેન્દ્રિયો જ છે. આંખ–કાન તે બહારથી સારા હોય તો પણ જોઈ કે સાંભળી ન શકાય તેવુંય બને છે. બાહ્યાકાર આંખ હોવા છતાં આંધળો જોઈ શકતો નથી. તેવી રીતે બહેરો પણ સાંભળી શકતો નથી, એવું પણ ક્યારેક હોઈ શકે છે.

વળી સાધન સારૂં હોવા છતાં સાધનનો ઉપયોગ કરનાર ન હોય તો પણ કાર્ય થતું નથી. તેવી રીતે બાહ્ય અને અભ્યંતર દ્રવ્યેન્દ્રિયો બરાબર હોવા છતાં શરીરમાંથી જીવ ચાલ્યો ગયા બાદ મૃતશરીરની તે દ્રવ્યેન્દ્રિયો સ્વયં વિષયગ્રહણ કંઈ કરતી નથી. આ હકીકત ઉપરથી સ્પષ્ટ સમજાય છે કે પદાર્થને જાણનાર જીવ છે. અને ભાવેન્દ્રિયો-દ્વારા જાણવામાં તેને સાધનભૂત એવી ઉપકરણેન્દ્રિયો જ છે. આ ઉપકરણેન્દ્રિયોની ખોળીરૂપે–ડબ્બીરૂપે–બાહ્યાકારરૂપે દેખાતી નિવૃત્તિ ઇન્દ્રિયો છે.

આત્મામાં સર્વજ્ઞ શકિતરૂપે તો કેવલજ્ઞાન છે. તેના ઉપર કેવળજ્ઞાનાવરણીય કર્મનું આવરણ છે. છતાં જ્ઞાનનો જે કાંઈ પ્રકાશ પડે છે, તેના ઉપર મનઃપર્યાય જ્ઞાનાવરણીયઃ અવધિજ્ઞાનાવરણીયઃ મતિજ્ઞાનાવરણીયઃ શ્રુતજ્ઞાનાવરણીયઃ કર્મોનાં આવરણો છે. જેથી આત્મા, સર્વજ્ઞ હોવા છતાં તે તે જ્ઞાનાવરણીય કર્મોના ઉદયથી સઘળું જાણી શકતો નથી. છતાં તે કર્મોના કંઈક ક્ષય અને કંઈક ઉપશમભાવથી, એટલે ક્ષયોપશમ ભાવથી તે જ્ઞાનપ્રકાશ કંઈક કંઈક અંશે

અનાવૃત્ત – વગર ઢંકાયેલો રહે છે. તેનાં નામ મતિજ્ઞાન: શ્રુતજ્ઞાન: લબ્ધિ કહેવાય છે. દ્રવ્યેન્દ્રિયોની મદદ વિના તે લબ્ધિ, કામ આપી શકતી નથી, એવી તે નિર્બળ હોવાથી તેનું નામ ભાવેન્દ્રિય આપવું પડ્યું છે. કેમકે તેને દ્રવ્યેન્દ્રિયોને આધીન રહેવું પડે છે. જેથી લબ્ધિ તે જ્ઞાનશક્તિરૂપ હોવા છતાં તેને ઇન્દ્રિય તરીકેનું પણ નામ ધારણ કરવું પડે છે. દરેક ભાવેન્દ્રિય દરેક જીવને લબ્ધિરૂપે અને ઉપયોગરૂપે હોય જ છે. અને કવચિત્ તેનો સૂક્ષ્મ ઉપયોગ પ્રવર્ત્તતો પણ હોય છે. પરંતુ ખાસ કરીને તો જે જીવને જે જે દ્રવ્યેન્દ્રિયો હોય, તેની લબ્ધિ અને તેનો ઉપયોગ વિશેષ પ્રવર્ત્તે છે. તે ઉપરથી તે જીવો એકેન્દ્રિય: બેઇન્દ્રિય: વગેરે કહેવાય છે. એટલે કે દરેક જીવને પાંચેય ભાવેન્દ્રિયો તો હોય જ છે. અને મનસહિત ગણીએ તો છ ભાવેન્દ્રિયો હોય છે. છતાં દ્રવ્યેન્દ્રિયો અમુક અમુક જ હોવાના કારણે તે જીવ તેટલી ઇન્દ્રિયવાળો કહેવાય છે.

મતિજ્ઞાનાવરણીય કર્મોના ક્ષયોપશમના બળ પ્રમાણે જે જે જીવના મતિજ્ઞાનમાં જેટલી જેટલી જાણવાની શક્તિ, વ્યક્ત એટલે મતિજ્ઞાનાવરણીય કર્મોથી અનાવૃત–નહિં ઢંકાયેલી હોય તેમાં કર્મનો ક્ષયોપશમ હોઈ તે લબ્ધિ, ભાવેન્દ્રિય કહેવાય છે. તે લબ્ધિ ગમે તેટલી ખુલ્લી હોય પણ જો દ્રવ્યેન્દ્રિયની તેમાં મદદ ન મળે તો તે લબ્ધિ, કામ આપી શકતી નથી. લબ્ધિ જે પ્રમાણે હોય તે પ્રમાણે દ્રવ્યેન્દ્રિય અને વિષયોનો સંબંધ થતાં જ તે લબ્ધિ-

ઇન્દ્રિયોમાં જાણવાની પ્રવૃત્તિ જાગૃત થાય છે, તેને જ ઉપયોગ કહેવાય છે. જેને જીવના લક્ષણ તરીકે જણાવેલ છે.

તાત્પર્ય એ છે કે આત્મામાં મતિજ્ઞાનના ક્ષયોપશમ-રૂપ શક્તિભાવે ઇન્દ્રિયલબ્ધિ છે. તેનો જ ઉપયોગ પ્રવર્ત્તે છે. અને તે ઉપયોગ પ્રવર્ત્તવામાં શરીરની ઇન્દ્રિયો-રૂપ અભ્યન્તર અવયવો મદદ કરે છે. અને તે અવયવોના રક્ષણ માટે બાહ્ય આકારો પણ હોય છે.

આ પ્રમાણે ઉપયોગ એ લબ્ધિ–નિવૃત્તિ અને ઉપ-કરણ એ ત્રણની સમષ્ટિનું કાર્ય છે. આ ઉપયોગ તે તો જ્ઞાનવિશેષ છે, અને ઇન્દ્રિયોનું ફળ છે. તેમ છતાં તે ઉપયોગને ઉપચારથી અર્થાત્ કાર્યમાં કારણનો આરોપ કરી, એને પણ ઇન્દ્રિય કહી છે. જેથી લબ્ધિ અને ઉપયોગ એ બન્નેને ભાવેન્દ્રિય કહી શકાય. એટલે આ બન્ને પ્રકારની ભાવેન્દ્રિય તે મતિજ્ઞાનાવરણીય આદિ કર્મના ક્ષયોપશમાનુસારે વર્ત્તતો એક પ્રકારનો આત્મિકભાવ છે. અને નિવૃત્તિ તથા ઉપકરણ એ બન્ને પ્રકારની દ્રવ્યેન્દ્રિય તે પુદ્ગલમય જડ વસ્તુ છે.

બન્નેય દ્રવ્યેન્દ્રિયોમાં સમાવેશ પામતા શારીરિક અવયવો અને જ્ઞાનતંતુઓના જથ્થાઓ વગેરે, શરીરના જ એક જાતના સૂક્ષ્મ અવયવો છે. આ અવયવોની રચના વિવિધ પ્રકારના નામકર્મના ઉદયે કરી, જીવ પ્રયત્ન વડે જ " શરીર ગ્રહણ યોગ્ય " નામે કહેવાતી પુદ્ગલ જથ્થાની

એક વર્ગણામાંથી જ થાય છે. આ વિવિધ પ્રકારે વર્ત્તતો નામકર્મનો ઉદય તે કર્મગ્રંથાદિ ગ્રંથોથી અને પુદ્ગલ જથ્થાની વિવિધ વર્ગણાઓનું સ્વરૂપ તે કમ્મપયડી આદિ ગ્રંથોથી જાણવું અને સમજવું અત્યંતાવશ્યક છે.

આ નામકર્મના વિવિધ પ્રકારે વર્ત્તતા ઉદય પૈકી, શરીર નામકર્મ–સંઘાતન નામકર્મ–સંસ્થાન નામકર્મ–સંઘયણ નામકર્મ–અંગોપાંગ નામ કર્મ–નિર્માણ નામકર્મ–અગુરૂલઘુનામકર્મ–વર્ણ–ગંધ–રસ–સ્પર્શનામકર્મઃ પર્યાપ્તનામકર્મ–જાતિનામકર્મ વગેરે નામકર્મોના ઉદયની ઓછીવત્તી અસરોથી શરીરનાં અવયવો ઉત્પન્ન થાય છે. સંસ્થાન નામકર્મ પ્રમાણે નિવૃત્તિ અને ઉપકરણના આકારો–સંસ્થાનો થાય છે. અને સંહનન નામકર્મ પ્રમાણે તેની મજબુતી થાય છે. આ શરીર અને તેના વિવિધ અવયવો જડ એવા પૌદ્ગલિક છે. તેમ છતાં જ્ઞાનાવરણીય કર્મના આવરણથી જીવની ચેતનાશક્તિ (જ્ઞાનશક્તિ) અવરાયેલ હોય ત્યાં સુધી તે જીવ, આત્મસાક્ષાત્ સઘળુંય જાણી શકતો નહિં હોવાથી અમુક અંશપ્રમાણ અનાવરણ જ્ઞાનપ્રકાશવડે પદાર્થવિષય જાણવા માટે તેને જડસ્વરૂપ એવાં આ શારીરિક વિવિધ અવયવોની મદદ લેવી પડે છે.

સ્પર્શેન્દ્રિય આદિ પાંચ ઇન્દ્રિયો ઉપરાંત મન પણ જ્ઞાનનું સાધન છે. રૂપ આદિ વિષયોમાં પ્રવૃત્ત થવા માટે તેને નેત્ર આદિ ઇન્દ્રિયોનો આશ્રય લેવો પડે છે. આ પરાધીનતાના કારણે એને અનિન્દ્રિય અથવા નોઇન્દ્રિય–ઈષદ્

ઇન્દ્રિય જેવું કહ્યું છે. આ મન તે કોઈ નેત્રઆદિની માફક શરીરના કોઈ સ્થાનમાં જ માત્ર નહિ રહેતાં શરીરની અંદર સર્વત્ર વર્ત્તમાન છે. કહ્યું છે કે આથી તેને આખા દેહમાં માની શકાય છે.

વળી મન તે સ્પર્શન આદિની માફક બાહ્ય સાધન ન હોઈ આંતરિક સાધન છે; એથી તેને અંતઃકરણ પણ કહેવાય છે. મનનો વિષય, બાહ્ય ઇન્દ્રિયોની માફક પરિચિત નથી. કારણ કે બાહ્ય ઇન્દ્રિયો તો ફક્ત મૂર્ત્ત-રૂપી (વર્ણ-ગંધ-રસ-સ્પર્શ યુક્ત પદાર્થ)ને ગ્રહણ કરે છે, અને તે પણ અંશરૂપે. જ્યારે મન તો મૂર્ત્ત-અમૂર્ત્ત બધા પદાર્થોનું તેનાં અનેક રૂપો સાથે ગ્રહણ કરે છે. મનનું કાર્ય માત્ર વિચાર જ કરવાનું છે. વસ્તુને સ્પર્શવાનું-જોવાનું-ચાખવાનું-સુંઘવાનું કે સાંભળવાનું નથી. તે તો ઇન્દ્રિયોદ્વારા ગ્રહણ કરાયેલા અને નહિગ્રહણકરાએલા વિષયોમાં વિકાસની યોગ્યતા પ્રમાણે વિચાર કરી શકે છે.

કોઈ વિવક્ષિત સમયે ઇન્દ્રિયસ્પૃષ્ટ યા ઇન્દ્રિય સન્મુખ વસ્તુ અંગે તેનો અવગ્રહાદિથી ધારણા સુધીનો બોધ, ઇન્દ્રિય અને મનથી થાય છે તે વિવક્ષિત સમયે થયેલ વિષયબોધની અન્ય દીર્ઘટાઈમે પણ સ્મૃતિ કરનાર તો મન જ હોય છે. સ્મૃતિ ટાઈમે વસ્તુ, ઇન્દ્રિયપ્રત્યક્ષ નહિં હોવા છતાં તેની સ્મૃતિ તો મનદ્વારા જ થઈ શકે છે. તે સમયે જીવનો ઉપયોગ, પૂર્વે જાણેલા પદાર્થવિષય

અંગે વર્ત્તતો હોય છે.

મન એ બે પ્રકારે છે. (૧) દ્રવ્યમન અને (૨) ભાવમન. તેમાં દ્રવ્યમન એ પૌદ્ગલિક દ્રવ્ય છે. આત્માની પોતાની વસ્તુ નથી. પરદ્રવ્ય છે, જ્યારે ભાવમન તે તો જીવનો જ પર્યાય છે.

વિશ્વમાં અતિ સૂક્ષ્મરૂપે સદાના માટે વર્ત્તતી વિવિધ સ્વરૂપી પુદ્ગલજથ્થાઓની જાતો પૈકી અમુક જાતોમાંથી જ જેમ શરીર અને શરીરનાં અવયવો બની શકે છે, તેમ આ દ્રવ્યમન પણ સૂક્ષ્મ પુદ્ગલજથ્થાઓની જે જાતમાંથી બની શકે છે, તે જાતના પૌદ્ગલિક જથ્થાને જૈનશાસ્ત્રમાં "મનોવર્ગણા" નામે દર્શાવેલ છે. અને જીવનું જે માનસિક ચિંતન-વિચારધારા-સંકલ્પ વિકલ્પ એ ભાવમન છે. તે જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમાનુસારે વર્ત્તે છે. સંજ્ઞિ-પચેન્દ્રિયજીવો વિચાર કરવા ટાઈમે પોતાના આત્મવીર્યથી અને કાયયોગના બળથી મનોવર્ગણાના પુદ્ગલોને આકર્ષીને વિચારવામાં કામ આવે તેવા મનપણે પરિણમાવી, તેનું મન બનાવી, વિચાર કરવામાં તેનો ઉપયોગ કરી, પછી તરત જ મનના તે પુદ્ગલોને છોડી દે છે. આ રીતે હરેક ટાઈમે વિચાર કરવામાં મનોવર્ગણાના પુદ્ગલો ઉપર ગ્રહણ દ્વારા જ મનથી વિચાર કરી શકાય છે. આ રીતે દ્રવ્ય-મનને મેળવી શકનાર જ જીવો ભાવમનસ્વરૂપે પૂર્વાપરનો વિચાર વિચારી શકે છે.

દ્રવ્યમન તે ઘરડા માણસની લાકડી જેવું છે. ઘરડા માણસને ચાલવામાં લાકડીનો ટેકો જોઈએ જ. ચાલી શકતો હોવા છતાં લાકડીના ટેકા વગર ચાલી શકતો નથી. એ રીતે માનસિક વિચાર કરવામાં પણ દ્રવ્યમનની સહાય જોઈએ જ.

મનવાળા સંજ્ઞિપંચેદ્રિય જીવો કોઈ પણ વસ્તુનો વિચાર, આ પ્રમાણે બનેલા મનથી જ કરે છે. ભાવમન-સ્વરૂપે વિચાર કરવામાં દ્રવ્યમનનો ઉપયોગ થતી વખતે દ્રવ્યમનની જે ભિન્નભિન્ન આકૃતિઓ થાય છે, તેને મનના પર્યાયો કહેવાય છે. દ્રવ્યમન એ એક પ્રકારનું પૌદ્ગલિક દ્રવ્ય હોઈ તે મનના પર્યાયો પણ પુદ્ગલદ્રવ્યના જ પર્યાયો કહેવાય છે.

પૃથ્વીકાય – અપકાય – તેઉકાય – વાઉકાય – વનસ્પતિ-કાય – બેઇન્દ્રિય તેઇન્દ્રિય – ચઉરિન્દ્રિય એ આઠ નિકાયના જીવોને તો મન હોતું જ નથી. પંચેન્દ્રિયને મન હોય છે, પરંતુ સર્વ પંચેન્દ્રિયોને નહિં. પંચેન્દ્રિયના ચાર વર્ગો છે. દેવ–નારકમનુષ્ય અને તિર્યંચ. આમાંથી પહેલા બે વર્ગોમાં તો બધાને મન હોય છે. અને પછીના બે વર્ગોમાં તો જેઓ ગર્ભોત્પન્ન છે, તેઓને જ મન હોય છે. તાત્પર્ય એ છે કે, મનુષ્ય અને તિર્યંચ તે ગર્ભોત્પન્ન તથા સમૂર્છિમ, એમ બબ્બે પ્રકારના હોય છે. જેમાં સમૂર્છિમ મનુષ્ય અને તિર્યંચને મન હોતું નથી. એકંદર જોતાં પંચેન્દ્રિ-

યમાં દેવ, નારક, અને ગર્ભજ, મનુષ્ય તથા ગર્ભજ તિર્યંચોને જ મન હોય છે. બાકીના જીવો મન વગરના છે. કયા જીવને મન છે, અને કયા જીવને મન નથી તે, તે જીવમાં સંજ્ઞા હોવા યા નહિ હોવા ઉપરથી જાણી શકાય છે. સંજ્ઞા એટલે વૃત્તિ. અને વૃત્તિ તો ન્યૂનાધિકરૂપે કોઈ ને કોઈ પ્રકારની પણ બધા જીવોમાં દેખાય જ છે. જેમકે કૃમિ, કીડી, આદિ જંતુઓમાં પણ આહાર—ભય આદિની વૃત્તિઓ દેખાય છે. છતાં તે જીવોને મન વગરના કહેવાય છે.

અહિં મન વિનાના એટલે બહુ ઓછા મનવાળા સમજવા. ભિખારી પાસે પણ બે પાંચ પૈસા તો હોય જ છે. તેથી તે કંઈ પૈસાદાર ન કહેવાય. જેની પાસે બહુ ઓછા પૈસા હોય તેને ધનવાન કહેવાય જ નહિં. વ્યવહાર ચલાવી શકતો હોય, કુટુંબ નિર્વાહ ચલાવી શકતો હોય, એવા માણસને પણ લોકો ધનવાન નહિં કહેતાં "આ તો સામાન્ય માણસ છે" એમ કહે છે. એ રીતે ચઉરિન્દ્રિય સુધીના અને તદુપરાંત સમૂચ્છિંમ તિર્યંચ પંચેન્દ્રિયો અને સમૂચ્છિંમ મનુષ્યોને અતિ અલ્પ મન હોવાથી તે બધા મન વિનાના-સંજ્ઞા વિનાના કહેવાય છે.

અહિં સંજ્ઞાનો અર્થ, સાધારણ વૃત્તિ નહિં કરતાં વિશિષ્ટવૃત્તિ કરવો. વિશિષ્ટ વૃત્તિ એટલે ગુણદોષની વિચારણા, કે જેનાથી હિતની પ્રાપ્તિ અને અહિતનો પરિહાર થઈ શકે છે એ વિશિષ્ટ વૃત્તિને શાસ્ત્રમાં "સંપ્રધારણ

સંજ્ઞા" કહે છે. એ સંજ્ઞા, મનનું કાર્ય છે. તે દેવ-નારક અને ગર્ભજમનુષ્ય તથા ગર્ભજ તિર્યંચમાં જ સ્પષ્ટ રૂપે દેખાય છે. એથી જ તેમને મનવાળા માન્યા છે.

જો કે કૃમિ અને કીડી આદિ પણ પોતપોતાના ઇષ્ટની પ્રાપ્તિ અને અનિષ્ટને ત્યાગ કરવાનો પ્રયત્ન તો કરે જ છે પરંતુ તેઓમાં ભૂતકાળ અને ભવિષ્યકાળ અંગેની સંજ્ઞા નહિં હોતાં માત્ર વર્ત્તમાનકાળ પૂરતી જ સંજ્ઞા છે. કીડી સાકરના ટુકડા તરફ આકર્ષાય છે. આપણને ખબર પણ ન હોય કે આ ખૂણામાં સાકરનો ટુકડો પડયો છે. પણ કીડીને તો તરત જ ખબર પડી જાય છે. એ રીતે ચાર-ઇન્દ્રિયવાળા સુધીના સર્વ જીવોને ટાઢ-તડકો વગેરેની અસર થાય છે. પણ આ જીવોને ભૂતકાળ કે ભવિષ્ય-કાળની ખબર હોતી નથી. ભૂતકાળમાં આપણને આ સ્થળે ઘણું સહન કરવું પડયું છે, માટે તે સ્થળે આપણે નહિ જવું જોઈએ, તેવી ખબર તે જીવોને પડતી નથી, કારણ કે તે જીવોને લાંબો વિચાર કરવાની શક્તિ નથી. ભૂત અને ભવિષ્યનું તેમને કાંઈ જ ભાન નથી. આમ એક-બે-ત્રણ અને ચાર ઇન્દ્રિયવાળા જીવોને તથા સમૂચ્છિંમ તિર્યંચ પંચેન્દ્રિયો અને સમૂચ્છિંમ મનુષ્યોને "મન" તો હોય છે, પણ તે અવ્યક્ત ભાવમન જ માત્ર હોય છે. મન કહેવા પૂરતું જ મન છે. સામાન્ય વર્ત્તમાનકાળ પૂરતું જ મન હોય છે. કીડી જતી હોય અને જે જગ્યાએ અગ્નિનો કણીયો પડયો હોય ત્યાં પહોંચતાં તે દઝાય છે.

એટલે ત્યાંથી તે ખસી જાય છે. પરંતુ પાછું આવવું ન જોઈએ, એ રીતનો વિચાર તે કરી શકતી નથી. એટલે કીડી–કૃમિ આદિ જીવોમાં પણ અત્યંત સૂક્ષ્મ ભાવમન હોય તો છે જ. અને તેથી ઈષ્ટતરફ પ્રવૃત્તિ અને અનિષ્ટમાંથી નિવૃત્તિ કરે છે, પરંતુ તેઓનું તે કાર્ય ફક્ત દેહયાત્રાને જ ઉપયોગી છે, તેથી અધિક નથી.

અહિંયાં તો એવા પુષ્ટ મનની વિવક્ષા છે કે નિમિત્ત મળતાં જેનાથી દેહયાત્રા ઉપરાંત બીજો પણ વિચાર કરી શકાય. તાત્પર્ય કે પૂર્વજન્મ શુદ્ધાં પણ થઈ શકે એટલી વિચારની યોગ્યતાને જ "સંપ્રધારણસંજ્ઞા" કહેવાય છે. આ સંજ્ઞાવાળા તો દેવ–નારક–ગર્ભજમનુષ્ય અને ગર્ભજ–તિર્યંચ જ હોવાથી તેમને જ સમનસ્ક કહ્યા છે. આ જીવો ભૂતકાળ – વર્ત્તમાનકાળ અને ભવિષ્યકાળ, એ ત્રણેય કાળનો વિચાર કરી શકતા હોવાથી તેઓને જ 'સંજ્ઞા" કહેવાય છે. ચાર ઈંદ્રિયવાળા સુધીના જીવોમાં મન હોય તો છે, પણ કહેવા પૂરતું જ હોય છે. તેથી તેમને અસંજ્ઞી કહેવાય છે.

સંજ્ઞા એટલે આભોગ (માનસિક ક્રિયા–વિશેષ) છે. તેના (૧) જ્ઞાન અને (૨) અનુભવ, એમ બે ભેદ છે. તેમાં મતિ, શ્રુત આદિ જ્ઞાન તે જ્ઞાનસંજ્ઞા કહેવાય છે. બીજી અનુભવ સંજ્ઞાના સોળ ભેદ છે. (૧) આહાર (૨) ભય (૩) મૈથુન (૪) પરિગ્રહ (૫) ક્રોધ (૬) માન (૭) માયા

(૮) લોભ (૯) ઓઘ (૧૦) લોક (૧૧) મોહ (૧૨) ધર્મ (૧૩) સુખ (૧૪) દુઃખ (૧૫) જુગુપ્સા (૧૬) શોક. ભગવતી સૂત્ર તથા પ્રજ્ઞાપના સૂત્રમાં તો આ સોળમાંથી દશ જ ભેદ દર્શાવ્યા છે.

આ સંજ્ઞાઓ સર્વ જીવોમાં ન્યૂનાધિકપણે પણ વર્ત્તતી જ હોય છે. કોઈકમાં અવ્યક્ત તો કોઈકમાં વ્યક્ત હોય છે. શાસ્ત્રોમાં જે સંજ્ઞી અને અસંજ્ઞીના ભેદ બતાવ્યા છે, તે ઉપરોક્ત સોળ સંજ્ઞાઓની અપેક્ષાએ નહિં, પરંતુ અન્ય સંજ્ઞાઓની અપેક્ષાએ બતાવ્યા છે. એકેન્દ્રિયથી પ્રારંભી પંચેન્દ્રિય સુધીના જીવોમાં ચૈતન્યનો વિકાસ ક્રમશઃ અધિકાધિક છે. તે વિકાસના તરતમ ભાવને સમજાવવા માટે જ શાસ્ત્રમાં તેની સ્થૂલ રીતિએ ચાર વિભાગ કર્યા છે.

(૧) પહેલા વિભાગમાં જ્ઞાનનો અત્યન્ત અવ્યક્ત વિકાસ વિવક્ષિત છે; તે વિકાસ એટલો બધો અલ્પ છે કે તે વિકાસયુક્ત જીવ, મૂચ્છિંતની માફક ચેષ્ટારહિત હોય છે. એ અવ્યકતતર ચૈતન્યને "ઓઘસંજ્ઞા" કહેલી છે. એકેન્દ્રિય જીવ તે ઓઘસંજ્ઞાવાળા જ છે.

(૨) બીજા વિભાગમાં ચૈતન્ય (જ્ઞાનશકિત)ના વિકાસની માત્રા એટલી વિવક્ષિત છે કે જેનાથી દીર્ઘ ભૂતકાળનું નહિં પણ કંઈક-સામાન્ય માત્ર-નહિવત્ ભૂતકાળનું સ્મરણ કરી શકાય છે. અને જેથી ઇષ્ટવિષયોમાં પ્રવૃત્તિ અને

અનિષ્ટ વિષયોમાં નિવૃત્તિ કરાય છે. આવા પ્રવૃત્તિ અને નિવૃત્તિકારી જ્ઞાનને "હેતુવાદોપદેશિકી" સંજ્ઞા કહી છે. બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય અને સમુચ્છિંમ પંચેન્દ્રિય જીવ, આ હેતુવાદોપદેશિકી સંજ્ઞાવાળા છે.

(૩) ત્રીજા વિભાગમાં એટલો વિકાસ વિવક્ષિત છે કે જેથી સુદીર્ઘ ભૂતકાળમાં અનુભવ કરાયેલ વિષયોનું સ્મરણ, અને તે સ્મરણદ્વારા વર્ત્તમાન કાળના કર્ત્તવ્યોનો નિશ્ચય કરી શકાય છે. આ જ્ઞાન, વિશિષ્ટ મનની સહાયતાથી હોય છે. આ જ્ઞાનને "દીર્ઘકાલોપદેશિકી" સંજ્ઞા કહેવાય છે. દેવ, નારક અને ગર્ભજ તિર્યંચ તથા મનુષ્ય, આ દીર્ઘકાલોપદેશિકી સંજ્ઞાવાળા હોય છે.

(૪) ચોથા વિભાગમાં વિશિષ્ટ શ્રુતજ્ઞાન વિવક્ષિત છે. આ જ્ઞાન એટલું શુદ્ધ હોય છે કે સમ્યકત્વીઓ સિવાયના અન્ય જીવોમાં તે અસંભવીત છે. આવા વિશુદ્ધજ્ઞાનને "દ્રષ્ટિવાદોપદેશિકી" સંજ્ઞા કહેવાય છે.

શાસ્ત્રોમાં જ્યાં જ્યાં સંજ્ઞી અને અસંજ્ઞીનો ઉલ્લેખ છે, ત્યાં ત્યાં સર્વ જગ્યાએ અસંજ્ઞી એટલે ઓઘસંજ્ઞાવાળા અને હેતુવાદોપદેશિકી સંજ્ઞાવાળા જીવ સમજવા. અને સંજ્ઞી એટલે દીર્ઘકાલોપદેશિકી સંજ્ઞાવાળા જીવ સમજવા.

સર્વ જીવોમાં ઓછામાં ઓછાં મતિ અને શ્રુત, એ બે જ્ઞાનો તો અવશ્ય ન્યૂનાધિકપણે હોવાથી જે જીવને મનરહિત ગણાવ્યા છે, તેમને પણ ભાવમન તો હોય જ

છે. દ્રવ્યમન હોતું નથી. દીર્ઘકાલોપદેશિકી સંજ્ઞાવાળા જીવોને જ દ્રવ્યમન હોય છે. અર્થાત્ તે જીવો જ દ્રવ્ય અને ભાવ, એ બન્ને મનવાળા હોય છે. એકલા ભાવમન-વાળા જીવો, દ્રવ્યમન સિવાય સ્પષ્ટ વિચાર કરી શકતા નથી, એટલે જ ભાવમન હોવા છતાં એકેન્દ્રિયાદિ જીવોને અસંજ્ઞી કહ્યા છે.

ભાવમન તે ક્ષાયોપશમિકભાવે જ્ઞાનસ્વરૂપ હોઈ ક્ષાયિકભાવે વર્ત્તતા જ્ઞાનને ભાવમન કહેવાય નહિં. ક્ષાયિક ભાવનું ( જ્ઞાનાવરણીય કર્મના સંપૂર્ણક્ષયથી પ્રગટ થતું ) જ્ઞાન તો કેવલી પરમાત્માઓને જ હોય. સંજ્ઞિ અને અસંજ્ઞિ ભેદ તો ક્ષાયોપશમિક ભાવે વર્ત્તતા જ્ઞાનવાળા જીવોને જ અંગે છે. જેથી કેવલીને તો નોસંજ્ઞિ–નો અસંજ્ઞિ કહ્યા છે. માટે જ અહિં કેવલજ્ઞાનીઓના સંબંધમાં એક વાત સમજવી જરૂરી છે કે કેવલજ્ઞાનીઓને કોઈપણ પદાર્થ કે વિષય અંગે ચિંતન કરવાનું હોતું જ નથી. કારણ કે તેઓશ્રી તો વિશ્વના રૂપી અને અરૂપી સર્વપદાર્થોના ત્રિકાલિક પર્યાયોનું જ્ઞાન ધરાવતા હોઈ તેમને ચિંતવન કરવાનું હોતું જ નથી. ચિંતવન–મનન કરવાની સ્થિતિનો અવકાશ ફક્ત બે જ રીતે સંભવે છે. એટલે જ્ઞાનમાં ન્યૂનતા હોય કિંવા સાધ્યમાં ન્યૂનતા હોય તેવા આત્મા-ઓને જ વિકલ્પ કરવાની સ્થિતિનો અવકાશ છે. કેવલી-ઓએ તો સઘળા પદાર્થોને જાણેલા હોવાથી અને ચારઘાતી–કર્મોનો નાશ કરેલો હોવાથી તેમને કંઈપણ વિચાર કરવાની

અને કોઈપણ સાધ્ય સિદ્ધ કરવાની જરૂરીયાત રહેતી જ નથી. કારણ કે તેઓ કૃતકૃત્ય બન્યા છે. તેરમે ગુણસ્થાને મનનાં પુદ્દગલોનું ગ્રહણ–પરિણમન અને વિસર્જન છે. અર્થાત્ તે રીતે ત્યાં દ્રવ્યમન હોય છે. પરંતુ ચિંતન–વિચાર–વિકલ્પ કરવાપણું બિલ્કુલ નહિં હોવાથી પોતાના માટે દ્રવ્ય મનનો ઉપયોગ તેમને કદાપિ કરવો પડતો જ નથી.

અહિં પ્રશ્ન થવો સ્વાભાવિક છે કે જો તેરમા ગુણસ્થાનકવાળાને પોતાના માટે વિચાર–ચિંતન–વિકલ્પની જરૂરીયાત નહિં હોવાના કારણે ભાવમન હોતું જ નથી, તો પછી ત્યાં દ્રવ્યમનની હસ્તિ કેવી રીતે કલ્પી શકાય? 'મનનસ્વરૂપ ભાવમન નથી પણ મનન કરવામાં સહાયક બની રહેતું દ્રવ્યમન છે, એ માનવું અશકય છે. ભાવમન અને દ્રવ્યમન એ બેને પરસ્પર સંબંધ છે. પહેલાની ઉપર બીજું અને બીજાની ઉપર પહેલું અવલંબેલું છે, તો પછી કાંતો બન્ને મનને માનવાં જોઈએ, કાંતો બન્નેને નહિં માનવાં જોઈએ.

આ શંકાનું સમાધાન એ રીતે થઈ શકે છે કે જેઓ પોતાના માટે મનનો અને મનનનો ઉપયોગ કરે છે, તેમના માટે કાંતો મન અને મનન બન્ને હોય અગર બન્ને ન હોય, એમ સમજી લેવું યોગ્ય છે. પરંતુ બીજાના માટે મનનો ઉપયોગ કરનારને એ નિયમ લાગુ પાડી શકાય નહિં.

જેમ વૈદ્ય પોતે નિરોગી હોવા છતાં બીજાના માટે

પોતે દવાનો બાટલો હાથમાં લે છે, તે જ પ્રમાણે કેવલી મહારાજાઓ પણ બીજાના માટે દ્રવ્યમનનો ઉપયોગ કરે છે. દવા રાખવા છતાં તે વૈદ્યને નિરોગીપણામાં પોતાના માટે દવાનો વપરાસ નકામો છે, તે જ પ્રમાણે કેવળી મહારાજાઓને બીજાના માટે દ્રવ્યમનનો ઉપયોગ કરવા છતાં તે મનના ઉપયોગરૂપી વિચારો–મનન–ચિંતવન તેમને હોતું નથી. રોગીને માટે જેમ વૈદ્ય દવા તૈયાર કરે છે, તે જ પ્રમાણે અનુત્તરવાસી દેવોની શંકાના નિવારણને માટે જ મનના પુદ્ગલોનો ઉપયોગ તીર્થંકર મહારાજાઓ કરે છે. તેઓને પોતાનું કંઈપણ સાધ્ય બાકી નહીં હોવાથી પોતાના માટે મનના પુદ્ગલોનો ઉપયોગ કરવાની તેમને કદાપી જરૂરીયાત હોતી નથી. એટલે સર્વાર્થસિદ્ધ દેવોને તત્ત્વચિંતવનમાં શંકા થાય ત્યારે જ દૂર રહ્યા છતાં તેમની શંકાનું નિવારણ કરવા માટે જ શ્રી તીર્થંકર પરમાત્માઓ, આ મનોવર્ગણાના પુદ્ગલનો ઉપયોગ કરે છે. એટલે જ એ રીતે મનોવર્ગણાના પુદ્ગલોનું ગ્રહણ–પરિણમન રૂપે દ્રવ્યમન જ તેઓને હોય છે.

તેત્રીશ સાગરોપમના આયુષ્યવાળા સર્વાર્થસિદ્ધ વિમાનવાસી દેવતાઓ પોતાનો સંપૂર્ણ આયુપ્રમાણકાળ, તત્ત્વચિંતવનમાં જ વ્યતીત કરે છે. ત્યાં તેઓ શાસ્ત્રો–ગ્રંથો વાંચ્યા જ કરે છે. અને તેનું જ ચિંતવન કરે છે. તે વખતે તેઓને કંઈ પણ થતી શંકાના સમાધાન માટે પૂછવું હોય, જેમકે મેરૂપવર્તની તલાટી કેટલી? વચ્ચે

નંદનવન કેટલું ? આવી કોઈ શંકા જાગે તો પોતે તો નીચે આવી શકે નહિં. એટલે તે પ્રશ્નનો જવાબ મેળવવા માટે તે વિચાર કરે. આમ વિચાર કરતાં શંકાની આકૃતિ ઉત્પન્ન થાય છે. ચિંતવેલ મેરૂનો આકાર પડે છે. અને તે જ સમયે સર્વજ્ઞ–તીર્થંકર ભગવાન તે મનોવર્ગણાનાં પુદ્ગલો લઈને શંકાના સમાધાનસ્વરૂપ આકારે પરિણમાવે છે. અર્થાત્ દ્રવ્યમન બનાવે છે. તેને અનુત્તરવાસી દેવો પોતાના નિર્મલ અવધિજ્ઞાનથી જોઈ, પોતાની શંકાનું સમાધાન મેળવે છે. તે વખતે શંકાના સમાધાન સ્વરૂપે પરિણમાવેલ આકૃતિને જોઈ અનુમાન દ્વારા તે સમાધાન સમજવામાં દેવતાઓને ચિંતન કરવું પડે છે. પરંતુ તીર્થંકરો તો સર્વજ્ઞ હોઈ તેમને તો બધું જ દેખાય છે. સમજાય છે. દરેક વસ્તુની આકૃતિ જોવામાં તેમને ઉપયોગ મૂકવો પડતો જ નથી. જ્યાં ઉપયોગ મૂકવો પડતો હોય ત્યાં જ ચિંતન હોઈ શકે છે. શ્રી તીર્થંકર પરમાત્માને તો ઉપયોગ સ્વયં લાગુ જ હોય છે. તેથી તેમને ચિંતન કરવું પડતું જ નથી.

મન એ એવી વસ્તુ છે કે તે એક પળ પણ નવરૂં બેસી શકતું નથી, તેને અનુકુળ પદાર્થો આપશો તો તે તેના વિચારો કરશે. અને જો પ્રતિકુળ પદાર્થો આપશો તો તે તેના વિચારોમાં મશગુલ બની રહેશે. પરંતુ મન તે નવરૂં રહી શકે તેવું નથી. કોઈપણ મનનીય પદાર્થનું મનન તે સર્વદા કર્યા જ કરે છે. માટે સદ્વિચારો થાય

તેવા પ્રસંગોમાં તેને જોડવાથી તે મનદ્વારા જ આધ્યાત્મિક વિકાસ સાધી શકાય છે.

જગતમાં જે જ્ઞાન છે, તે જ્ઞેય ઉપર અવલંબેલું છે. જ્ઞેય એટલે જાણુવાયોગ્ય વસ્તુઓ આ જગતમાં છે જ. તે વસ્તુઓ જાણવામાં આત્માની પ્રવૃત્તિ છે, તેથી જ જ્ઞાનને અવકાશ છે. જો જ્ઞેયપદાર્થની હસ્તિ આ સંસારમાં ન હોત તોપછી આત્મામાં જાણવાની પ્રવૃત્તિ પણ ન હોત. અને તેથી જ્ઞાનનું અસ્તિત્વ પણ ન હોત. જેમ જ્ઞાનનો અથવા જ્ઞાનનો અવકાશ તે જ્ઞેયપદાર્થો ઉપર રહેલો છે, તેમ મનનો આધાર પણ વસ્તુના મનન ઉપર રહેલો છે. જ્ઞેય પદાર્થો ન હોત, તે જ પ્રમાણે મનનયોગ્ય પદાર્થો ન હોત તો મન પણ ન હોત. મનન સિવાય–ચિંતન સિવાય–વિચાર સિવાય, મન નામનો પદાર્થ લોકમાં રહી શકતો જ નથી. ફક્ત તેરમું ગુણસ્થાન જ એવું છે કે ત્યાં મનોવર્ગણાનાં પુદ્ગલોને ગ્રહણ કરીને દ્રવ્યમનપણે પરિણમાવવાનું હોવા છતાં તે ગુણસ્થાનકવર્તી સર્વજ્ઞ ભગવંતોને મનન કરવાપણું નથી. અર્થાત્ સયોગી કેવલી તે સંકલ્પ વિકલ્પ રહિત જ છે. અને તેથી જ તેઓને માત્ર એક સાતાવેદનીયકર્મનો જ બે સમય પૂરતો જ બંધ હોઈ, તેટલી સ્થિતિપ્રમાણ બંધાતું તે કર્મ, ત્રીજે સમયે નિર્જરી જાય છે. આ પરમાત્માઓ તેથી જ તે ભવની પૂર્ણતાએ અવશ્ય મોક્ષગામી બને છે.

સંકલ્પ–વિકલ્પરૂપ ભાવમન નહિં હોવા છતાં મનો-

વર્ગણાનાં પુદ્ગલોને પરિણમાવી દ્રવ્યમનના પ્રવર્ત્તનરૂપ મનોયોગ તો તેરમા ગુણસ્થાને પણ છે. એટલે ત્યાં દ્રવ્ય-મન અને ઉપયોગનો સંબંધ છે. પરંતુ ચઉદમા ગુણસ્થાને તો આત્મા સર્વથા અયોગી જ બની રહે છે. કારણકે ત્યાં તો દ્રવ્ય મન પણ હોતું નથી. જેથી ત્યાં ઉપયોગ અને મનયોગનો સંબંધ સર્વદાના માટે છૂટી જાય છે. પરંતુ એવી મનના બિલ્કુલ સંબંધરહિત આત્મદશા તે અનુભવગમ્ય છે. આવી દશાની પ્રાપ્તિ હોવાનું તો સર્વજ્ઞ પુરૂષોના વચનથી જ જાણી શકાય છે. માટે જ શ્રી આનંદ-ઘનજી મહારાજે પ્રભુસ્તવનામાં કહ્યું છે કે :—

મનડું દુરારાધ્ય તેં વશ આણ્યું, તે આગમથી મતિ જાણું;
આનંદઘન પ્રભુ માહરૂં આણો,
તો સાચું કરી જાણું–હો કુંથુંજીન૦

ચઉદમા ગુણસ્થાનકથી આત્મા, દ્રવ્ય અને ભાવ એ બન્ને પ્રકારના મનના સંબંધથી સર્વથા અને સદાના માટે છૂટી જાય છે. પછી સિદ્ધાવસ્થાને પ્રાપ્ત કરવા છતાં પણ તે આત્મા ઉપયોગયુક્ત તો સદા વર્ત્તતો જ રહે છે.

*

## ૬. मन एव मनुष्याणां कारणं बन्ध मोक्षयोः

**ઉપયોગ** એ આત્માના જ્ઞાનગુણરૂપ લબ્ધિની પ્રવૃત્તિરૂપ અર્થાત્ વપરાસરૂપ છે. જ્યારે **દ્રવ્યમન** એ મનોવર્ગણાના પુદ્‌ગલોનો એક પર્યાય છે. અને ભાવમન તે ઉપયોગમાં વર્ત્તતા જ્ઞેયપદાર્થ અંગેના સંકલ્પ–વિકલ્પ–વિચાર રૂપ છે. વિવિધ સમયે વર્તતો વિવિધ ઉપયોગ તો મન મારફત જ સમજી શકાય છે.

મોહનીયકર્મના ઉદયનો પ્રભાવ અર્થાત્ રાગ–દ્વેષનો પરિણામ તે મનની મારફત જ બતાવી શકાતો હોવાથી સાદી સમજવાળા લોકોના વ્યવહારથી દ્રષ્ટિએ મનને જ અધ્યવસાય–પરિણામ યા ઉપયોગસ્વરૂપે ઉપચારથી સમજાવાય છે. મનની પાછળ તો કર્મો, અધ્યવસાય અને ઉપયોગસ્વરૂપ પુરૂષાર્થ જ કામ કરતો હોઈ, તે અનુસાર જ મનને કામ કરવું પડે છે. છતાં બાળજીવોના વ્યવહારની દ્રષ્ટિએ યોગીવર્ય શ્રી આનંદઘનજી મહારાજ સાહેબ જેવા સમર્થ અધ્યાત્મી પુરૂષે પણ પ્રભુના સ્તવનમાં ગાયું છે કે "મનડું કિમહી ન બાઝે, હો કુંથુજીન મનડું કિમહી ન બાઝે." આ ઉપરથી સમજી શકાય છે કે મોહનીયકર્મનો ઉદય તે મનમારફત જ અસરકારક બનતો હોઈ, બંધ અને મોક્ષના કારણ અંગે મન ઉપર જ તેનો ઉપચાર કરવામાં આવેલ

છે. પ્રભુ પાસે મન અંગેની મુંઝવણ દર્શાવવામાં, મનસ્વરૂપે વર્ત્તતા સંકલ્પ–વિકલ્પ–મનન અને ચિંતવનમાં મોહનીયકર્મની આત્મા ઉપર વર્ત્તતી પ્રબલતાની જ ફરીયાદ છે. તેનું જ દુઃખ છે. મોહનીયકર્મના ઔદાયિક ભાવથી અનુરંજિત બની પરપદાર્થની આસક્તિમાં ભમતું મન જ જીવને કષ્ટદાયી છે.

ઉપયોગ એ જ્ઞેયપદાર્થ પ્રત્યે ચૈતન્ય (જ્ઞાન) શક્તિના કનકશનરૂપ છે. જ્યારે મન એ જ્ઞેયપદાર્થ અંગેના સારાસાર ભાવોના ચિંતનરૂપ છે. ઉપયોગનું કનકશન (જોડાણ) કયા જ્ઞેય પદાર્થ પ્રત્યે વર્ત્તે છે, તેની ખબર તો મનથી જ જણાય છે. પ્રભુભક્તિમાં વર્ત્તતો મનુષ્ય તે ભક્તિની બાહ્ય પ્રવૃત્તિમાં વર્ત્તતો હોય અને તે ટાઈમે તેની વિચારધારા કોઈ અન્ય બાબતમાં ચાલતી હોય, અન્ય બાબતની વિચારધારામાં એકાગ્ર બની ગયો હોય, એ રીતે તેના ઉપયોગનું સ્થાન્તર થવા છતાં, અમુક ટાઈમ બાદ તે ઉપયોગ પ્રભુભક્તિના કાર્યમાં પાછો આવે ત્યારે કહેવાય છે કે મારૂં મન તો આટલી વાર બીજે જ ચાલ્યું ગયું હતું. અર્થાત્ પ્રભુભક્તિના કાર્યમાં જોડાયેલ ઉપયોગ તે બીજે જોડાઈ ગયાનો ખ્યાલ તો એ પ્રમાણે મનથી જ જણાય છે. અને તેથી જ કોઈ કામમાં માણસના વિચારની અસ્થિરતા દેખાવા ટાઈમે ઉપયોગને નહિં સમજી શકનારાઓ તો એમ જ કહે કે ભાઈ! તારૂં મન કયાં ભમે છે. એટલે બાળજીવોને ઉપયોગની શુદ્ધશુદ્ધતા, તે મનની શુદ્ધશુદ્ધતાથી જ 'સમજાવી શકાય છે.

મનની શુદ્ધતા તો મોહનીયકર્મના ઉપશમ–ક્ષયોપશમ

અને ક્ષયના જ આધારે પામી શકાય છે. ૧૧-૧૨-૧૩ અને ૧૪ મા ગુણસ્થાને મોહનીયના ઉદય અને ક્ષયોપશમનો અભાવ હોવાથી ઉપયોગની પૂર્ણ શુદ્ધતા વર્તે છે. પરંતુ તેમાંય અગીયારમા ગુણસ્થાને વર્તતા ઉપયોગની શુદ્ધતા તે મોહનીય કર્મની ઉપશમતાના જ કારણે હોઈ તે શુદ્ધતા ઉપશમભાવી હોય છે. ત્યાં મોહનીય કર્મના સંબંધથી આત્મા મુક્ત બન્યો હોતો નથી. જેથી ઉદયસ્વરૂપે તે ટાઈમે સંબંધ વર્તતો નહીં હોવા છતાં સત્તા રૂપે સંબંધ તો છે જ. ઉદય વિના એકલા સત્તારૂપે સંબંધિત બની રહેલું મોહનીય કર્મ તે ઉપશમીત કહેવાય છે. ઉપશમીત મોહનીય કર્મનો ઉદય અવશ્ય થવાનો જ હોઈ, તેની ઉદયાવસ્થામાં આત્મામાં મનની અશુદ્ધતા પ્રગટે છે. જેથી ઉપયોગ પણ અશુદ્ધ બની જાય છે. જ્યારે ૧૨-૧૩ અને ૧૪મા ગુણસ્થાને વર્તતી ઉપયોગશુદ્ધતા તો મોહનીય કર્મના સંપૂર્ણ ક્ષયવાળી હોવાથી તે શુદ્ધતા શાશ્વત છે. અગીયારમા ગુણઠાણાની પહેલાંના ગુણઠાણાઓમાં તો જ્યાં જ્યાં મન અને ઉપયોગની શુદ્ધતા જેટલા જેટલા અંશે વર્ત્તતી હોય, તે મોહનીય કર્મની ક્ષયોપશમતાના જ આધારે હોય છે. અધિક ક્ષયોપશમતાએ અધિક શુદ્ધતા અને ન્યૂન ક્ષયોપશમતાએ ન્યૂન શુદ્ધતા કહેવાય છે. બીલકુલ અશુદ્ધતારહિત સંપૂર્ણશુદ્ધતા ત્યાં હોઈ શકતી જ નથી.

જે જ્ઞેયવિષય પરત્વે આત્માનો ઉપયોગ વર્ત્તતો હોય ત્યાં સ્પર્શન આદિ ઇન્દ્રિયોથી તો ફક્ત તે વિષય અંગેનું

મતિજ્ઞાન જ થાય છે. પરંતુ મનથી તો મતિ અને શ્રુત એ બંને જ્ઞાનો થાય છે. મન દ્વારા પહેલ–વહેલા જે સામાન્યરૂપે થતા વસ્તુવિષયના ગ્રહણમાં શબ્દાર્થ ગ્રહણ, પૌર્વાપર્ય –આગળપાછળનું અનુસંધાન અને વિકલ્પરૂપ વિશેષતા હોતી નથી, તે "મતિજ્ઞાન" છે. અને પછીનો અધિક અંશ તે "શ્રુતજ્ઞાન" છે. તેમાં પણ મતિ કરતાં શ્રુત તે પ્રધાન છે,

મનનું કાર્ય વિચાર કરવાનું હોઈ વિચાર તે શ્રુત છે. તેથી જ એમ કહેવામાં આવ્યું છે કે–"મનનો વિષય શ્રુત છે." તો પણ મન નિમિત્તે થતા જ્ઞાનોપયોગમાં "મન–મતિજ્ઞાન લબ્ધિ ઇન્દ્રિય" કારણભૂત હોવાથી મતિજ્ઞાનના ભેદોમાં મનને નિમિત્ત ગણાવામાં આવ્યું છે.

સ્પર્શ–રસ–ગંધ–વર્ણ અને શબ્દનું જ્ઞાન તે ઇન્દ્રિયોના અને મનના નિમિત્તથી થાય છે. મતિજ્ઞાન ઉત્પન્ન થયા પછી તે સર્વનું શ્રુતજ્ઞાન ઉત્પન્ન થાય છે. અવગ્રહ –ઈહા–અપાય અને ધારણા સુધી તો મતિજ્ઞાન છે. અને ત્યારબાદ પૂર્વસમજણનો ખ્યાલ પેદા થવારૂપ ઉપયોગ–પ્રવર્તાવનાર જ્ઞાન તે શ્રુતજ્ઞાન છે. એ રીતે જ્ઞાનોપયોગ જેમ જેમ આગળ ઉત્પન્ન થયે જાય, તેમ તેમ પ્રથમનું શ્રુત, ઉત્તરોત્તર શ્રુતજ્ઞાનના વિષયભૂત મનનો વિષય બનતું જાય છે. આ પ્રમાણે ઇન્દ્રિયોવડે થતા જ્ઞાન વખતે વાસ્તવિક રીતે મનનું મતિજ્ઞાન અને પછી શ્રુતજ્ઞાન, એમ ચાલતી પરંપરાઓમાં મનન વ્યાપારની પ્રધાનતા હોવાથી વિચારાંશ

અધિક અને સ્પષ્ટ હોય છે. વળી તેમાં પૂર્વાપરનું અનુ-સંધાન પણ મનથી જ થાય છે.

જીવને થતા કર્મબંધમાં મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ, એ ચાર હેતુઓ મુખ્યત્વે બતાવ્યા છે. તેને પ્રમાદસહિત ગણતાં પાંચ હેતુઓ પણ થાય છે. પ્રમાદ એટલે આત્માનું વિસ્મરણ, અર્થાત્ આધ્યાત્મિક દ્રષ્ટિએ કર્ત્તવ્યની સ્મૃતિમાં અસાવધાનતા. આ અસાવધાનતા એ પણ એક જાતનો અસંયમ છે. માટે તેને કષાયમાં જ અંતર્ગત ગણી બંધહેતુઓ ચાર પણ કહી શકાય.

સમ્યગ્દર્શનગુણનું આવરણ કરી જીવમાં મિથ્યાત્વદશા (આત્માદિ તત્ત્વો પ્રત્યે અશ્રદ્ધા યા વિપરિતશ્રદ્ધા) વર્ત્તાવ-નાર તો મિથ્યાત્વમોહનીય કર્મ જ છે. પરંતુ તેમાં સહાયક તો અનંતાનુબંધિ કષાયો જ છે. તે સમ્યગ્દર્શનને ઉચિત આચરણ, જીવને આચરવા દેતા તો નથી, પરંતુ તે અંગેનો સદ્વિવેક પણ પામવા દેતા નથી, માટે અનંતાનુબંધિ કષાયો તે ચારિત્રાવરણીય હોવા છતાં સમ્યક્ત્વના ઘાતક પણ કહેવાય છે.

ઉપશમ, ક્ષયોપશમ કે ક્ષાયિક સમ્યક્ત્વની પ્રાપ્તિ તે ફક્ત દર્શનમોહનીય કર્મની ત્રણ પ્રકૃતિઓના ઉપશમ-ક્ષયોપશમ કે ક્ષયથી જ હોતી નથી. પરંતુ દર્શનમોહનીય કર્મની ત્રણ પ્રકૃતિઓ અને અનંતાનુબંધિ ક્રોધ-માન-માયા અને લોભ એ સાતે પ્રકૃતિઓના ઉપશમ-ક્ષયોપશમ

કે ક્ષયથી જ થાય છે. ઉપશાંત થયેલ મિથ્યાત્વ ફરીથી ઉદયમાં આવવા ટાઈમે પહેલાં તો અનંતાનુબંધિ કષાયો જ ઉદયમાં આવે છે. માટે જ તે કષાયો સમ્યક્ત્વના ઘાતક છે. તે કષાયવિના મિથ્યાત્વ સંભવી શકે નહિં. વળી આત્માને અવિરતિ દશામાં રાખનાર તે અપ્રત્યાખ્યાની અને પ્રત્યાખ્યાની કષાયો જ છે. જેથી મિથ્યાત્વ અને અવિરતિ એ કષાયના જ ઉદયવાળી જીવની અમુક દશા હોઈ, તે બન્ને હેતુ કષાયથી જુદા પડતા નથી. માટે કર્મબંધહેતુઓ કષાય અને યોગ એ જ પણ ગણી શકાય.

યોગ તે મન-વચન અને કાયાનો વ્યાપાર-પ્રવૃત્તિ (વિચાર-વાણી અને વર્ત્તન) સ્વરૂપ છે. માનસિક-વાચિક અને કાયિક પ્રવૃત્તિ સમયે જીવને કર્મબંધનું મુખ્ય કારણ તો મનમાં રાગ અને દ્વેષરૂપે પરિણમતા કષાયો જ છે.

કર્મબંધથી બચવા માટે વિવેકી આત્મા, સાવદ્ય-પ્રવૃત્તિમાં ઇન્દ્રિયોને નહિં પ્રવર્ત્તાવવાનાં પચ્ચકખાણ કરતો હોવાનું કારણ એ જ છે કે, તેવી પ્રવૃત્તિમાં આસકત બની રહેવાનો અર્થાત્ રાગી-દ્વેષી બનવાનો, પચ્ચકખાણના ટાઈમ અંગે તો મનને અવકાશ જ ન રહે. મનના અનિયંત્રણને ટાળવા માટે જ તે આત્મા, ઈન્દ્રિયપ્રવર્તનનું અનિયંત્રણ ટાળી વિરતિ બને છે. જે ચીજની જેટલા ટાઈમ સુધીમાં વિરતિ (પચ્ચકખાણ) હશે, તે ચીજનો ઉપયોગ કરવાના વિચારો તેટલા ટાઈમ અંગે થતા નથી. પરંતુ તે પચ્ચક-ખાણના મુદ્દત પછીના ટાઈમ અંગે તે વસ્તુનો ઉપયોગ

કરવાના વિચારોનું મંથન કદાચ પચ્ચકખાણના ચાલુ સમયમાં પણ થવા સંભવ છે. અહિં વસ્તુના વિચારને ઉત્પન્ન કરાવનાર, પચ્ચકખાણનો ટાઈમ પૂર્ણ થયા બાદ વર્ત્તતી અવિરતિ છે. પરંતુ જે વસ્તુઓ અંગે જીંદગી પર્યંત પચ્ચકખાણ છે, વિરતિપણું છે, તે વસ્તુનો તો ઇન્દ્રિયો-દ્વારા ઉપયોગ કરવાના વિચારો વર્તી શકતા જ નથી. જેથી રાગ–દ્વેષપણું થઈ શકતું જ નથી. વીજળીનું કનક-શન ત્રોડી નાખ્યા પછી કરંટ લાગવાનો ભય જ કયાંથી હોય ?

રોજ નિયમિત દસ વાગે જમનારને સાડાનવ વાગતાં જ જમવાના વિચારો ચાલુ થાય છે. પણ ઉપવાસના દિવસે તો ટાઈમ વ્યતીત થતાં પણ ભોજનની ઇચ્છા થતી નથી. ઉપવાસના દિવસે મનમાં આહાર લેવાનો વિચાર નહિં ઉત્પન્ન થવામાં તે દિવસ અંગેની આહારની અવિર-તિનો ત્યાગ છે. અને ઉપવાસ સિવાયના દિવસે આહારનું અનિયંત્રણ છે. અનિયંત્રણના કારણે જ તે તે વસ્તુ અંગે ઈન્દ્રિયોનું પ્રવર્ત્તન નહિં હોવા છતાંય રાગ–દ્વેષ સ્વરૂપે વર્ત્તતી ઇચ્છાના કારણે પણ જીવને કર્મબંધ થાય છે.

સ્પર્શ–રૂપ–રસ–ગંધ અને શબ્દના વિષયમાં ઇન્દ્રિ-યોની પ્રવૃત્તિ વિના, મનના માત્ર વિકલ્પથી પણ જીવ કર્મ-બંધ કરે છે. તે જૈનશાસ્ત્રમાં કહેલ તંદુલીયા મત્સ્યની હકીકત તથા પ્રસન્નચંદ્ર રાજર્ષિના દ્રષ્ટાંતોથી સ્પષ્ટ સમજી શકાય છે. ઈચ્છિત મત્સ્યના ભક્ષણ વિના પણ ભક્ષણનો

માત્ર વિચાર કરવાથી જ તંદુલિયો મત્સ્ય, સાતમી નરકે જાય છે. શત્રુઓનો ઘાત કરવાની કાયિક પ્રવૃત્તિ નહિં હોવા છતાં પણ મુનિવેષમાં શત્રુઓના સંહારનો વિકલ્પ કરનાર પ્રસન્નચંદ્ર રાજર્ષિએ સાતમી નરકને યોગ્ય કર્મ-દલિકો તૈયાર કર્યાં હતા. પરંતુ પાછળથી વિચારધારા બદલી જવાથી અર્થાત્ અશુદ્ધથી નિવર્ત્તીને શુદ્ધ વિકલ્પમાં બદલી જવાથી તે પાપદલિકોથી બચી જવા ઉપરાંત પણ પૂર્વબદ્ધ અનેક કર્મોને આત્મામાંથી ખંખેરી નાખી કેવળ-જ્ઞાન પામ્યા હતા. એ રીતે કર્મબંધમાં બધો પ્રતાપ મનનો જ હોઈ કર્મબંધનું મુખ્ય કારણ મનને જ ગણાવ્યું છે.

યોગિક પ્રવૃત્તિમાં પણ કર્મબંધમાં મુખ્યભાવ ભજવનાર તો મન જ છે. જો મન નથી તો, કર્મબંધ પણ નથી. રાગદ્વેષના કારણે કર્મબંધ થાય છે. મનનના કારણે રાગદ્વેષ થાય છે. અને મનના કારણે મનન થાય છે. મન વિના મનન નથી. મનન વિના રાગદ્વેષ નથી. રાગદ્વેષ વિના કર્મબંધ નથી.

રાગ અને દ્વેષ એ ક્રોધાદિ કષાયોથી ભિન્ન નથી. એ તો ક્રોધાદિ કષાયનું બે પ્રકારે વર્ગીકરણ છે. આ રાગ અને દ્વેષથી જ કર્મબંધ થાય છે. માટે જ પ્રતિક્રમણ સમયે "રાગેણ વા દોષેણવા" દરેક વ્રતોના અતિચારો અંગે બોલાય છે.

જીવની રાગ-દ્વેષની પરિણતિ તે મનનો જ વિષય હોઈ મનને જ કર્મબંધનું કારણ કહેવાય છે. જ્ઞાનાવરણીય-કર્મની ક્ષયોપશમતાની ન્યૂનાધિકતા મુજબ જીવને મનથી થતી મનનશક્તિમાં ન્યૂનાધિકતા વર્તે છે. મનનશક્તિ જેમ વધુ તેમ રાગ-દ્વેષની પરિણતિએ ગાઢ અને દીર્ઘકાલીન કર્મબંધ થાય છે.

જેમ રંગનો આધાર કપડું છે, તેમ સંક્લેશ અને વિશુદ્ધિનો આધાર મન છે. જેમ જેમ મનનું ચિંતનબળ વધારે હોય તેમ તેમ વિશુદ્ધિ કે સંક્લેશ પણ વધુ પ્રમાણમાં હોઈ શકે છે. અને ચિંતનબળની અલ્પતાએ વિશુદ્ધિ કે સંક્લેશ પણ અલ્પ હોય છે.

કર્મબંધમાં સ્થિતિબંધ તે સંક્લેશ કે વિશુદ્ધિના આધારે જ થતો હોઈ વધુ સંક્લેશ અને ઓછી વિશુદ્ધિએ સ્થિતિબંધ વધુ, અને ઓછા સંક્લેશ કે વધુ વિશુદ્ધિએ સ્થિતિબંધ અલ્પ થાય છે. માટે સીત્તેર કોડાકોડી સાગરોપમ સુધીનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ તો મિથ્યાદ્રષ્ટિ ભવ્ય તથા અભવ્ય સંજ્ઞિ પંચેન્દ્રિય જીવોને જ હોઈ શકે છે. મનનશક્તિની અલ્પતાએ સંક્લેશની પણ અલ્પતા હોવાથી સંજ્ઞિ પંચેન્દ્રિયથી નીચેની જાતીના અતિ અવ્યક્ત સંજ્ઞાવાળા જીવોમાં તેટલો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ થઈ શકતો નથી.

મિથ્યાત્વ હોય પણ મનનબળ – ચિંતવનબળની અતિ અલ્પતાએ સંક્લેશ પણ ઓછો ઓછો હોવાથી અસંજ્ઞિ-

પંચેન્દ્રિય. ચઉરિન્દ્રિય, તેઇન્દ્રિય, બેઇન્દ્રિય, અને એકેન્દ્રિયમાં ઉત્કૃષ્ટ સ્થિતિબંધ પણ અનુક્રમે ઓછો ઓછો હોય છે. આ જીવોમાં ફક્ત વર્તમાનકાળ પૂરતુ જ અને તે પણ અવ્યક્ત—અત્યંત સૂક્ષ્મ—નહિવત્—કહેવાપુરતું જ મન હોવાથી તેઓને મનવિનાના—અસંજ્ઞિ કહ્યા છે. છતાં તેઓનું તેવું અવ્યક્ત મન પણ તે જીવોને કર્મબંધનું કારણ તો બને જ છે.

સંજ્ઞિપંચેન્દ્રિય જીવોમાં ચિંતવનશક્તિની વિશેષતા-વાળું મન હોવાથી જેમ સંક્લેશ વધુ હોઈ શકે છે, તેમ વિશુદ્ધિ પણ વધુ હોઈ શકે છે. એ હિસાબે એકન્દ્રિયાદિ કરતાં સંજ્ઞિપંચેન્દ્રિયમાં કર્મબંધની લઘુસ્થિતિ પણ હોવી જોઈએ. પરંતુ મિથ્યાત્વી સંજ્ઞિપંચેન્દ્રિયમાં રહેલ મિથ્યાત્વ તે જીવોમાં અંતઃ કોડાકોડિ સાગરોપમથી ઓછા સ્થિતિ-બંધને યોગ્ય અધ્યવસાય વિશુદ્ધિને ઉત્પન્ન થવા દેતું જ નથી. વળી મિથ્યાત્વ ગયા પછી પણ તે જીવ આઠમા ગુણસ્થાનક સુધી પહોંચે ત્યાં સુધી તો તે સમકિતિ સંજ્ઞિ-પંચેન્દ્રિય જીવનો જઘન્ય અને ઉત્કૃષ્ટ સ્થિતિબંધ પણ અંતઃ કોડાકોડિ સાગરોપમનો હોય છે. આ અંતઃ કોડાકોડિ સાગરોપમ પ્રમાણ સ્થિતિબંધ આઠમાગુણસ્થાનકસુધી થતો હોવા છતાં તે અંતઃકોડાકોડિપણું સર્વત્ર એક સરખું નહિં સમજવું.

જેમ નવ સમયથી માંડીને સમયોન મુહૂર્ત સુધી અંતર્મુહૂર્તના અસંખ્યાતા ભેદ હોય, તેમ સાધુના ઉત્કૃષ્ટ

સ્થિતિબંધથી માંડીને સમયાધિકે પર્યાપ્ત સંજ્ઞિ પંચેન્દ્રિયના (મિથ્યાત્વી સિવાયના) ઉત્કૃષ્ટ સ્થિતિબંધ સુધી અસં-ખ્યાતા ભેદ સ્થિતિબંધના હોય, તે સર્વ ભેદને અંતઃ કોડાકોડિ કહેવાય છે. એટલે અંતઃકોડાકોડિપણું આઠમા ગુણસ્થાનક પર્યંત રહેવા છતાં સર્વને એક સરખું નહિં સમજતાં અસંખ્ય પ્રકારનું સમજવું.

સમ્યક્ત્વ પામ્યા પહેલાં ગ્રન્થિભેદ કરે છે. ૬૯ કોડાકોડિ સાગરોપમથી અધિક સ્થિતિ તોડે ત્યારે ત્યાં (ગ્રંથી સુધી) આવે. ગ્રંથિભેદ કરી સમ્યક્ત્વ પામ્યા પછી પૃથક્ત્વ તોડે ત્યારે દેશવિરતિ પામે. દેશવિરતિ કરતાં સંખ્યાતા સાગરોપમ સ્થિતિ તોડી નાખે ત્યારે સર્વવિર-તિની પ્રાપ્તિ થાય. આ પ્રમાણે સમકિતથી માંડી સર્વ-વિરતિધર સાધુ મહાત્માઓ સુધી સ્થિતિબંધ તે અનુક્રમે ઓછો ઓછો હોવા છતાં તે બધા સ્થિતિબંધને અંતઃ કોડાકોડિ પ્રમાણ જ કહેવાય છે.

આ રીતનો આઠમા ગુણસ્થાનકવર્તી જીવનો અંતઃ કોડાકોડિ સાગરોપમ સ્થિતિબંધ તે મિથ્યાત્વી સંજ્ઞિ-પંચેન્દ્રિય જીવોના અંતઃકોડાકોડિ સાગરોપમ સ્થિતિબંધ કરતાં ઘણો ઓછો છે. તો પણ એકેન્દ્રિયાદિ જાતિના જીવોનો સ્થિતિબંધ તે આઠમા ગુણસ્થાનકવર્ત્તી જીવોના સ્થિતિબંધ કરતાંય ઓછો છે.

અહિં કોઈને એમ પણ વિચાર થાય કે અસંજ્ઞિ

જીવોનું મન અવ્યક્ત હોવાથી તેમને કર્મનો સ્થિતિબંધ ઘણો જ ઓછો થતો હોઈ સંજ્ઞિ કરતાં અસંજ્ઞિપણું સારૂં કેમ ન ગણાય ?

આ રીતની સમજણ વિપરિત છે. કારણ કે અસંજ્ઞિપણું સારૂં ગણીશું તો તો બધા જીવોમાં એકેન્દ્રિય પણાને જ સારૂં માનવું પડશે. અને એ રીતની માન્યતાથી તો સમ્યક્ત્વ પામેલાને પણ એકેન્દ્રિયપણામાં જવું સારૂં ગણાશે. વળી જેણે ચાર જ્ઞાન મેળવ્યાં છે, તેવાઓને પણ સૂક્ષ્મનિગોદ આવશ્યક થઈ પડશે.

એકેન્દ્રિયતાને જ જો સારી સ્થિતિ માનીએતે। સૂક્ષ્મનિગોદમાં જીવને એકેન્દ્રિયતા જ હતી. અર્થાત્ ત્યાં આત્મા એકેન્દ્રિય દશામાં જ હતો. તો પછી ત્યાંથી જ તેને મોક્ષ કેમ ન મળી ગયો ? અને તેને એક ભવમાંથી અનેક ભવોમાં શા માટે રખડપટ્ટી કરવી પડી ? આ બાબત બહુ જ ધ્યાનપૂર્વક જોવાની છે.

મન એ જેમ કર્મબંધનું કારણ છે, તેમ મોક્ષનું કારણ પણ મનને કહ્યું છે. રત્નત્રયી પ્રાપ્તિની સાધના, મન વિના થઈ શકતી નથી. ધર્મધ્યાન અને શુકલધ્યાન તે મન વિના હોઈ શકતાં નથી. દીર્ઘસ્થિતિબંધ કરાવી જીવને સંસારમાં રખડાવનાર જેમ મન છે, તેમ વૃદ્ધિ પામતા વિશુદ્ધ અધ્યવસાયોથી કર્મના સ્થિતિબંધને ક્રમે ક્રમે લઘુ બનાવી, બંધ–ઉદય–ઉદીરણા અને સત્તામાંથી

કર્મનો સમૂળગો ધ્વંસ કરી, આત્માને બિલ્કુલ કર્મરહિત બનાવી મોક્ષમાં પહોંચાડનાર પણ મન જ છે. સંકલિષ્ટ મનથી જીવો જેમ સંસારમાં રખડે છે, તેમ વિશુદ્ધ મનથી જીવો મોક્ષ પામે છે. પરંતુ મોક્ષમાં પહોંચાડવાની યોગ્યતા તો સમ્યક્ત્વી સંજ્ઞિપંચિન્દ્રિય જીવોના જ મનની હોઈ શકે છે.

સંજ્ઞિપંચેન્દ્રિય જાતિ કરતાં તેની નીચેની જાતિના જીવોમાં જઘન્યસ્થિતિબંધ ભલે ઓછો થતો હોય, પણ આયુ સિવાય શેષ સાતકર્મની જઘન્ય સ્થિતિ જે બાર મુહૂર્ત, આઠ મુહૂર્ત્ત, અંતર્મુહૂર્ત્ત કહી છે, તેવો જઘન્ય-સ્થિતિબંધ પામીને છેવટે તે કર્મનો બંધવિચ્છેદ તો સંજ્ઞિપંચેન્દ્રિય જીવોના મનથી જ થઈ શકે છે.

દરેક જીવ, એકેન્દ્રિયજાતિમાં કર્મની સ્થિતિ, લઘુ બાંધે છે. પરંતુ ત્યાંથી મિથ્યાત્વ ખસેડી શકાતું નથી. મિથ્યાત્વ સહિત લઘુસ્થિતિબંધ, આત્માના સ્વરૂપનો સાચો ખ્યાલ કે હેય-જ્ઞેય અને ઉપાદેયનો વિવેક પેદા કરવામાં નિરૂપયોગી છે. જે સંકલેશ સાથે મિથ્યાત્વનો રંગ લાગેલો હોય તે સંક્લેશની શુદ્ધિએ કદાચ કર્મસ્થિતિ લઘુ બંધાય તો પણ તેનાથી આત્માના જ્ઞાનાદિ ગુણોના વિકાસમાં આગળ વધી શકાતુ નથી.

લઘુસ્થિતિબંધ કરાવનાર અધ્યવસાય-પરિણામ એ ગુણ કંઈ નાનોસુનો નથી. છતાં શાસ્ત્ર તો અસંજ્ઞિ જીવોના

એ ગુણનું મૂલ્ય આંકવાની ના પાડે છે, એ સર્વથા વાસ્તવિક છે. તેનું કારણ એ છે કે તે ગુણ, અજ્ઞાનમૂલક હોવાથી ફળ આપી શકતો નથી, આટલા જ કારણથી અસંજ્ઞિ જીવોના જઘન્ય સ્થિતિબંધની કશી નોંધવા જેવી કિંમત નથી.

સંજ્ઞિ અને અસંજ્ઞિમાં ઝવેરી અને પાનના વેપારી જેવું અંતર છે. પાનના વેપારીને કદાપી ઝવેરી જેટલું નુકસાન ન જાય તો પણ ઝવેરી જેટલી કમાણી કરી લેવાનો અવસર પાનના વેપારમાં મળી શકે નહિં. એટલે પાનનો વેપારી માલદાર થઇ શકે નહિં. ઝવેરીનું ક્યારેક નુકસાન મોટું હોય તો પણ કમાણીયે હીરાના વેપારમાં મોટી હોય. ધનવાન તો ઝવેરી થઈ શકશે. પણ પાનનો વેપારી નહીં થઈ શકે. આ પ્રમાણે અસંજ્ઞિના લઘુસ્થિતિબંધ અંગે પણ સમજવું.

સાતમી નરકે સંજ્ઞિપંચેન્દ્રિય જ જઈ શકે. અને મોક્ષમાં પણ સંજ્ઞિપંચેન્દ્રિય જ જઈ શકે. તે બન્નેની પ્રાપ્તિમાં અનુક્રમે મનની અશુદ્ધિ અને વિશુદ્ધિ જ કારણભૂત છે. જે મનની શક્તિથી જીવ અત્યંત સંકલેશી બની સંસારમાં અનંતકાળ રખડ્યો તે મનની શક્તિનું વહેણ આત્મશુદ્ધિ તરફ વળે તો આત્માનો ઉદ્ધાર થવામાં વાર લાગતી નથી.

નદીઓના પાણીનું જોરદાર વહેણ તે રસ્તામાં આવતાં

અનેક વૃક્ષો, ખેતરો, ગામો, અને ભેખડોનો સંહાર કરતાં આગળ વધી અનેક જાનહાનિ કર્ત્તા પણ બને છે. પરંતુ તે જ પાણીનું વહેણ જુદી જુદી નહેરો દ્વારા યોગ્ય સ્થાને વાળવાનો બંદોબસ્ત કરાય તો તે જ પાણી ખેતરોના પાકને નુકસાન કરવાને બદલે પાકની નવપલ્લવતાને ઉત્પન્ન કરી જનતાને ઉપકારી બની રહે છે. પણ તેનો વિવેક અને આવડત હોવી જોઈએ.

અનાદિકાળથી મનનું વહેણ, વિષય-કષાય-અને રાગદ્વેષની પરિણતિપૂર્વક આર્ત્ત અને રૌદ્રધ્યાનના પ્રવાહદ્વારા આત્માના જ્ઞાન-દર્શન અને ચારિત્રના પાકને ભયંકર નુકસાન કરી જીવને નરક-નિગોદાદિ અધોગતિમાં રખડાવે છે. પરંતુ જો મૈત્રી આદિ ચાર અને અનિત્યાદિ બાર ભાવનાના બંધથી રક્ષીત બનાવી, સુદેવ-સુગુરૂ અને સુધર્મ અંગે વિવેકી બની, વીતરાગ પ્રણિત સમ્યગ્જ્ઞાનથી આત્માને અનુરંજીત કરી, ક્ષમા-નમ્રતા-સરલતા-નિર્લોભતા-ઉપશમ-વિવેક-સંવરપૂર્વક ધર્મધ્યાન અને શુકલધ્યાન સ્વરૂપે એ જ મનના વહેણનો પ્રવાહ જો બદલવામાં આવે તો આત્મોન્નત્તિનાં ઉચ્ચ શિખરો સ્હેલાઈથી સર કરવાપૂર્વક મહામૂલ્યવાન એવા આ માનવભવ પામ્યાની સાર્થકતા સર્જી શકાય છે. અને ક્રમે ક્રમે આત્મા પોતાના જ્ઞાન-દર્શન અને ચારિત્રરૂપ રત્નત્રયીની પૂર્ણ પ્રાપ્તિ દ્વારા અજર-અમર એવી સિદ્ધાવસ્થાને પામી પરમ શાશ્વત સુખનો ભોક્તા બને છે. મનુષ્યભવ પામીને કંઈ કરવા જેવું હોય

તો આ જ છે. કારણ કે મનુષ્યભવ સિવાય અન્ય કોઈ સ્થળે રત્નત્રયીની સિધ્ધિ સાધી શકાતી નથી.

બિચારા પશુઓ તો અજ્ઞાન–અવિવેકી છે. જેથી તેમને તો રત્નત્રયી અને રત્નત્રયીની સિદ્ધિનો એટલે તેની પ્રાપ્તિના માર્ગનો જ ખ્યાલ હોતો નથી. દેવોનું જીવન તો ભોગપ્રધાન છે. એમનાં પુણ્યની સઘળી કમાઈ પ્રાયઃ ભોગવિલાસમાં જ ખરચાઈ જતી હોઈ તેમના જીવનમાં તો રત્નત્રયીની હીનતા જ બની રહે છે. બિચારા નારકી જીવો તો ગળાડુબ ભીષણ દુઃખની જ્વાલામાં જલી રહ્યા છે. એટલે તેમના માટે તો ઉદ્ધારનો કોઈ માર્ગ જ નથી. મનુષ્ય જન્મ જ એક એવો જન્મ છે કે જ્યાંથી ઉચ્ચ-ગતિ પ્રાપ્ત કરી શકાય છે. દેવોને પણ દુર્લભ એવો આ મનુષ્ય ભવ, મહાપુન્યના યોગે પ્રાપ્ત થાય છે.

માનવદેહમાં બેઠેલો આત્મા જ, હું કોણ છું? ક્યાંથી આવ્યો છું? હવે ક્યાં જઈશ, એ રીતે ચિંતવના-પૂર્વક પોતાને પ્રાપ્ત દીર્ઘકાલિકી સંજ્ઞાનો સદુપયોગ કરી શકે છે. અનંતજ્ઞાનાદિ ચતુષ્કગુણનો માલિક અને પરમ સુખ પ્રાપ્તિની યોગ્યતાવાળો હું જ છું. મારા એ ગુણો, મારૂં એ સુખ, પ્રગટ કરવા માટે મારે શું કરવું જોઈએ? તે માટે પૂર્વના મહાપુરૂષોએ કેવો કેવો પ્રયત્ન કર્યો? કોની આજ્ઞાનુસાર પ્રયત્ન કરવાથી તેઓ અનંતસિદ્ધિને પામી શકયા? આ બધી બાબતોની અહર્નિશ ચિંતવના–દ્વારા તે મહાપુરૂષોના પંથે અનુસરવા માટે પ્રયત્નશીલ

બની રહેનાર મનુષ્ય જ, સાધ્યસિદ્ધિને પામી શકે છે.

"मनएव मनुष्याणां कारणं बन्ध मोक्षयोः" એ ઉક્તિને સ્વઅંતરમાં અંકીત બનાવી રાખી મનના ચિંતવનનું વહેણ કર્મથી મુક્ત થવાય એવા માર્ગે વહેરાવવું હિતકારી છે. મનના પ્રવાહને સાચા અને હિતકારી રસ્તે વહેરાવવાના જ પુરૂષાર્થી બનવાનો વિવેક પામવા માટે આ હકીકતનું વર્ણન છે.

પ્રસન્નચંદ્ર રાજર્ષિ જે ભાવનાના બળે મોક્ષે ગયા, ઈલાચીકુમાર જે ભાવનાના બળે કેવળી બન્યા, ભરત મહારાજા જે ભાવનાના બળે આરીસા ભુવનમાં કેવળજ્ઞાન પામ્યા, પૃથ્વીચંદ્ર અને ગુણસાગર જે ભાવનાના બળે લગ્નની ચોરીમાં અને રાજસભામાં કેવળજ્ઞાન પામ્યા, મારૂદેવી માતા જે ભાવનાના બળે હાથીના હોદ્દા ઉપર જ અંતગંડ કેવળી બન્યાં, ઈત્યાદિ અનેક મહાપુરૂષો અનુકુળ કે પ્રતિકુળ સંયોગોમાં જરા પણ રાગદ્વેષથી નહીં લેપાતાં જે ભાવે મુક્તિપદને વર્યા, તે ભાવના જ મનના ચિંતવનનું સદ્‌વહેણ છે.

પરપદાર્થ પ્રત્યે જેટલી આસકિત તેટલી મનની મલીનતા સમજવી. આસક્તિ ઓછી થાય એટલે સ્વાભાવિક મનની મલીનતા ઓછી જ થવા પામે. આત્માને થતા આસકિતના અનર્થથી બચવા માટે, જે પદાર્થ અંગે મનમાં આસકિત ઉત્પન્ન થતી હોય તેનો દોષદ્રષ્ટિથી વિચાર

કરવો. એટલે નઠારા વિષયોના વ્યવહારથી જે વસ્તુને વિષે મન લાગેલું હોય, તે વસ્તુને અધ્યાત્મદ્રષ્ટિથી જોવી. એટલે કે તેની અશરણતા, અનિત્યતા, અસારતા, અન્યત્વતા, અશુચિત્વતા, વિચારવી. એ રીતે પરવસ્તુથી મન, અનાસક્ત થશે એટલે નઠારા વિષયમાંથી નિવૃત્ત બની, આધ્યાત્મિક-આત્મિક વિષયમાં લાગુ થઈ, સરલતાએ પરમશાંતિ અનુભવશે.

એક વાત સમજવી જરૂરી છે કે કોઈપણ વિષય અંગે મનનું મનન તે સારૂં કે બુરૂં ત્યારે જ પ્રવર્ત્તે કે જ્યારે મનનીય વસ્તુ પ્રત્યે આત્માનો ઉપયોગ-લક્ષ જોડાય. આત્માના ઉપયોગથી અલક્ષિત-અનુપયોગી વસ્તુ અંગે મનનું મનન હોઈ શકે જ નહિ. જે વસ્તુ અંગે, વર્ત્તમાન કાળે પ્રવૃત્ત ઈન્દ્રિયોદ્વારા, આત્માનો ઉપયોગ વર્ત્તે, અગર ઇન્દ્રિયોદ્વારા પૂર્વે અનુભવેલ વિષયની સ્મૃતિ સ્વરૂપે જે બાબતનો ઉપયોગ વર્ત્તે, તે જ વસ્તુનું મનન થઈ શકે. માટે મનની પૂર્વભૂમિકા તો આત્માનો ઉપયોગ જ છે. જેથી આત્માને હાનિકારક નિમિત્તોથી ઉપયોગને દૂર રાખી, સારા નિમિત્તોમાં જેટલો જેટલો આત્માનો ઉપયોગ જોડી શકાય તેટલો તેટલો આત્માને લાભ જ થાય. માટે મહાપુરૂષોએ આપણને અશુભ નિમિત્તોથી દૂર રહી સારા નિમિત્તોમાં રહેવાનું ફરમાવ્યું છે.

સંયમધર્મના રક્ષણ માટે શાસ્ત્રોમાં જે નિયમ દર્શાવ્યા છે, તેમાં મૂળ હેતુ તો આજ રહેલો છે. બ્રહ્મચર્યની નવવાડોનું આયોજન, વળી સાધુએ કેવા સ્થાનમાં રહેવું,

ગોચરી કેવી રીતે કોના ત્યાંથી લેવી, ગૃહસ્થને અતિ પરિચય ન કરવો, એકસ્થાને શાસ્ત્રના નિયમ મુજબ રહેવું, ગીતાર્થની નિશ્રાએ વિચરવું, પંચ પ્રકારે સ્વાધ્યાયમાં નિત્ય ઉદ્યમવંત રહેવું, ઈત્યાદિ નિયમાવલીને હેતુ એ જ છે કે આત્માને સંયમની રક્ષામાં બાધા કરનાર નિમિત્તોથી બચી જઈ સંયમપાલનની સ્થિરતામાં જ ઉપયોગવંત બની રહેવાય.

સાધુ પુરૂષો માટે પણ અશુભ નિમિત્તોથી બચવા માટે મહાપુરૂષોએ આવા નિયમો બતાવ્યા છે, તો પછી જેની સામે અનેક અશુભ નિમિત્તો ખડાં જ હોય છે, તેવા ગૃહસ્થો માટે તો વધુ કડક નિયમનું પાલન હોવું જ જોઈએ.

આજે તો સદાચારના રક્ષણ માટે મહાપુરૂષોએ નિયત કરેલ નિયમોના પાલનમાં વેવલાપણું, પરતંત્રતા–બંધન મનાતાં હોવાની અજ્ઞાનતા વર્ત્તી રહી છે. જેથી સદાચાર–નીતિ અને ધર્મનો ધ્વંસ થવા લાગ્યો છે. સ્વતંત્રતાના નામે અધ્યાત્મ સંસ્કૃતિનો હ્રાસ થઈ રહ્યો છે. અને તેને રાષ્ટ્રની ઉન્નત્તિકારક ક્રાન્તી ગણાવા લાગી છે. દેશની ઉન્નત્તિના નામે અધ્યાત્મ સંસ્કૃતિને ગૌણ બનાવી લોકોને વધુ વિલાસી બનાવવામાં જ રાષ્ટ્રીય આબાદી લેખાય છે. "અહિંસા પરમો ધર્મ" માનનાર ભારતદેશમાં અહિંસા દેવીની જ છડેચોક છેડતી થઈ રહી છે. જેમ જેમ વિષયોની લિપ્સાનો વધુને વધુ ચેપ ફેલાતો જાય છે, તેમ તેમ

લોકોમાં અર્થની-પૈસાની ભૂખ વધતી જ જાય છે. સદા અતૃપ્ત બની રહેલી ક્ષુધાથી ઉચ્ચ રાજ્યાધિકારીઓ સહીત લોકોએ નીતિને તો વિસારી જ દીધી છે. કુદરતી ભયની તેઓ ઉપેક્ષા કરી રહ્યા છે, છતાં કુદરત કંઈ કોઈને છોડતી નથી. ત્યાં કદાચ ડેર છે, પણ અંધેર નથી, એ વાત લોકોને સમજાતી નથી. અવારનવાર જળપ્રલય, ભૂકંપ, હોનારત, વગેરેથી કુદરતી શિક્ષા થતી જ રહે છે. છતાં તે પ્રત્યે લોકો દુર્લક્ષ્યવાળા બની, લાંચ, રૂશ્વત, કાળાબજાર-સંગ્રહાખોરી – નબળાને દબાવી કોઈનું હડપ કરી લેવાની વૃત્તિ, ઈત્યાદિ અનેક બદીઓથી લોકોનું જીવન મલીન બની રહ્યું છે. આવા સંયોગોમાં પરમાર્થ, વાત્સલ્યતા, ઉદારતા, નીતિ આદિ સદ્ગુણોમાં મન પ્રવર્ત્તાવી ઉપયોગની શુદ્ધતા ટકાવી રાખવાની આશા ક્યાંથી રાખી શકાય? કહેવાતાં ધર્મસ્થાનકોમાં પણ આધ્યાત્મિક વિકાસની ઉપેક્ષાપૂર્વક કેવળ બ્રાહ્યાડંબરમાં જ ધર્મ મનાવી, નીતિ-સદાચારવિહુણા પણ ધર્મના નામે થતા ધનીકોના ધનવ્યયમાં જ ધર્મની ઉત્ક્રાન્તિ મનાવા લાગી હોય ત્યાં અન્ય લોકોમાં તો શુભ મન અને શુભ ઉપયોગની આકાંક્ષા રાખવી જ વ્યર્થ ગણાય. ચંદ્રગુપ્ત રાજાને આવેલ સ્વપ્નોનો ફળાદેશ આપતી દિવાળી પર્વની કથામાં કહેવાતી હકીકતનું દર્શન જાણે આજે પ્રત્યક્ષ થઈ રહ્યું છે.

જેઓના જીવનમાં ધાર્મિક અનુષ્ઠાનોની કંઈ પણ પ્રવૃત્તિ નથી, તેવાઓની વાત તો જુદી છે, પરંતુ જેઓ દેવવંદન-

પૂજા–પ્રતિક્રમણ–તપશ્ચર્યા–પૌષધ આદિ આવશ્યક દૈનિક ધર્મકૃત્યો કરી રહ્યા છે, તેવાઓ પૈકી પણ કેટલાકોની ફરીયાદ હોય છે કે શું કરીયે ? ઘણીયે મહેનત કરીએ છીએ પણ ધર્મક્રિયામાં મન સ્થિર નહીં રહેતાં, અન્ય અન્ય બાબતો સંબંધી વિચારોમાં જ મન જતું રહેતું હોવાથી ધાર્મિક અનુષ્ઠાનોમાં ઉપયોગ ટકી શકતો નથી. આવા લોકોને પુણિયા શ્રાવકની એક હકીકત સમજવી ખાસ જરૂરી છે. રાજમાર્ગ ઉપરથી ફક્ત છાણનું (ગોબરનું) એક અડાઇયું કોઈની રજા વિના ઘરમાં આવવાથી, જેના સામાયિકની પ્રભુ શ્રી મહાવીરદેવ દ્વારા પણ પ્રશંસા કરાઈ છે, એવા પુણીયા શ્રાવકનું મન પણ, સામાયિકની ભાવનામાં અનુપયોગી બની વિહ્‌વલ બની ગયું હતું. તો પછી કોઈનેય પોતાના ઘરમાં આવતું અનીતિનું દ્રવ્ય, પોતાને ધાર્મિક ક્રિયામાં સ્થિર ઉપયોગવંત કેવી રીતે બનવા દે ? આ વાત જેને સમજાય, જીવનમાં ઉતારાય તેને ધાર્મિક ક્રિયામાં થતી ઉપ–યોગની અસ્થિરતાની ફરીયાદ રહે જ નહિં.

વળી ધાર્મિક અનુષ્ઠાનો ન કરતા હોય એવા મનુ-ષ્યોને પણ તેમના જીવનમાં દ્રઢ બની રહેલા ભૌતિક ભૂખના વધુ પડતા સંસ્કારોના કારણે પૂર્વ પૂર્વની બની જતી બીનાની સ્મૃતિ અને વર્ત્તમાન કાળે વર્ત્તતી અર્થ અને કામની વધુ પડતી લિપ્સા, તેમના મગજને અશાંત બનાવી દે છે. જેથી બાહ્યસામગ્રીની ગમે તેટલી અનુકુળતા હોવા છતાં પણ તેમના આંતરિક જીવનમાં તો શાંતિ

અનુભવી શકાતી જ નથી.

રાજ્યકથા, ભક્તકથા, દેશ કથા, સ્ત્રી કથા, આદિ ચાર વિકથાઓમાં જેને રસ હોય, રાત દિવસ જેનું મન, અર્થ અને કામની અનુકુળતાની વૃદ્ધિ કરવામાં જ તલ્લીન હોય, પૂર્વે અનુભવેલ સુખસાહ્યબીના સંજોગોમાં કોઈ અશુભ કર્મોદયના કારણે કંઈ પણ ન્યૂનતા થવા પામી હોય, કોઈની સાથે વૈરભાવી બની રહેવાયું હોય, તો તે બધા સંસ્કારોની સ્મૃતિ, હરપળે તે માણુસને મુંઝવતી જ હોય છે. વળી ઈન્દ્રિયોના વિષયોમાં અને અન્ય ભૌતિક અનુકુળતામાં આસક્ત બની રહેનારને ભવિષ્ય માટેની પણ તે વિષયોની અનુકુળતા કે પ્રતિકુળતા અંગે અનેક જાતનું મનોમંથન ચાલતું જ રહેતું હોવાથી તેવાઓ પણ આત્મિક શાંતિ પામી શકતા નથી. અને સારા નિમિત્તોમાં ઉપયોગ જોડી શકતા નથી.

આમ જીવોને માનસિક અશાંતિ સદાના માટે સતાવતી હોઈ, કોઈ જ્યોતિષીઓ પાસે તો કોઈ મંત્રતંત્રના વિશારદો પાસે, વળી કોઈ વૈદ્ય–ડૉકટરો પાસે, માનસિકો કે ચિકિત્સકો પાસે, અગર પોતપોતાને ઈષ્ટ દેવ–દેવીઓ પાસે પોતાની લાચારી દર્શાવતા જ હોય છે. તેમ છતાં તેઓને ક્યારેક અલ્પકાલીન, મન, મનાવ્યા પૂરતી જ શાંતિ મળતી હોઈ, સાચી અને સ્થાયી શાંતિને તો તેઓ પામી શકતા જ નથી. થોડીઘણી ક્યારેક બાહ્ય રીતે શાંતિ મળે તો તે પણ છેવટતો અશાંતિની જ ઉત્પાદક બને છે. તે તેમને

મિથ્યાજ્ઞાન–વિપરીત સમજણના કારણે સમજાતું જ નથી. પાણી વલોવવાથી માખણ કયાંથી મળે ? સાચી શાંતીનો માર્ગ તો અધ્યાત્મી પૂર્વપુરૂષોએ પ્રરૂપેલ હોય તે જ કહેવાય. તે માર્ગે ચાલનાર જ ભૂતકાળે શાંતિ પામી શક્યા છે, વર્ત્તમાન કાળે શાંતિ અનુભવી રહ્યા છે, અને ભવિષ્યકાળે પરમશાંતિને પામશે. તેવાઓનો જ ઉપયોગ, શુભ અને શુદ્ધ બની રહી આત્મોકર્ષ સાધી શકશે.

આપણે જાણે મનને કોઈ પરાઈ વસ્તુ માની, આપણા વિપરીત વિકલ્પોનો દોષ તે મનના ઉપર જ ઢોળી દઈએ છીએ, પરંતુ મન એ તો આપણા મતિ–શ્રુત જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી વર્ત્તતો, આત્માનો ક્ષાયોપશમિક ભાવ સ્વરૂપ એક પર્યાય છે. આ વર્ત્તમાનપર્યાય તે મતિ–શ્રુત જ્ઞાનાવરણીયના ક્ષયોપશમથી વર્ત્તેલા પૂર્વના ક્ષાયોપશમિક ભાવસ્વરૂપ પર્યાયનું કાર્ય છે. અને ભવિષ્યમાં વર્ત્તવાના એ રીતના પર્યાયનું કારણ છે, તેમાં આત્માની પોતાની જ મતિ–શ્રુતજ્ઞાનલબ્ધિ અને આત્મવીર્યનું પ્રવર્ત્તન છે.

આપણે રાગ–દ્વેષ દ્વારા, આર્ત્ત–રૌદ્રધ્યાન દ્વારા, કૃષ્ણાદિ ત્રણ અશુભલેશ્યા દ્વારા, આપણા મનરૂપે વર્ત્તતા વર્ત્તમાન પર્યાયને મલીન બનાવીએ છીએ.

મન એ તો આરીસો છે. અને તેમાં આપણા મનનું–

ચિંતવનનું પ્રતિબિંબ પડે છે. પ્રતિબિંબની સ્વચ્છતા યા અસ્વચ્છતા તે ચિંતકના ચિંતવનના આધારે છે. મનરૂપી આરીસામાં સ્વચ્છ ચિંતવનથી સ્વચ્છ અને અસ્વચ્છ ચિંતવનથી -મલીન-કાળું પ્રતિબિંબ પડે છે. એટલે સારા-બુરા પ્રતિબિંબની જવાબદારી ચિંતકની છે.

દર્પણમાં પડતી મનુષ્યના મુખની છાયા-પ્રતિબિંબની અસ્વચ્છતા તે, દર્પણમાં પ્રતિબિંબિત મુખની અસ્વચ્છતાના જ કારણે છે. તેમાં દર્પણનો દોષ નથી. દર્પણમાં પોતાનું મુખ અસ્વચ્છ જોનારે, પહેલાં પોતાના મુખને સ્વચ્છ કર્યા બાદ જોવાથી જ અસ્વચ્છ નહીં જોવાતાં સ્વચ્છ જોવાશે. એવી રીતે મનરૂપી આરિસામાં ચિંતવનરૂપ પ્રતિબિંબને સારૂં જોવા ઈચ્છકે સુસંસ્કારી બનવું પડશે. સુસંસ્કારોની વાસ્તવિક સમજ, આધ્યાત્મિક પૂર્વમહર્ષિઓએ પ્રરૂપેલ જ્ઞાનથી જ મેળવી શકાશે. આધુનિક ભૌતિક વિજ્ઞાનવાદિઓ કે આત્મિક લક્ષ્ય વિનાના મિથ્યાવાદીઓની કસોટીથી સુસંસ્કાર રૂપી સુવર્ણને અને કુસંસ્કાર રૂપી સુવર્ણની મલીનતાને કસી શકાસે નહિ, તે સમજવું ખાસ જરૂરી છે. અનીતિ, અન્યાય, છળ પ્રપંચ, ઈન્દ્રિયોના વિષય પ્રત્યેની અતિ લોલુપતા, કેવળ દૈહિક જ દ્રષ્ટિ, સ્વની વિસ્મૃતિ, પરમાં સ્વની બુદ્ધિ, ક્રોધાદિ કષાયો, આત્માના સત્ય સ્વરૂપની અજ્ઞાનતા, હિંસા, અસત્ય, પરાઈ વસ્તુનું હરણ, અબ્રહ્મ, પરિગ્રહની અતિ મૂર્છા, આ બધા કુસંસ્કારો છે. નીતિ, ન્યાય, વિષયોનો વૈરાગ્ય, આત્મિક દ્રષ્ટિ, આત્માની

સ્મૃતિ, સ્વ અને પરનો વિવેક, ક્ષમા, નમ્રતા, સરલતા, નિર્લોભતા, આત્માની શુદ્ધ-નિષ્કલંક-કર્માવરણ રહિત દશાનું જ્ઞાન, અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય, સંતોષ – પરોપકાર ઈત્યાદિ આત્માના સુસંસ્કારો છે. આ રીતે અનાદિ કાળથી વર્ત્તતા જીવના કુસંસ્કારોનું પરિવર્ત્તન, સુસંસ્કારોમાં કરનારને જ પોતાનું મન સારૂં અને શાંતિકારક દેખાશે. આવા મનવાળા જીવોનો ઉપયોગ જ શુભ બની રહેશે. સ્વ અને પરને હિતકારક બનશે. તે રીતે બની રહેલ શુભ ઉપયોગ જ અંતે શુદ્ધ રૂપે પરિણમવાથી આત્મા, અનંત સુખનો ભોક્તા બનશે.

આપણે રાગદ્વેષ, આર્ત્તરૌદ્રધ્યાન, અને કૃષ્ણાદિ ત્રણ અશુભલેશ્યાદ્વારા આપણા મનરૂપે વર્ત્તતા વર્ત્તમાન પર્યાયને મલીન બનાવીએ છીએ. આ દુર્ભાવોની જેટલી ઘનિષ્ટતા તેટલી મનરૂપી દર્પણમાં કાળા ડાઘની ઘનિષ્ટતા વર્ત્તી રહે છે. અને તે અતિ ગાઢ સંસ્કારરૂપે આત્મામાં અંકિત બની રહે છે. આત્મા, આવા અનેક સંસ્કારોથી સંચિત બની રહેલ હોય છે. અને તદ્યોગ્ય નિમિત્ત મળતાં તે સંચિત સંસ્કારો સ્મૃતિરૂપે ઉદ્ભવતા જ રહી મનને મલીન બનાવે છે. જેથી સારાં નિમિત્તોમાં પ્રવૃત્તમાન હોવા છતાં આપણો ઉપયોગ તેમાં સ્થિર નહીં બની રહેતાં, સ્મૃતિરૂપે ઉદ્ભવેલ બાબતમાં જ ચાલ્યો જાય છે. અને તે સમયે વર્ત્તતો આપણો મનરૂપ આરીસો, સ્મૃતિરૂપ સંસ્કારોના કાળા કુચડાથી લેપાઈ જતો હોઈ ઘણા પ્રયત્નથી

પણ સારાં નિમિત્તો આપણને મનની શુદ્ધતા કરાવી શકતાં નથી.

જેમ આપણને કોઈએ કટુ વચન કહ્યું હોય, આપણું અપમાન કર્યું હોય, આપણા કોઈ હિતને નુકસાન પહોંચાડયું હોય, અગર આપણી સાથે કોઈ દુષ્ટ વર્ત્તન ચલાવ્યું હોય, આપણી નિંદા કરતા હોવાનું કોઈ અન્ય દ્વારા આપણે જાણ્યું હોય, તો આ બધી બાબતોને પશુની જેમ આપણે મનમાં ખૂબ જ વાગોળીએ છીએ, તેનો બદલો લેવાની અનુકુળતા શોધતા હોઈએ છીએ. આ બધા સસ્કાર આપણામાં એટલા બધા દ્રઢ–ઘન બની જાય છે કે ધર્માનુષ્ઠાન કરતી વખતે પણ તેની સ્મૃતિ આપણને પજવ્યા જ કરે છે. જેથી તે સમયે પણ આપણું મન, ધર્માનુષ્ઠાનોમાં સ્થિર રહી શકતું નથી.

આપણા દ્વેષી પ્રત્યે આપણો બાહ્યવર્ત્તાવ કદાચ સારો રાખતા હોઈએ તો પણ તે અંગેના અંતરના અશુદ્ધ ભાવના સંસ્કારો લુપ્ત ન થાય ત્યાં સુધી, તે સામાને નુકસાન ભલે ન કરી શકીએ તો પણ તે અંગે આપણું આર્ત્ત અને રૌદ્રધ્યાન તો ચાલતું જ રહેતું હોઈ આપણા ચિત્તની તો અપ્રસન્નતા જ વર્ત્તે છે. જેથી આપણા મન અને શરીરને તો હાની જ થાય છે.

એ રીતે કુટુંબ, વ્યવહાર, શરીર, માન, આબરૂ,

પરિગ્રહ, યશ, કીર્ત્તિ, આદિ માટે પણ આપણે સદાય એટલા બધા વિચારશીલ બની રહીયે છીએ કે તે અંગેના ઢગલાબંધ સંસ્કારોથી આપણો આત્મા વિંટાએલો જ રહે છે. જેથી તે કાર્યોની પ્રવૃત્તિ વિનાના ટાઈમે પણ સંચિત બની રહેલા તે સંસ્કારોની સ્મૃતિ દ્વારા આપણું મન તેના જ ચિંતવનમાં જોડાઈ રહે છે. અને ધાર્મિક અનુષ્ઠાનોમાં કે તત્ત્વજ્ઞાન ચિંતવનમાં કે કોઈ અન્ય સારા કામમાં સ્થિરતાને પામી શકતું નથી. મનમાં વિપરીત-ભૌતિક અને માત્ર દૈહિક અનુકુળતાને લગતા સંસ્કારોની ભીડ એટલી બધી જામી ગઈ છે કે આત્મિક ઉત્થાન થઈ શકે એવી ઉપયોગશુધ્ધિના વિચારને સ્થાન મળવું જ મુશ્કેલ થઈ પડ્યું છે. પોતાના મનઘરમાં પ્રભુને બિરાજમાન કરવાની ભાવના હોવા છતાં પણ જ્યાં જગ્યા જ નથી, એવી મનોભૂમિમાં ભગવાનને કેવી રીતે સ્થાપી શકાય ? રામ અને કામ એ બંનેનું સ્થાન એક રહી શકે જ નહિં. કામને હટાવ્યા બાદ જ રામને ત્યાં સ્થાપી શકાશે. આ હકીકતને સામાન્ય માણસો પણ સમજી શકે છે.

જે જે વસ્તુ કે બીના અંગે અતિ ગાઢ રાગ કે દ્વેષ વર્ત્તે છે, તે તે વસ્તુ અંગેના તે રીતના વિચારો વધુ ઉદ્‍ભવતા રહે છે. આ જીવ અનાદિકાળથી ભૌતિક અનુકુળતાનો વધુ રાગી અને તેની પ્રતિકુળતાનો વધુ દ્વેષી હોઈ તે રીતના સંસ્કારોથી જ સંસ્કારિત બની રહેલો છે. તેમાં પણ બધી જાતના ભૌતિક સંયોગોમાં તેની રાગી અને દ્વેષી વૃત્તિ એક

સરખી જ હોઈ શકતી નથી. વળી સર્વ જીવોમાં કે એકના એક જીવને પણ સદાના માટે એકસરખી વૃત્તિ રહેવા પામતી જ નથી. જે વસ્તુ અંગે એક વખત રાગ હોય તે પ્રત્યે અન્ય સમયે દ્વેષ પણ વર્ત્તવાનું બની શકે છે. વળી એક જ સમયે એક જીવને જે વસ્તુ અંગે રાગ વર્ત્તતો, હોય, તે જ વસ્તુ અંગે અન્ય જીવને દ્વેષ પણ વર્ત્તે, એવુંય બને છે. જેથી જે વસ્તુ અંગે જેને જેવી ગાઢ વૃત્તિ હોય, તે વસ્તુના સંયોગમાં કે તેની સ્મૃતિમાં તેને તે તે રીતની વૃત્તિનો ઉપયોગ વધુ ટકી શકે છે.

નાટક સીનેમા જોવા ટાઈમે તેની વધુ રૂચિવાળો મનુષ્ય, તે જોવામાં એકતાન બની રહે છે. તેમાં દીર્ઘ ટાઈમ વ્યતીત થાય તો પણ તેને ઘણો ઓછો ટાઈમ વ્યતીત થવાનું અનુભવાય છે. તે ટાઈમે તેનો ઊપયોગ તેમાં જ સ્થિર બની રહે છે. તેના ઉપયોગ અંગે અસ્થિરતાની તેને ફરીયાદ હોતી જ નથી. તેવી રીતે દુશ્મનને પ્રતિકુળ–હાનિકારક પ્રવૃત્તિમાં કે ચિંતવનમાં તેના તે રીતના ઉપયોગમાં જરા પણ ખલેલ આવતી નથી. ત્યાં તેની પરીસ્થિતિ ઉપર મુજબ જ હોય છે. આ રીતના સંયોગોમાં તેને મનને સ્થિર બનાવી રાખવાનો જરા પણ પ્રયત્ન કરવો પડતો નથી. ઓટોમેટિક તેનું મન સ્થિર બની રહે છે. એવી રીતે ઇન્દ્રિયોને અનુકુળ કે પ્રતિકુળ સર્વ વિષયો અંગે પણ સમજી લેવું.

મનની આવી એકાગ્ર વૃત્તિ કોઈને શીખવવી પડતી

નથી. તેમાં મનની અસ્થિરતા માટે કોઈ ફરીયાદ પ્રાયઃ કરતું નથી. ફરીયાદ માત્ર ધાર્મિક અનુષ્ઠાનોમાં જ મનની અસ્થિરતાની છે.

સામાયિક કરતો હોય, પ્રભૂપૂજા કરતો હોય, નવકારવાળી ગણતો હોય કે અન્ય કોઈ ધાર્મિક અનુષ્ઠાન કરતો હોય ત્યારે મનમાં તો તેની લાગણી વિશેષતાએ તો એ જ વર્તે છે કે આપણે જૈન છીએ માટે સામાયિક કરવું જોઈએ. સામાયિકમાં પણ અડતાલીસ મીનીટથી વધુ ટાઈમ ન થઈ જાય, તેની તકેદારી માટે તેનો ઉપયોગ તો ઘડીયાળના કાંટા ઉપર જ વર્ત્તતો હોય છે. સામાયિક પાળવા ટાઈમે પણ જાણે બંધનથી છૂટતા હોઈએ તેમ જલ્દી જલ્દી સામાયિક પાળવાનાં સૂત્રો બોલીએ છીએ. આ બધામાં ધર્મક્રિયા તો ફક્ત બાહ્ય પ્રવૃત્તિરૂપ જ બની રહેતી હોઈ તેટલા ટાઈમ પૂરતી પણ મનઃશુદ્ધિ દ્વારા ઉપયોગની સ્થિરતા ન હોવાનું કારણ, સાંસારિક પ્રવૃત્તિઓ માટે જેટલો રાગ છે, તેટલો રાગ હજુ ધાર્મિક અનુષ્ઠાનો અંગે સ્ફુર્યો નથી. સાંસારિક પ્રવૃત્તિઓની અસારતા અને ધાર્મિક અનુષ્ઠાનોની સારતાનો વિવેક હજુ જાગ્યો હોતો નથી. વળી તે વિવેક પામવાની પણ હજુ તીવ્રાભિલાષા નથી. જેથી અભવી જીવોની માફક અનેકવિધ ધર્મક્રિયાઓ, ક્રિયાકારકને આત્માનું વાસ્તવિક હિત કરનારી બની શકતી નથી. આ રીતની ક્રિયામાં કેવળ ઓઘસંજ્ઞા, લોકસંજ્ઞા કે કોઈ પ્રકારની પૌદ્ગલિક અભિલાષાનો ઉપયોગ વર્ત્તતો

હોઈ, ત્યાં રત્નત્રયીની આરાધના અંગેના ઉપયોગનો અભાવ હોવાથી, તે બાબત અંગે મનની સ્થિરતા હોઈ શકતી જ નથી.

અનાદિ કાળથી આત્માને અનર્થકર બની રહેલ વિષય-કષાયથી સંસ્કારિત વૃત્તિઓને જો આપણા મનમાં સ્થાન મળી જાય તો તે વૃત્તિઓ પોતાની હકુમત, આત્મા ઉપર વધુને વધુ જમાવતી રહે છે. પછી તો તે આપણા મનની માલીક બની જાય છે. જેથી એવી વૃત્તિયોની ભીડ આપણા મનની માલિક બની જાય છે. જેથી એવી વૃત્તિયોની ભીડ આપણા મનમાં એટલી બધી વધી જાય છે કે આત્માની હિત-કારી વૃત્તિઓને આપણા મનમંદિરમાં પ્રવેશવા માટે સ્થાન જ મળતું નથી. મન બિચારૂં શું કરે ? આપણે પોતે જ જેવી વૃત્તિઓ સંઘરવા તેને આપીએ તેવી તે સંગ્રહે. પરંતુ જો કુત્સિત વૃત્તિઓને આપણા તરફથી સત્કાર જ ન મળે, તેના માટે સ્થાન જ ન અપાય, તો પછી તેવી વૃત્તિઓને ટકી રહેવાનું જ કયાંથી બને ?

આપણા આત્મામાં સંસ્કારરૂપે સંગ્રહિત બની રહેલી કુત્સિત વૃત્તિઓને હટાવવી અને નવી વૃત્તિઓ ઉદ્ભવીને આત્મામાં પોતાનું સ્થાન ન જમાવે તેની પૂરતી કાળજી રાખવી જોઈએ. આ બન્ને માર્ગને જૈન પારિભાષિક શબ્દથી કહીયે તો અનુક્રમે નિર્જરા અને સંવર કહેવાય છે. આ સંવર અને નિર્જરા જ ખરો ધર્મ છે. અને તે રીતના

ધર્મને પ્રાપ્ત કરાવનાર બાહ્ય અનુષ્ઠાનોને પણ કારણમાં કાર્યના ઉપચારથી ધર્મ કહેવાય છે.

સંસ્કારરૂપે બની રહેલ તે વૃત્તિઓને હટાવવાનો માર્ગ તો એ જ છે કે જ્યારે મનમાં એવી વૃત્તિઓ ઉદ્ભવે ત્યારે તેની ઉપેક્ષા કરવી. અર્થાત્ તે વૃત્તિને આધિન નહિ બનતાં ફક્ત જોયા જ કરવી. આધ્યાત્મિક દ્રષ્ટિએ તેની અધમતાને વિચારવી. તે પ્રત્યેના સદ્ભાવ રહિત બનવું. તેને અનુકુળ નહિં બનવું. મનથી તેને ધિક્કારવી. એ રીતે બની રહેલ તેના પ્રત્યેના વર્તનથી તેની દ્રઢતા–ઘનિષ્ટતા શીથીલ બની જશે. અને ધીમે ધીમે નષ્ટ પામશે. ઘર આંગણે આવેલ મેમાનને આપણો સત્કાર મળતો રહે તો જ તે વારંવાર આવતો રહે છે. પરંતુ આવનાર મેમાનને આવકાર જ ન મળે, ઉપેક્ષા કરાય, તો પણ કદાચ કોઈ ધીઠ માણુસ નકટો થઈને ફરી આવે તે વખતે પણ તેને છેવટે તો સમજવું પડે કે અહિં આવવું કે રહેવું નકામું છે. ફરી તેને આવવાનું મન જ થતું નથી.

એવી રીતે અનાદિ કાળથી આત્માને અનર્થકર સંસ્કારિત વૃત્તિયોને જો આપણા તરફથી સ્થાન મળે તો તે પોતાની હકુમત, આત્મા ઉપર વધુને વધુ જમાવે છે. પછી તો આપણા મનની તે માલિક બની જાય છે. અને એવી વૃત્તિઓની ભીડ, આપણા અંતઃકરણમાં એટલી બધી વધી જાય છે કે આત્માને હિતકારી સદ્વૃત્તિઓને સ્થાન જ

મળતું નથી. મન બિચારૂં શું કરે? આપણે તો જેવી વૃત્તિઓ તેને સંઘરવા આપીયે તેવી સંગ્રહે. પરંતુ દુષ્ટ વૃત્તિઓને આપણા તરફથી સત્કાર જ ન મળે, મનમાં તેના માટે સ્થાન જ ન અપાય, તો પછી તેવી વૃત્તિઓને ટકી રહેવાનું બની જ કેવી રીતે શકે?

માટે જ શાસ્ત્રમાં કહ્યું છે કે "अकम्मुणा कम्म खवेंति धीरा જે મનુષ્ય ગંભીર હોય છે, ધૈર્યવંત હોય છે, ઘટના-ઓથી નિર્ભય હોય છે, ક્યારેય પણ વિચલિત નહિં થવા-વાળો હોય છે, ઘટનાઓને જાણી લે છે, દેખી લે છે, તેવો અડગ આદમી અકર્મદ્વારા, અપ્રવૃત્તિદ્વારા, કર્મને ક્ષીણ કરી શકે છે. તેના સંસ્કારને સમાપ્ત કરે છે, વિલીન કરે છે.

આ રીતે આપણે દુષ્વૃત્તિઓને હટાવી આપણા મનમંદિરને સ્વચ્છ બનાવી તેમાં સદ્દવૃત્તિરૂપ સિંહાસન સ્થાપી, પરમાત્માને તેમાં સ્થાપન કરી શકીએ. પછી જ "મન મંદિર આવો રે કહું એક વાતલડી" એ વિનંતીને સફળ બનાવી શકીએ.

આ બધું કરી શકવાના વિવેકી માનવીને દ્રષ્ટિવાદો-પદેશિકી સંજ્ઞાવાળો સંજ્ઞિ કહેવાય જ્યાં સુધી દ્રષ્ટિવાદો-પદેશિકી સંજ્ઞારહિત માત્ર દીર્ઘ કાલિકી સંજ્ઞાવાળો જીવ રહે છે, ત્યાં સુધી તેને વૃત્તિઓના સારા કે બુરાપણાનો પણ વિવેક હોતો નથી. તે તો એમ જ માને છે કે દૈહિક

અનુકુળતાની રૂચિવાળી વૃત્તિ તે સારી અને તેથી પ્રતિકુળ વૃત્તિઓ તે બુરી, આવી અજ્ઞાનતા–અવિવેક–વિપરીત સમજના કારણે જ ઝાંઝવાના જળ તરફ દોડી રહેવા જેવી, જીવ અનાદિ કાળથી ભૂલ કરી રહ્યો છે. તેથી જ દુખી થઈ રહ્યો છે, પરંતુ દ્રષ્ટિવાદોપદેશિકી સંજ્ઞા પામ્યા પછી જ, દીર્ઘકાલીકી સંજ્ઞાવડે વિવેકી–સમજુ–સદ્‌માર્ગનો જ્ઞાતા બની દુષ્વૃત્તિઓને હટાવવાના પુરૂષાર્થમાં સફળ બની, મનોભૂમિ સાફ બનાવી શકે છે. જે દીર્ઘકાલીકી સંજ્ઞાની શક્તિનો દુર્વ્યય થઈ રહ્યો હતો, તેનો જ હવે દ્રષ્ટિવાદોપદેશિકી સંજ્ઞા પામ્યા પછી સદ્‌વ્યય થાય છે. જે મન, સંસાર વૃદ્ધિનું કારણ બની રહ્યું હતું તે હવે મોક્ષનું કારણ બની રહે છે. કારણકે હવે તેનું મિથ્યાત્વ હટી જાય છે. દુષ્વૃત્તિઓ સામે યુદ્ધે ચઢવાની તાકાતનો તેને ખ્યાલ આવે છે. અને તે માટેના પુરૂષાર્થમાં ધીમે ધીમે પણ તેને સફલતા મળે છે. અન્તે આ મનથી જ આર્ત્ત–રૌદ્રધ્યાન-રહિત ધર્મધ્યાનના સહારે ક્ષપકશ્રેણ્યારૂઢ બની ચાર ઘન-ઘાતી કર્મોના બંધને આત્માથી નિર્મૂળ બનાવી, શુકલધ્યાની અને અનંતજ્ઞાનાદિ ચતુષ્કનો ભોક્તા બને છે. સૈદ્ધાન્તિક ભાષામાં તે સયોગી કેવલી નામે તેરમા ગુણસ્થાનકને પામે છે. અહિં મોહનીય કર્મનો સંપૂર્ણ ક્ષય થઈ ગયેલો હોઈ ઉપયોગની અશુદ્ધિ હોવાનો કે ફરી અશુદ્ધ થવાનો સવાલ જ રહેતો નથી. પછી તો આત્મા, ઉપયોગ શુદ્ધિની અનંતતા-વાળો જ બની રહે છે. વળી પહેલાં જ્ઞાનાવરણીય કર્મની ક્ષયોપશમતાના કારણે જે જ્ઞાન ક્ષાયોપશમિક ભાવનું હતું,

તે અહિં જ્ઞાનાવરણીય કર્મનો સંપૂર્ણ ક્ષય થઈ જતો હોઈ ક્ષાયિક ભાવનું થાય છે. પછી પૂર્વાપરનો વિચાર કે ચિંતવન કરવારૂપ મનનું પણ અસ્તિત્વ રહેતું નથી. અપૂર્ણજ્ઞાનાવસ્થામાં જ તેનું અસ્તિત્ત્વ હોઈ શકે છે. વળી આત્માનું વીર્ય (બળ–શક્તિ) પણ વીર્યાંતરાય કર્મના સંપૂર્ણ ક્ષયથી અનંતવીર્યરૂપે બને છે. ત્યારબાદ આત્મા, મન–વચન–કાયાના યોગથી પણ નિવૃત્ત થવારૂપ અયોગી નામે ચઉદમા ગુણસ્થાનકને પામે છે. ત્યાં પાંચ હ્રસ્વાક્ષર ઉચ્ચારણ જેટલા અલ્પ સમય પૂરતો જ રહી, અંતે મોક્ષાવસ્થાને વરે છે.. અક્ષય સુખનો ભોક્તા બને છે.

## ૭ મનોયોગ અને ઉપયોગ

આત્માનો પરિણામ-અધ્યવસાય-લાગણી-અંતર તે ઉપયોગ છે. અને આત્મા, મનઃપર્યાપ્તિના યોગે મનોવર્ગણાનાં પુદ્ગલો ગ્રહણ કરીને મનપણે પરિણમાવે તે મનોયોગ છે. જેને સાદી ભાષામાં મન કહેવાય છે. આ મન તે પુદ્ગલોનો એક પર્યાય હોઈ જડ છે. જ્યારે ઉપયોગ-અધ્યવસાય-પરિણામ તે આત્માનો પર્યાય છે. આ હિસાબે તે બન્નેમાં ભેદ છે.

મોહનીય કર્મનો સર્વથા ઉપશમ કરીને આત્મા, અગીઆરમા ગુણસ્થાનકે પહોંચી જવા છતાં તે ઉપશમીત મોહનીયકર્મનો પુનઃ ઉદય થતાંની સાથે જ તે આત્મા, આધ્યાત્મિક ઉંચી ભૂમિકા ઉપરથી નીચેની ભૂમિકાઓ ઉપર આવી પડે છે.આમ ઉંચે ચડેલા આત્માનું પતન થવામાં તે સમયે મોહનીયકર્મનાઉદયે વર્તતા આત્માના પરિણામ-અધ્યવસાય -યા ઉપયોગ જ કારણભૂત છે. અને તેવા ઉપયોગના કારણે જ પતન પામતા આત્મામાં, પૂર્વે બંધ વિચ્છેદ કર્મપ્રકૃતિઓનો પુનઃ બંધ થવા માંડે છે. પરંતુ વિવિધ સમયે વર્તતો વિવિધ ઉપયોગ તો મન મારફત જ સમજી શકાય છે. मनएव मनुष्याणां कारणं बन्ध मोक्षयोः કહેવાનું કારણ એ છે

કે વ્યવહારથી, મોહનીય કર્મના ઉદયનો પ્રભાવ, મન મારફતજ બતાવી શકાતો હોવાથી સાદી સમજના લોકોના વ્યવહારની દ્રષ્ટિએ મનને જ અધ્યવસાય–પરિણામ યા ઉપયોગ સ્વરૂપે ઉપચારથી સમજાવાય છે. મનની પાછળ તો કર્મો અને અધ્યવસાય–ઉપયોગ સ્વરૂપ આત્મપુરૂષાર્થ કામ કરતો હોય છે. અને તે અનુસાર જ મનને કામ કરવું પડે છે. એટલે જ બાળજીવોના વ્યવહારની દૃષ્ટિએ યોગીવર્ય શ્રી આનંદઘનજી મહારાજ જેવા સમર્થ અધ્યાત્મી પુરૂષે પણ પ્રભુના સ્તવનમાં ગાયું છે કે 'મનડું કિમહી ન બાઝે, હો કુંથુંજીન મનડું કિમ હી, ન બાઝે' આ ઉપરથી સમજી શકાય છે કે મોહનીય કર્મનો ઉદય, ક્ષયોપશમ, ઉપશમ, કે ક્ષય તે મન મારફત જ અસરકારક બનતો હોઈ, બંધ અને મોક્ષના કારણ અંગે મન ઉપર તેનો ઉપચાર કરવામાં આવેલો છે.

સંજ્ઞિપંચેન્દ્રિય જીવો વિચાર કરવાના ટાઈમે પોતાના આત્મવીર્યથી અને કાયયોગના બળથી મનોવર્ગણાના પુદ્ગલોને આકર્ષીને વિચારવામાં કામ આવે તેમ મનપણે પરિણમાવી તેનું મન બનાવી, વિચાર કરવામાં તેનો ઉપયોગ કરી, પછી તુરત જ મનના તે પુદ્ગલોને છોડી દે છે. આ રીતે દરેક ટાઈમે વિચાર કરવામાં મનોવર્ગણના પુદ્ગલો ઉપર ગ્રહણ, પરિણમન, અવલંબન અને વિસર્જન એ ચારે પ્રયોગદ્વારા જ, વિચાર કરી શકાય છે. મનવાળા સંજ્ઞિપંચેન્દ્રિય જીવ, કોઈ પણ વસ્તુનો વિચાર આ પ્રમાણે બનેલા મનથી જ કરે છે. વિચારવામાં મનનો ઉપયોગ થતી વખતે

મનની જે ભિન્ન ભિન્ન આકૃતિઓ થાય છે, તેને મનના પર્યાયો કહેવાય છે. આને દ્રવ્યમન કહેવાય છે.

દ્રવ્યમન એ એક પ્રકારનું પૌદ્‌ગલિક દ્રવ્ય છે. એટલે આ મનના પર્યાયો તે પુદ્‌ગલ દ્રવ્યના જ પર્યાયો છે. અને તે રૂપી છે. પરંતુ રૂપી હોવા છતાં તે સૂક્ષ્મ હોવાને કારણે ઇન્દ્રિયગોચર થઈ શકતા નથી. આ માનસિક આકૃતિઓરૂપ, પુદ્‌ગલદ્રવ્યના પર્યાયોને ઇન્દ્રિયોની અપેક્ષા વિના સાક્ષાત્ આત્માથી જાણી શકવાની ચૈતન્યશક્તિને મનઃપર્યવજ્ઞાન કહેવાય છે. એવા જ્ઞાનવિકાસને પ્રાપ્ત કરનાર મનુષ્ય મનઃપર્યવજ્ઞાની કહેવાય છેઃ

મનઃપર્યવજ્ઞાની તે માનસિક આકૃતિઓને પ્રત્યક્ષ કરે છે. પરંતુ તેના અર્થજ્ઞાનને અર્થાત્ ચિંતનીય વસ્તુને પ્રત્યક્ષ કરી શકતા નથી. મનઃપર્યવજ્ઞાની જો મનના સંપૂર્ણ વિષયોનું સાક્ષાત્ જ્ઞાન કરી શકતા હોય તો તો અરૂપીદ્રવ્યપણ મનઃપર્યવજ્ઞાનનો વિષય બની જાય. અને એ રીતે બને તો કેવળજ્ઞાન અને મનઃપર્યવજ્ઞાનમાં કાંઈ ફેર રહી શકે નહીં. પરંતુ મનઃપર્યવજ્ઞાન તો રૂપીદ્રવ્યનો જ સાક્ષાત્કાર કરે છે. અને તે પણ સર્વ રૂપીદ્રવ્યોનો સાક્ષાત્કાર નહિં કરી શકતાં, સર્વ રૂપીદ્રવ્યોનો અનંતમો ભાગ અર્થાત્ માનુષોત્તર-મર્યાદામાં જ મનની ભિન્ન ભિન્ન આકૃતિ રૂપ પુદ્‌ગલ પર્યાયોને જ પ્રત્યક્ષ કરે છે. અને તે ઉપરથી અર્થજ્ઞાનનું એટલે કે ચિંતનીય વસ્તુનું અનુમાન કરે છે. એટલે

મનઃપર્યવજ્ઞાનમાં મનઃપર્યાય અર્થાત્ માનસિક વિવિધ આકૃતિઓનું પ્રત્યક્ષ જ્ઞાન છે. અને ચિંતનીય વસ્તુનું અનુમાન જ્ઞાન છે. એટલે સંજ્ઞિપંચેન્દ્રિય જીવે ગ્રહણ, પરિણમન, અવલંબન અને વિસર્જન પ્રયોગદ્વારા ફેલાવેલ માનસિક આકૃતિઓને મનઃપર્યવજ્ઞાની આત્મ સાક્ષાત્કાર કરી શકે છે. પરંતુ તે આકૃતિઓને ફેલાવનાર જીવના ચિંતવન–પરિણામ યા ઉપયોગને તો મનઃપર્યવજ્ઞાનીઓ આ માનસિક આકૃતિઓની પ્રત્યક્ષતાના આધારે અનુમાનથીજ સમજી શકે છે. અહિં એકમાં પ્રત્યક્ષતા અને બીજામાં અનુમાનતા હોવાપણું જ, એ બન્ને વચ્ચેનો ભેદ સ્પષ્ટ સમજાવે છે.

આ રીતે ઉપયોગ અને મનયોગ વચ્ચે સ્પષ્ટ ભેદ હોવા છતાં પણ ઉપયોગનો ખ્યાલ પેદા કરવા માટે વિચારકને ઉપર દર્શાવેલ હકીકત મુજબ મનયોગના સંબંધની આવશ્યકતા તો રહેજ છે. તે સંબંધની આવશ્યકતા તેરમા સયોગી-ગુણસ્થાનક સુધી જ છે. ચૌદમા ગુણસ્થાનકે તો આત્મા સર્વથા અયોગી જ બની રહે છે. જેથી ત્યાં ઉપયોગ અને મનયોગનો સંબંધ સર્વદાના માટે છૂટી જાય છે.

મનઃપર્યવજ્ઞાનીઓને માનસિક આકૃતિઓની પ્રત્યક્ષતા માટે બાહ્ય વૈજ્ઞાનિક કે અન્ય કોઈ સાધનની આવશ્યકતા રહેતી નથી. તેઓ તો તેવી આકૃતિઓને તેમની જ્ઞાનશક્તિના બળે સાક્ષાત્ આત્મ પ્રત્યક્ષ જાણી શકે છે. આવી જ્ઞાનશક્તિ તો આધ્યાત્મિક ઉન્નત્તિને પામેલા આત્માઓમાંજ હોઈ શકે

છે. અને તે પણ સર્વવિરતિધારક અમુક સંયમીઓને જ પ્રાપ્ત થાય છે. પણ સાથે સાથે સમજવું જરૂરી છે કે આવા સૂક્ષ્મ રૂપીપદાર્થોને અમુક વૈજ્ઞાનિક પ્રયોગો દ્વારા પણ ઇંદ્રિય-પ્રત્યક્ષ કરી શકાય છે. એવા પ્રયોગો દ્વારા તે વૈજ્ઞાનિકો ઇન્દ્રિય પ્રત્યક્ષ કરી શકે, પરંતુ આત્મસાક્ષાત્ જાણી શકે નહિં. અર્થાત્ કેટલાંક સૂક્ષ્મ અને રૂપીતત્વોને જાણવામાં વૈજ્ઞાનિકોને બાહ્ય વૈજ્ઞાનિક સાધનો અને ઇંદ્રિયોનાં ઉપયોગની તો આવશ્યક્તા રહેજ. ગમે તેમ હોય પણ, જ્ઞાનીઓએ કહેલ કેટલીક સૂક્ષ્મ બાબતો કે જેને જગતના માનવીઓ, સરળતાથી ઇંદ્રિયપ્રત્યક્ષ કે બુદ્ધિગમ્ય કરી શકતા નથી, તેવી કેટલીક બાબતોનું અસ્તિત્વ પણ વૈજ્ઞાનિક સાધનો દ્વારા વૈજ્ઞાનિક ક્ષેત્રોમાં ય સાબિત થતું હોવાના કારણે, સામાન્ય માનવીઓનેય આવી બાબતોનું અસ્તિત્વ સ્વીકારવું જ પડે છે.

તત્વજ્ઞાની અને વૈજ્ઞાનિક! મંઝીલ એક પરંતુ બન્નેના રાહ ન્યારા. સૃષ્ટિના પ્રારંભબીજનું જગતને માર્ગ-દર્શન આપનાર આ બેયના ધ્યેય-સિદ્ધિમાં અજબની-સામ્યતા જોવા મળે છે, છતાં સિદ્ધિ અને સાધનાની સડક અલગ ફંટાય છે.

પોતાના વિષયોના આ બન્ને પ્રખર નિષ્ણાતો એના સિધ્ધાંતને આધારે ધ્યેયશિખરે સલામત રીતે પહોંચે ખરા. તફાવત માત્ર એટલો જ કે તત્વજ્ઞાનીની વાતો સૂક્ષ્મ અને સામાન્ય માનવી સહેલાઇથી પચાવી શકે નહિ એવી, કયારેક

બુદ્ધિનું "લોજીક" સમજી શકે નહિ એવી, તથા માનવ-દષ્ટિ જોઈ શકે કે જ્ઞાનતંતુઓ ગ્રહણ કરી શકે અગર તો સ્પર્શી શકે નહિં એવી કયાંય દૂર દૂરના તત્વોથી સભર હોય છે. જ્યારે વૈજ્ઞાનિકની રીતરસમોમાં પોતે જે વાતો કરે છે, અને માન્યતાઓ સ્વીકારે છે, એના સમર્થનમાં સામાન્ય માનવી-ઓને જોઈ શકાય, સમજી શકાય અને સ્પર્શી પણ શકાય એવા સચોટ પુરાવાઓ પણ સફળતાથી રજુ કરી શકે છે. આનું કારણ એ છે કે તત્વજ્ઞાન, તે આત્મપ્રત્યક્ષ કરવાના પુરૂષાર્થ પ્રેરક છે, જ્યારે વિજ્ઞાન તે ઈંદ્રિયપ્રત્યક્ષ કરવાના પુરૂષાર્થ પ્રેરક છે. તત્વજ્ઞાન અને વિજ્ઞાનમાં આ તફાવત છે. પરંતુ બીજી ખૂબી એ છે કે વૈજ્ઞાનિક જ્યાં મુંઝાય છે–અટકે છે, એવી ઘટનાઓ કે જેને વૈજ્ઞાનિક સિદ્ધાંતો આંબી શકતા નથી, ત્યાં તત્વજ્ઞાનની ફીલસૂફ જરૂર એનો ઉકેલ શોધી આપે છે.

મોડર્ન સાયન્સ નામે એક અંગ્રેજી છાપાના એક અંકમાં જણાવ્યા મુજબ સને ૧૯૬૦ની આસપાસ ' વિચા-રદર્શક" એક યંત્રની શોધ થઈ છે. એ યંત્રમાં મીણ જેવી નરમ પદાર્થની એક પ્લેટ ઉપર, ચારફીટ દૂર ઊભા રહેનાર વ્યક્તિના વિચારોની, સૂક્ષ્મ–અણુ મોજાંઓની છાપ પડી જાય છે. પરિણામે એ યંત્રવિશારદ પોતે, તે ચાર ફીટ ઊભા રહેનારા માનવીના મનના અજ્ઞાત ખૂણાની વાતો પણ કરી શકે છે.

પૂર્વકાળથી "મન"ને એક રૂપી પદાર્થ (મેટર) સ્વરૂપે માનવાની જૈનદર્શનની માન્યતા, આવા વૈજ્ઞાનિકો દ્વારા પણ ઉપરોક્ત રીતે સિદ્ધ થઈ ચૂકી છે. વૈજ્ઞાનિક ક્ષેત્રમાં મનનાં અણુઓને વૈજ્ઞાનિકોએ કેવી રીતે ઇંદ્રિય પ્રત્યક્ષ સિદ્ધ કર્યાં છે, તે હકીકત આગળ વિચારીશું. પરંતુ તેના અંગે અહિં એટલા માટે જ જણાવવામાં આવે છે કે, "મન"એ સ્વતંત્ર એક પુદ્ગલ ( મેટર ) છે. અને તે જડ છે. તે ચેતનનો પર્યાય નથી. પરંતુ ચેતનના પ્રયત્નથી પ્રસરતો જડનો જ એક પર્યાય (અવસ્થા) છે. અધ્યવસાય–પરિણામ–લાગણી લક્ષ્ય–અંતર–હાર્દિકભાવ, એ બધાંને જૈન પરિભાષામાં ઉપયોગ તરીકે ઓળખાવાય છે. તે ઉપયોગ એ ચેતન (આત્મા)નો પર્યાય છે. તેવા તે ચેતનના પર્યાયો સ્વરૂપ, મનુષ્યની લાગણીઓને,જડ એવા માનસિક પુદ્ગલોની થતી વિવિધ આકૃતિઓ દ્વારા, અનુમાન–સ્વરૂપે સમજી શકવાની શક્તિ મનઃપર્યવ-જ્ઞાનીઓમાં જ પ્રવર્તે છે. તેવી રીતે વર્તમાન વૈજ્ઞાનીક ક્ષેત્રમાં પણ અમુક પ્રયોગો દ્વારા વિચારક મનુષ્યોના વિચારોને ઝડપી લઈ તેના હૃદયના ભાવોની પ્રમાણિકતા યા અપ્રમાણિકતાનું વૈજ્ઞાનિકો અનુમાન કરી શકયા છે. માનસિક અણુ-ઓને મન; પર્યવ જ્ઞાનીઓ તો કોઈ પણ જાતની બાહ્ય સાધન-સામગ્રી વિના અને કોઈપણ જાતના વૈજ્ઞાનિક સાધન વિના જાણી શકે છે. જ્યારે વૈજ્ઞાનિકો અમુક પ્રકારના વૈજ્ઞાનિક સાધન દ્વારા જ સ્થૂલ રૂપે જાણી શકે છે. ત્યારપછી તે વિચારકના હાર્દિક ભાવને તો મનઃપર્યવજ્ઞાની અને વૈજ્ઞાનિક એ બન્ને

અનુમાનથી જ જાણે છે. વૈજ્ઞાનિક અનુમાન તો સ્થૂલ તથા સ્ખલના થવાના ભયવાળું છે. પરંતુ મનઃપર્યવજ્ઞાનીઓની અનુમાનતા તો નિશ્ચલ અને સંપૂર્ણ–સત્ય જ બની રહે છે.

વૈજ્ઞાનિકો કહે છે કે મગજમાંથી થોડાક માઈક્રો-વોલ્ટસની શક્તિ ધરાવતાં વિદ્યુત મોજાં થાય છે. જે જીભ, ગળું તથા હોઠને અનૈચ્છિક રીતે સંકોચે છે. આ મોજાંને પૂરતા પ્રમાણમાં મોટાં બનાવવામાં આવે અને તેમને એકાદ ફિલ્મ પર ઝીલવામાં આવે તો તે તમારા અણબોલાયેલા વિચારોનો આલેખ બની રહેશે. વિજળીનાં આવાં મોજાં તથા તેના આલેખનને વિજ્ઞાનની ભાષામાં “ઇલેકટ્રોમાયો-ગ્રામ્સ,” ટુંકમાં “ઈ. એમ. જી” કહે છે. આ ઈલેક્ટ્રોમાયો ગ્રામ્સ તો મગજનાં કાર્યોનો કાગળ પર યા ફિલ્મ કે ચુંબકીય પટ્ટપર દોરાયેલો આલેખ માત્ર છે. મગજના વિચારો સીધે સીધા કળી શકાય નહિં. કારણ કે મગજમાં એક સામટા સંખ્યાબંધ કોષો કામ કરતા હોય છે. વાણી માટેના જવાબદાર અવયવોને તો તે વિચારો સુસંકલિત સ્વરૂપે પહોંચે છે. વ્યક્તિ જે ભાષા બોલતી હોય, તે ભાષાના નિયમાનુસાર વિચારો ગોઠવાયેલા હોય છે. “ઈ. એમ. જી.” તે જેટલા આલેખો દોરે તે બધા કયા અવાજ તથા શબ્દોને લગતા છે, તે સમજી શકાય ત્યારે જ મનનું ચિંતન સમજી શકાય છે.

કલકત્તાથી નીકળતા, “માધુરી” નામે હિંદી માસિકના વર્ષ ત્રીજાના શ્રાવણ માસના અંકમાં “માનસિક વિચારો

જાણવાનું યંત્ર" શિર્ષક લેખમાં જણાવ્યું છે કેઃ–

"જાન પડતા હૈ, વૈજ્ઞાનિક લોગ કિસી કામકો અસંભવ ન રહને દેગે. એક પાશ્ચાત્ય વૈજ્ઞાનિકને એક અદ્‌ભુત યંત્રીક રચના કી હૈ. ઉસકા નામ રખા હૈ ફોટોગ્રાફર. ઇસકા નામ હી યહ સૂચિત કરતા હૈ કિ ઈસ યંત્ર કે દ્વારા મનુષ્યકી ચિંતાકા ફોટો લિયા જા શકતા હૈ. કિસીકે મસ્તિષ્કમેં કયા ચિંતા આ–જા રહી હૈ યહ સિવા અંતર્યામી કે ઔર કોન જાન શકતા થા? પર અબ યહ જાનના સહજ હો જાયગા. ફોટો લેનેકી રીતી ભી અદ્‌ભુત ઔર નઈ હૈ. કાલે કાગજ કે ભીતર ફિલ્મ ભરકર ઉસે એક જર્દ લિફાફે મેં રખકર ઉસે આંખોકે આગે દસ મિનિટ તક લટકાએ રખતે હૈં. ઉસીમેં મનુષ્યકે મનકી બાતોકા ચિત્ર, ફિલ્મમેં ઉત્તર આવેગા"

ઉપરોક્ત 'માધુરી' નામે માસિક પત્રમાં તે પત્રના વર્ષ પાંચમાના એક અંકમાં વળી પણ 'સ્વપ્નનિર્દેશક યંત્ર' શિર્ષક લેખમાં જણાવ્યું હતું કે :–

'સાઇંશ એન્ડ ઈનવેશન' નામના એક વૈજ્ઞાનિક પત્રમેં સ્વપ્ન નિર્દેશક યંત્રકા વર્ણન છપા હૈ. યહ યંત્ર કિસી મનુષ્યકે શરીર કે સાથ ઉસકે હૃદય કે પાસ બાંધદિયા જાતા હૈ. ઔર ઉસકા સંબંધ એક રેકોર્ડરકે સાથ કર દિયા જાતા હૈ. રેકોર્ડર મેં કાગજ લગા રહતા હૈ. જિસપર ઉક્ત મનુ-

ષ્યકા સ્વપ્ન, અંકિત હોતા જાતા હૈ. અવશ્યહી જો સ્વપ્ન, મનુષ્ય દેખતા હૈ, ઉસકા વર્ણન યા દૃશ્ય નહિ, કિન્તુ ઉસકે હૃદયોસ્થિત ભાવોકા સંકેતમાત્ર અંકિત હોતા હૈ. સ્વપ્ન-કાળમેં મનુષ્ય કે હૃદયપર જો જો ભાવ–દુઃખ–હર્ષ–શોક–વિષાદ–ક્રોધ ઉત્તેજના આદિ ઉઠતે હૈ, ઉનકા યહ એક ખાસ ચિત્ર હૈ.

લીઓનાર્ડો કીલર નામના એક અમેરિકન વૈજ્ઞાનિકે એક અસત્ય શોધક યંત્ર શોધ્યું છે. તેને 'પોલીગ્રાફ' કહે છે. અદાલતમાં અટ્ટલ જુઠું બોલનાર સાક્ષી પણ સાચું બોલવાના સોગંદ ઉપર જુઠું બોલે ત્યારે તેના મનમાં થોડોક સૂક્ષ્મ ચણચણાટ થાય છે. એની અસર એના ચહેરા પર ન દેખાય છતાં, તેના રક્તાભિસરણ પર, શ્વાસોશ્વાસ પર, અને વર્મ ગ્રંથિ પર થાય છે. પોલીગ્રાફમાં રક્તદાબમાપક, શ્વાસોશ્વાસ ગતિમાપક અને વિદ્યુતમાપક યંત્રોની ગોઠવણ સાથે પ્રત્યેક યંત્રે એક આલેખ સૂચિ જોડેલી હોય છે. તે ઉપરથી એના સાચ જૂઠની છાપ પડી જાય છે. અમેરિકામાં અત્યાર સુધી ફોજદારી મુકરદમામાં આ યંત્રનો ૬૦ હજાર પ્રસંગ પર ઉપયોગ થયો છે. અને બિલ્કુલ જુઠાંઓ પણ પકડાઈ ગયાં છે.

*આ રીતે મનની લાગણીઓને જાહેરમાં લાવનાર અન્ય* રીતનાં યંત્રોને પણ આધુનિક વૈજ્ઞાનિક ક્ષેત્રોમાં પશ્ચિમના વિવિધ વૈજ્ઞાનિકોએ શોધી કાઢયાની હકીકતો વર્તમાન પત્રોમાં

જાહેર થતી આવી છે.

આધુનિક વિજ્ઞાન જણાવે છે કે સમસ્ત સૃષ્ટિ, વીજળીમય છે. પ્રત્યેક પદાર્થ વીજળીના કણ અને વીજળીક તરંગોથી બનેલો છે. માનવ શરીર એક વીજળીક ઘર છે. આત્મિક વીજળીનો કરંટ, સંકલ્પના સ્પન્દનથી અખંડ વિચારધારાના ઉત્તમ વાયરો દ્વારા લક્ષ્યપર્યંત પહોંચે છે.

વિચાર કેવળ કેન્દ્ર નથી. પણ એક મૂર્તિમાન પદાર્થ છે. જેને વૈજ્ઞાનિક યંત્રોની સહાયથી પ્રત્યક્ષ જોવામાં સફળતા મળી છે જે વસ્તુનું ચિંતન કરવામાં આવે છે, તેનાં માનસચિત્રો, સ્થૂલ પદાર્થોની માફક જ હાલના સાહસિક વૈજ્ઞાનિકોના અદ્ભુત કેમેરાદ્વારા ખેંચી શકાય છે. દરેક ક્ષણે મસ્તકમાંથી વિચારનો પ્રવાહ ચાલતો જ હોય છે. માનવની કલ્પના પ્રમાણે વિચારોનું ચિત્ર ખેંચાય છે. વિશ્વ બ્રહ્માંડમાં વ્યાપ્ત આકાશતત્વમાં ઉઠતી માનસિક વીજળીની લહેરોને 'વિચાર' કહેવામાં આવે છે. આકાશ અનન્ત હોવાથી તેમાં નિરંતર લહેરોનો પ્રવાહ જરા પણ અડચણ વિના ચાલુ રહે છે. વિચાર શક્તિની ગતિ, પ્રકાશની ગતિના તુલનામાં અનેક ગણી વધારે છે. એમ વિજ્ઞાને સાબિત કર્યું છે. વિચારની ગતિનો મુખ્ય આધાર માણુસની કલ્પના શક્તિ, એકાગ્રતા અને ઇચ્છા શક્તિ ઉપર છે. વિચારમાં કંપન ઉત્પન્ન થવા માટે આ ત્રણેયની આવશ્યકતા છે.

આ બધી વૈજ્ઞાનિક વિચારણાનો સાર એ જ છે કે

માણુસના તમામ વિચારો મગજમાં સૂક્ષ્મ વિદ્યુત આવેગોના રૂપે ઉદ્દભવે છે. અને સૂક્ષ્મગ્રાહી યંત્રોદ્વારા તે વિદ્યુત આવેગોને નોંધી શકાય છે.

આવી રીતે મનને જૈન શાસ્ત્રોએ બ્રહ્માંડમાં વ્યાપ્ત મનોવર્ગણુાના પુદ્દગલોને, આત્મવીર્યથી અને કાયયોગના બળથી જીવે ગ્રહિત–પરિણુમિત–અવલંબિત અને વિસર્જિત દ્વારા માનસિક આકૃતિઓ સ્વરૂપે ફેલાવેલ પુદ્દગલ પર્યાય તરીકે જણાવેલ છે. તેને વૈજ્ઞાનિક ભાષામાં માનસિક વીજળીની લહેરો યા વિચારોનાં સૂક્ષ્મ મોજાં કે અન્ય કોઈ સંજ્ઞાથી ભલે ઓળખાવાય, તો પણ વસ્તુતાએ તે એક મૂર્તિમાન પદાર્થ છે. અને તે હૃદયોસ્થિત ભાવસ્વરૂપે નહિં હોતાં હૃદયસ્થિત ભાવસૂચક એક પૌદ્દગલિક પર્યાય છે. હૃદયોસ્થિત ભાવ તે ઉપયોગ છે. અને હૃદયોસ્થિત ભાવ સૂચક મનના પર્યાયો, મનના તરંગો, યા માનસિક વીજળીની લહેરો તે મનયોગ છે. મનયોગની શુદ્ધતા તે ભાવમનની શુદ્ધતા અને અશુદ્ધતાના આધારે છે. ભાવમનની શુદ્ધતા યા અશુદ્ધતાનો ઉદ્દભવ, મોહનીયકર્મના ક્ષય–ક્ષયોપશમ–ઉપશમ કે ઉદયના નિમિત્તે છે. ઉપયોગની શુદ્ધતા–અશુદ્ધતા આ રીતની શુદ્ધતા–અશુદ્ધતાના આધારે છે.

ઉપયોગની શુદ્ધતાથી આધ્યાત્મિક ક્ષેત્રે આત્મિક ઉત્થાન અને વિશ્વશાંતિ છે. જ્યારે ઉપયોગની અશુદ્ધતાએ આત્મિક પતન અને વિશ્વમાં વેર, ઝેર, ઈર્ષ્યા, ઝગડા અને

યુદ્ધો સર્જાય છે. વળી ઉપયોગની અશુદ્ધતા તે માનસિક વિચારોની મલીનતાના જ કારણે હોઈ, એ રીતના વિચારોથી માનવીના બાહ્ય શરીરોમાં પણ વિવિધ બીમારીઓ ઉત્પન્ન થાય છે. માટે વિચારશુદ્ધિ ટકાવવા મનુષ્યે ખાસ લક્ષ રાખવું જોઈએ. તેની સમજ આધ્યાત્મિક ગ્રંથો દ્વારા સદ્ગુરૂઓ પાસેથી જાણીને આધ્યાત્મિક અનુષ્ઠાનોમાં પ્રવૃત્ત બની રહેવું જોઈએ. આ ઉપયોગ, ભાવમન, અને દ્રવ્યમન સ્વરૂપ મનયોગની વાસ્તવિક સમજ, અને તે સમજ પ્રમાણે વર્ત્તતી, પ્રવૃત્તિ–નિવૃત્તિથી જ વિશ્વના પ્રાણીઓનો ઉધ્ધાર થયો છે, અને થશે.

*

## ૮ મનને સ્થિર બનાવવાનો ઉપાય

**જ્ઞાનાવરણીય** કર્મના ક્ષયોપશમાનુસાર જીવમાં પ્રગટ જ્ઞાનલબ્ધિનું જીવપ્રયત્ન વડે થતું કોઈ પણ જ્ઞેય પ્રત્યે કનકશન અર્થાત્ જ્ઞેય પ્રત્યે વર્ત્તતું આત્માનું જે લક્ષ, તેને ઉપયોગ કહેવાય. અને તે જ જ્ઞેયવસ્તુથી સંબંધિત બની રહેલ ઉપયોગ સમયે, તે જ જ્ઞેય સંબંધી મનન–ચિંતન સ્વરૂપે વર્ત્તતો જ્ઞાનલબ્ધિનો વ્યાપાર તેને મન (ભાવમન) કહેવાય છે. એટલે ઉપયોગ અને ભાવમન એ બન્ને,આત્માની જ્ઞાનલબ્ધિની જ પ્રવૃત્તિસ્વરૂપ વ્યાપાર છે.

જે જ્ઞેય અંગે ઉપયોગ વર્ત્તતો હોય તે જ જ્ઞેય સંબંધી મનન ચાલે. એક જ્ઞેયપ્રત્યેનો ઉપયોગ ખસી જઈ, અન્ય જ્ઞેય પ્રત્યે જોડાય ત્યારે ઉપયોગનું પરિવર્તન થયું ગણાય. ઉપયોગ પરિવર્ત્તનમાં મનન પણ બદલાય. એટલે પ્રથમ જે જ્ઞેય અંગે મનન ચાલતું હતું, તે જ્ઞેય પ્રત્યેનો ઉપયોગ છૂટી જવાથી હવે જે જ્ઞેય પ્રત્યે ઉપયોગ વર્ત્તે છે, તે જ જ્ઞેયનું મનન ચાલે છે.

ઉપયોગને નહીં સમજી શકનાર જીવો ઉપયોગના થતા પલટામાં મનનો પલટો થવાનું સમજી શકે છે. બાકી ઉપયોગનો પલટો થયા સિવાય મનનો પલટો થઈ શકતો

જ નથી. મનના પલ્ટાનો આધાર, ઉપયોગના પલ્ટાને જ આધારે છે. જ્યાં ઉપયોગ વર્ત્તતો હોય ત્યાંનું જ મનન વર્ત્તતું હોઈ, તે જ જ્ઞેય પ્રત્યે ટકી રહેતા ઉપયોગને ધ્યાન કહેવાય છે. લોકો તેને જ મનની સ્થિરતા કહે છે. મનની સ્થિરતા એટલે ઉપયોગની જ સ્થિરતા છે. અને મનની અસ્થિરતા એટલે ઉપયોગની જ અસ્થિરતા છે.

સ્વાધ્યાય કરનારનો ઉપયોગ જ્યાં સુધી તે સ્વાધ્યાયમાં જ જોડાઈ રહે છે, ત્યાં સુધી સ્વાધ્યાયમાં સ્ખલના આવતી નથી. પરંતુ સ્વાધ્યાય કરતાં કરતાં ઉપયોગ-લક્ષ તે બીજે ચાલ્યો જાય તો સ્વાધ્યાયનું મનન ચુકાઈ જઈ, જ્યાં ઉપયોગ વર્ત્તતો હોય તેના જ મનનમાં આત્મા વર્ત્તે છે. તે ટાઈમે સ્વાધ્યાયમાં સ્ખલના થાય છે. કારણકે તે ટાઈમે સ્વાધ્યાય અંગેનો ઉપયોગ ચૂકાઈ ગયો છે. એ રીતે થતી ઉપયોગની ચંચલતાને મનની ચંચલતાથી જ સમજી શકાય છે. ખ્યાલમાં લાવી શકાય છે.

કોઈ માણસ આપણી વાત સાંભળવામાં સ્થિર ઉપયોગવાળો બની એકાગ્રતાપૂર્વક સ્થિરમને સાંભળતો હોય, તે ટાઈમે તેના મનમાં ઓચિંતી કોઈ સ્મૃતિ જાગે, અગર દ્રષ્ટિ સન્મુખ રહેલી અન્ય કોઈ વસ્તુ પ્રત્યે તેનું ધ્યાન દોરાય, ત્યારે આપણી વાત ઉપરથી તેનો ઉપયોગ ખસી જઈ તેને સ્મૃતિમાં ઉદ્ભવેલ બાબત અંગે કે દ્રષ્ટિમાં રહેલી અન્ય કોઈ વસ્તુ પ્રત્યે તેનો ઉપયોગ જોડાઈ જાય

છે. અને તે વસ્તુઓનું જ મનન ચાલે છે. થોડીવાર પછી ત્યાંથી ઉપયોગ ખસી વળી આપણી વાત પ્રત્યે ઉપયોગ આવી જાય છે, એટલે તે આપણને કહે છે કે ભાઈ! તમે શું કહ્યું તે મને ફરીથી કહો. કારણકે હમણાં મારૂં મન બીજે પહોંચી ગયું હતું તેથી તમારી વાતનો ખ્યાલ રહી શકયો નહીં. આમ આપણે ઉપયોગના થતા પલ્ટાને વ્યાવહારિક પ્રસંગોમાં મનના પલ્ટાથી જ સમજી શકીએ છીએ. મનના પલ્ટાને જ મનની ચંચલતા કહેવાય છે. અહિં આપણે ઉપયોગની ચંચલતાને પણ મનની ચંચલતાપૂર્વક જ વિચારીશું. અને ઉપયોગની શુદ્ધિ–અશુદ્ધિ પણ મનની જ શુદ્ધિઅશુદ્ધિ દ્વારા સમજી શકીશું. કારણ કે મનની ચંચલતા હોય ત્યાં ઉપયોગની ચંચલતા તો છે જ. એ રીતે મનની શુદ્ધિ–અશુદ્ધિમાં પણ ઉપયોગની શુદ્ધિ–અશુદ્ધિ સમજી શકાશે.

જ્યાં મન છે, ત્યાં તો ઉપયોગ છેજ. એટલે ઉપયોગ વિના મન અને મનન હોઈ શકે જ નહિં. બાકી ઉપયોગ હોય ત્યાં મન અને મનન હોવાનો નિયમ નથી. હોય પણ ખરૂં અને ન પણ હોય. છદ્મસ્થ જીવોને ઉપયોગ સાથે મન અને મનન હોય. પરંતુ કેવલી પરમાત્માને ઉપયોગ હોવા જ છતાં મન અને મનન હોતું નથી.

મન અને મનન એ જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમમાં જ છે. કેવલી પરમાત્માને તો જ્ઞાનવરણીય કર્મનો સંપૂર્ણ ક્ષય થઈ ગયો હોઈ તેઓનું જ્ઞાન ક્ષાયિક ભાવનું

છે. ક્ષાયિકભાવી જ્ઞાનવાળાને પૂર્વાપરનું ચિંતન જરૂરી નથી જ. ચિંતવનની જરૂર ક્ષાયોપશમિક જ્ઞાન સુધીજ છે. એટલે જ કેવલીને ભાવ મન ન હોય એમ આપણે ગત પ્રકરણમાં વિચારી ગયા છીએ.

ઉપયોગ પ્રવર્ત્તનમાં અને મનન–ચિંતવનમાં, એ બન્ને પ્રસંગે આત્માની જ્ઞાનલબ્ધિ કામ કરે છે. પરંતુ ઉપયોગ કરતાં તો, મનન–ચિંતવનમાં જ્ઞાનલબ્ધિની પ્રવૃત્તિ-અંગે એક વિશેષતા એ છે કે સંજ્ઞિ જીવોને વિચાર કરવા માટે વિચાર કરવામાં–મનન કરવામાં ઉપયોગી એવાં મનો-વર્ગણાનાં પુદ્ગલોની, સાધનરૂપે ઉપયોગીતા જરૂરી હોઈ, તે પુદ્ગલોનું ગ્રહણ, અને પરિણમન કરવું પડે છે. અને એ રીતે ગ્રહણ અને પરિણમન કરવાપૂર્વક જીવ, ચિંત-નીય વસ્તુનું ચિંતવન–મનન કર્યા બાદ તે પુદ્ગલોનું વિસર્જન કરે છે.

વળી આ રીતે મનોવર્ગણાનાં પુદ્ગલોનું ગ્રહણ,–પરિણમન, અને વિસર્જન, જીવ જે પૌદ્ગલિક શક્તિના આધારે કરે છે, તે પૌદ્ગલિક શક્તિનું નામ જૈન પરિ-ભાષામાં "મનઃપર્યાપ્તિ" તરીકે ઓળખાય છે. આ મનઃ પર્યાપ્તિ સ્વરૂપ જીવનશક્તિનું નિર્માણ પુદ્ગલના ઉપચયથી જ થતું હોઈ તે પૌદ્ગલિક સાધન છે. તેમ છતાં તે પૌદ્ગલિક સાધન તૈયાર કરવામાં જીવનું જે કર્મ કામ કરે છે, તે કર્મને જૈનશાસ્ત્રમાં "પર્યાપ્તિનામકર્મ" તરીકે

ઓળખાવ્યું છે. દરેક જીવને કંઈ આ મનઃ પર્યાપ્ત નામકર્મનો ઉદય હોઈ શકતો નથી;

પર્યાપ્તનામકર્મના ઉદય વિના મનઃપર્યાપ્તિસ્વરૂપ જીવન-શક્તિનું નિર્માણ થઈ શકતું નથી. મનઃપર્યાપ્તિ વિના મનોવર્ગણાનાં પુદ્‌ગલોનું ગ્રહણ અને પરિણમન થઈ શકતું નથી. અને એ રીતના ગ્રહણ અને પરિણમન વિના જીવ, મનન–ચિંતન કરી શકતો નથી.

ઉપયોગ અંગેની હકીકત માત્ર જૈનદર્શનના જ શાસ્ત્રોમાં મળી શકે છે. જૈનદર્શન જ ઉપયોગની હકીકતને સમજાવી શકે છે. કારણ કે ઉપયોગ એ આત્માની જ્ઞાન-લબ્ધિનો જ વિષય છે. જ્ઞાનલબ્ધિની ન્યૂનાધિકતા, તે જ્ઞાનાવરણીયકર્મની જ ન્યૂનાધિક્તાના આધારે છે. જ્ઞાન એ આત્માનો ગુણ છે. અને જ્ઞાનાવરણીય કર્મ એ આત્માના જ્ઞાનગુણના પ્રકાશનું અવરોધક તત્ત્વ છે.

આ જ્ઞાન અને જ્ઞાનાવરણીય કર્મની હકીકતને માત્ર જૈનદર્શન જ યથાર્થ રીતે સમજાવી શકે છે. અન્ય કોઈને આત્માના જ્ઞાનગુણની સ્પષ્ટ સમજ સમજાઈ જ નથી. જ્ઞાનની વિવિધ અવસ્થાઓનો તેમને ખ્યાલ જ નથી. એટલે જ્ઞાનગુણની સમજવિના જ્ઞાનાવરણીય કર્મની પણ સમજ ક્યાંથી હોય? જ્ઞાનના સ્વરૂપને યથાર્થરૂપે જે સમજે તે જ જ્ઞાનાવરણીય કર્મને સમજી શકે. એટલે મન એ શું છે? તે પણ ક્યાંથી સમજાય? જ્ઞાનલબ્ધિ, જ્ઞાનાવરણીય

કર્મ અને મન અંગેની સ્પષ્ટ વ્યાખ્યા તો જૈનદર્શનના શાસ્ત્રોથી જ જાણી શકાશે.

વળી મનન કરવામાં સહાયક બની રહેતાં પુદ્ગલોનું અસ્તિત્વ ક્યાં છે? કેવા સ્વરૂપે છે? તે સ્વરૂપને કેવી રીતે પામી શકે છે? કયો જીવ તે પુદ્ગલોને ગ્રહણ કરી તેના દ્વારા મનન કરી શકે છે? ગ્રહણ અને પરિણમન કરવામાં ફેર કઈ શક્તિની આવશ્યકતા રહે છે? તે શકિતને જીવ કેવી રીતે પ્રાપ્ત કરે છે? આ બધી હકીકત તો બુદ્ધિગમ્ય અને હૃદયગમ્ય રીતે તો જૈનદર્શનકારો જ બતાવી શક્યા છે.

એક બાબતનો વિચાર કરતાં કરતાં બીજી બાબતના વિચારમાં મન ચાલ્યું જાય, તેને આપણે મનની ચંચલતા કહીયે છીએ. કારણ કે જરૂરી બાબતના વિચારને પડતો મૂકી અન્ય અન્ય બાબતના વિચારમાં થતા મનના પ્રવર્ત્તનને જ ચંચલતા કહેવાય. પણ અહીં સમજવું જોઈએ કે મન એ રીતે ચંચલતાને કેમ પામે છે? એ ચંચલતાનો મૂળ પાયો શું છે? તે સમજાય તો જ મનની ચંચળતા ટાળી શકાય.

મનન કરવું એ તો મનનો સ્વભાવ છે. પછી તે મનન ભલે સ્મૃતિનું હોય, કલ્પનાનું હોય કે સામાન્ય વિચારનું હોય. એ રીતે મનન કરવામાં મનની સ્વાધીનતા નથી.

કારણ કે જે ટાઈમે જે વસ્તુ કે બાબત પ્રત્યે જીવનો ઉપયોગ વર્તે, તે જ વસ્તુ કે બાબતનું ચિંતન, મન કરી શકે. જ્યાં સુધી જીવનો ઉપયોગ તે વસ્તુ સાથે જોડાયેલ હોય ત્યાં સુધી બીજી બાબતનું મનન, મન કરી જ શકતું નથી. વળી તે વસ્તુના મનનમાં સ્થિર બની રહેવાની પણ મનની સ્વતંત્ર સત્તા નથી. એક બાબતનું મનન કરતાં કરતાં જીવનો ઉપયોગ અન્ય બાબત પ્રત્યે ચાલ્યો જાય, એટલે મનને પણ મનનનું સ્થાન બદલાવવું જ પડે છે. માટે મનની ચંચળતા ટાળવા ઇચ્છનારે ઉપયોગની ચંચળતા ટાળવાનો ખ્યાલ રાખવો જરૂરી ગણાય. કારણ કે જે વસ્તુમાં જીવનો ઉપયોગ જશે, ત્યાં જ મન જશે, અને ત્યાંનું જ મનન કરશે.

કોઈ એક જ બાબતનો પણ ભૂત અને ભવિષ્યકાળ અંગેનો વિચાર છોડી દઈ, માત્ર તે બાબતના વર્તમાન-કાળ પૂરતું જ મનન, મન ત્યારે જ કરી શકે કે જીવનો ઉપયોગ વસ્તુની વર્તમાન અવસ્થા અંગેનો જ હોય. એવી રીતે એક જ બાબત કે એક જ વસ્તુ અંગે ભૂત અને ભવિષ્ય સંબંધી મનન માટે પણ સમજવું.

એક જ વખતે એક જ વસ્તુના ગુણની ભિન્નતામાં પણ ઉપયોગની અને મનની ભિન્નતા વર્તી રહે છે. મીઠી કેરી ખાતાં ખાતાં તેના મીઠાશગુણ ઉપરનો ઉપયોગ ખસી જઈ, તેના ખટાસગુણ પ્રત્યે ચાલ્યો જાય ત્યારે તે

કેરીના ગુણ અંગેનું મનન પણ તેના મીઠાશના મનનને છોડી દઈ, ખટાસના મનન ઉપર વર્તી રહે છે. આ રીતે મનને તો ઉપયોગની પાછળ પાછળ ચાલવાનું છે. જ્યાં ઉપયોગ જશે ત્યાં મન પણ જશે અને ત્યાંનું મનન કરશે.

આપણે ઉપયોગ અને મનની ભિન્નતા ભલે ન સમજી શકતા હોઈએ, પણ આપણને એટલો ખ્યાલ તો જરૂર છે કે કોઈ માણસને આપણું કંઈ પણ કામ કરી દેવાની ભલામણ કરીએ છીએ ત્યારે વારંવાર કહીએ છીએ કે "ભાઈ! ધ્યાન રાખજે. ભૂલી ન જાય." આ ધ્યાન એટલે તે બાબતનો ઉપયોગ અને ભૂલી ન જવું એટલે તેને વિસ્મૃત ન કરવું. ધ્યાન રાખવું એ શબ્દો ઉપયોગના જ સૂચિત છે. યાદ આવવું તેમાં ઉપયોગની જ ઉપસ્થિતિ છે. યાદ આવેલ ઉપર મનન કરવું, વિકલ્પ કરવા એ મનની પ્રવૃત્તિ છે, અર્થાત્ ત્યાં મન છે. યાદ આવ્યા પહેલાં મનન નથી એટલે પહેલો ઉપયોગ છે, અને પછી મન છે. આ રીતે પણ મનની અને ઉપયોગની ભિન્નતા, તથા ઉપયોગ પછી મનના મનનની વાત હોવાનું સમજી શકાય છે.

જે વસ્તુ અંગે રાગ અગર દ્વેષની ઘનિષ્ઠતા વધુ બની રહી હોય તે વસ્તુ પ્રત્યે તે જીવનો ઉપયોગ જલ્દી ચાલ્યો જાય છે. અને જીવ તે જ વસ્તુના મનન ચિંતવનવાળો બની રહે છે. બાહ્યપ્રવૃત્તિ કદાચ બીજી રીતની હોય પણ માનસિક સ્થિતિ તો તેને જે વસ્તુઅંગેનો ઉપયોગ વર્તતો હોય

તે અંગેની જ હોય છે.

એ રીતના ઉપયોગનું પ્રવર્તન જીવને ઇન્દ્રિયપ્રત્યક્ષ વર્તતી વસ્તુના દર્શનને કારણે અગર ભૂતકાળમાં એ રીતે અનુભવેલ વિષયની સ્મૃતિના કારણે થાય છે. તેમાં પણ પ્રત્યક્ષ વસ્તુ કરતાં સ્મૃતિના વિષયમાં ઉપયોગ વધુ વર્ત્તે છે. અને એજ વધુ ચંચળતા પેદા કરે છે. તેમાં પણ આધ્યાત્મિક બાબત કરતાં ભૌતિક બાબત સંબંધી ઉપયોગની વિશેષતા હોય છે. કારણ કે અનાદિ કાળથી જીવ ભૌતિક્તાથી જ દુન્યવી વસ્તુના જ રાગથી અનુરંજીત બની રહ્યો છે. તેના જ સંસ્કાર આત્મામાં ખૂબ ઘનિષ્ઠ બની રહ્યા છે. તે સંસ્કારના જમાવટનું જોર આત્મામાં એટલું બધું વધી રહેલ હોય છે કે થોડાઘણા પણ આધ્યાત્મિક સંસ્કારો તેની આગળ નહિવત્ બની રહે છે. અને એ જ સંસ્કારો જીવને ખૂબ પજવે છે. પોતાની મિથ્યાત્વ-સારાસારના વિવેક વિનાની દશાને લીધે જીવને તે પજવણી રૂપે લાગતા નથી, પરંતુ આંતરીક રીતે તો તેની આત્મિક શાંતિને કોરી જ ખાતા રહે છે. જેમ ઉંદર ફૂંકી ફૂંકીને કરડતો હોવાથી કરડવા ટાઈમે તેનું દુઃખ ન અનુભવાય પણ પાછળથી તો દુઃખરૂપે જરૂર અનુભવાય છે. તે રીતે ભૌતિક સંસ્કારોથી થતા નુકસાન અંગે પણ સમજવું.

જીવને મનની ચંચળતાની પ્રતિકૂળતા ત્યારે જ લાગે છે કે ઇષ્ટ વિષયના ચિંતવનમાં તે અવરોધ કરતી હોય. પરંતુ આત્મિકશાંતિ-સમતા-સમાધિના ઇચ્છકે તો

ઈષ્ટાનિષ્ટતાને જ્ઞાની પુરૂષોની આજ્ઞા મુજબ ગ્રહણ કરવાની છે. જે બાબત પોતાને ઈષ્ટ લાગતી હોય પણ જ્ઞાનીઓની દ્રષ્ટિએ અનિષ્ટ હોય તે બાબતમાંથી ઈષ્ટપણાની બુદ્ધિ હટાવી લેવામાં, અને પોતાને જે બાબત અનિષ્ટ લાગતી હોય પણ જ્ઞાનીઓની દ્રષ્ટિએ તે ઇષ્ટ હોય તો તેને ગ્રાહ્ય કરવામાં જ જીવનું શ્રેય છે. અનાદિ કાળથી જ્ઞાનીપુરૂષોની દ્રષ્ટિથી વિપરીત દ્રષ્ટિવંત બની રહેવાના કારણે જ જીવ દુઃખી થઈ રહ્યો છે. માટે વાસ્તવિક રીતે સુખી થવા – સમાધિ પામવા માટે જીવે જ્ઞાની–પુરૂષોની આજ્ઞાનુસાર જ ઇષ્ટાનિષ્ટતાના દ્રષ્ટિવંત બની–રહેવું પડશે. સાંસારિક સુખ, ઇન્દ્રિયના અનુકુળ વિષયોમાં રાગ, પ્રતિકૂળ વિષયોમાં દુઃખ, પોતાના સિવાય અન્ય જીવો પ્રત્યે અર્થાત્ પોતાના ઉપર ઉપકાર કરનારાઓ પ્રત્યે કૃતઘ્નતા, સ્વજનો પ્રત્યે કૃપણુતા, પરિચિતો પ્રત્યે હિતચિંતાની ઉપેક્ષા, અપરિચિતો પ્રત્યે એકલ પેટાપણું – માત્ર પોતાના જ સ્વાર્થની લાગણી, વસ્તુની નિત્યાનિત્યનો અવિવેક, ગુણી પ્રત્યે ઇર્ષ્યા, દુઃખી પ્રત્યે દયાભાવની ઉપેક્ષા, પાપી પ્રત્યે તિરસ્કાર–નિર્ભ્રચ્છના, આ બધી, જીવની વિપરીતદ્રષ્ટિ કહેવાય છે. તે રીતની વિપરીત દ્રષ્ટિનું પરિવર્તન સમ્યગ્ દ્રષ્ટિમાં અર્થાત્ જિનાજ્ઞા મુજબની દ્રષ્ટિમાં કરવું હોય તો સાંસારિકસુખ–ઇન્દ્રિયોના વિષયો પ્રત્યે વૈરાગ્ય, ઉપકારી પ્રત્યે કૃતજ્ઞતા, સ્વજનો પ્રત્યે ઉદારતા, પરિચિતો પ્રત્યે હિંતચિંતા, અપરિચિતો પ્રત્યે પરમાર્થવૃત્તિભાવ કેળવવો જોઈએ. જીવન-

માંથી મમતા ભાવ-અહંભાવ દૂર કરાય તોજ ઉપરોક્ત સદ્ગુણોને જીવનમાં વસાવી શકાય. દુનિયાનાં સઘળાંય સુખો મને પોતાને જ મળે એવી અભિલાષા જ જીવને સદ્ગુણોથી દૂર રાખે છે. એવી ધારણા રહેતી હોવા છતાં દુન્યવી બધાં સુખો એક જ આત્માને મળી જાય એવી પરિસ્થિતિ દુનિયાની કદી પણ હોતી નથી. તેથી આત્મા સદા અત્યંત અતૃપ્ત અને શોકગ્રસ્ત ઉપયોગવાળો બની રહી જ્ઞાનીઓએ કથિત માર્ગના ઉપયોગવાળો બની શકતો નથી. જીવનમાં ગુસ્સો-ઈર્ષ્યા-અભિમાન-કપટવૃત્તિ-હેય, (ત્યાજ્ય) વસ્તુ પ્રત્યેનો ગાઢ રાગ, એ બધા દુર્ગુણોનું અસ્તિત્વ જ્ઞાનીઓએ કથિત માર્ગથી વિપરીત દ્રષ્ટિવંતમાં જ ટકી શકે છે.

સાંસારિક સુખોની તીવ્ર આકાંક્ષા, ઈચ્છા, અતૃપ્તિ, અન્ય કરતાં પોતાનું સ્થાન ઉંચું બનાવી રાખવાનો અહંભાવ, આ બધા દુર્ગુણોથી ઘેરાઈ રહેલ જીવનો ઉપયોગ, જ્ઞાની પુરૂષોએ દર્શિત આત્મિક ઉત્થાનના-આધ્યાત્મિક સાધનાના પથમાં ટકી શકતો જ નથી. એ દુર્ગુણો જ જીવના ઉપયોગને ચંચળ બનાવે છે. પરંતુ અજ્ઞાની-અવિવેકી જીવ, તેની અજ્ઞાનતા અને અવિવેકતાના કારણે જ્ઞાનીઓએ પ્રરૂપિત આધ્યાત્મિક અનુષ્ઠાનો કરવા સમયે પણ અંતરથી તો એ અનિષ્ટોને જ વળગી રહે છે. અને પછી બૂમો પાડે છે કે મારૂં મન સ્થિર રહેતું કેમ નથી ?

આ માટે પહેલો મિથ્યાભાવ ટાળવો પડશે. મિથ્યાભાવ ટાળવા માટે જ્ઞાનીઓના વચનને અનુરૂપ સંસ્કારી બનવું પડશે. ત્યારબાદ ભૌતિક આકાંક્ષા, ઇચ્છા, અતૃપ્તિ વગેરે દુર્ગુણોને જીવનમાંથી હટાવી સંતોષ–સમતા–સર્વજીવો પ્રત્યે અભેદ દ્રષ્ટિ, મુદિતાભાવ, કરૂણાભાવ, પાપી જીવોને સુધારવાનો પ્રયત્ન કરવા છતાં ન સુધરે તો તિરસ્કાર કે નિભૃંચ્છના ભાવ નહિં હોતાં ઉપેક્ષા ભાવ અર્થાત્ મધ્યસ્થ ભાવ, ઈત્યાદિ સદ્‌ગુણો–સુસંસ્કારોથી વાસિત જીવન બનાવી રાખવું પડશે. એ રીતે દુર્ગુણોનો નિકાલ અને સદ્‌ગુણોનો આશ્રય કરવાથી જ ઉપયોગને અધ્યાત્મ માર્ગમાં સ્થિર બનાવી શકાસે. આ રીતે મિથ્યાદ્રષ્ટિકોણ, મતિનો વિપર્યવ અને બુદ્ધિના વિપર્યાસને હટાવવામાં જ આત્મિક ઉન્નત્તિ અને પરમ સમાધિ છે.

પોતે જ પોતાના મનના ચોકીદાર બનો. પ્રતિસમય ચોકીદાર બની રહો. અનાદિકાળથી આત્મામાં ઘર કરી બેસી ગયેલ દુર્વાસનાઓ સામે યુદ્ધે ચડવાનું છે. તેનો પરાજય કરવાનો છે. આપણે તેનાથી પરાજીત ન થઈ જવાય તેનો ખૂબ જ ખ્યાલ રાખવાનો છે. દુર્વૃત્તિઓના આત્મામાં થતા પ્રવેશને રોકો. કયા કારણે તેનું આગમ સુગમ બની રહે છે? કયો માર્ગ તેના માટે ખુલ્લો બની રહેલ છે? તેને જ્ઞાનીઓના વચનાનુસાર શોધવાની કોશિષ્ કરો. તે માર્ગને નાબુદ કરો. જેથી તેવી દુર્વૃત્તિઓનું

આગમન જ આપોઆપ રોકાઈ જશે. આ માટે તન્મય બની રહેવું પડશે. આધ્યાત્મિક કે સાંસારિક કોઈપણ પ્રવૃત્તિમાં પ્રવૃત્ત બનવા સમયે આ જ દ્રષ્ટિકોણ સાચવી રાખવો પડશે. તે માટે સદા અપ્રમાદિ બનવું પડશે. માન–સન્માન–પ્રશંસા–કીર્તિ–આબરૂ ઈત્યાદિ અનુકુળ ઉપસર્ગો–દ્વારા પણ એ દુવૃત્તિઓ ઘૂસી ન જાય તેની ખૂબ સાવચેતી રાખવી પડશે. તો જ આધ્યાત્મિક–આત્મિક–વિકાસના ઉપયોગમાં સ્થિર રહી શકાશે. માનસિક ચંચલતાને રોકી શકાશે.

પ્રથમ વિચારાઈ ગયું છે કે કોઈપણ વિષય કે બાબત અંગે મનનું મનન, તે વિષય પ્રત્યે થતા ઉપયોગના અનુસંધાન પછી જ છે. પણ સાથે સાથે એ પણ સમજવું જરૂરી છે કે ઉપયોગની શુદ્ધાશુદ્ધતાનો આધાર તો મનના મનનની જ શુદ્ધાશુદ્ધતાના આધારે છે. મનનું મનન જો કષાયથી મલીન બની રહેશે તો ઉપયોગ પણ મલીન બન્યો કહેવાશે. મનનું મનન જો સમતાભાવથી–સામાયિકભાવથી–સાંસારિક વિષયો અંગે વૈરાગ્યભાવથી વાસિત બની રહેશે તો ઉપયોગ પણ શુદ્ધ–નિર્મલ બની રહ્યો કહેવાશે.

આધ્યાત્મિક સાધનાનો સાધક કંઈ સાંસારિક–દૈહિક પ્રવૃત્તિને સર્વદા રોકી શકતો નથી. એને રોકવાનો પ્રશ્ન પણ નથી. સાધકને પણ ખાવું જરૂરી છે, શ્વાસ લેવો જરૂરી છે, બોલવું જરૂરી છે, ચિંતન પણ જરૂરી છે, ગૃહસ્થી હોય તેને દુન્યવી વ્યવહાર ચલાવવા પણ જરૂરી છે, સામાજીક અને

ધાર્મિક કાર્યોમાં જોડાઈ રહેવું પણ જરૂરી છે. કુટુંબનિર્વાહ માટે વ્યાપારાદિ કરવાં પણ જરૂરી છે. આ બધી પ્રવૃત્તિથી કંઈ નિવૃત્ત બની બેસી રહેવાતું નથી. આ બધાં કાર્યોને કંઈ રોકી શકાતાં નથી. જીવન જીવવા માટેની જરૂરી ક્રિયાઓ, જરૂરી પ્રવૃત્તિઓને રોકી શકાતી નથી. ધર્મારાધના માટે ધાર્મિક સ્થળોએ જઈ શકીએ છીએ પણ ત્યાં કંઈ આખો દિવસ પ્રવૃત્ત બની બેસી રહેવાતું નથી. ચિંતન એ એક માનસિક પ્રવૃત્તિ છે, તેને કંઈ રોકી શકાતી નથી. પરંતુ આત્મિક ઉત્થાનના ઇચ્છકે–આધ્યાત્મિક સાધનાના સાધકે ઉપરોક્ત પ્રવૃત્તિમાં પણ જળકમળવત્ રહી શકાય, અનાસક્તભાવે રહી શકાય, ઓછી આસકતી રાખી શકાય, તેવી ટેવ પાડવી જોઈએ. તેવી સાવધાની રાખવી જોઈએ. એટલા જ માટે જ્ઞાનિપુરૂષોએ કહ્યું છે કે :—

સમક્તિદ્રષ્ટિ જીવડો, કરે કુટુંબ પ્રતિપાળ;
અંતરથી ન્યારો રહે, જેમ ધાવ ખેલાવત બાળ.

ગાયો સીમમાં ચરવા જતી હોવા છતાં તેનું લક્ષ તો ઘરે મૂકી આવેલ વાછરડા પ્રત્યે જ હોય. માથે પાણીની હેલ ઉપાડી હાથતાળીપૂર્વક વિનોદ કરતી પાનીહારીઓનું લક્ષ-ઉપયોગ તો માથા ઉપર રહેલ પાણીના બેડા ઉપર જ હોય, ધાવમાતા તરીકે કામ કરતી બાઈનો માતૃત્વભાવ તો પોતાને ઘરે મૂકીને આવેલ પોતાના બાળક પ્રત્યે જ હોય, એવી રીતે સાંસારિક પ્રવૃત્તિમાં પ્રવૃત્ત સમક્તિ-

દ્રષ્ટિ જીવનું ધ્યેય-લક્ષ-ઉપયોગ તો દેહલક્ષી નહિં બની રહેતાં આત્મિક લક્ષી જ હોય. પળે પળે જ્ઞાનીઓની આજ્ઞા તો દ્રષ્ટિસન્મુખ જ રાખવાની સાવધાનીવાળો હોય. આ રીતે અનાદિકાળની તેની વિપરીત દ્રષ્ટિ, ભૌતિક દ્રષ્ટિ, દેહલાલસા, કુટુંબલાલસા, અર્થ અને કામલાલસા, પરિવર્ત્તન પામીને, સ્વભાવ બદલીને, આધ્યાત્મિક દૃષ્ટિમાં, જ્ઞાનીની આજ્ઞા જ શિરસાવંદ્ય કરવામાં, આત્મિક ધનની પ્રાપ્તિની લાલસામાં જ બદલાઈ જાય છે. આ રીતના પરિવર્ત્તનને પામનાર આત્મા માટે વંદિતાસૂત્રમાં કહ્યું છે કે :— સમ્મદિટ્ઠી જીવો, જઈવિ હુ પાવં સમાયરે કિંચી;

અપ્પોસિ હોઈ બંધો, જેણ ન નિદ્ધંધસં કુણઈ.

અર્થાત્ સમ્યગ્દષ્ટિ જીવને કર્મબંધ અતિ અલ્પ થાય છે. કારણ કે તે સાવદ્ય પ્રવૃત્તિમાં હોવા છતાં તેનામાં નિર્દયતા નથી. જયણા છે. સાવધાની છે. સદ્ઉપયોગ છે.

દરેક પ્રવૃત્તિ પાછળ આસક્તિનો, રાગદ્વેષનો ભાવ અલ્પ રહેવો જોઈએ. પ્રવૃત્તિની સાથે સમભાવની ધારા ભળવી જોઈએ. આત્મિકદ્રષ્ટિએ સ્વ અને પરનો, કર્ત્તવ્ય અને અકર્તવ્યનો, હેય (ત્યાજ્ય), જ્ઞેય (જાણવાપણું), અને ઉપાદેય (ગ્રાહ્ય)નો વિવેક-ખ્યાલ-સાવચેતી રાખવી જોઈએ.

આ રીતે સમભાવ, તટસ્થતા, સામાયિક, સમતારૂપ ચોકીદારને આત્માની ચોકી કરવા માટે ખડો કરી રાખવા-

પૂર્વક ગમે તે પ્રવૃત્તિ ચાલતી હશે તો પણ તે ચોકીદાર તમને સાવધાન કરતો રહેશે. તમારા જીવનમાં રાગદ્વેષ કે મિથ્યાભાવરૂપ કંઈપણ દોષનો થતો પ્રવેશ તે રોકી દેશે. આત્મમહેલનાં પગથીઆંમાં પગલાં માંડનાર દોષો આપોઆપ નીચે ઉતરી જશે. દૂર થઈ જશે. શાસ્ત્રકારો આને જ અપ્રમાદ કહે છે.

ટુંકમાં આપણા ઉપયોગને આપણા મનને શુદ્ધ બનાવી રાખવા માટે આપણે જે વાતનો અભ્યાસ કરવાનો છે, જે રીતનું માર્ગાન્તરીકરણ કરવાનું છે, જેની આપણે ટેવ પાડવાની છે, તે ટેવ જ આ રીતનો સમભાવ—સમતાભાવ - સામાયિક છે.

વૈજ્ઞાનિક ભાષામાં આને માર્ગાન્તરીકરણ અને ઉદાત્તીકરણ કહેવાય છે. પ્રવૃત્તિનો માર્ગપલ્ટો તે માર્ગાન્તરીકરણ, અને મોહ, આસક્તિ, રાગદ્વેષ, વગેરે દોષોનું પરિશોધન અને પરિમાર્જન કરવાની પ્રક્રિયા તે ઉદાત્તીકરણ છે. કર્મશાસ્ત્રની ભાષામાં તેને ક્ષયોપશમ કહેવાય છે.

આપણે અશુભ ચંચળતાને ત્રોડી, શુભ ચંચળતાને પેદા કરવાની છે. જોકે સંપૂર્ણ સામાયિક ભાવમાં સ્થિત બની રહેવા માટે તો શુભને પણ છોડવાનું છે, અને અશુભને પણ છોડવાનું છે. પરંતુ અશુભને છોડવા માટે શુભનો સંકલ્પ કરવો પડશે. ખરાબને છોડવા માટે સારાનો સંકલ્પ કરવો પડશે. ખરાબ ટેવોને છોડવા માટે સારી

ટેવો પાડવી પડશે. નહીંતો ખરાબ ટેવો છૂટશે નહિં. એકવાર કદાચ છૂટી જશે તો પણ ફરી પાછી વળગી પડશે. માટે સારી ટેવની સતત જાગૃતિ રાખવી પડશે.

મહર્ષિ પતંજલિએ પણ કહ્યું છે કે :—वितर्कबाधने प्रतिपक्षभावनम्. એક પક્ષને તોડવો છે તો બીજો પ્રતિપક્ષ ઊભો કરો. અશુભને તોડવું છે તો શુભને પેદા કરો.

ખરાબ ટેવ બદલવા માટે સારી ટેવ પાડવી પડે છે. જ્ઞાનીઓની આજ્ઞાવિરૂદ્ધ વિષયપ્રવર્ત્તનમાં વર્ત્તતી ચંચળતાને દૂર કરી, જ્ઞાનીઓની આજ્ઞા મુજબની ચંચળતાનો સહારો લેવો પડશે. જૂની ચંચળતાને દૂર કરવા નવી ચંચળતાઓને અપનાવવી પડશે. ચંચળતાની દિશા બદલવી પડશે. એમ કરતાં કરતાં એક દિવસ એવો જરૂર આવશે કે બધી ચંચળતા ચાલી જશે. સમાપ્ત થઈ જશે. આત્મા સંપૂર્ણ સમભાવી બની ઉપયોગની પૂર્ણ શુદ્ધતાને પામી શકશે.

# ૯ ભૌતિકદ્રષ્ટિ અને આધ્યાત્મિકદ્રષ્ટિ

આ જગતમાં જે જીવો, ભૂત આદિ ભિન્નભિન્ન કાળોનો વિચાર નથી કરી શકતા તેવા જીવોને શાસ્ત્રમાં અસંજ્ઞિ કહ્યા છે. અને જેઓ ભૂત-ભવિષ્ય અને વર્ત્તમાન એ ત્રણેકાળ અંગેનો વિચાર કરી શકે છે, તેવા જીવોને શાસ્ત્રમાં સંજ્ઞિ કહ્યા છે. જેઓ એ પ્રમાણે ત્રણે કાળનો વિચાર કરી શકવાની શક્તિવાળા છે, તેઓનું ચિંતવન-મનન યા સંકલ્પવિકલ્પ, ત્રણ કાળ અંગેનું હોય છે.

મેં પહેલાં આમ ભૂલ કરી તો મને આ નુકસાન થયું. એટલે હવે અત્યારે પણ એવી ભૂલ કરીશ, તો ભવિષ્યમાં પણ નુકસાન થશે. એ રીતે પહેલાં સમજીને કામ કર્યું તો સુખી થયો અને અત્યારે હવે સમજીને કામ કરીશ તો ભવિષ્યમાં સુખી થઈશ. એ રીતે ભૂત-ભવિષ્ય અને વર્ત્તમાન એ ત્રણે કાળ અંગે સારાસારનો વિચાર કરી શકનારા જીવો દીર્ઘકાલિકી સંજ્ઞાવાળા કહેવાય છે. આ રીતે ત્રણેકાળ અંગે વિચાર-ચિંતન યા મનન કરી શકવાવાળા જીવો બે પ્રકારના છે. (૧) શરીર દ્રષ્ટિવાળા અર્થાત્ શરીર આદિ સાંસારિક-ભૌતિક અનુકુળતાના જ ઉપયોગ-લક્ષવાળા. અને (૨) આત્મદ્રષ્ટિવાળા

એટલે આત્માના સારાસાર અંગેના વિચારવાળા–લક્ષવાળા–ઉપયોગવાળા.

અહિં કેવળ વર્ત્તમાન ભવની (જીંદગી)ની અપેક્ષાએ જ પોતાના શરીર આદિ બાહ્ય સંયોગોની સ્થિતિનો જ વિચાર કરનારા શરીરદ્રષ્ટિ – ભૌતિકદ્રષ્ટિવાળા કહેવાય છે. મનુષ્યને તો પોતાની ચાલુ જીંદગી સંબંધી ત્રણે કાળની અનુકુળતા સર્જક અને પ્રતિકુળતા રોધક થતા વિચારોને આપણે જાતે અનુભવીએ છીએ. પરંતુ જાનવરો પણ પોતાના ચાલુ ભવસંબંધી ભૂતકાલીન જીંદગી – વર્ત્તમાન જીંદગી અને ભાવી જીંદગીના વિચારો કર્યા વિના રહી શકતા નથી.

તિર્યંચોમાં વિવેકહીનતા હોવા છતાં પણ તેને ભૂતકાળના અનુભવોનું સ્મરણ થાય છે. કુતરાને અગર અન્ય કોઈ પ્રાણી ઉપર આપણે લાકડી ઉગામીશું તો તુરત જ ભાગવા–નાસવા માંડશે. આપણે લાકડી માત્ર ઉગામી જ હોય છે, પણ ઘા કર્યો હોતો નથી, તેમ છતાં તે ભાગવા માંડે છે તેનું કારણ એક જ છે કે ભૂતકાળમાં તેને ક્યારેય લાકડીનો ઘા પડ્યો હોય તેનું અત્યારે એટલે લાકડી ઉગામમા ટાઈમે સ્મરણ થાય છે. તે જાણે છે કે આ રીતે લાકડી ઉગામાય છે, આ રીતે શરીર ઉપર લાકડી પડે છે, અને તેથી ઘા પડીને આ રીતની વેદના થાય છે. આ પ્રમાણે તે વિચાર–મનન–ચિંતવન–સંકલ્પ વિકલ્પ કરી શકે છે.

પક્ષીઓમાં પણ તેવો જ ભય રહેલો છે. બંદુકની એક ગોળી છૂટે છે કે સેંકડો પક્ષીઓ ભાગવા માંડે છે. આ ઉપરથી માલુમ પડે છે કે પશુપક્ષી જેવાં પ્રાણિઓ કે જેનામાં વિવેકનો અંશ પણ નથી, તેવા પ્રાણિઓમાં ભૂતકાળનાં સંસ્મરણો અસ્તિત્વ ધરાવે છે. તો પછી એવાં જ ભૂતકાળનાં સંસ્મરણો મનુષ્યમાં હસ્તિ ધરાવતાં હોય એમાં કંઈ પણ આશ્ચર્ય પામવા જેવું નથી. આ સંબંધમાં તો મનુષ્ય, જાનવર, પશુ; ઈત્યાદિ સઘળાં એક કક્ષાએ છે.

અનિષ્ટ કારણોને જોઈને પશુઓ ડરે છે. અનિષ્ટ કારણોને જોઈને આપણે પણ ડરીએ છીએ. જાનવરો દુઃખના કારણોથી દૂર રહે છે. પક્ષીઓ પણ દુઃખના કારણોથી દૂર રહે છે. અને તે જ પ્રમાણે આપણે પણ દુઃખના કારણોથી દૂર રહીયે છીયે. વળી માણસો જેમ સુખ તરફ પ્રવૃત્તિ કરે છે, તે પ્રમાણે પશુઓની પણ સુખના માર્ગે પ્રવૃત્તિ ચાલુ જ હોય છે. ઉનાળો ચાલતો હોય, પ્રચંડ તાપ પડતો હોય, જમીન ધગધગી ઉઠી હોય, એ પ્રસંગે પશુઓ પણ ઝાડની છાયા શોધે છે, અને ઝાડના છાંયડામાં બેસે છે. એ જ પ્રમાણે સખત ઠંડી વખતે તે તડકામાં જઈને વિશ્રાંતિ લે છે. વરસાદની ધારાઓ વહેતી હોય તે વેળાએ તે વરસાદના મારથી નિવૃત્ત થવા માટે કોઈ ઢાંકેલ જગ્યાનો આશ્રય લે છે. આ ઉપરથી એમ સ્પષ્ટ થાય છે કે પશુપક્ષીઓને પણ ટાઢ–તાપ અંગેનું દુઃખ લાગે છે. અને

તેથી તે દુઃખમાંથી બચવાની અને સુખ મેળવવાની પ્રવૃત્તિ કરે છે.

હવે ભવિષ્યકાળનો વિચાર કરીએ તો કોઈ પણ બુદ્ધિશાળી માણસ એવું કહી શકવાનો નથી કે પશુપક્ષીઓ પોતાના ભવિષ્ય માટે વિચાર કરતા નથી. પક્ષીઓ પણ માળા બાંધે છે, બખોલો શોધે છે. પાળેલાં ન હોય એવાં પશુઓ પણ તેવી જ પ્રવૃત્તિ કરે છે. આ સઘળા ઉપરથી માલુમ પડે છે કે તેઓ પણ જીંદગીના ભવિષ્યકાળનો વિચાર અવશ્ય કરે છે.

પક્ષીઓની વરસાદ આવ્યા પહેલાંની માળા બાંધવાની પ્રવૃત્તિ, બખોલો શોધવાની પ્રવૃત્તિ, કુતરા જેવા પ્રાણીની પણ રહેઠાણ શોધી કાઢવાની પ્રવૃત્તિ, તે સઘળુંય તેમના હૃદયમાં થતા ભવિષ્યકાળના ચિંતવનને આભારી છે. જો પશુ–પક્ષીઓમાં ભવિષ્યકાળનું ચિંતવન ન થતું હોત તો તેઓ માળા બાંધવાના કાર્યમાં, બખોલો શોધવાના કામમાં અથવા એવા જ બીજા કામમાં પ્રવૃત્તિ કરત જ નહિ. આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે મનુષ્યની માફક પશુપક્ષીઓને પણ ભૂત–વર્ત્તમાન અને ભવિષ્ય, આ ત્રણે કાળની વિચારણા હોય છે. આ રીતની વિચારણાને લૌકિક સંજ્ઞા કહેવાય છે. યા ભૌતિક સંજ્ઞા કહેવાય છે. કેમ કે તેમાં જીવનો ઉપયોગ–લક્ષ્ય–ધ્યાન તે શરીરાદિ બાહ્ય સંયોગો અંગેનું જ છે. અને એ રીતે ઉપયોગવંત બનીને તો દરેક જીવે અનંતકાળ સુધી સંસારમાં ભ્રમણ કર્યું છે.

એક સ્થાનના (એક જીંદગીનાં) આવા બાહ્ય સંયોગોની ચિંતાપૂર્વક જ્યારે તે ભવ પૂરો થાય છે, ત્યારે જેના અંગે ચિંતા રહેતી હતી તે બધું છોડીને જીવને ચાલ્યા જવું પડે છે. વળી પુનઃ તેવા નવા સંયોગો ઉપલબ્ધ થાય છે અને પાછી એની એ જ ભાંજગડ ચાલુ રહે છે.

આ રીતે જગતમાત્રની ત્રણે કાળની વિચારણા તે આ જીંદગી પૂરતી જ છે. લૌકિક વ્યવહારમાં દુનિયાએ આ જીંદગી પૂરતો જ વ્યવહાર માની લીધો છે. અને તેથી શરીર આદિ બાહ્ય સંયોગોના જ લક્ષવાળો – ઉપયોગવાળો આત્મા, આ જીંદગી પૂરતો જ વિચાર કરે છે. જગતની વિચારમર્યાદા જ ટુંકી છે. ટુંકી એટલે આ જીંદગી પૂરતી જ છે. કોઈ જીવ, સારા એટલે ધનવાન – આબરૂવાન – ઇન્દ્રિયોના વિષયોની અનુકુળતાવાન કુટુંબમાં જનમ્યો એટલે દુનિયા તે આત્માને ભાગ્યશાળી કહી દે છે. માણસ પૈસેટકે ભરપૂર હોય, પુત્રાદિના વિશાળ પરિવારવાળો હોય, ઘોડા-ગાડી–મોટર–સ્કુટર–રેડીયો વગેરે મોજશોખનાં સાધનોથી યુક્ત હોય, રાજ્યસભાઓમાં જે સત્તાધારી હોય, તેને દુનિયા ભાગ્યશાળી કહી દે છે. જગત તો આ રીતે જ ભાગ્ય-શાળીપણાની મર્યાદા આ એક જ જન્મ અને તે પણ શારીરિક આદિ ભૌતિક સામગ્રી અંગે અનુકુળતાની બહુ-લતા પૂરતી જ બાંધે છે. કારણ કે તેઓ માત્ર ભૌતિક સંયોગોની પ્રાપ્તિના જ અને અનુકુળતાના આકાંક્ષી હોય છે.

જગતની આ દશાનું પૃથક્કરણ કરીએ તો માલુમ પડે છે કે જગતના વિચારનું સર્કલ જ લાંબે જઈ શકે તેવું નથી. તેને આ જન્મ પૂરતી જ મોજ દેખાય છે. આ જન્મ પુરતો જ માણુસ સુખી દેખાય છે. એટલે તે કહી દેશે કે "અહો ભાઈ ફલાણો માણુસ કેવો સુખી અને સમૃદ્ધિશાળી છે."

આ જન્મમાં સુખી દેખાતો માણુસ આવતા જન્મના માટે પાપની મહાભયંકર સામગ્રી એકઠી કરતો હોય તે વાતને જોવાની દુનિયા ના પાડે છે. દુનિયાને હવે પછીની જીંદગી કેવી આવશે તેનો વિચાર નથી, તેની પરવા નથી. આગળ વધીને એમ કહીયે તો પણ ખોટું નથી કે જગતની એટલી લાંબી દ્રષ્ટિ જ નથી.

આ ભવે બાહ્ય સંયોગોથી સુખી દેખાતા આત્માનું પુન્ય તે પુન્યાનુબંધિ પુન્ય છે કે પાપાનુબંધિપુન્ય છે, એ રીતનો ખ્યાલ કરવાની કોઈને પડી નથી. ગયા ભવો કેવા હશે તથા એ ભવોમાં એણે કેવાં કામો કર્યાં હશે, તે જોવા-જાણુવાની પણ જગતને જરૂર જણાતી નથી.

આખા જગત તરફ જોઈએ, અથવા જગતના એક માણુસ તરફ જોઈએ, એક પશુને જોઈએ, એક ઢોરને જોઈએ, કે એકેન્દ્રિયાદિ પ્રાણિઓને જોઇએ તો તુરત જ માલુમ પડશે કે અધિકતાએ તો જીવો એક જ જીંદગીના અને તે પણ માત્ર શરીરદ્રષ્ટિવાળા, શરીરાદિ બાહ્ય સંયોગોની જ અનુકુળતાના જ ઉપયોગવાળા બની રહેલા છે.

આ જીંદગી સારી તો જ સારૂં અને આ જીંદગી માઠી તો જ સઘળું માઠું, એ રીતની આ જગતની ભ્રામક માન્યતા છે. ભૂતકાળની અનેક જિંદગીઓ ખરાબ હોય કે ભવિષ્યની (આગામી ભવની) જીંદગીઓ પણ ખરાબ આવવાની હોય તેની જીવોને ચિંતા નથી. તેને તો માત્ર ચાલુ જીંદગી સારી હોય એટલે ભૌતિક અનુકુળતાવાળી જ હોય એટલે બસ છે. તેને જ સર્વદા સારૂં માને છે.

એ જ રીતે ભૂતકાળની જીંદગીઓ સારી હશે કે ભવિષ્યની જીંદગીઓ પણ સારી આવવાની હોય, છતાં પણ જો ચાલુ જીંદગી પ્રતિકુળ ભૌતિકસામગ્રીવાળી હોય તો તેને આ જગત, બધું જ ખરાબ માને છે. અર્થાત્ ભૂત અને ભવિષ્યની જીંદગીની શુભાશુભતા એ સારાપણું નહિં, પરંતુ વર્ત્તમાન જીંદગીની શુભાશુભતા એ જ સારાપણું છે, એવો આ જગતનો વિચાર છે, લક્ષ છે, ઉપયોગ છે.

અહિં જીંદગીની સારાસારતામાં–શુભાશુભતામાં, શરીર-ઈન્દ્રિયો અને મનની જ અનુકૂળતા તથા પ્રતિકુળતા જોવાય છે. એમાં એ રીતે ગમતા અને અણગમતાની અપેક્ષાવાળા ઉપયોગવાળી દ્રષ્ટિ તે જ્ઞાનીઓની દ્રષ્ટિએ ઝેરી છે.

આંખને ગમતા પદાર્થમાં, કાનને મધુર લાગતા શબ્દમાં, શરીરને મૃદુસ્પર્શી પદાર્થના સંયોગમાં, જીભને મધુર અને સ્વાદિષ્ટ લાગતા સ્વાદમાં, નાકને સુગંધી

પદાર્થની સુગંધમાં, રતિ ઉપજે, અને તેથી વિપરીત વિષયોમાં અરતિ અને દુગંછા ઉપજે, કામરાગ–સ્નેહરાગ અને દ્રષ્ટિરાગથી રાગી બનાય, આ બધામાં ઉપયોગ—લક્ષ – વૃત્તિ તે શરીર અંગેની જ છે. કારણ કે આવા જીવોનાં ઇન્દ્રિય અને મન, આત્મદ્રષ્ટિ વિહોણાં શરીરસંબંધી દ્રષ્ટિવાળાં જ હોઈ તે શરીર જેવાં જડ છે. આવી જડ અંગેની સુખી થવાની વૃત્તિ તે આત્માનું અધઃપતન કરનારી છે આ બધી અનુકુળતાની પ્રાપ્તિ માટે અર્થપ્રાપ્તિની જ લિપ્સા રહે છે. અને ઇન્દ્રિયના વિષયોની તૃપ્તિ ક્યારેય પણ થતી નહિં હોવાથી અર્થપ્રાપ્તિમાં પણ ક્યારે ય તૃપ્તિ થતી નથી. કારણ કે તેવાઓને જીંદગીનું ધ્યેય, તે સદાના માટે ઇન્દ્રિયોના વિષયોની અને અર્થપ્રાપ્તિની અધિકતાવાળું જ બની રહેલ હોય છે. જેથી અનીતિ - અનાચાર - કલહ વેરઝેર - ઈર્ષ્યા ઈત્યાદિ દુર્ગુણો પેદા થાય છે. અને ગમે તેટલી સાધનસામગ્રીની વિપુલતા હોવા છતાં અતૃપ્તિના કારણે જીવ ક્યારેય પણ શાંતિ પામી શકતો નથી. એક ઇચ્છા પૂરી થાય એટલે નવી અનેક ઇચ્છાઓ જાગે છે. એને માત્ર લોકોની દ્રષ્ટિમાં સમૃદ્ધિવાન દેખાવાનો જ ઉપયોગ—લક્ષ છે. આવી છે, શરીરદ્રષ્ટિવાળાની—ભૌતિક-દૃષ્ટિવાળાની દુર્દશા. આવી દશામાં વર્ત્તતા જીવનો ઉપયોગ તે રાગ—દ્વેષ–મોહ–મત્સર–દીનતા–અભિમાન–ઉદ્વેગ આદિ દુર્ભાવોના કારણે મલીન બની જીવને આર્ત્ત-રૌદ્રધ્યાની બનાવી ભવાંતરે દુર્ગતિમાં લઈ જાય છે.

સંજ્ઞિ જીવોમાં તર્ક કરવાની શક્તિ છે. અનુભવો તથા અનુમાનોને આધારે તર્ક કરી નિર્ણયો લઈ શકે છે. શરીરાદિ અનુકુળતાના અને પ્રતિકુળતાના ભૂત–ભવિષ્ય તથા વર્ત્તમાન એમ ત્રણે કાળ અંગેના વિચાર· પૂર્વક પ્રતિકુળતાને હટાવી અનુકુળતાને સરલ બનાવવાની યોજના ઘડી શકે છે. આવી શક્તિ પ્રાપ્ત થવામાં જીવને જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમની વિશેષતા જ છે. તે શક્તિનો સદુપયોગ જ આત્મિક ઉત્થાન કરાવી શકે છે, અધ્યાત્મ માર્ગને વિકસાવી શકે છે, ગુણસ્થાનકમાં આગળ વધારી શકે છે, કર્મનો સંવર અને નિર્જરા કરાવી શકે છે, જિનેશ્વરદેવે પ્રરૂપિત માર્ગને જ યથાયોગ્ય સમજાવી શકે છે, અન્તે મોક્ષ જેવી પરમપદની સ્થિતિને પણ પમાડી શકે છે. એ રીતે થતો, આત્મિક ઉત્થાનમાં આ શક્તિનો વપરાસ – ઉપયોગ – વ્યય એ સદ્ગુણ છે. પરંતુ આત્મિક ઉત્થાનની ઉપેક્ષા કરી માત્ર ભૌતિક–દૈહિક–પૌદ્ગલિક – સાંસારિક વૃત્તિના પોષણ માટે થતો વ્યય તે દુર્વ્યય છે, દુર્ગુણ છે. દુર્વ્યય એ કુદરતી ગુન્હો છે. જે વસ્તુનો દુર્વ્યય થાય તે જ વસ્તુની હીનતા જીવ પામે છે. એટલે ભૂત—વર્ત્તમાન અને ભવિષ્ય એ ત્રણે કાળ અંગે પોતાની અનુકુળતા તથા પ્રતિકુળતા વિચારી શકે એવી જ્ઞાનશક્તિ – ચૈતન્યશક્તિ ધરાવનાર પ્રાણિ જો પોતાને પ્રાપ્ત આ શકિતનો દુર્વ્યય કરે તો ભવાંતરે જીવ પુનઃ અસંજ્ઞિ–પણાને પ્રાપ્ત કરે છે. માણસ માને કે, ન માને પણ પ્રકૃતિનો આ

અટલ નિયમ છે. સદ્દવ્યયમાં વિવેક છે. દુર્વ્યયમાં અવિવેક છે. પશુ કરતાં માણસની વિશેષતા, વિવેકના કારણે જ છે. આ રીતના વિવેકહીન, અને પ્રાપ્તશક્તિનો દુર્વ્યય કરનાર મનુષ્યમાં અને પશુમાં કંઈપણ તફાવત નથી. બલ્કે પશુ કરતાં પણ આવો મનુષ્ય ભૂંડો છે. કારણકે પશુમાં તે જાતના વિવેક, પામી શકવાની પ્રાયઃ શક્યતા જ નથી – અનુકુળતા જ નથી –સમજ નથી – સંયોગ નથી. પરંતુ મનુષ્યને તો આ બધી જાતની અનુકુળતા હોવા છતાંય દુર્લક્ષી બની રહેનારને પશુ કરતાં પણ હલકી જાતીનો ગણવામાં કંઈ ખોટું નથી.

પુનર્જન્મને નહિં માનનારા જીવો જ માત્ર શરીર દ્રષ્ટિવાળા હોય છે, એવું નથી. તેઓ તો હોય જ છે. પરંતુ પુનર્જન્મ–પાપ–પુણ્યને માનનારા જીવોમાં પણ આત્મિક દ્રષ્ટિથી અજ્ઞાત એવા ઘણા જીવો માત્ર શરીર –ભૌતિક–પૌદ્ગલિક દ્રષ્ટિવાળા જ હોઈ શકે છે. આવા જીવો આભવ અને પરભવ એમ બન્ને ભવને ઉદ્દેશીને કોઈ સત્કાર્યો કરે – સદનુષ્ઠાનો કરે – તપ અને ત્યાગ કરે– દાન આપે –શીઅલ પાળે – દેવગુરૂની ભક્તિ કરે, પરંતુ દ્રષ્ટિવાદોપદેશિકી સંજ્ઞાથી રહિત માત્ર આવી દીર્ઘકાલીકી સંજ્ઞાવાળા હોવાના કારણે તેવા જીવોનું ધ્યેય, આ રીતની પ્રવૃત્તિમાં પણ યશ–કીર્તિ – અને પરભવમાં શરીરાદિ ભૌતિક અનુકુળતા મેળવ-વવાની ઇચ્છાવાળું જ હોય છે. આત્માના જ્ઞાન–દર્શન અને ચારિત્ર અંગે લેશમાત્ર પણ તેવાઓનું ધ્યેય હોતું નથી. આવા જીવો કોઈ સારાં કૃત્યો કરી પુન્યોપાર્જન

કરતા રહે તો પણ તેમાં લક્ષ્ય મલીન હોવાથી તેઓનું પુન્ય, તે પાપાનુબંધિ પુન્યપણે પરિણમી, પરંપરાએ અસંજ્ઞી અવસ્થામાં જ લઈ જાય છે. અને સંજ્ઞિપણું પામે તો પણ ત્યાં તેમની પ્રવૃત્તિ "પાપાનુબંધિ પુન્ય" ના કારણે અસંજ્ઞી–પણામાં જ અગર તિર્યંચ અને નરકમાં લઈ જવાવાળી હોય છે.

અસંજ્ઞિ જીવોને દીર્ઘકાલીકી સંજ્ઞાના અભાવે તર્કશકિત નહિં હોવાના કારણે દુર્ભાવોની તીવ્રતા હોતી નથી. જેથી તેઓનું સીધું ગમન નરકગતિમાં થઈ શકતું નથી. આ હિસાબે વિચારવું–સમજવું જરૂરી છે કે દીર્ઘ–કાલિકી સંજ્ઞા, અર્થાત્ ભૂત-ભવિષ્ય અને વર્ત્તમાન એ ત્રણે કાળનો તર્ક કરી શકાય એવી સ્થિતિ સારી છે કે, માત્ર હેતુવાદોપદેશિકી સંજ્ઞાવાળું અસંજ્ઞિપણું સારૂં ?

અહિં આપણે સારાસારનો વિવેક, ઉપયોગ-લક્ષ તે વૃત્તિના આધારે કરવાનો છે. એટલે જે ઉપયોગ, જીવને મોક્ષપ્રાપ્તિમાં અનુકુળ બની રહે, તેવા ઉપયોગવાળી જ્ઞાનશકિત–ચેતનાશક્તિ સારી, અને સંસારવૃદ્ધિ કરાવનાર ઉપયોગવાળી જ્ઞાનશક્તિ તે બૂરી છે. સંસારવૃદ્ધિ કરાવનાર શરીરદ્રષ્ટિ તે હલાહલ ઝેર છે. જ્યારે મોક્ષપ્રાપ્તિ કરાવનાર આત્મદ્રષ્ટિ એ પરમ અમૃત છે.

આ જગતમાં જે મનુષ્ય, પોતાની જીંદગી માટે, શરીરાદિ ભૌતિક અનુકુળતાની પ્રાપ્તિ અંગે ભૂત આદિ

ભિન્નભિન્ન કાળનો વિચાર નથી કરતો તે મનુષ્યને વ્યવહારની દ્રષ્ટિએ આપણે શૂન્યમનવાળો અગર મૂર્ખ કહીયે છીએ. અને તે માટે જ એક ઠેકાણે કહ્યું છે કે:—

ચાતક ચકવા ચતુર નર, પ્રતિદિન ફરે ઉદાસ;
ખર-ઘૂવડ ને મૂર્ખ જન, સુખે સૂવે નિજવાસ.

આ કથન લોકોક્તિ કહેવાય છે, પરંતુ ધર્મશાસ્ત્રની દ્રષ્ટિએ તો જે આત્માને પોતાની આત્મસ્થિતિ અંગે ભૂત-વર્ત્તમાન અને ભવિષ્ય કાળનો વિચાર થતો નથી, તેવા આત્મા-ઓને પણ શાસ્ત્રકાર મહારાજાઓએ વિચારશૂન્ય ગણીને સંજ્ઞિ હોવા છતાં અસંજ્ઞિ જેવા જ ગણ્યા છે. શરીરાદિમાં તો અનાદિકાળથી જીવનો ઉપયોગ વર્ત્તતો જ આવ્યો છે. પરંતુ પરવસ્તુમાં મમત્વભાવી બની, આત્માના મૌલિક ગુણ-સ્વરૂપ જ્ઞાન, દર્શન, આનંદ અને શક્તિ અંગેના ઉપયોગથી તો બિલ્કુલ અજ્ઞાત બની રહી, પોતાના અસલી સ્વરૂપથી અનભિજ્ઞ જીવો જ, આ સંસારમાં કર્મબંધથી જકડાઈ જઈ ત્રાહી ત્રાહી પોકારી ગયા છે. ચૈતન્યનો પૂર્ણ વિકાસ, આનંદનો પૂર્ણ વિકાસ, શક્તિનો પૂર્ણ વિકાસ અર્થાત્ અનંત ચૈતન્ય, અનંત આનંદ, અને અનંતશક્તિની પ્રાપ્તિ, એજ આત્માનાં મૂળભૂત કાર્યો હોવાની અસમજના કારણે જીવનું સંસાર-ભ્રમણ અને દુઃખનું સર્જન થઈ રહ્યું છે.

જ્ઞાન, આનંદ અને શકિત, એ કંઈ બહારથી મેળવવા જેવી વસ્તુ નથી. બહારના કોઈ સંયોગથી મળવા-

વાળી ચીજ નથી. એ હુકીકતને સંજ્ઞિ હોવા છતાં પણ ભૌતિકદ્રષ્ટિવંત જીવ સમજી શકતો નથી. એટલે જ જ્ઞાન, આનંદ અને શક્તિને કોઈ બાહ્યવસ્તુના સંયોગદ્વારા જ મેળવવાનો પ્રયત્ન કરવાના ચિંતનવાળો અહર્નિશ બની રહે છે. તેઓ માત્ર બુદ્ધિના વિકાસમાં જ જ્ઞાન, ઇન્દ્રિયોના વિષયોની અનુકુળતામાં જ આનંદ, અને શારીરિક બળમાં જ શક્તિ માને છે. આ રીતની ભ્રામિક માન્યતાથી જ તે દુઃખી થાય છે. જેથી ભૌતિકદ્રષ્ટિમાં સુખપ્રાપ્તિની માન્યતા અને પ્રયત્ન વિપરીત હોવાથી ભૌતિકદ્રષ્ટિવંત જીવની ભૂત–વર્ત્તમાન અને ભવિષ્ય અંગેની વિચારણા તે જીવોને વાસ્તવિક સુખ પ્રાપ્તિનો હેતુ નહિ બની શકવાના કારણે તેમના સંજ્ઞિપણાની કિંમત, જ્ઞાની પુરૂષોની દ્રષ્ટિએ છે જ નહિ.

મારા સ્વાભાવિક–આત્મિક ચૈતન્ય, આનંદ અને શક્તિનો વિકાસ તે મારી ભૂતકાળની કઈ ભૂલના કારણે રોકાઈ ગયો છે, વર્ત્તમાન કાળે મારી સમજ અને પ્રવૃત્તિ મારા આ ચૈતન્ય–આનંદ અને શક્તિ સ્વરૂપ ગુણોની રોધક છે કે વિકસીત કરનાર છે, ભવિષ્યમાં મારા તે ગુણોની સંપૂર્ણ પ્રગટતા માટે મારે કેવી રીતે સાવચેત બની રહી પ્રયત્ન કરવો જોઈએ, કોણે બતાવેલ માર્ગ પ્રમાણે ચાલવું જોઈએ, મારા આ ગુણોનું વાસ્તવિક રીતે રોધક તત્ત્વ કયું છે, આ બધી ચિંતવના કરનારનું જ સંજ્ઞિપણું સાર્થક છે. જૈનશાસ્ત્રમાં આ રીતના ચિંતવનને ધર્મધ્યાન અને તેની વિપરીત રીતે એટલે અજ્ઞાનીના ચિંતવનને આર્ત્ત

તથા રૌદ્રધ્યાન તરીકે ગણાવ્યું છે.

ધર્મધ્યાનદ્વારા વિચારકરીને ઉપયોગવંત બની રહેનાર આત્મા જ, મોક્ષદ્રષ્ટિવાળો યા સમકીતિ કહેવાય છે. તેની ઉપરોક્ત વિચારણા, વર્ત્તમાન જીંદગીના જ ભૂત-વર્ત્તમાન અને ભવિષ્ય પૂરતી જ નહિ હોતાં અનેક જીંદગીઓના ભૂત–વર્ત્તમાન અને ભવિષ્યકાળવાળી હોય છે. કારણ કે સમકીતિ આત્મા સમજે છે કે જીંદગી બદલાતી રહે છે, પણ આત્મા કંઈ બદલાતો નથી. આત્મા તો ત્રણે કાળ શાશ્વત છે. ભૂલની સજા આત્માને જ ભોગવવાની હોઈ પૂર્વેની જિંદગીઓમાં થયેલ ભૂલની સજા જીવને વર્ત્તમાન જીંદગીમાં ભોગવવી પડે અને વર્ત્તમાન જીંદગીમાં થયેલ ભૂલની સજા, ભવિષ્યની જીંદગીમાં ભોગવવી પડે. માટે સમકીતિ આત્માની દ્રષ્ટિ, તે વર્ત્તમાન જીંદગી પૂરતી જ નહિં હોતાં ત્રિકાલ આત્મલક્ષી હોય છે.

આત્માના અનંતજ્ઞાન – અનંતદર્શન – અનંત આનંદ અને અનંતશક્તિ સ્વરૂપ ગુણને આચ્છાદિત બનાવી રાખી આત્માને જેણે ભૂતકાળમાં દુઃખી કર્યો, વર્ત્તમાનકાળે દુઃખી કરી રહેલ છે, અને ભવિષ્યમાં દુઃખી કરવાવાળો છે, એવા કર્મના સમૂહથી સર્વથા અને સદાના માટે મુક્ત બનવા–કર્મસાથે સંગ્રામ માંડવા જે તૈયાર થાય છે, તે જ આત્મા, મોક્ષદ્રષ્ટિવાળો કહેવાય છે.

સંસારપ્રત્યે ઉદ્વેગભાવસ્વરૂપ ભવનિર્વેદપણું અને

એક માત્ર મોક્ષપ્રાપ્તિની જ તમન્નારૂપ સંવેગપણું જ્યારે જીવમાં જાગે, અર્થાત્ જે જીવનો ઉપયોગ–લક્ષ તે અનાદિકાળથી સંસારરાગવાળો વર્ત્તતો હતો તે હવે પલટો પામી સંસાર પ્રત્યે વિરાગભાવી બની રહે, તેવો જ આત્મા, મોક્ષલક્ષી કહેવાય. માટે જ કહ્યું છે કે :—"સુર નર સુખ જે દુઃખ કરી લેખવે, વંછે શિવસુખ એક સુગુણનર;"

આ સંસારચક્રમાં અનાદિકાળથી અનંતા પુદ્ગલ-પરાવર્ત્તન પરિભ્રમણ કરી રહેલ જીવ જ્યારે ચરમાવર્ત્ત અવસ્થાને પામે છે, ત્યારે જ જીવ મોક્ષલક્ષી ઉપયોગની યોગ્યતાવાળો કહેવાય છે. ચરમાવર્ત્ત પહેલાંના કાળમાં જીવ, ભવનિર્વેદપણું પામી શકતો જ નથી.

ચરમાવર્ત્તકાળમાં પણ જ્યારે વીતરાગ–જિન પ્રણિત ધર્મને પામી જીવાદિ તત્ત્વોનું સ્વરૂપ, યથાર્થપણે સદ્દહે ત્યારે જ જીવ, વાસ્તવિક રીતે મોક્ષલક્ષી ઉપયોગવંત બને છે. મોક્ષલક્ષી ઉપયોગથી જ જીવ ક્રમેક્રમે પણ ઉપયોગની પૂર્ણ શુદ્ધતાને – નિર્મલતાને પામી શાશ્વત સુખનો ભોક્તા બની શકે છે.

આત્મા છે, નિત્ય છે, કર્મનો કર્ત્તા છે, ભોક્તા છે, કર્મથી આત્માનો મોક્ષ થઈ શકે છે, અને મોક્ષનો ઉપાય છે, આ છ બાબત અંગે વીતરાગ સર્વજ્ઞ પ્રણિત શાસ્ત્રાનુસારે શ્રદ્ધાલુ બની રહેલ આત્મા જ સમકીતિ હોઈ ચતુર્થ ગુણસ્થાનકવર્ત્તી કહેવાય છે.

ભવબંધન વધે, ગૃહસ્થાશ્રમ પુષ્ટ થાય, સંસારપુષ્ટ થાય, એવાં કાર્યો કરતી વખતે હૃદયમાં જ્યારે બળતરા થાય, અને મોક્ષપ્રાપ્તિને સરલ બનાવનારાં કાર્યો કરતી વખતે હૃદયમાં પરમોલ્લાસ પ્રગટે, ત્યારે જ સમજવું કે આત્મા ચતુર્થ ગુણસ્થાનકે છે. આવો આત્મા મોક્ષવિરોધી કાર્યો તો નહિં જ કરે, છતાં તે તેનાથી ન જ બની શકતું હોય, અને ન છૂટકે એના જ હાથે મોક્ષથી વિપરીત કાર્ય થવાનો પ્રસંગ આવે તો તેના અંતરમાં તો પ્રચંડ શોક અને તેવા કાર્ય પ્રત્યે દ્વેષ જ થાય. આવો આત્મા કદાચ પોતાના પૂર્વબધ્ધ ગાઢ કર્મોદયના કારણે વિષયકષાયમાં પરોવાયેલો હોય, આરંભપરિગ્રહમાં જોડાયેલ હોય, અને સંસારમાં રહીને સાંસારિક કાર્યો તેના હાથે કરવાં પડતાં હોય તો પણ તેના હૃદયમાં એવાં સઘળાં કામો માટે વેદના તો થતી જ હોય છે. અને તે ટાઈમે પણ તેને ઉપયોગ તો એવો વર્ત્તતો હોય છે કે જે કાર્યો મારે કરવાં જોઈએ, તે થતાં નથી, અને જે કાર્યો કરવા જેવાં નથી તે મારે કરવાં પડે છે; એવાં કાર્ય માટે હાર્દિક સહાનુભૂતિ ન હોય, તો માની લેવું કે તે ટાઈમે આત્મા, અવિરતિ સમ્યગ્દ્રષ્ટિ નામે ચોથા ગુણસ્થાનકે વિદ્યમાન છે.

અહિં આત્માની વૃત્તિ ક્યાં છે? તે જોવાનું છે. સાંસારિક સુખ અંગેનો તીવ્રરાગ મંદ પડે અને આપ્તપુરૂષોના વચનાનુસાર કામ–ક્રોધ–લોભ–મદ–અજ્ઞાન આદિ કષાયસ્વરૂપ ભાવકર્મસમૂહને આધિન નહિં બનવાની તીવ્ર

વૃત્તિ જ્યારે જાગે ત્યારે જ તે આત્મા, મોક્ષના ઉપાસકોની ગણત્રીમાં આવી શકે.

અહિં પ્રશ્ન એ થશે કે આત્મા નિત્ય છે, આ સિધ્ધાન્તથી આપણે આત્માના ભૂત–વર્ત્તમાન અને ભવિષ્ય, એ ત્રણે કાળના અવતારોને માન્ય રાખ્યા. એટલે વર્ત્તમાન-કાળે પોતાનું જીવન કેવી રીતે વ્યતીત કરવું કે જેથી ભાવિ આત્મિક ઉન્નત્તિ સાધી શકાય. એ રીતના વર્ત્તમાન અને ભવિષ્યકાળના વિચારો કરવા તે તો યોગ્ય છે, પરંતુ ભૂતકાળના અવતારો નારકીના થયા હોય, તિર્યંચના થયા હોય કે નિગોદના થયા હોય તેનો વિચાર વર્ત્તમાન જીંદગીમાં કરવાથી બનેલી હકીકત કંઈ નહિં બની થવાની નથી. તો પછી હવે આત્માએ ભૂતકાળના તે ભવોનો વિચાર શા માટે કરવો જોઈએ ?

આ પ્રશ્નનું સમાધાન એ જ છે કે જેઓ ભવિષ્યમાં સુધરવા માંગે છે, તેની ફરજ છે કે તેણે પોતાનો ભૂતકાળ જોવો જ–વિચારવો જોઈએ.

ભૂતકાળમાં આપણે કયા કયા ભવોમાં હતા? ત્યાંથી આપણે ભિન્ન–ભિન્ન ભવો શા કારણથી બદલ્યા? એ ભવોમાં શું શું સુખદુઃખો ભોગવ્યાં હતાં? એ સુખ–દુઃખો ભોગવવાનું શું કારણ હતું? એ રીતે ભૂતકાળના સંબંધમાં આવી ઝીણવટથી જેઓ વિચાર કરે છે, તેઓ જ ભવિષ્યમાં કર્મોથી સાવચેત બની રહે છે. ભૂતકાળના ભવો, કર્મો, ઈત્યાદિને

તપાસીએ તો જ ભવિષ્ય માટે સુધારો કરી શકીએ છીએ. અર્થાત્ આ સઘળા ઉપરથી એક જ વાત સ્પષ્ટ થાય છે કે પોતાનો ભવિષ્યકાળ જેઓ સુધારવાને ઇચ્છે છે, તેમણે પોતાનો ભૂતકાળ અને ભૂતકાળમાં થયેલી ભૂલો એ સઘળું-ય તેમણે ઝીણવટથી જરૂર તપાસવું જ જોઈએ. આ તો એક સાધારણ વાત છે કે જે પોતાની પાછલી ભૂલો જોતો નથી અને એ ભૂલોનું અન્વેષણ કરતો નથી, તે ભવિષ્યમાં પણ ભૂલોમાંથી બચી શકતો નથી. જ્ઞાની વિના પોતાની પૂર્વ-ભવોની હકીકત, પૂર્વભવોનું જીવન તે જાણી તો ન શકાય, પરંતુ મારી વર્ત્તમાન આત્મદશા તે જ્ઞાનીઓએ પ્રરૂપેલ હકીક્ત મુજબ અમુક પ્રકારે આચરેલ મારા કૃત્યનું જ પરિણામ છે, એવો ખ્યાલ તો જરૂર આવી શકે.

આપણે ઇતિહાસને યાદ કરીએ તો માલુમ પડશે કે વર્ષો પહેલાં એકવાર જાપાન અને રૂશીયાને યુધ્ધ થયું ત્યારે માત્ર છ મહીના જેટલા ટુંક સમયમાં જ જાપાન વિજયી બન્યું હતું અને રૂશિયા હારી ગયું હતું. આવું મોટું રૂશીયન મહારાજ્ય તે વેંત જેટલા જાપાનની સામે પણ ટકી શક્યું ન હતું. હારી જવાનું કારણ શોધવા માટે રૂશિયાએ "પરાજય કમીશન"ની નીમણુક કરી. એ કમીશને પરાજ્યનાં કારણ શોધી કાઢ્યાં. અર્થાત્ પોતાનો ભૂતકાળ જોયો અને પોતાનો દેશ કયા કારણથી હારી ગયો છે, તે શોધી કાઢ્યું. એ રીતે ભૂતકાળ જોવાનું પરિણામ એ આવ્યું કે તેણે ભવિષ્યમાં એવી ભૂલો ન થાય તેની તકેદારી રાખી. અને જ્યારે

ઈ. સ. ૧૯૧૪–૧૮માં જર્મન–રશીયા રણસંગ્રામ થયો ત્યારે વેંતભર જાપાન સામે છ મહીના પણ ટકી નહિં શકનાર રૂશિયા, મહાન જર્મન મહારાજ્ય સામે અઢી વર્ષ સુધી ટકી શકયું. જાપાન સાથેના યુદ્ધમાં પરાજય થવાનું કારણ શોધી એ રીતે થતાં કારણોને હવે પછીના કોઈ યુદ્ધમાં રોકવા માટે જ રૂશીયાએ "પરાજય કમીશન" બેસાડ્યું હતું.

જેમ રૂશીયા, તે જાપાન સામેના યુદ્ધમાં માત્ર છ મહિનામાં જ હારવારૂપી કલંકવાળું બન્યું હતું, તેમ આપણો આત્મા પણ કર્મ સામેના યુધ્ધમાં ભવપરંપરારૂપી કલંકવાળો બન્યો છે. અનાદિ કાળથી આ આત્મા ભવપરંપરાએ ભમ્યા જ કરે છે. એ ભવપરંપરા શાથી થાય છે, એ વાત આપણે તપાસવાની છે. આત્માની ભવપરંપરા શાથી થઈ છે, એ વાત તપાસીશું તો જ આપણે ભવપરંપરાના કારણોને રોકી શકીશું.

હવે આપણી ફરજ શું છે તે વિચારીએ. આપણે પણ જડ એવા કર્મથી પરાજ્ય પામ્યા છીએ. અનંત શક્તિના માલીક મહાન સમ્રાટ એવા આપણા ઉપર કર્મે વિજય મેળવ્યો છે. અને તેણે આપણને ભવપરંપરારૂપી ધુંસરીમાં જોડી રાખ્યા છે. માટે આપણી ફરજ છે કે રૂશિયાની માફક આપણે પણ "પરાજય કમિશન" બેસાડવું જોઈએ. પણ આ કમીશનમાં બેસનાર કમીશ્નરો આત્મા

અને કર્મની સઘળી સ્થિતિના યથાર્થરૂપે જાણનાર હોય તો જ સઘળા પ્રશ્નો બરાબર તપાસી શકે. અને તેનો આપણા ઉપર ઘટિત રિપોર્ટ પણ કરી શકે. આ માટે તો જૈન-શાસ્ત્રોના ઉંડા અભ્યાસી તત્ત્વચિંતક સદ્‌ગુરૂઓ જ આ કમીશનમાં બેસનાર કમીશ્નરની યોગ્યતાવાળા ગણાય. તેઓ જ આપણને સાચો રીપોર્ટ આપી અનાદિકાળથી થતી આપણી ભૂલોનો ખ્યાલ આપી, ભવિષ્ય માટે તેવી ભૂલોથી બચાવી શકે. અને જૈનશાસ્ત્રોદ્વારા આપણને સન્માર્ગી બનાવી શકે.

જીવ અનાદિનો છે, કર્મસંયોગો અનાદિના છે, ભવપરંપરાનું અમુક અમુક કારણ છે, કર્મરાજાનું સૈન્ય અમુક અમુક પ્રકારનું છે, તેનો સેનાધિપતિ કોણ છે, તેની સામે લડવા માટે આપણી પાસે શસ્ત્રો કેવાં જોઈએ, કઈ જાતના આપણા સૈનિકોથી તેને પરાજીત કરી આપણી સ્વતંત્રતા - સ્વરાજ્યને પ્રાપ્ત કરી શકાય, કઈ જાતની થયેલ ભૂલથી આપણે પરાજીત બન્યા, તે ભૂલ ફરીથી થવા ન પામે તે માટે આપણે કેવી સાવચેતી રાખવી જોઈએ, ઈત્યાદિ વસ્તુઓને જો કોઈ યથાર્થ રીતે દર્શાવનાર હોય તો શ્રી વીતરાગ–સર્વજ્ઞદેવે પ્રરૂપિત જૈન આગમો જ છે. સદ્‌ગુરૂઓ, આ જૈનાગમોના આધારે જ આપણને કર્મશત્રુથી સાવચેત રહેવાનો રીપોર્ટ આપી શકે છે. ભવસમુદ્રમાં આત્માના અનંતચતુષ્ક ગુણોરૂપી જહાજ ડુબી ન જાય, તે માટે જૈનાગમો જ દીવાદાંડી તુલ્ય છે.

આ આગમગ્રંથોનું જ્ઞાન જ આપણને ભૂતકાળમાં થયેલ આપણી ભૂલોમાંથી બચાવી શકશે. એ જ્ઞાનદ્વારા જ આપણે આપણો ભૂતકાળ (પૂર્વભવો) વિચારી શકીશું. તે વિચારો દ્વારા જ પૂર્વભવોમાં થયેલી ભૂલોનો ખ્યાલ લાવી શકીશું. અને ભવિષ્યકાળે કર્મબંધથી સર્વથા મુક્ત બની અજર અમર સ્થાનની પ્રાપ્તિ માટે આપણા વર્ત્તમાન કાળે એ રીતની ભૂલો આપણાથી ન થઈ જાય તેની સાવચેતી રાખી શકીશું. આ બધી હકીકત ઉપરથી એક વાત સ્પષ્ટ થાય છે કે આત્મિક ઉત્થાન માટે ભૂતકાળ પણ તપાસવો -વિચારવો જરૂરી જ છે.

આપણે ભૂત, ભવિષ્ય અને વર્ત્તમાન - આ ત્રણેયની સંઘટનામાં જીવી શકીએ છીએ અને સત્યને પકડી શકીએ છીએ. માત્ર વર્ત્તમાન દ્વારા સત્યને પકડી શકાતું નથી. વર્ત્તમાનની ક્ષણ તે ભૂતકાળની જ સંપત્તિ હોઈ ભૂતકાળને સમજ્યા વિના વર્ત્તમાનના વિપાકને - વર્ત્તમાનની પ્રવૃત્તિને -વર્ત્તમાનની રચનાને સમજી શકાતી નથી. માટે જ જેનું પરિણામ તે વર્ત્તમાન બને છે - જેનો વિપાક તે વર્ત્તમાન બની રહ્યો છે, તે ભૂતકાળને સમજવો પણ જરૂરી છે. વર્ત્તમાનના વિપાકનું-પ્રવૃત્તિનું-સ્વભાવનું બીજ શું છે ? કયા બીજમાંથી વિપાકરૂપી વૃક્ષ ફાલ્યું છે ? તે તથ્યોની સમગ્ર જાણકારી માટે ભૂતકાળને તપાસવો જ પડશે.

વૈદ્યે નિષેધ કરેલ અપથ્યનું સેવન કરવાથી રોગીના

રોગનું પુનરૂત્થાન થવા સમયે તે પુનરૂત્થાન થવામાં થયેલી ભૂલને પહેલી તપાસે છે. રોગી પણ વિચારે છે કે આ રીતે થયેલી ભૂલના પરિણામે જ આ સ્થિતિ બની રહી છે. એમ સમજી વૈદ્ય તેનું પરિમાર્જન કરી, ફરીને આવી ભૂલ ન થાય તેની સાવચેતી રાખવા માટે સૂચના આપે છે. અને રોગી પણ સાવચેત રહેવાનો ખ્યાલ રાખે છે. તો જ ફરીને એવું બનવા પામતું નથી. એવી રીતે આત્મિક બીમારીને હટાવવા અને આત્મિક આરોગ્યતાને પામવા માટે ભૂતકાળ પણ તપાસવો જ પડશે.

માત્ર પરિસ્થિતિ કે નિમિત્તના આધારે અગર શારીરિક કે રાસાયણિક પરિવર્ત્તનના આધારે કોઈપણ ઘટનાની કે માનવીય આચરણની આપણે વ્યાખ્યા નહીં કરી શકીએ. દુન્યવી દ્રષ્ટિએ તો શ્રીપાળ મહારાજાને કોઢીયાઓના સંસર્ગથી રોગ થવામાં, ધવલશેઠ દ્વારા સમુદ્રમાં ફેંકાઈ જવામાં અને સમુદ્રમાં પડતાં જ કોઈ પાટીયાનો સહારો મળી જવામાં કે જ્યાં ગયા ત્યાં સામેથી રાજકુંવરીઓ સાથેના લગ્નપ્રસંગો સ્વયં ઉપસ્થિત થવામાં, અને મયણાસુંદરીનાં કોઢીયા સાથે લગ્ન થવામાં, સામાન્ય લોકો તો પરિસ્થિતિ કે નિમિત્તને જ જોશે. પરંતુ અધ્યાત્મદૃષ્ટિ પામેલ મયણા અને શ્રીપાલે તો તે અંગેનો કોઈ ભૂતકાળ ( પૂર્વભવમાં થયેલ ભૂલનું જ પરિણામ )નો જ દોષ માન્યો હતો. તેથી જ તેઓએ આ બધા અનુકુળ અને પ્રતિકુળ સંયોગોની પ્રાપ્તિનું બીજ જાણવા માટે તેઓએ શ્રી અજિતસેન

મુનિને પોતાના આત્માથી થયેલ ભૂતકાળની ભૂલને જ અર્થાત્ પૂર્વભવની હકીકતને જ પૂછી હતી. પિતાનું કહ્યું ન માન્યું તો કોઢીયા પતિને વરવું પડ્યું, ધવલશેઠે દોરડાં કાપી નાખ્યાં તો જ દરીયામાં પતન થયું, વીણા વગાડવાની કળાથી કે રાધાવેધની આવડતથી રાજકુંવરીઓ મળી, એમ આ બધી પરિસ્થિતિના યોગે જ આ બધું બની રહેવાની માન્યતાવાળાં તેઓ હોત તો આત્મિક ઉત્થાન સાધી સદ્ગતિને પામી શકત જ નહીં.

માટે જ જ્ઞાનીઓ કહે છે કે કોઈપણ ઘટના કે આચરણ પ્રસંગે આપણે કર્મના બીજને જોવું જ પડશે. એ રીતે કર્મના વિપાકની વ્યાખ્યા સમજવી જ પડશે. આ વિપાક કે પરિણામનું બીજ ક્યાં છે અને શું છે? તે જાણ્યા વિના વિપાકની વ્યાખ્યા થઈ શકશે જ નહિં.

શાસ્ત્રોમાં બે શુભધ્યાન અને બે અશુભધ્યાન એમ ચાર પ્રકારે ધ્યાન દર્શાવ્યાં છે. કોઈપણ કાળે કોઈ પણ જીવ આ ચાર ધ્યાન પૈકી કોઈપણ એક પ્રકારના ધ્યાનમાં તો વર્તતો જ હોય છે. જીવનો કોઈપણ સમય ઉપરોક્ત ચાર પ્રકારના ધ્યાન પૈકી એક વિના તો હોઈ શકતો જ નથી. ભૌતિકદ્રષ્ટિવંત અશુભધ્યાની અને આધ્યાત્મિક-આત્મિક દૃષ્ટિવંત શુભધ્યાની બની જ રહે છે. અશુભધ્યાનીનો ઉપયોગ અશુદ્ધ હોઈ, આત્મા વધુને વધુ કર્મથી મલીન બનતો રહે છે. જ્યારે શુભધ્યાનીનો ઉપયોગ શુભ હોઈ શુદ્ધ પ્રત્યે જવાની યોગ્યતાવાળો બને છે.

જીવનમાં વર્ત્તતી અનુકુળ કે પ્રતિકુળ ઘટના સમયે આત્મિકવાદી જીવ, પરીસ્થિતિ કે સંયોગનો જ માત્ર દષ્ટિવંત નહિં બનતાં કર્મના જ શુભાશુભ વિપાકોનું ચિંતન કરવારૂપ "વિપાકવિચય" નામે ધર્મધ્યાનના એક પ્રકારમાં જ ઉપયોગવંત બની રહે છે. અને વર્ત્તમાન સાંસારિક સુખો વડે થતા અપાય કે અનિષ્ટનું જ સતત ચિંતન કરવારૂપ "અપાયવિચય" નામે ધર્મધ્યાનમાં ઉપયોગવાળો હોય છે. તેની દષ્ટિ, ભૂતકાળમાં થયેલ આધ્યાત્મિક ભૂલ અંગે જ વર્ત્તે છે. જ્યારે ભૌતિક દષ્ટિવંત જીવ, ઈષ્ટ ભૌતિક અનુકુળતાના, અનિષ્ટ વિયોગના, પ્રતિકુલ વેદનાના, ભોગસામગ્રીની તીવ્ર લાલસારૂપે ભવિષ્યની વિચારણાના અને આ બધા માટે હિંસા-ક્રોધ—વૈર વગેરેના ચિંતવનમાં જ પ્રવૃત્ત બની રહે છે. જેથી તેવાઓનો આત્મા અશુભ અને અશુદ્ધ ઉપયોગવંત બની રહેતો હોવાના કારણે અનેકવિધ કર્મસમૂહથી ભારે બનતો જતો હોઈ તેઓનું સંસારભ્રમણ વૃદ્ધિને જ પામે છે. કારણ કે તેઓ ઉપરોક્ત સંયોગ અંગે ભૂતકાળ જોવાની કે તપાસવાની સમજવાળા-વિવેકવાળા હોતા જ નથી. તેવા જીવો આર્ત્ત અને રૌદ્રધ્યાની કહેવાય છે.

આપણે શાસ્ત્રોમાં વાંચીએ છીએ અને જાણીયે છીએ કે એક માણસ અતીન્દ્રિયજ્ઞાની રૂષિમુની પાસે જાય છે, તીર્થંકર પાસે જાય છે, કેવલજ્ઞાની પાસે જાય છે અને પૂછે છે: ભગવંત! હમણાં હું વિપાક ભોગવી રહ્યો છું,

તો મેં એવું શું કર્યું હતું કે જેથી આ વિપાક મારે ભોગવવા પડે છે, તે આપ મને બતાવો-જણાવો. ત્યારે એ અતીન્દ્રિય જ્ઞાની કહે છે કે, "તમે અમુક ભવમાં અમુક કર્મ કર્યું હતું, તેનું આ ફળ છે. તેનો આ વિપાક છે." આવી હકીકતો જ આપણને આપણા ભૂતકાળ (પૂર્વ ભવો પ્રત્યે) તરફ દ્રષ્ટિ રાખવાનું સૂચવે છે. વિશ્વના પ્રાણિઓમાં આ દ્રષ્ટિ વિકસિત બની જાય તો ન કોઈ કોઈની સાથે વૈરઝેર રહે. ન કોઈની સાથે લડાઈ-ટંટા રહે. ન કોઈનું હડપ કરવાની વૃત્તિ રહે. ન પ્રાપ્ત અનુકુળતાનું અભિમાન રહે. ન પ્રાપ્ત પ્રતિકુળતાની દીનતા રહે. ન બોમ્બવર્ષાનો ભય રહે, ન કોઈ ઉપર આક્ષેપ કરવાનો સમય રહે. એ રીતે વિશ્વમાં, નગરમાં, કુટુંબમાં, સમાજમાં શાંતિ-શાંતિ વર્ત્તી રહે. સર્વ જીવો અરસપરસ મૈત્રીભાવવાળા, ગુણાનુરાગી, દ્રવ્ય અને ભાવ અનુકંપાવાળા, અને દુર્ગુણી પ્રત્યે પણ માધ્યસ્થ ભાવવાળા બની રહે છે.

અહિં આપણે મુખ્ય વાત તો એ જ સમજવાની છે કે જ્યાં કાર્ય-કારણની મીમાંસા છે, જ્યાં સત્યને ઉદ્ઘાટિત કરવાનો પ્રશ્ન છે, ત્યાં માત્ર વર્ત્તમાનથી જ કામ ચાલતું નથી. કાર્યનું કારણ જાણવા માટે દીર્ઘ ભૂતકાળ તપાસવો પડશે. દીર્ઘભૂતકાળ-પૂર્વ ભવો સુધી દ્રષ્ટિ નાખવી પડશે. કેવળ વર્ત્તમાન નિમિત્તના જ લક્ષવાળા બની રહેવાથી કાર્યનું સત્ય કારણ સમજી શકાશે નહીં, જેટલું વર્ત્તમાનનું મહત્ત્વ છે, તેટલું અતીતનું પણ છે. વળી જેટલું વર્ત્તમાન મહત્ત્વપૂર્ણ છે,

તેટલું ભવિષ્ય પણ મહત્ત્વ પૂર્ણ છે. ભૂત કે ભવિષ્યની શૃંખલાને ત્રોડી નાખી માત્ર વર્ત્તમાન ઉપર જ આધારિત બની રહેનાર કદાપી સત્યતાને પામી શકયો જ નથી, પામી રહ્યો જ નથી, અને પામી રહેશે જ નહિ. કાલની અખંડતા દ્વારા જ કાર્ય, કારણ, પ્રવૃત્તિ અને પરિણામને બરાબર સમજી શકાશે–પકડી શકાશે.

આ બધો વિચાર, આ બધી સમજ, સંજ્ઞિપણા સિવાય થઈ શકે જ નહિં. આ જાતનું ચિંતન–મનન કરનાર – જીવનમાં આચરનાર સંજ્ઞિ જીવો જ ક્ષપકશ્રેણિને આરોહી, વીતરાગ અને સર્વજ્ઞ બની, અયોગી નામે ચૌદમા ગુણસ્થાનકને પામી, યોગ નિરોધાવસ્થા દ્વારા મોક્ષસ્થાનને પામ્યા છે.

જેઓ અસંજ્ઞિ છે, તેવા જીવોને તો આ જાતનું ચિંતન – મનન કે સંકલ્પ કરવાની શકિત જ નહિં હોવાથી અજ્ઞાનાવસ્થાને કારણે તેઓ આત્મસિદ્ધિને પ્રાપ્ત કરી શકતા જ નથી. વળી સંજ્ઞિજીવોમાં પણ મોક્ષલક્ષી ઉપયોગવાળા જ જીવો ઉપરોક્ત રીતે આત્મસિદ્ધિને પામી શકે છે. જ્યારે ભૌતિકલક્ષી જીવો તો પોતાને પ્રાપ્ત સંજ્ઞિપણાનો આર્ત્ત અને રૌદ્ર ધ્યાન વડે દુરૂપયોગ કરી દુર્ગતીના જ સાધક બને છે. જીવને ઘણીવાર સંજ્ઞિપણું મળ્યા છતાં અવિવેકના કારણે–અજ્ઞાનતાના કારણે–આવડતના અભાવે તેનો વિપરીત ઉપયોગ થવાથી જ જીવનું ભવભ્રમણ હજુ ચાલુ રહ્યું છે. તે ભવભ્રમણથી બચવા માટે આધ્યાત્મિક દ્રષ્ટિપૂર્વક

સંજ્ઞિપણાનો સદુપયોગ કરવાથી જ, સંજ્ઞિપણાને સન્માર્ગે વાળવાથી જ, જીવનું શ્રેય છે. એ વાત ખાસ લક્ષમાં રાખવી જરૂરી છે. એ જ જીવને સાચા સુખી બનવાનો માર્ગ છે.

આપણે પ્રથમ વિચારી ગયા કે મોક્ષલક્ષી ઉપયોગનો પ્રારંભ સાચી રીતે તો ચોથા-ગુણસ્થાનકથી જ થાય છે. અહિંથી જ જીવને પોતાના પૂર્વભવોમાં કરેલ ભૂલોનો ખ્યાલ મેળવી શકાય છે. તેવી ભૂલોથી બચી જઈ કર્મશત્રુને પરાજય કરવાની તીવ્ર અભિલાષા અહિંથી જ જાગે છે. છતાં ચોથે ગુણસ્થાનકે રહેલ જીવોની સ્થિતિ કેવી હોય છે, તે એક ઉદાહરણ-ઉપનય દ્વારા સમજી શકાય છે.

યુદ્ધમાં બે પક્ષો લડે છે. એક પક્ષના માણસો રણ-સંગ્રામમાં શત્રુપક્ષના કેદી બને છે. એ વખતે શત્રુપક્ષ, પેલા કેદીઓને કંઈ બેસાડી રાખી ખવરાવતો નથી. પરંતુ એ કેદીઓ પાસે કામ લે છે. હવે ધારો કે એક પક્ષનો કેદી, બીજા પક્ષમાં કેદ થાય અને તે બીજા પક્ષનો મુકાદમ એ કેદીઓ જ પાસે, તેના જ એટલે કેદીઓના પક્ષના માણ-સોનો નાશ કરવા માટે કિલ્લો બંધાવે – પથ્થરો મંગાવે યા બીજી કોઈ એ રીતની મજુરી કરાવે, તો એવા પ્રસંગે એ કેદીની દશા કેવી હોય? તે વખતે તે કેદી, કેવી જાતના ખ્યાલવાળો કે ઉપયોગવાળો બની રહેલ હોય તે આપણે સમજી શકીએ છીએ. શત્રુના હાથમાં પડેલો એ કેદી પોતે કામ કરવાની ના પાડી શકે એવી સ્થિતિમાં નથી. વળી કામ

બગાડી શકે અથવા ઓછું કામ આપી શકે એવી સ્થિતિમાંય નથી. વળી કોઈ પણ પ્રકારે તે દગો કરી શકે એવું ય નથી, એટલે ઓછું કામ આપી શકે એવી સ્થિતિમાંય નથી. વળી એવા પ્રસંગે આવા કેદીઓની મનોદશા-ઉપયોગ તે એવા પ્રકારનો હોય છે કે પોતે નિરૂપાયવશતાથી શત્રુની સેવા કરે છે. પોતાના જ પક્ષનો નાશ થાય એવાં કામ કરે છે, પરંતુ એ સમયે એના અંતરમાં તો ભયંકર બળતરા હોય છે. પોતે કરેલું કામ પ્રાકૃતિક કોપના કારણે તૂટી પડે તો તેથી તે કેદીની લાગણી ઘવાતી નથી. એટલું જ નહિં પણ તેના હાથે જે કામ થાય છે, તેમાં તેની આસક્તિ યા ઉત્સાહ પણ હોતો નથી.

આ ઉદાહરણ દ્વારા અહિં સમજવાનું એ છે કે ભવસંવર્ધનનાં કાર્યો કરતા આત્માને જ્યારે ઉપરોક્ત કેદી જેવી વ્યથા થાય, ત્યારે સમજવું કે તે આત્મા હવે મોક્ષ-પ્રાપ્તિ માટેના જ ઉપયોગવાળો-લક્ષવાળો બની રહી ચોથા ગુણસ્થાનકને પામ્યો છે. અહિં તેને કર્મશત્રુ સામે યુદ્ધ ચડવા માટે તાલાવેલી તો બહુ છે, પણ સ્થિતિ અને સંયોગ લાચારીવાળા છે. ક્યારે મોકો મળે અને કર્મશત્રુની પરાધીનતામાંથી છૂટી તેનો જડમૂળથી નાશ કરૂં, એનો સરળ ઉપાય શોધવાની તે કોશિષ કરતો જ હોય છે. એમ કરતાં કંઈક અંશે કર્મની પરાધીનતા-સખ્તાઈ ઓછી થાય એટલે તે આત્મા પાંચમા ગુણસ્થાનકને પામ્યો કહેવાય છે. અહીં પણ તેનો ઉપયોગ-લક્ષ તો ઉપર મુજબ જ વર્ત્તતો હોય છે. છતાં

અહીં કર્મ સામે બળવો જગાડવાની તાકાત હોતી નથી.

એમ કરતાં કર્મશત્રુ સામે બળવો જગાડવાની કંઈક શક્તિવાળો થાય એટલે છઠ્ઠા ગુણસ્થાનકને પામ્યો કહેવાય. અહિં ઉપયોગ, લોકવ્યવહારની ભાંજગડમાંથી ખસી જાય છે. અને લોકોત્તર ભાંજગડો શરૂ થાય છે. શરીરાદિ ભૌતિકલક્ષી જીવો દ્વારા થતી મનની ભાંજગડો એ ત્યાગ કરવા લાયક છે. જ્યારે મોક્ષલક્ષી જીવો દ્વારા થતી મનની ભાંજગડો એ આદરણીય છે. છઠ્ઠા ગુણસ્થાનકવર્ત્તી મુનિ, લૌકિક સંજ્ઞાને છોડી દે છે, અને લોકોત્તર સંજ્ઞાને ધારણ કરે છે. આવી વ્યક્તિ, લોકોત્તર સંજ્ઞામાં જ લીન હોઈ ઉપયોગની શુદ્ધતામાં આગળ વધે છે. આ છઠ્ઠા ગુણસ્થાનકવર્ત્તી પણ જો પ્રમાદી બની જાય, આત્મદષ્ટિ ભૂલી જાય, લેશમાત્ર પણ નામના અને કામનાના ચક્રમાં લેપાઈ જાય, તેની સાવચેતી ચૂકી જાય, પતન પામવાનાં નિમિત્તોથી અસાવધાન બની જાય તો પુનઃ તેની દશા પણ વિપરીત બની જાય છે. અને ધીમે ધીમે પણ કદાચ તે પતન, મિથ્યાત્વ નામે પહેલા ગુણસ્થાનક સુધી પણ થઈ જવા પામે એવું ય બની શકે છે.

ચોથા અને પાંચમા ગુણસ્થાનકમાં મનની ભાંજગડ, કર્મશત્રુના બંધનમાંથી છૂટી-બચી જવા માટેની હોય છે; જ્યારે છઠ્ઠાગુણસ્થાનકથી મનની ભાંજગડ, કર્મશત્રુના સંહારની છે.

જીવ જ્યારે છઠ્ઠે ગુણસ્થાનકે આવે છે, ત્યારે તે લૌકિક પદાર્થમાં રાચી શકે તેવી દશામાં હોતો નથી. અનાદિકાળથી લોકોએ જે સંજ્ઞા રાખી છે, તે સંજ્ઞામાં તેવા આત્માને રાચવા-પણું રહેતું નથી. જેથી પૌદ્ગલિક વસ્તુઓથી રાચવાના ઉપ-યોગનો–લક્ષનો તે આત્મા ત્યાગ કરી દે છે. છતાં એવા મુનિ પણ મનન અને વિચાર છોડી શકતા નથી. એટલે છઠ્ઠે ગુણસ્થાનકે પહોંચેલ એવા મુનિને પણ જ્યાં સુધી તેરમે ગુણસ્થાનકે ન પહોંચે ત્યાં સુધી ભવનિર્વેદ અને મોક્ષપ્રાપ્તિની વિચારધારા અવશ્ય રહેતી હોવાથી લોકોતર ભાંજગડ સિવાય અન્ય કોઈ ભાંજગડ, તેમના જીવનમાં હોઈ શકતી નથી.

ચોથા ગુણસ્થાનકથી મોક્ષપ્રાપ્તિના વિચારો પ્રારંભાય છે. તે બારમા ગુણસ્થાનક સુધી ચાલુ રહે છે. એ સઘળાય સમય દરમ્યાન આત્માએ મોક્ષનો જ વિચાર કરવો તે કર્તવ્ય છે. જ્યાં બાર ગુણસ્થાનક પૂરાં થાય છે, અને જીવાત્મા તેરમા ગુણસ્થાનકમાં પ્રવેશ કરે છે, કે તે જ પળે તેને મોક્ષપ્રાપ્તિ નક્કી થઈ જતી હોવાથી તેને પછી મોક્ષ માટેનો પણ વિચાર બાકી રહેવા પામતો નથી. તેરમું ગુણસ્થાનક પ્રાપ્ત થાય એટલે આત્માનો મોક્ષ નક્કી છે. મોક્ષ નક્કી થયા પછી તે સંબંધી અગર બીજા કોઈ વિચારો ન થાય એ સ્વાભાવિક છે.

એક માણસ નદી વટાવી જાય, પાદર વટાવી જાય, અજારો ઓળંગી આવે અને પોતાના ઘરના આંગણે આવીને

ઉભો રહે પછી તેને વિચાર કરવાનો હોતો જ નથી કે મારા ઘરે પહોંચવું છે. ઘરઆંગણે આવ્યો એટલે ઘરે પહોંચી જ ગયો છે જેમ જગતના સ્થૂલ ઘરને આંગણાં છે, તે જ પ્રમાણે મોક્ષરૂપી ઘરનું આંગણું એ તેરમું ગુણસ્થાનક છે.

દરેક જીવો પોતાના શરીરાદિ ભૌતિક અનુકૂળતા અંગે ભૂત-ભવિષ્ય અને વર્ત્તમાન એ ત્રણે કાળસંબંધી વિચાર, અનાદિકાળથી કરતા જ આવ્યા છે. તેમાં કોઈની પ્રેરણાની તેને જરૂર રહેતી નથી. પરંતુ જે આત્માઓ આ સંસારના ભયાનક એવા ભયને કાપવા ઇચ્છે છે, અને મોક્ષ મેળવવા ઈચ્છે છે, તેવા આત્માઓએ પોતાના આત્માની અતીત-વર્ત્તમાન અને ભવિષ્યકાળની સ્થિતિ જાણવી જરૂરી છે. વિપાકવિચય અને અપાયવિચય ધર્મધ્યાનની હકીકત આપણને આ બાબત માટે જ ઉપયોગી છે. વળી તે પ્રકારનું ધ્યાન, શ્રી સર્વજ્ઞ વીતરાગની આજ્ઞા મુજબ ચિંતવવા માટે આજ્ઞાવિચય ધર્મધ્યાન છે. ધર્મધ્યાનમાં પ્રવેશવા માટે આ આજ્ઞાવિચય નામે ધર્મધ્યાનનો પહેલો પ્રકાર ખાસ જરૂરી છે. તેના આધારે જ તેના પછીનાં શેષ ત્રણ ધર્મધ્યાનોની સફલતા છે. ધર્મધ્યાનનાં ચોથો પ્રકાર તે આ લોકસ્વરૂપ –સંસારસ્વરૂપના ચિંતન માટે છે.

વળી પણ એક વાત જાણવાની જરૂર છે કે તેઓ પૂર્વે જે સ્થિતિમાં હતા, જે સ્થિતિ પામ્યા છે, અને જે સ્થિતિ પામવાની છે, તે શાને આભારી છે? એ સ્થિતિમાં અનુકુળતા અને પ્રતિકુળતાઓ કઇ કઈ છે? આ સઘળું

મોક્ષાભિલાષી આત્માઓએ વિચારવાની જરૂર છે. અને તેમાં ભવનું સ્વરૂપ, ભવની ભયંકરતા, ભવનું ઉલ્લંઘન ક્યાં થાય છે, તેનું સ્થાન, એ સ્થાને પહોંચેલા હોય તેવાઓની સ્થિતિ, આટલી બાબતોનો મોક્ષાભિલાષી આત્માઓએ ખ્યાલ મેળવવો અત્યંત જરૂરી છે.

સઘળા જીવો જીવપણાની દ્રષ્ટિએ સરખા છે. સંજ્ઞીપણે બધા સંજ્ઞી જીવો સરખા છે. સઘળા ભવ્ય જીવો ભવ્યપણે પણ સરખા છે. છતાં અહીં જીવાત્માઓમાં લાયકાતની દ્રષ્ટિએ તફાવત છે. પક્ષીપણે બધાં પક્ષીઓ સરખાં છે, પરંતુ કાગડો અને પોપટ એ બન્નેમાં લાયકાતની દ્રષ્ટિએ તો તફાવત છે. લાયકાતની દ્રષ્ટિએ કાગડા કરતાં પોપટ વધારે યોગ્ય છે. તે પ્રમાણે આત્મકલ્યાણ માટેની ઉપર જણાવેલી વિચારણા કરવા માટે બધા જ જીવો લાયક નથી. અમુક જીવો જ લાયક છે.

ભવનિર્વાણ સંબંધીના વિચારો કરવાની યોગ્યતા તેઓમાં જ હોઈ શકે કે જેઓ ચરમાવર્ત્તકાળને પામી, આત્મા છે–નિત્ય છે–કર્મનો કર્ત્તા છે–કર્મનો ભોક્તા છે, મોક્ષ છે, અને મોક્ષનો ઉપાય છે, આ છ સ્થાનક પ્રત્યે દ્રષ્ટિવાળા બની રહેલ હોય.

આવા જ જીવો અશુદ્ધ ઉપયોગથી બચી જઈ, શુદ્ધ ઉપયોગમાં પ્રવર્ત્તવાની યોગ્યતા પામી શકે છે, પ્રતિસમય આત્મા, ઉપયોગવંત હોય જ છે. પછી ભલે તે ઉપયોગ શુદ્ધ હોય કે અશુદ્ધ હોય.

મિથ્યાત્વ અને કષાયથી અનુરંજિત ઉપયોગ તે

અશુદ્ધ છે. જ્યારે મિથ્યાત્વ અને કષાયથી અલિપ્ત ઉપયોગ શુદ્ધ છે.

દર્શનમોહનીય કર્મના ઉદયે જીવ, મિથ્યાત્વી બને છે. જ્યારે ચારિત્રમોહનીય કર્મના ઉદયે જીવ, કષાયવંત અર્થાત્ ક્રોધી–માની–માયાવી અને લોભી બને છે. દર્શન-મોહનીય અને ચારિત્રમોહનીય એ બન્ને પ્રકારો મોહનીય કર્મના જ છે. શેષ સાતકર્મનો આધાર આ મોહનીય કર્મ જ છે.

ભૌતિકદ્રષ્ટિમાં મોહનીયકર્મના ઉદયે જીવ ઔદાયિક ભાવે વર્ત્તે છે. જ્યારે આત્મિકદ્રષ્ટિમાં મોહનીયકર્મના ક્ષયોપશમના કારણે જીવ, ક્ષાયોપશમિક ભાવે વર્ત્તે છે. ઔદાયિક ભાવ, સંસારવૃદ્ધિનું કારણ છે. જ્યારે ક્ષાયોપશમિક ભાવ તે ક્ષાયિકભાવે પરિણમી અન્તે વીતરાગ–સર્વજ્ઞ દશાની પ્રાપ્તિનું કારણ છે.

ઉપયોગને શુદ્ધ બનાવી રાખવાની ઇચ્છાવાળાઓએ દર્શનમોહનીય અને ચારિત્ર મોહનીય એમ બન્ને પ્રકારના મોહનીય કર્મનું સ્વરૂપ, સર્વજ્ઞકથિત આગમોના આધારે સમજવું જરૂરી છે. જેથી આત્મા, ક્ષાયોપશમિક ભાવમાં આગળ વધી અન્તે ક્ષાયિક ભાવવાળો બની, સંપૂર્ણ વીત-રાગતાને પામી સદાના માટે સંપૂર્ણ શુદ્ધ ઉપયોગવાળી પરમ આત્મિક શાંતિને અનુભવી–મેળવી–પામી શકે.

*

# ૧૦ ગુણ-પર્યાય અને પરિણમન

જીવની ઉત્પતિ અને વિનાશ નહિં હોવાથી તેનો જ્ઞાન ગુણ પણ સદાના માટે અવિનાશી છે. કારણ કે ગુણ અને ગુણીનો તદ્રુપ સંબંધ છે. બેમાંથી એકનો અભાવ કરતાં બન્નેનો અભાવ થાય. અને જ્યાં એકની હયાતિ હોય ત્યાં બીજાની પણ હયાતિ હોય જ. દ્રવ્યની સાથે ચિરકાળ અવિચ્છિન્નપણે રહે, અથવા જેના વિના દ્રવ્ય, તે દ્રવ્ય કહેવાય નહિ, તેને ગુણ કહેવાય છે. गुण पर्याय युक्तं द्रव्य, ગુણ અને પર્યાયથી યુક્ત છે, તે દ્રવ્ય છે,

પર્યાય અંગે વિચારતાં ઉત્પત્તિ અને વિનાશને પ્રાપ્ત થાય તે પર્યાય કહેવાય છે. આત્માની સાથે ક્યારેક હોવાવાળી અને ક્યારેક નહિં હોવાવાળી અવસ્થાને ક્રમભાવી પર્યાયરૂપે કહેલ છે. જેમકે મનુષ્યપણું તિર્યંચપણું વગેરે.

શાસ્ત્રમાં પદાર્થની પ્રરૂપણા, દ્રવ્ય અને પર્યાય એમ બે સ્વરૂપે જ દર્શાવી છે. આત્માના જ્ઞાનાદિ ગુણોને તો પર્યાયના એક પ્રકાર તરીકે જ વર્ણવી લીધા છે. પરંતુ તે ગુણોની પ્રવૃત્તિરૂપ ઉપયોગ, એ આત્માનો સહભાવી પર્યાય હોવાથી આત્મ દ્રવ્યની સાથે સતત રહેનાર ગુણ છે. તેનું હોવાપણું આત્માની સાથે નિરંતર હોવાથી ઉપયોગમાં થતું પરિવ-

ર્તન તે આત્માનું જ પરિવર્તન અર્થાત્ પર્યાય કહેવાય છે. માટે જ શાસ્ત્રોમાં પદાર્થનું સ્વરૂપ,દ્રવ્યાર્થિકનયે અને પર્યાયાર્થિક નયે જ પ્રરૂપ્યું છે. પરંતુ કયાંય ગુણાર્થિકનયે વર્ણન કર્યું નથી.

દરેક દ્રવ્ય અનંતા પર્યાયોને પામવાની યોગ્યતાવાળું હોવા છતાં, સાથે સાથે એટલું પણ સમજી લેવું જરૂરી છે કે એક વિવક્ષિત મૂળ દ્રવ્યમાં જે પર્યાયો પામવાની યોગ્યતા હોઈ શકે છે, તે જ પર્યાયોને પામવાની યોગ્યતા અન્ય મૌલિક દ્રવ્યમાં પણ હોઈ શકે તેવું નથી. જેમ દરેક મૌલિક દ્રવ્ય સ્વતંત્ર છે, તેમ દરેક દ્રવ્યના પોતાના ગુણ અને પર્યાયો પણ સ્વતંત્ર છે. જે ગુણ કે જે પર્યાય જે જાતિના મૂળ દ્રવ્યમાં હોઈ શકતો હોય, તે ગુણ કે તે પર્યાય તે જાતિના જ મૂળ દ્રવ્યમાં હોઈ શકે, પરંતુ અન્યજાતિના મૂળ દ્રવ્યમાં હોઈ શકે નહિ. જેમકે જીવના જે ગુણ અને પર્યાયો છે, તે જીવદ્રવ્યમાં જ હોઈ શકે. પરંતુ પુદ્ગલદ્રવ્યમાં હોઈ શકે નહિં.

જૈન શાસ્ત્રમાં જીવાસ્તિકાય,ધર્માસ્તિકાય અધર્માસ્તિકાય આકાશાસ્તિકાય,પુદ્ગલાસ્તિકાય અને કાળ,એમ મૌલિક દ્રવ્યો છ દર્શાવ્યાં છે. તેમાં પુદ્ગલાસ્તિકાય દ્રવ્યમાં તો ઉત્પતિ અને વિનાશ તે સ્વપર્યાયાપેક્ષાએ જ થાય છે. અને શેષ પાંચ દ્રવ્યોમાં ઉત્પતિ અને વિનાશ તે પરપર્યાયોની અપેક્ષાએજ થયા કરે છે.

શુદ્ધ નિશ્ચય નયથી જો કે દરેક દ્રવ્ય સ્વતંત્ર છે. કોઈની કોઈ ઉપર કંઈ અસર નહિં, અને કોઈનો કોઈ સાથે સંયોગ પણ નથી. "नागासेण जोगो से सरुव सठिए." સિદ્ધ સ્વરૂપમાં સ્થિત છે. આકાશ સાથે તેમનો સંયોગ નથી. એમ કહી દરેક દ્રવ્યની આ સ્વતંત્રતા શાસ્ત્રો જણાવે છે.

વ્યવહાર નયથી જોઈએ તો લોકસ્થિતિ જ એવી છે કે વિશ્વમાં પ્રત્યેક પદાર્થ, જીવ, ઘટના, પ્રસંગ, એક બીજા સાથે ચોક્કસ નિયમ મુજબ સંકળાયેલા છે.

જીવનો ગુણ "જ્ઞાન" છે. અને જ્ઞાન તે જ્ઞેયના આધારે હોવાથી જ્ઞેયપદાર્થના પર્યાય અનુસારે જ જીવના જ્ઞાનોપયોગ અને દર્શનોપયોગમાં પરિવર્તન થતું રહે છે. જ્ઞેય પદાર્થના પર્યાયને અનુસરીને જ વિવિધ સમયે વિવિધ સ્વરૂપે પરિવર્તન પામતી રહેતી ઉપયોગની અવસ્થાને "પરિણામ" કહેવાય છે.

પરિણામની વ્યાખ્યા દર્શાવતાં તત્ત્વાર્થ સૂત્ર ૫/૪૧ માં કહ્યું છે કેઃ– तद्भावः परिणामः અર્થાત્ સ્વરૂપમાં સ્થિત રહી ઉત્પન્ન તથા નષ્ટ થવું તેનું નામ પરિણામ છે. પોતાની જાતિનો ત્યાગ કર્યા વિના થતો દ્રવ્યનો અપરિસ્પંદ રૂપ પર્યાય, જે પૂર્વાવસ્થાની નિવૃત્તિ અને ઉત્તરાવસ્થાની ઉત્પત્તિ રૂપે છે, એને પરિણામ સમજવો. આવો પરિણામ જીવમાં જ્ઞાનાદિ તથા ક્રોધાદિરૂપ છે.

બૌદ્ધ લોકો વસ્તુમાત્રને ક્ષણસ્થાયી નિરન્વય વિનાશી માને છે. આથી એમના મતે, પરિણામનો અર્થ ઉત્પન્ન થઈ ને સર્વથા નષ્ટ થઈ જવું, અર્થાત્ નાશની પછી કોઈ પણ તત્ત્વનું કાયમ ન રહેવું, એવો થાય છે.

નૈયાયિકો આદિ ભેદવાદી દર્શન, કે જે ગુણ અને દ્રવ્યનો, એકાંત ભેદ માને છે, એમના મત પ્રમાણે, સર્વથા અવિકૃત દ્રવ્યમાં ગુણોનું ઉત્પન્ન થવું તથા નષ્ટ થવું, એવો પરિણામનો અર્થ થાય છે.

આ બંને પક્ષની સામે પરિણામના સ્વરૂપ સંબંધમાં જૈનદર્શનનો પરિણામ અંગેનો મતભેદ તત્ત્વાર્થ સૂત્રના અધ્યયન ૫/૪૧માં બતાવ્યો છે.

કોઈ દ્રવ્ય અથવા કોઈ ગુણ એવા નથી કે જે સર્વથા અવિકૃત રહી શકે. વિકૃત અર્થાત્ અન્ય અવસ્થાઓને પ્રાપ્ત કરવા છતાં પણ કોઈ દ્રવ્ય અથવા કોઇ ગુણ, પોતાની મૂળ જાતિના સ્વભાવનો ત્યાગ કરતા નથી. સારાંશ એ છે કે, દ્રવ્ય હોય અથવા ગુણ, દરેક પોતપોતાની જાતિનો ત્યાગ કર્યા વિના જ, પ્રતિ સમય નિમિત્ત પ્રમાણે ભિન્ન ભિન્ન અવસ્થાઓને પ્રાપ્ત કર્યા જ કરે છે. આને જ દ્રવ્યોનો તથા ગુણોનો "પરિણામ" કહેવાય છે. અર્થાત્ કોઈ પણ સતનું તે સ્વરૂપમાં જ રહેવું, પોતાની સીમાનું ઉલ્લંઘન કર્યા વિના રહેવું, પ્રતિક્ષણ પર્યાય રૂપથી પ્રવાહમાન હોવું જ, તે સત્નો પરિણામ છે.

કોઈ પણ સત્ પદાર્થ (મૂળદ્રવ્ય) ઉપનિષદ્વાદિયોની માન્યતા મુજબ કૂટસ્થ નિત્ય નથી, અને બૌદ્ધના દીપનિર્વાણવાદી પક્ષની માફક ક્ષણિક પણ નથી. ભગવાન શ્રી મહાવીર દેવે તો બતાવ્યું છે કે પ્રત્યેક વસ્તુ પોતાના "સત્" રૂપને ત્રણેકાળમાં કદાપી છોડતી નહિં હોવાથી, ધારાદ્રષ્ટિથી તે શાશ્વત છે. પરંતુ પર્યાય રૂપમાં પ્રતિક્ષણ પલટો પામતી હોવાના કારણે ક્ષણિક છે. તે સંતતિ વિચ્છેદ રૂપથી ક્ષણિક નથી. અને હંમેશાં અવિકારી કૂટસ્થના અર્થમાં શાશ્વત નથી.

પ્રત્યેક સત્માં પ્રતિક્ષણ પરિણમન થતું જ રહે છે. તે પૂર્વપર્યાયને છોડીને ઉત્તરપર્યાયને ધારણ કરે છે. તેની આ પૂર્વવ્યય તથા ઉત્તરોત્પાદની ધારા, અનાદિ અને અનન્ત છે. ક્યારેય પણ તે ધારાની પરમ્પરા, વિચ્છિન્ન હોઈ શકતી જ નથી. ચાહે ચેતન હોય કે અચેતન, કોઈપણ સત્, આ ઉત્પાદ અને વ્યયના ચક્રથી અલિપ્ત હોતું જ નથી. એ તેનો, નિજ સ્વભાવ છે, તેનો મૌલિક ધર્મ છે, કે તેણે પ્રતિક્ષણ પરિણમન કરવું જ જોઈએ, અને પોતાની અવિચ્છિન્ન ધારામાં અનાદિ અનંતરૂપમાં પરિણત હોતા રહેવું જ જોઈએ. એ પરિણમન ક્યારેક સદ્રશ પણ હોય છે, અને ક્યારેક વિસદ્રશ પણ હોય છે. તે ક્યારેક એક બીજાના નિમિત્તથી પ્રભાવિત પણ થાય છે. એ ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્યરૂપ પરિણમનની પરંપરા કોઈ વખતે પણ દીપનિર્વાણની માફક બુઝાઈ જતી નથી.

*

# ૧૧ પરિણમન ( પરિણામ ) નું નિયમન

૧ પ્રત્યેકદ્રવ્ય પોતાના નિજ સ્વભાવને કારણે, જુના પર્યાયને છોડીને નવા પર્યાયને ગ્રહણ કરતું જ રહે છે. કોઈ પણ દ્રવ્ય ક્યારે ય પણ આ પરિવર્તન ચક્રથી રહિત હોઈ શકતું જ નથી. તેમજ પદાર્થના ઉત્પાદ અને વ્યયરૂપ આ પરિવર્તનને ક્યારેય અન્ય કોઈ રોકી પણ શકતું નથી.

૨ કોઈપણ દ્રવ્ય, કોઈ સજાતીય યા વિજાતીય દ્રવ્યાન્તર રૂપથી પરિણમન કરી શકતું જ નથી. એક ચેતન, નતો અચેતન થઈ શકે છે. અને ન ચેતનાન્તર હોઈ શકે છે. તે ચેતન "તચ્ચેતન" જ રહેશે. અને તે અચેતન "તદચેતન" જ રહેશે. અહિં પુદ્ગલમાં સજાતીય દ્રવ્યાન્તર રૂપથી પરિણમન નહિં કરી શકવાની હકીકત તે પરમાણું અંગે સમજવી. અર્થાત્ એક પરમાણુંનું અન્ય વ્યક્તિ પરમાણુંરૂપે પરિણમન થઈ શકે નહિં.

૩ જેવી રીતે બે અગર અનેક અચેતન પુદ્ગલ પરમાણું મળીને એક સંયુક્ત સમાન સ્કંધરૂપ પર્યાય ઉત્પન્ન કરે છે, તેવી રીતે બે ચેતન મળીને સંયુક્ત પર્યાય ઉત્પન્ન કરી શકતા નથી. પ્રત્યેક ચેતનનું પરિણમન સદા સ્વતંત્ર જ રહેવાનું,

૪ પ્રત્યેક દ્રવ્યની પોતાની મૂળ દ્રવ્યશક્તિઓ અને યોગ્યતાઓ સમાનરૂપથી સુનિશ્ચિત છે. તેમાં કોઈ ફેરફાર થઈ શકતો નથી. જેનું અસ્તિત્વ દ્રવ્યમાં કદાપી સંભવી જ શકે નહિં, તેવી કોઈ નવી શક્તિઓ કારણાન્તરથી ઉત્પન્ન થઈ શકતી નથી. એવી રીતે કોઈ વિદ્યમાન શક્તિ સર્વથા વિનષ્ટ પણ થઈ શકતી નથી.

૫ દ્રવ્યગત શક્તિયોની સમાનતા હોવા છતાં પણ અમુક ચેતન યા અચેતનમાં સ્થૂલ પર્યાય સંબંધી અમુક યોગ્યતાઓ પણ નિયત છે. તેમાં જેને સામગ્રી મળી જાય છે, તેનોજ વિકાસ થઈ શકે છે. જેમ કે પ્રત્યેક પુદ્‌ગલમાં સર્વ દ્રવ્ય યોગ્યતાઓ રહેતી હોવા છતાં, માટીનાં પુદ્‌ગલો જ સાક્ષાત ઘડા રૂપે બની શકે છે, તન્તુનાં પુદ્‌ગલો તે ઘડા રૂપે બની શકતાં નથી. વળી તન્તુના પુદ્‌ગલો જ સાક્ષત્ કપડા રૂપે બની શકે છે. માટીનાં પુદ્‌ગલો તે કપડા રૂપે બની શકતાં નથી. જો કે ઘડો અને કપડું એ બન્નેય પુદ્‌ગલોનો જ પર્યાય છે. છતાં તન્તુરૂપ પુદ્‌ગલમાં ઘડો બનવાની યોગ્યતા નથી. કાલાંતરે પરંપરાથી બદલતાં રહેતાં તંતુરૂપ પુદ્‌ગલો માટી રૂપે બની રહે છે, ત્યારે તે પુદ્‌ગલોમાંથી ઘડો બની શકે છે. એવી રીતે માટી રૂપ પુદ્‌ગલમાંથી વસ્ત્ર બનવાની હકીકત પણ સમજી લેવી.

આ પ્રમાણે દરેક ભવ્ય જીવોમાં મોક્ષ પ્રાપ્તિની યોગ્યતો હોવા છતાં મનુષ્યત્વ, ચરમાવર્તીત્વ, વગેરે કેટલાક પર્યા-

ય સિવાય ભવ્ય જીવો પણ મોક્ષ પ્રાપ્ત કરી શકતા નથી.

- તાત્પર્ય એ છે કે સંસારી જીવ અને પુદ્દગલોની મૂલતઃ સ્વજાતિ દ્રવ્યમાં સમાન યોગ્યતાઓ હોવા છતાં પણ અમુક સ્થૂલ પર્યાયમાં અમુક શક્તિઓ જ સાક્ષાત્ વિકસીત થઈ શકે છે. શેષ શક્તિઓ બાહ્ય સામગ્રીઓ મળવા છતાં પણ તત્કાળ વિકસીત થઈ શકતી નથી,

૬ એ પણ નક્કી છે કે તે તે દ્રવ્યની તે તે સ્થૂલ પર્યાયમાં જે પર્યાય જે યોગ્યતા વાળી છે, તેમાંથી પણ જે જેને અનુકુલ સામગ્રી મળે છે, તેનો જ વિકાસ થાય છે. બાકીની પર્યાયયોગ્યતાઓ તો, દ્રવ્યની મૂળ યોગ્યતાઓની માફક સદ્ભાવમાં જ રહે છે.

૭ પદાર્થનો કાર્યકારણ ભાવ નિયત છે. અમુક કારણ-સામગ્રીના અસ્તિત્વમાં જ અમુક કાર્ય ઉત્પન્ન થાય છે. એવી રીતે અનન્ત કાર્યકારણ ભાવ, ઉપાદાન અને નિમિત્તની યોગ્યતાનુસાર નિશ્ચિત છે. તેમાં પણ શકિત અનુસાર તારતમ્ય પણ હોતું રહે છે. જેમ કે લીલાં ઈંધણ અને અગ્નિના સંયોગથી ધુમ્ર થાય છે, એ એક સાધારણ કાર્યકારણ ભાવ છે. પરંતુ ત્યાંય લીલાં ઇંધન અને અગ્નિની શકિત અનુસારે તેમાં પ્રચુરતા યા ન્યૂનતા વર્તી રહે છે.

આત્માના ક્ષયોપશમ યા ઉપશમ ભાવરૂપી ઉપાદાન, અને સંતપુરૂષનો સમાગમ, સમ્યક્ શ્રુતજ્ઞાન, દેવગુરૂની

ભક્તિરૂપનિમિત્ત, એ બન્ને જાતના સંયોગોજ, આત્મવિકાસના કાર્યમાં યોગ્ય નિમિત્ત રૂપે બની શકે છે. અને તે યોગ્ય કારણોની ન્યૂનાધિક શકિત અનુસારે, આત્મવિકાસની કાર્યસિદ્ધિમાં ન્યૂનતા યા પ્રચૂરતા વર્તી રહે છે.

કોઈ માણસ બેઠો હોય છે, ત્યારે તેના મનમાં કોઈને કોઈક વિચાર તો પ્રતિક્ષણ ચાલતો જ હોય છે. હવે જો તે સીનેમા જોવા ચાલ્યો જાય છે, તો તે સીનેમાના ચિત્ર અનુસાર તેનું માનસ પ્રવૃત્ત બને છે. અને જો તે સાધુપુરૂષોની સત્સંગમાં જઈ બેસે છે, તો તેના દિલમાં ભવ્યભાવ ઉત્પન્ન થશે. તાત્પર્ય એ છે કે પ્રત્યેક પરિણમન પોતાની તત્કાલીન ઉપાદાન યોગ્યતા અને સામગ્રીના અનુસારે જ વિકસીત બની રહે છે માટે માણસે હંમેશાં સારા નિમિત્તોના વાતાવરણમાં રહીને ઉપાદાન શુદ્ધિવાળા ઉપયોગવંત બની રહેવું જોઈએ.

આપણે તો અહીં આત્માના જ્ઞાનાદિ અનંતચતુષ્ક ગુણોને પરિપૂર્ણ રીતે વિકસિત બનાવી શાશ્વતસુખ અને સ્થાનની પ્રાપ્તિરૂપ શુદ્ધ આત્મિકપર્યાય માટેના જ પ્રયત્નશીલ બની રહેવાનું છે. તો આ કાર્ય માટે આપણા જીવનમાં આ કાર્ય અંગેની યોગ્ય સામગ્રીને પણ આપણે અપનાવવી પડશે. અહિં નિમિત્ત સામગ્રી તો સહેલાઈથી સમજી શકાય તેવી છે. પણ સાથે સાથે ઉપાદાનને યોગ્ય રીતે સમજી ઉપાદાનની યોગ્યતા માટે પણ નિરંતર સાવધાન બની રહેવું પડશે.

આપણે પૂર્ણ શુદ્ધ ઉપયોગપર્યાયને પામી, શાશ્વતસુખના ભોક્તા બનવાના હેતુએ જ ઉપયોગ વિષયી હકીકત અહિં વિચારાઈ રહી છે. આવા લક્ષ્યપૂર્વક થતી, ઉપયોગ વિચારણામાં જ મનુષ્ય ભવની સાર્થકતા સમજવાની છે. માટે ઉપયોગની શુદ્ધાશુદ્ધતા અને તેની સાથે સાથે વર્તતી મન-વચન-કાયાની પ્રવૃત્તિરૂપ "યોગ"ની શુદ્ધાશુદ્ધતા અંગે વિસ્તૃત રીતે હવે વિચારીએ.

卐

# ૧૨. શુદ્ધાશુદ્ધ સ્વરૂપે યોગ અને ઉપયોગની સમજ

જેમ જ્ઞાનગુણના હિસાબે ક્રિયાશીલ બનવા ટાઈમે જ્ઞાનશક્તિનો ઉપયોગ લગાડવાથી જ, જ્ઞેયપદાર્થને જાણી શકાય છે, તેવીરીતે જ્ઞેયપદાર્થપ્રત્યે જ્ઞાનોપયોગને જોડવા સમયે જ્ઞેયપદાર્થને જાણવા માટે કરવી પડતી ક્રિયા પ્રવૃત્તિ, તે આત્માના વીર્યગુણ વડે જ થઈ શકે છે. એમ આત્માની ક્રિયાશક્તિને વિવિધ રીતે કામે લગાડવી તેને પુરૂષાર્થ કહેવાય છે. જેની રૂચિ હોય, તેનો પુરૂષાર્થ થાય. એટલે પુરૂષાર્થ થવા ટાઈમે વીર્યગુણનું સ્ફુરણ, રૂચિને અનુયાયી હોવાથી, જે દિશે વીર્ય સ્ફુરે, તેમાં જ રમણ થાય. આ રમણતા જ તે ઉપયોગ–ભાવના અને પરિણામ સ્વરૂપ છે. કોઈપણ સ્વરૂપે વર્ત્તતો પુરૂષાર્થ તે, ઉપયોગ અને વીર્યશક્તિસ્વરૂપ ક્રિયાશક્તિના આધારે જ હોય છે. ઉપયોગ શબ્દનો ભાવ તો, તે તે વિષયમાં મનની જાગૃતિ સેવવી, એ જ છે. વિવિધ જાગૃતિ પૈકીની કોઈપણ જાગૃતિ સ્વરૂપઉપયોગ સ્થિર બને, એટલે જે વિષયમાં સ્થિર બને, તે વિષયઅંગે ભાવના અને પરિણામરૂપે સંકલ્પવિકલ્પો તુરત જ મનમાં ચાલુ થાય છે. આ સંકલ્પ અને વિકલ્પ

કરવા, એ મનનો ધર્મ છે. એ ધર્મને લઈને નઠારા વિકલ્પો પણ થાય છે, તે નઠારા વિકલ્પો કરવાથી વિકલ્પકર્તા દુર્ગતિને પામે છે. તેથી જ મહાપુરૂષોએ કહ્યું છે કે :–

"વિણ ખાધા વિણ ભોગવ્યાજી, ફોગટ કર્મ બંધાય."

શાસ્ત્રમાં તંદુલીયા મત્સ્યની હકીકત આવે છે કે, તે મત્સ્ય, વિના ખાધે પણ વિચાર કરવા માત્રથી સાતમી નરકે જાય છે. વળી પ્રસન્નચંદ્ર રાજર્ષિએ હિંસાના વિચાર માત્રથી સાતમી નરકને યોગ્ય દળીયાં એકઠાં કર્યાં હતાં. તે સાધુપણાના શુદ્ધ ઉપયોગને ચૂકી જઈ અશુદ્ધ ઉપયોગી બનવાના કારણે જ. જો કે પાછળથી તેઓ શુદ્ધ ઉપયોગી થવાથી કેવલજ્ઞાની બન્યા હતા. માટે સમજવું જરૂરી છે કે, ચંચળ મન પણ કર્મબંધનો હેતુ છે. વારંવાર અશુદ્ધ ઉપયોગમાં થતું પરાવર્તન્ તે જ મનની ચંચળતા કહેવાય છે. એ રીતે અનેકવિધ સંકલ્પ–વિકલ્પોમાં અથડાતું, શેખચલ્લી જેવા તરંગો કરતું મન, વિણખાધે–વિણભોગવ્યે પણ સંકલ્પ માત્રથી અનેકવિધ અશુભ કર્મ, જીવને બંધાવે છે. અતિપ્રિય વસ્તુના વિયોગમાં, અપ્રિયવસ્તુના સંયોગમાં, શારીરિક બિમારીના વિષયમાં, ધર્મ કરીને સાંસારિક સુખ મેળવવાના મનોરથમા તીવ્રચિંતાપણે વર્તે છે. વળી હિંસાના કાર્યમાં પ્રવર્તવા, અસત્ય બોલી કોઈને છેતરવા, લોભનાવશે બીજાનું દ્રવ્ય લઈ લેવાના પ્રપંચમાં અને જંગમ તથા સ્થાવર મિલ્કત તથા સ્ત્રી પુત્રાદિ પરિવારમાં રચ્યાપચ્યા રહેવારૂપ દુષ્ટ

ચિંતનમાં અથડાતું ચંચલમન, કર્મબંધનું નિમિત્ત બની રહી પ્રતિસમય આત્માને જથ્થાબંધ અશુભ કર્મોનું ઉપાર્જન કરાવી, સંસારનું પરિભ્રમણ કરાવ્યા જ કરે છે. સંકલ્પ વિકલ્પ થવાની સાથે તદનુસાર સંયોગોના અભાવે પ્રવૃત્તિ ન થઈ શકે તો પણ, કાર્યસિદ્ધિ કરવાની તમન્નાએ, સંકલ્પ–વિકલ્પની શુદ્ધતા અને અશુદ્ધતાનુસાર સંવર યા આશ્રવ તો થાય જ છે. તે હકીકત ઉપર જણાવેલ તંદુલિયા મત્સ્ય અને પ્રસન્નચંદ્ર રાજર્ષિના–દૃષ્ટાંતથી સમજી શકાય છે.

માણસની જેવી કામના હોય તેવો તે નિશ્ચય કરે. જેવો નિશ્ચય કરે તેવું કામ કરે, જેવું કામ કરે તેવું ફળ મેળવે. આ બધું પુરૂષાર્થના યોગે જ બને છે. જેથી જીવ, પુરૂષાર્થના યોગે જ સારાં અને ખોટાં કર્મનો કર્તા બને છે. અને તેનાં ફળ તેને અવશ્ય–ભોગવવાં પડે છે. જો આત્મા, પોતાના પુરૂષાર્થ–દ્વારા શુભ કાર્યમાં પ્રવૃત્ત થાય તો પુણ્યનો સંચય કરે છે. અને અશુદ્ધમાં પ્રવૃત્ત થાય તો પાપનો સંચય કરે છે. આ પુણ્ય–પાપનાં ફળ તેને આ લોકમાં કે પર લોકમાં અવશ્ય ભોગવવાં જ પડે છે. તેથી જ આત્માને કર્મનો કર્તા અને ભોક્તા માનવામાં આવ્યો છે. માટે જ સમજુ મનુષ્યે અનંત કાળની કામક્રોધાદિ વાસનાઓ તથા રાગ–દ્વેષાદિ પરિણામો ઘટે, આત્મા ઉપરવર્તતાં કર્મનાં આવરણ ઓછાં થાય, અને જ્ઞાન–દર્શન તથા ચારિત્રાદિ આત્માના સહજ ગુણો પ્રગટ થાય, તેવી કોઈ પણ માનસિક, વાચિક કે કાયિક પ્રવૃત્તિ–

સ્વરૂપ, અનુકૂળ પુરૂષાર્થમાં પ્રવર્તી, તેથી વિરૂદ્ધ એવી પ્રવૃત્તિ-સ્વરૂપ પ્રતિકૂળ–પુરૂષાર્થથી વિરામ પામવાના ઉપયોગસ્વરૂપ–લક્ષ્યવાળા બની રહેવું જોઈએ.

બાહ્ય અને અભ્યંતર એમ પુરૂષાર્થ બે પ્રકારે છે. તેમાં ઉપયોગ, ભાવના, પરિણામ તે અભ્યંતર પુરૂષાર્થ છે. પોતપોતાના આ અભ્યંતર પુરૂષાર્થને તો પુરૂષાર્થી સ્વયં સમજી શકે, અગર જ્ઞાનીઓ જાણી શકે. તે સિવાય છદ્મસ્થ જીવો, અન્ય જીવોના અભ્યંતર પુરૂષાર્થને જાણી શકે નહિ. જ્યારે બાહ્યપુરુષાર્થ તો પોતાના અને પરના પણ જાણી શકાય છે. વાણી અને વર્તન તે બાહ્યપુરૂષાર્થ છે. અહિં આપણે આ વિષયને સરલતાએ સમજવા માટે બાહ્યપુરૂષાર્થને યોગ તરીકે અને અભ્યંતર પુરૂષાર્થને ઉપયોગ તરીકે ગણવા.

અભ્યંતર પુરૂષાર્થ સ્વરૂપ ઉપયોગ, તે શુદ્ધ, શુભ, અશુભ અને અશુદ્ધ, એમ ચાર પ્રકારે પ્રવર્તે છે. જૈન પરંપરામાં આ શુદ્ધાદિ વિશેષણો જેમ ઉપયોગ સાથે આવે છે, તેમ અધ્યવસાય યા પરિણામ સાથે પણ આવે છે. તેથી સામાન્ય રીતે એમ સમજી લેવું કે ઉપયોગ અને અધ્યવસાય (પરિણામ) એ બંને, જીવની ક્રમબદ્ધ વિવિધ અવસ્થા છે. શુભ અને અશુભને અલગ નહિ ગણતાં, અશુદ્ધમાં ગણી લઈએ તો, ઉપયોગ યા અધ્યવસાય તે બે પ્રકારના છે. એક અશુદ્ધ અને બીજો શુદ્ધ, જે રાગદ્વેષ–મોહની છાયાથી

અનુરંજિત હોય યા વિકૃત હોય, તે અશુદ્ધ ઉપયોગ કહેવાય. અને તેથી ઉલટું જેમાં એવી છાયા, યા વિકારનો સ્પર્શ પણ ન હોય તે શુદ્ધ ઉપયોગ કહેવાય.

રાગ, દ્વેષ અને મોહની છાયાજન્ય વિકૃતિથી સર્વથા મુક્તિ થાય નહિં, ત્યાં સુધીનો ઉપયોગ કષાયના તારતમ્ય પ્રમાણે કેટલેક અંશે શુદ્ધ, તો કેટલેક અંશે અશુદ્ધ પણ હોવાનો. જ્યારે કાષાયિક બળ અર્થાત્ સંકલેશનું બળ વધારે હોય ત્યારે શુદ્ધિની માત્રા ઓછી અને અશુદ્ધિની માત્રા વધુ હોવાની. તેથી ઊલટું, સંકલેશનું બળ જેમ ઘટે તેમ શુદ્ધિની માત્રા વધે, અને અશુદ્ધિની માત્રા ઘટે. એ રીતે એક જ ઉપયોગમાં એક જ વખતે તારતમ્યથી શુદ્ધિ અને અશુદ્ધિ બન્ને અંશે હોય જ છે. સંસારી જીવનો કોઈ પણ ઉપયોગ એવો નહિ હોવાનો કે જે સર્વથા અશુદ્ધ જ હોય યા સંપૂર્ણ શુદ્ધ જ હોય. ગાઢમિથ્યાત્વના કારણ પ્રસંગે શુદ્ધનો અભાવ હોય તો પણ, શુભનું અસ્તિતત્વ સંભવી શકે છે.

આધ્યાત્મિક ઉત્ક્રાન્તિના ક્રમનો પાયો જ એ છે કે અધ્યવસાયની અશુદ્ધિ ઘટતી જાય અને શુદ્ધિ વધતી જાય. એટલે કે સંકલેશનું બળ ઉત્તરોત્તર ઓછું થતું જાય, યા ક્ષયપામતું જાય. અશુદ્ધ ઉપયોગથી ધીમે ધીમે નિવૃત બનતા રહી, શુદ્ધોપયોગમાં આગળ વધવા માટે જૈન–શાસ્ત્રોમાં શુભ સ્થાનરૂપ પગથીઆં બતાવેલાં છે, શુદ્ધો-

પયોગને સાધ્ય ગણી શુદ્ધઉપયોગ સન્મુખ થઈ, શુદ્ધોપયોગને ઉપાદેયપણે વર્તવું, તેને પગથીઆં કહેવાય છે. ત્યાં પગ મૂકીને ઊંચું ચડાય તેને પગથિયું કહેવાય. અહિંયાં પહેલું ગુણઠાણું કેવળ મિથ્યાત્વરૂપ છે. બીજું ગુણઠાણું સાસ્વાદનરૂપ છે. ત્યાં તો ચોથાનો પડેલો આવે માટે તેને પગથીઆ રૂપે ન ગણાય. ત્રીજું મિશ્રગુણઠાણું તે પણ મિશ્ર એટલે પરભાવની મિશ્રતા છે. ચોથું ગુણઠાણું તે સમ્યકત્વરૂપ છે. શુદ્ધદેવ, શુદ્ધગુરૂ અને શુદ્ધધર્મની શ્રદ્ધા તે વ્યવહાર સમકીત છે. તે નિશ્ચય સમકીતનું કારણ છે. દર્શન ગુણવંત મારો આત્મા એ જ દેવ, અને જ્ઞાનગુણમય મારો આત્મા તે જ ગુરૂ, કે જે હેય-ઉપાદેયને જણાવે છે. ચરણ ગુણવંત મારો આત્મા તે જ ધર્મ કે જે દુર્ગતિ પડતાં અટકાવે. એમ જે જાણવું અને નયનિક્ષેપે કરી, સ્યાદ્વાદે કરી પોતે જ પોતાની આત્મસત્તાને સિદ્ધ સમાન જાણી, શ્રદ્ધા પ્રતીતિ-રૂચી કરવી તે નિશ્ચય સમકીત છે. અહિંયાંથી શુદ્ધઉપયોગમાં ચડવાનું પગથીઉં શરૂ થાય છે. કારણ કે, અહિં મિથ્યાત્વના અંશ ગયા, એટલી શુદ્ધતા પ્રગટ થઈ. તે શુદ્ધ ઉપયોગનું અને મોક્ષમાર્ગનું પહેલું પગથીયું જાણવું. જો કે ચરમાવર્તને પામેલઆત્મા, બાળકાળને વિતાવી યૌવનકાળને ઉંબરે પગ મૂકતાં, તે ભવનિર્વેદતાએ, શુદ્ધ ઉપયોગને પાત્ર બની શકતો હોવા છતાં, અશુદ્ધ ઉપયોગથી સર્વથા મુક્ત થઈ, શુદ્ધ ઉપયોગની પૂર્ણતાએ પહોંચવા માટેની સંપૂર્ણ યોગ્યતા તો તે ચોથા ગુણઠાણાથી જ પ્રાપ્ત કરે છે. જીવનો

અચરમાવર્તકાળ તે બાળકાળ છે. અને ચરમાવર્તકાળ તે યૌવનકાળ છે. ચરમાવર્ત એટલે વધુમાં વધુ એક પુદ્ગલ પરાવર્ત જેટલો શેષ સંસારકાળ.

ત્યારબાદ પાંચમે ગુણઠાણે અવિરતિના થોડા અંશ ગયા, તે અંશે શુદ્ધતા પ્રગટી. છઠ્ઠે અવિરતિનાં સર્વ કારણો તજ્યાં. તે પણ શુદ્ધતાના અંશ વધ્યા. સાતમે પ્રમાદ ગયો તેટલા અંશે શુદ્ધતા વધી. આઠમે અપૂર્વ સ્થિરતા આવી તે સ્થિરતા રૂપ શુદ્ધતાના અંશ વધ્યા, નવમેં વેદ, હાસ્યાદિથી નિવર્ત્યા, તે અધિક શુદ્ધતા થઈ, અને સ્થૂલકષાય પણ નિવર્ત્યા. દશમાના અંતે સૂક્ષ્મકષાયો પણ ઉપશમ શ્રેણીએ ઉપશમ્યા. અને ક્ષપક શ્રેણીએ સૂક્ષ્મ કષાયો પણ ગયા એટલે મોહનીય કર્મની સકલ ચપલતા નિવર્તિ, તે પણ શુદ્ધતા વધી. અને બારમાના અંતે જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાય કર્મનો નાશ થયો, એટલે તેરમે પરમ શુદ્ધ ઉપયોગ કેવલ જ્ઞાન-દર્શન, અને દાન, લાભ, ભોગ, ઉપભોગ અને વીર્ય તે શુદ્ધ, અચલ અને અબાધિત પ્રગટ થયાં. ત્યાં પૂર્ણ શુદ્ધ ઉપયોગ થયો. આ પ્રમાણે શુદ્ધ ઉપયોગની પૂર્ણતા, એ જ આત્માને શાશ્વત સુખની પ્રાપ્તિરૂપ છે. ચૌદ પૂર્વનો તથા સર્વ ધર્મોપદેશનો સાર જ એ છે કે, શુદ્ધનયે આત્મ અનુભવ કરવો. તેવો અનુભવ તો શુદ્ધ ઉપયોગે જ બને છે. માટે સર્વ આળપંપાળ છોડી સુખાર્થી જીવોએ શુદ્ધ ઉપયોગી બની રહેવા પ્રયત્ન કરવો. શુદ્ધ ઉપયોગના અનુ-

ભવીને આ સંસારમાં કડવાં વિપાક ભોગવવાં પડતાં નથી. કારણકે સમ્યકૂજ્ઞાન થયા પછી કદાપિ પૂર્વનાં અશુભ નિબિડ કર્મ ઉદયમાં આવે તો પણ, શુદ્ધ ઉપયોગે, સ્વરૂપના રમણથી, તે કયારે આવ્યાં અને કયારે ગયાં, તે તેના લક્ષમાં પણ રહેતાં નથી. શુદ્ધોપયોગ જ એક મુક્તિનો માર્ગ છે.

પરપરિણુતિની ઇચ્છાનો રોધ કરી, પાંચ અવ્રત–પાંચ ઇન્દ્રિયોના વિષય–ચાર કષાય અને મન, વચન,કાયાની ચપલતા, એ સર્વથકી રહિત થયો થકો આત્મા, જ્ઞાન–દર્શન અને ચરણુમય આત્મસ્વરૂપમાં તૃપ્તિવંત બની રહી સિદ્ધ સમાન આત્મ સ્વરૂપમાં અપ્રમતભાવે લીન થાય છે, ત્યારે શુદ્ધોપયોગી કહેવાય છે. આત્મસ્વરૂપમાં સ્થિરતાભાવે થતી રમણુતારૂપ આવો શુદ્ધોપયોગતો, સ્વ–પરનો વિવેક અને શુદ્ધનયે આત્મસ્વરૂપને જાણુનાર જ પામી શકે છે.

જે ભાવનાના બળે પ્રસન્નચંદ્ર રાજર્ષિ મોક્ષે ગયા, ઈલાચિકુમારે વાંસઉપર અને ભરત મહારાજાએ આરિસાભુવનમાં, તથા પુથ્વીચંદ્ર ગુણુસાગરે લગ્નની ચોરીમાં અને રાજ્ય સભામાં કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું, એ ભાવના જ શુદ્ધ ઉપયોગ છે. ધર્મની પ્રાપ્તિનું એ જ મહાન ઔષધ છે. માટે શુદ્ધઉપયોગમાં જ સ્થિર બનવાનો પ્રયત્ન કરવો જોઈએ. માટે જ કહ્યું છે કે :–

ભાવે જીનવર પૂજીયે, ભાવે દીજે દાન;
ભાવે ભાવના ભાવીયે, ભાવે કેવલજ્ઞાન.

જ્યારે ચેતના શુદ્ધોપયોગમાં વર્તે, અને પોતાની પારિણામિકતાને સંભાળે, અનુભવ કરે, ત્યારે સર્વ પરભાવ ઉપર વિરક્તભાવ થાય, એટલે ઉદાસિન્ન વૃત્તિ થાય. તે ઉદાસિન્નતા શેરી, મુમુક્ષુને ધોકમાર્ગ છે.

જો ઉદાસિન્નતારૂપ શેરીને ચૂકે નહિં તો તો ઠેઠ મુક્તિ સુધી વચમાં પાપરૂપ ચોરોનો ભય રહેતો જ નથી. અને નિર્વિઘ્નપણે કાર્યસિદ્ધિ થાય છે.

આગળ કહ્યા મુજબ સર્વ પગથીએ ઉદાસિન્નતા વધતી જાય છે. ઉદાસિન્નતાને ચૂકે તો પડે. પણ ન ચૂકે તો જેમ જેમ ઉંચો ચડે, તેમ તેમ ઉદાસિન્નતા વર્દ્ધમાન થઈ, પૂર્ણ વાંછિત સ્થાનકે પહોંચાડે છે.

આ ઉદાસિન્નતાને ચૂકવી નહીં, એનું જ નામ શુદ્ધોપયોગ છે. તે સિવાય આધ્યાત્મિક ઉત્થાનમાં બીજાં પગથીઆં નથી. તે પગથીએ કંઈ શરીરથી ચડવાનું નથી, પણ શુદ્ધ આત્મપરિણામની ધારાએ ચડવું તેનું નામ જ પગથીઉં છે.

માટે અશુદ્ધ પરિણામધારા તજીને શુદ્ધ પારિણામિક ભાવે વર્ત્તવા અભ્યાસ કરવો. એ રીતે જીવ, પોતાના જ્ઞાનાનંદી શુદ્ધ સ્વરૂપને વિચારે, ધ્યાવે, લક્ષમાં રાખે, અને પોતાની શુદ્ધતામાં રમણ કરે, તેને જ શુદ્ધ ઉપયોગ કહેવાય.

શુદ્ધાત્મ સ્વરૂપનો નિશ્ચય તે સમ્યગ્દર્શન, શુદ્ધાત્મસ્વરૂપનો વિશેષ બોધ તે જ્ઞાન, અને શુદ્ધાત્મ ભાવમાં સમ

ભાવે રહેવું તે ચારિત્ર છે. આ સમ્યગ્જ્ઞાન–દર્શન અને ચારિત્ર તે માત્ર નિર્વાણના જ હેતુ છે. અન્ય ગતિના હેતુ નથી. પરંતુ આ સમ્યગ્જ્ઞાન–દર્શન અને ચારિત્રની સાથે પ્રશસ્ત રાગરૂપે શુભ ઉપયોગ ભળે તો દેવાદિક શુભગતિનો બંધ થાય. આવો બંધ થવામાં રાગરૂપ ઉપયોગ જ કારણ છે. પણ જ્ઞાન–દર્શન–ચારિત્રનો દોષ નથી. શુભ ઉપ–યોગમાં મંદ સંક્લેશના અસ્તિત્વના કારણે, શુભ ઉપયોગને લીધે, શુભ કર્મ પણ બંધાય છે. પરંતુ સાથે સાથે શુદ્ધ ઉપયોગનું પણ અસ્તિત્વ હોવાથી ઉત્ક્રાંન્તિગામી જીવનો પરિણામ, ઉત્તરોત્તર વધારેને વધારે સંક્લેશથી મુક્તિ અનુભવતો હોવાથી, શુભકર્મોદયે પ્રાપ્ત થતાં સાધનોનો ઉપયોગ તો, મોક્ષની દિશામાં જ થાય છે. અને અનુક્રમે સંક્લેશથી સર્વથા મુકત થઈ, તે જીવ પૂર્ણ શુદ્ધોપયોગનો સ્વામી બને છે.

પૂર્ણ સ્વભાવરૂપ પૂર્ણ શુદ્ધોપયોગ તો બારમે ગુણઠાણેથીજ પ્રાપ્ત થાય છે. પરંતુ સમ્યક્ત્વ પ્રાપ્તિ પછી પૂર્ણસમભાવને સાધ્યદ્રષ્ટિમાં રાખી, જેમ જેમ સમભાવ આવતો જાય, તેમ તેમ શુદ્ધ ઉપયોગને અનુકુળ, સર્વજ્ઞ શાસ્ત્રવિહિત વિધિનિષેધ પ્રવૃત્તિને આદરી, જેટલા જેટલા અંશે સમભાવના ઉદ્યમમાં જ વર્તે, તેટલા તેટલા અંશે તેને શુદ્ધયોગ કહેવાય છે. શુધ્ધ ઉપયોગને સ્થિર બનાવી રાખવા માટે, શ્રી જિનેશ્વરભગવંતે ફરમાવેલી સંયમક્રિયા અને ઉપકરણ આદિમાં ભગવંતની આજ્ઞા મુજબ થતી પ્રવૃત્તિપાલન તે શુદ્ધયોગ છે. અપ્રમત્તનું ટાળવું, વિનયાદિકનું

આદરવું, તથા વાંચના-પૃચ્છના-પરાવર્તના-અનુપ્રેક્ષા અને ધર્મકથાની ક્રિયામાં થતી પ્રવૃત્તિ, તે શુદ્ધ યોગ છે.

દાન, શિયલ, તપ અને ભાવની અંતરંગવૃત્તિ, રૂચી, ઉત્સુકતા, તથા શ્રી જિનેશ્વર ભગવંતના કેવળજ્ઞાનાદિ ગુણોનું બહુમાન, ધર્મ અને ધર્મી પ્રત્યે વાત્સલ્ય ભાવ, દીન દુઃખી પ્રત્યે અનુકંપાભાવ, એ સર્વ શુભ ઉપયોગ છે. દેવ-ગુરૂ-ધર્મ પ્રત્યે રાગ તથા સરાગ-સંયમ એ પણ શુભ ઉપયોગ સ્વરૂપ છે.

દાન, શિયલ, તપ અને ભાવ અંગે વર્તતી બાહ્ય પ્રવૃત્તિ, શ્રી જિનેશ્વર દેવોની ચાર નિક્ષેપે વિવિધ રીતે કરાતી ભકિત તથા સ્તવનાદિ, સાધુ મુનિરાજોને કરાતા અભિગમ-વંદન, નમન, સુશ્રુષા તથા વસ્ત્ર-પાત્રાદિ આપવા પૂર્વક થતી બાહ્ય ભક્તિ, દીન-દુઃખીયાઓને સંકટ મુકત કરવા માટે થતો યથાશકિત પ્રયત્ન, ઈત્યાદિ કાર્યોમાં થતો બાહ્ય પુરૂષાર્થ તે શુભયોગ છે.

પંચેન્દ્રિય વિષયોનો રાગ, ભૌતિક એવી પ્રિય વસ્તુની રૂચિ, અપ્રિયની અરૂચિ, શારીરિક બીમારીની ચિંતા, એ સર્વ અશુભ ઉપયોગ છે.

ઉપરોકત રીતે રૂચિવંતની પ્રાપ્તિ અને અરૂચિવંત વસ્તુને હટાવવા માટે થતો રાગ-દ્વેષ પૂર્વકનો બાહ્ય પુરૂષાર્થ તે અશુભ યોગ છે.

ક્રોધ, માન, માયા, લોભ, ઈર્ષ્યા, સ્વાર્થ અસુયા, માત્સર્ય, તથા હિંસા, અસત્ય, ચોરી, બાહ્ય પરિગ્રહ અંગેના મનોભાવ, તે અશુધ્ધ ઊપયોગ છે.

હિંસા, અસત્ય, ચોરી, અબ્રહ્મ, પરિગ્રહ, કલહ, જુઠાં-આળ, ચાડીચુગલી, નિંદા-વિકથા, સર્વજ્ઞ વચનોની વિરૂધ્ધ પ્રરૂપણા, એ સર્વમાં વર્ત્તતી વાચિક અને કાયિક સ્વરૂપ બાહ્ય પ્રવૃત્તિ તે અશુદ્ધયોગ છે.

અહિં શુદ્ધયોગ અને ઉપયોગ તે ઉપાદેય ( ગ્રાહ્ય ) છે. શુભયોગ અને ઉપયોગ પણ અમુક સમય પૂરતા તો અવશ્ય ઉપાદેય છે, અને અશુભ તથા અશુદ્ધયોગ-ઉપયોગ હેય (ત્યાજય ) છે.

સંક્લેશ ( કાષાયિક ) વાળા અધ્યવસાય, સંક્લેશના પ્રમાણમાં અશુદ્ધ કહેવાય છે. તોપણ એ અશુદ્ધિમાંય તાર-તમ્ય હોય છે. સંક્લેશ કષાયનું બળ વિદ્યમાન અને ક્રિયાશીલ હોય, ત્યારે પણ તેનો વેગ સદા એક સરખો હોતો નથી. કયારેક તે વેગ તીવ્ર હોય છે, તો કયારેક મંદ હોય છે. જ્યારે તીવ્રતા વિશેષ હોય ત્યારે, તે અશુધ્ધ ઉપયોગ તરીકે વ્યવહારાય છે. અને જ્યારે તે વેગ મંદ પડે ત્યારે તે અશુદ્ધ ઉપયોગ, શુભ ઉપયોગ તરીકે વ્યવહારાય છે. સંક્લેશને કઈ કક્ષા લગી તીવ્ર માનવો અને કયારથી મંદ માનવો, એનું વિશ્લેષણ, આધ્યાત્મિક પુરૂષો-

એ માત્ર આધ્યાત્મિક દ્રષ્ટિથી કરેલું છે. તેઓની તીવ્રતા મંદતા જાણવાની કસોટી એ છે કે, જ્યારે જીવનમાં ભોગરસ ઉત્કટ હોય અને ભોગમુક્તિ પ્રત્યે અણગમો જ હોય, ત્યારે સમજવું કે સંકલેશબળ તીવ્ર છે. તેથી ઉલટું જ્યારે ભોગની મુકિત પ્રત્યે, દ્વેષ કે અણગમો ન રહે અને તે પ્રત્યે રૂચિ જન્મે, ત્યારે એ બળ મંદ પડ્યું છે, એમ સમજવું. આતો સંકલેશ બળ મંદ પડવાના પ્રારંભની એક સામાન્ય કસોટી થઈ. પરંતુ જ્યાં સુધી એમાં શુભતાની–કષાય મંદતાની માત્રા વિશેષ હોય, તોય અશુભતાનો છેક અભાવ તો નથી જ હોતો. એટલે અશુભત્વ અને શુભત્વ એ બન્ને સાપેક્ષ હોઈ તે અશુદ્ધોપયોગમાં જ તારતમ્યથી રહે છે, એમ સમજવું જોઈએ.

મુક્તિનો એક જ માર્ગ તે શુદ્ધોપયોગ છે. એહીજ એક ધર્મ છે. તેના નિમિત્તભૂત કારણો અનેક છે. પણ તે સર્વ કારણોનું શુદ્ધોપયોગરૂપ કાર્ય તો એક જ છે.

અજ્ઞાન, મિથ્યાત્વ અને કષાયના કારણે, પરદ્રવ્યના મમત્વે કરીને આત્મઅધ્યવસાય, ત્રિવિધરૂપે અશુદ્ધ બની રહે છે. અનાદિકાળથી શુદ્ધનયે, આત્મસ્વરૂપને નહી જાણી શકવાથી, અજ્ઞાનરૂપ અધ્યવસાય રહ્યા. પરને પોતાંપણે જાણી લેવાથી, મિથ્યાત્વરૂપ અધ્યવસાય થયા. અને પરદ્રવ્ય ઉપર રાગાદિ થયેથી, કષાયરૂપ અધ્યવસાય થયા. એ રીતે આત્મા, અનાદિકાળથી અજ્ઞાન–મિથ્યાત્વ અને કષાય, એ ત્રિદોષના કારણે, અશુદ્ધ અધ્યવસાયી બની રહી, સંસાર-

ચક્રમાં ભ્રમણ કરતો રહ્યો છે. ભવસ્થિતિ પરિપકવ થયે, જ્યારે જીવને સત્–અસત્નું, સ્વપરનું, હેય–જ્ઞેય–ઉપાદેયનું વાસ્તવિક ભાન થવા દ્વારા, સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે, ત્યારે એ ત્રિદોષો નરમ પડે છે. અને આત્માને તે ત્રિદોષોથી સર્વથા મુક્ત થવાની ઉત્કંઠા જાગે છે. પરંતુ સંસારના વિકટ માર્ગો ઉપરોક્ત ત્રિદોષોથી ભરેલા છે. ઠેર ઠેર તેનું સામ્રાજ્ય વર્તે છે. તે ત્રિદોષોને આધીન બની જવાય એવાં અનેક નિમિત્તો વારંવાર ઉપસ્થીત થતાં રહે છે. જેથી આધ્યાત્મિક માર્ગના પ્રયાણમાં કયારેક ઉત્થાન કરતાં કરતાં પણ, પતનના વમળમાંય અથડાઇ જવું પડે છે. પટકાઈ જવું પડે છે. એ વિકટ માર્ગને સુલભતાથી પસાર કરવા માટે, એટલે પ્રારબ્ધકર્મના યોગે ઉદયવંત બની રહેતા અશુભ અને અશુદ્ધ ઉપયોગને પરાસ્ત કરવા માટે શુદ્ધોપયોગના લક્ષ્ય પૂર્વક, શુભ ઉપયોગ અને શુભ યોગનો સહારો લેવો જ પડે છે. એ રીતના શુભ ઉપયોગ અને શુભયોગથી બંધાતું પુન્યાનુંબંધી પુન્યજ જીવને ઉપરોક્ત ત્રિદોષો સામે ટકી રહેવાનું બળ અર્પે છે, અને આત્માને શુદ્ધ ઉપયોગની પૂર્ણતાએ પહોંચાડી, તે પુન્યાનુંબંધી પુન્ય, સ્વયં આત્માથી અલગ પડી જાય છે. જે જે આત્માઓ મુક્તિ પ્રાપ્ત કરવા માટે સંપૂર્ણ શુદ્ધોપયોગી બન્યા છે, તે સર્વ આ શુભ ઉપયોગ અને શુભયોગ દ્વારા ઉપાર્જિત પુન્યાનુંબંધી પુન્યના જ સહારાથી બન્યા છે. પુન્ય, એ તો સોનાની બેડી છે. સંસારમાં જકડી રાખનાર છે, એ બ્હાના હેઠળ, જેઓ અશુદ્ધોપયોગી અવસ્થામાં

પણ, પુન્યથી અલગા રહ્યા છે, અલગ રહે છે. તે સર્વ, તીવ્ર અશુદ્ધોપયોગી બની રહી, સંસાર ચક્રમાં ઘુમતા જ રહી, દુઃખી બની રહે છે. શુભ યોગની સાથે સાથે ઉપયોગ પણ શુભનો, અને તે પણ શુદ્ધતા પ્રાપ્તિના લક્ષ્યવાળો હોવો જોઈએ. તેમાં સાંસારિક ભોગ પ્રાપ્તિનું લક્ષ્ય નહિં હોવું જોઈએ, તેમ અન્ય કોઈ અશુભ કે અશુદ્ધ સિદ્ધિના હેતુ-વાળો પણ નહિ હોવો જોઈએ.

અશુભ કે અશુદ્ધસિદ્ધિના હેતુ માટે વર્તતા, શુભ યોગને, શાસ્ત્રમાં ક્રિયાકલેશ તરીકે જણાવી, તેવી ક્રિયા-કલેશતાથી, અમુક સમય પૂરતી જ રોકાતી, અશુભ યા અશુદ્ધતાને, દેડકાના ચૂરણ-સમાન કહી છે. એટલે એક દેડકાનું થયેલું ચૂર્ણ, તે ફરીથી જેમ પૃથ્વી-પાણીના યોગે, અનેક દેડકા થવાનું કારણ બને છે, તેવી રીતે ક્રિયાકષ્ટથી બાંધેલું જે પાપાનુબંધી પુણ્ય, તે ઉદય આવ્યેથી જીવને મદ-માન અને વિષયાદિના અતિ તીવ્ર સેવન દ્વારા, બહુ જ પાપોપાર્જનનું કારણ બને છે. માટે શુદ્ધ ઉપયોગ પ્રાપ્તિના લક્ષ્યવાળા બની રહેવા માટે, ભવનિર્વેદ થવા પૂર્વક, પ્રથમ તો ભોગેષણા અને ભોગપ્રધાન જીવનના નિયંત્રણ માટેનો પ્રયત્ન કરવો જોઈએ.

ભોગેષણાને રોકી ભોગપ્રધાન જીવનનું નિયંત્રણ કરવા માટે વિષયોના વૈરાગ્ય પૂર્વક, વ્રત-નિયમ-તપ-સંયમ-ભાવના-સ્વાધ્યાય-જપ ઈત્યાદિની અત્યંત આવશ્યકતા છે. તેનાથી

સ્વાર્થ સંકુચિતતા–સુખેચ્છા, ભોગની લોલુપતા, ઈત્યાદિ બોજાથી જીવન હલકું [ ફોરૂં ] થાય છે. ફોરા બનેલ જીવનમાંથી ઈર્ષ્યા–માત્સર્ય–દ્વેષ વગેરે અશુદ્ધ ઉપયોગી મળ દૂર થાય છે. અને તે મળ દૂર થવાથી સ્વચ્છ બનતી વિચાર ધારા, અન્ય જીવો પ્રત્યે આત્મતુલ્ય દ્રષ્ટિવંત, અન્યને પ્રાપ્ત ગુણ કે સુખથી આનંદિત બની રહેવાપણું, અન્યના દુઃખ કે મુશ્કેલીના નિવારણની ઉત્સુકતા અને શકય પ્રવૃત્તિ, તથા અન્યના દુર્નિવાર દોષો માટે ક્ષમાભાવનારૂપ વૃત્તિઓ ઉદ્ભવે છે. એ રીતે જ્યારે સર્વજીવોપ્રત્યે સમ–તુલ્ય દ્રષ્ટિ કેળવાય છે, ત્યારે જ શુદ્ધોપયોગ પ્રાપ્તિની યોગ્યતા–વાળા બની શકાય છે. એ સમત્વ ભાવનાના આલંબનથી જ જીવ, ચિત્તની સ્થિરતા સ્વરૂપ ધ્યાનાભ્યાસી બની શકે છે. ચિત્તમાંથી વિકલ્પોનો વાવંટોળ મંદ પડી જવાથી આત્માનો શુદ્ધોપયોગ સ્થિરતાને પામે છે.

શુદ્ધોપયોગાર્થી જીવે સદા જાગ્રતિ રાખવી કે વર્તમાન સમયે હું પૌદ્ગલીક પરિણામનો ગ્રાહક છું કે નિજ પરિણામ આત્મધર્મનો ગ્રાહક છું ? આગામી સમયે પણ ઈન્દ્રિયજન્ય સુખને ચાહું છું કે નિવૃત્તિને ઈચ્છું છું ? મારી ગ્રાહકતા–વ્યાપકતા અને રમણતા તે વર્તમાન સમયે સ્વગુણ પર્યાયની છે કે પરગુણ પર્યાયની છે ? વળી હું સ્વભાવદાનમાં વર્તું છું કે ઇન્દ્રિયજન્સ વિષયોના દાનમાં વર્તું છું ? હમણાં હું સ્વભાવના લાભને ઈચ્છું છું કે

પૌદ્ગલિક લાભને ઈચ્છું છું ? હું સ્વભાવ ભોગી છું કે પંચેન્દ્રિયના વિષયોનો ભોગી છું ? તેમ જ ઉપભોગી પણ સ્વભાવનો છું કે પરભાવનો છું ? હું આત્મિક શક્તિ ચાહું છું–ચેતના શક્તિ ફેરવવા ચાહું છું કે પૌદ્ગલીક શક્તિ ફેરવવા ચાહું છું ? આ જાતની સતત જાગૃતિ સેવવાથી જ જીવનો શુદ્ધોપયોગ ક્રમે ક્રમે વૃદ્ધિ પામે છે. અને અશુદ્ધોપયોગથી સર્વથા મુક્ત બની, પૂર્ણ શુદ્ધતાને પ્રાપ્ત કરી, અજર–અમર અવસ્થાને વરી, શાશ્વત સુખનો જીવ ભોક્તા બને છે.

*

## ૧૩ યોગ–ઉપયોગની ચતુર્ભંગી

વિચાર, વાણી, વર્તન, અર્થાત્ માનસિક વાચિક, કાયિકપ્રવૃત્તિસ્વરૂપ યોગ, અને આંતરિક પરિણુતિ અર્થાત્ સ્વભાવરૂપ ઉપયોગની શુધ્ધાશુધ્ધતા અંગે વિચારાઈ ગયું.

તેરમા ગુણસ્થાનક સુધી વર્ત્તતા સર્વ જીવોમાં તો યોગ અને ઉપયોગ એ બન્નેનું અસ્તિત્વ વર્તે છે. ત્યારબાદ ચૌદમા ગુણસ્થાનકવર્તી જીવોમાં અને મોક્ષપ્રાપ્ત જીવોમાં તો માત્ર ઉપયોગનું જ, અને તે પણ શુદ્ધપણે જ અસ્તિત્વ હોય છે. માટે તેરમા ગુણસ્થાનક સુધીના સર્વ જીવો સયોગી અને ચૌદમાં ગુણ સ્થાનકવર્તી જીવો અયોગી કહેવાય છે.

પ્રત્યેક આત્મામાં પ્રત્યેક સમયે શુદ્ધાશુધ્ધતાની દ્રષ્ટિએ યોગ અને ઉપયોગમાં સમાનતા જ વર્તતી હોય, એવું બની શકતું નથી. સમાનતા પણ હોઈ શકે, અને અસમાનતા પણ હોઈ શકે. આ સમાનતા અને અસમાનતા ચાર રીતે વિચારી શકાય.

(૧) જ્યાં યોગ અને ઉપયોગ એ બન્નેયમાં શુભ યા શુદ્ધતાની સમાનતા હોય. આવી સમાનતા તો ચરમાવર્તી,

સમ્યકત્વી, દેશવિરતિ અને સર્વવિરતીવંત જીવોમાં જ હોઈ શકે. આ પહેલા પ્રકારમાં આત્મહિતના લક્ષ્યપૂર્વક વર્ત્તતા સુવિહિત ધર્માચરણમાં યોગનું શુભપણું અને શુધ્ધ-પણું તથા ઉપયોગની વિશુદ્ધિ હોય છે. આવા પ્રસંગે સંવર અને સકામજનિર્જરા સાથે 'પુણ્યાંનુબંધી પુણ્ય'ની અનુકૂળતા ઊભી થાય છે. જે મોક્ષનું અસાધારણ કારણ છે.

(૨) જ્યાં યોગ શુભ હોય પણ ઉપયોગ અશુધ્ધ યા અશુભ હોય. આવા જીવોનો પુરૂષાર્થ તે, મોક્ષ સાધક નહિ બનતાં, સંસારવર્ધક ભૌતિક સામગ્રીની, અમુક સમય પૂરતી અનુકુળતા પ્રાપ્ત કરવા દ્વારા, આત્મપરિણામોને દોષિત બનાવી, આત્માને સંસારપરિભ્રમણ દ્વારા, દુઃખ પ્રાપ્તિનો સૂચક છે. કારણ કે આવા પુરૂષાર્થી જીવો તો ભૌતિક સામગ્રી પ્રાપ્ત કરવાના અભિલાષી, યા સ્વઅવગુણને છુપાવવાની વૃત્તિવાળા, યા કીર્તિ યશના ઇચ્છક હોય છે. આમાં સુવિહિત ધર્માચરણ હોવા છતાં, તેની પાછળ ભૌતિક સુખની લાલસા છે. અહીં યોગ શુભ છે, પણ ઉપયોગ અશુધ્ધ હોવાથી સંવર અને સકામ નિર્જરાનો અભાવ હોય છે. માત્ર ભૌતિક સિધ્ધિ આપનાર પુન્ય બંધાય છે, તેથી તે મોક્ષસાધક નથી,-પરંતુ સંસારવર્ધક છે. કારણ કે અધ્યાત્મ પરિણા-મને અનુરૂપ પ્રવૃત્તિ જ વાસ્તવિક ધર્મ સ્વરૂપ હોઈ, આત્મ હિતકર્તા બની શકે છે. જ્યાં ઉપયોગસ્વરૂપ પરિણામ, સાંસારિક લાભ હેતુ લક્ષ્યવાળા હોય, તેવા પરિણામી જીવોની

બાહ્ય શુભ પ્રવૃત્તિ પણ, આત્મહિતકર્તા થઈ શકતી નહિં હોવાથી તે પ્રવૃત્તિને વાસ્તવિક ધર્મપ્રવૃત્તિ કહી શકાય જ નહિ. કારણ કે " ધારયતીતિ ધર્મ : " એ શબ્દાર્થથી તો નરકાદિ અધોગતિમાં પડવાવાળા જીવને, ઉચ્ચસ્થાનમાં ધારણ કરી રાખનાર પ્રવૃત્તિને જ ધર્મપ્રવૃત્તિ કહેવાય છે. એકગણું દઈ સહસ્ત્ર ગણું પ્રાપ્તિનો ઈચ્છુક, દાની કહેવાય નહિં.

વિષય ભોગોનો અત્યંત લોલુપી મનુષ્ય, તે વિષય-ભોગો માટે શારીરિક અનુકૂળતા પ્રાપ્ત કરવા, પૌષ્ટિક-ઔષધિઓના સેવન સમયે, સ્ત્રીના સંસર્ગથી દૂર રહે તો તે બ્રહ્મચારી ન કહેવાય.

લજ્જાથી, ભયથી, હાસ્યથી, માત્સર્યથી, લોભથી, હઠથી, કૌતુકથી, અહંકારથી, કીર્તિની કામનાથી, ઈત્યાદિ આત્માના વિપરીત ભાવોપૂર્વક થતાં શુભક્રિયારૂપ અનુષ્ઠાનો, આત્માના આધ્યાત્મિક ઉત્થાનમાં ઉપયોગી બની શકતાં નથી.

પાપસ્થાનકોના ભયવિહુણો ભૌતિક દષ્ટિવંત જીવ, કોઇ જાતની આસક્તિથી, કે માનપાનાદિ સ્વાર્થબુદ્ધિથી, કે અન્યભાવે, ભૌતિક સામગ્રી મેળવવાની તીવ્રલાલસાએ, શુભ પ્રવૃત્તિમાં પ્રવર્તતો હોવા છતાં, તેનો તે પ્રવૃત્તિધર્મ, વાસ્તવિક ધર્મસ્વરૂપ કહી શકાય જ નહિ.

એક મહાપુરૂષે કહ્યું છે કે, નામના કે ભોગ સુખોની કામનાવાળાં શુભ અનુષ્ઠાનો, જન્માન્તરોમાં સુખ આપે, પરંતુ તેમાં શાંતિ તો જરાય ન આપે.

જે બાહ્ય શુભ પ્રવૃત્તિની પાછળ સ્વાર્થ હોય, બદલો લેવાની વૃત્તિ હોય, કીર્તિ-માન-પ્રશંસાની કામના જોર કરતી હોય, તેનું નામ સત્યધર્મ નથી. કારણ કે સત્યધર્મ તો મોહના ત્યાગમાં જ છે. તે માટે એક દૃષ્ટાંત મનનીય છે.

એક વખતે એક રાજા અરણ્યમાં મૃગયા-શિકાર ખેલવા ગયો. ત્યાં તેને એક સંતનાં દર્શન થયાં. તે સંતના તેજસ્વી મુખારવિંદ ઉપરથી જ તે રાજા સંત પ્રત્યે આકર્ષાયો. ઉપદેશ માટે પ્રાર્થના કરી. નિખાલસ અને નીડર ઉપદેશથી, સંત પ્રત્યેની આદર ભાવના, રાજાના મનમાં વૃદ્ધિ પામી. રાજાએ કંઈક ભેટ સ્વીકારવાની સંતને વિનંતિ કરી. આવશ્યકતા ન હોવાથી સંતે કંઈ પણ સ્વીકારવાની ના કહી. એટલે રાજાએ સંતને પોતાની સાથે પોતાના નગરમાં પધારવાની વિનંતી કરતાં સંતે તે વિનંતિ સ્વીકારી.

રાજાના ભવ્ય અને સુશોભિત પ્રાસાદમાં સંતને રાખવામાં આવ્યા. સંતના ઉતારાની પાસેના જ ખંડમાં રાજા અને તેમના કુટુંબના માણસો માટે, એક મંદિર હતું. તેમાં રાજા પોતે રોજ પૂજા-પાઠ વગેરે નિત્યકર્મ વિધિપૂર્વક એકાગ્રચિત્તે કરતો ને ભક્તિમાં લયલીન બની રહેતો. પણ તેની આ ક્રિયા સકામ હતી. આ પ્રાર્થના તથા ભકિત તે હંમેશ વધારે સંપત્તિ તથા ઐશ્વર્ય અને માનમોભા માટે જ કરતો હોઈ, સંતને કંટાળો આવ્યો. તેમણે રાજાને કહ્યુ કે, હવે મને જવાદો. રાજાએ સંતને જતી વખતે કંઈક પણ

ભેટ સ્વીકારવા માટે આગ્રહ કર્યો. સંતે નિર્ભયતાથી જવાબ આપ્યો કે, હું ભિખારીઓ પાસેથી કંઈ પણ લેતો નથી. તમે તો પરમાત્મા પાસે આવી નાશવંત વસ્તુઓની જ માગણી રોજ કર્યા કરો છો. આને પરમાત્માની ભક્તિ કહેવાય ? તમારામાં અને ભિખારીમાં હું કાંઈ પણ તફાવત જોતો નથી. યથાર્થ દૃષ્ટિએ જોતાં તમે અને ભિખારી બન્ને પામર કોટીના જ છો. એક રીતે તો તમે ભિખારી કરતાં પણ નીચી કક્ષાના ભિક્ષુક છો. કારણ કે ભિખારીની યાચના તો પેટનો ખાડો પૂરવા અને અંગ ઢાંકવા માટેની છે, જ્યારે તમારી યાચના તો પટારા ભરવા માટેની હોઈ ક્ષુલ્લક છે. તદ્દન નિષ્કિંચન હોય, પણ જો તેનામાં સ્વમાન હોય, તો ખરી રીતે તે શ્રીમંત છે. પદાર્થો પાછળ વલખાં મારનારો માણુસ દીન અને કૃપણ છે. પરમાત્મામાં પ્રેમના ખરા અનુરાગનું આ આવશ્યક ચિન્હ છે. ક્ષુલ્લક માગણીઓની સાથે ખરી ભકિત રહે, એ શકય જ નથી. એમ કહીને રાજાની કંઈ પણ ભેટ સ્વીકાર્યા વિના તે સંત ત્યાંથી ચાલ્યા ગયા.

શુભ યા શુદ્ધ ઉપયોગ વિનાની કેવળ બાહ્ય ક્રિયાની સંત પુરૂષોની દૃષ્ટિએ શું કિંમત છે ? તે આ દૃષ્ટાંતથી સમજી શકાય છે.

અઢાર હજાર સાધુને શ્રીકૃષ્ણ મહારાજાની સાથે જ બરાબર વિધિપૂર્વક વંદન કરનાર વીરો શાળવી, તેણે સાધુ-

વંદન ક્રિયાનો કંઈ પણ લાભ પ્રાપ્ત નહિ કરી શકવાની, શ્રી જૈનાશાસ્ત્રોએ કહેલી હકીકત પણ, જૈન સંઘમાં સર્વને સુવિદિત છે. તેમાં શ્રીકૃષ્ણને ઘણો લાભ થયો. સાતમી નારકીને યોગ્ય આયુષ્ય કર્મનાં દળિયાંને એકત્ર કર્યાં હતાં. તે શુદ્ધ બની જઈ ત્રીજી નારકીને યોગ્ય થઈ ગયાં. જ્યારે વીરોશાળવી બિચારો કાયકલેશ જ પામ્યો. એકી સમયે એક સરખી ક્રિયા કરવાવાળાઓમાં પણ આટલું બધું અંતર હોવાનું કારણ એ જ છે કે, તે બન્નેમાં ભાવ અને પરિણામ-સ્વરૂપ ઉપયોગની જ ભિન્નતા હતી.

ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ સાહેબે પણ 'યતિધર્મ બત્રીસી" માં સ્પષ્ટ કહ્યું છે કે :-

અંતર જતનાવિણ કિસ્યો, વામક્રિયાનો લાગ;
કેવલ કંચુક પરિહરે; નિરવિષ ન હુવે નાગ.

વળી પણ ઉપાધ્યાયજી મહારાજે કહ્યું છે કે :-

આતમ સાથે ધર્મ જ્યાં, તિહાં જનનું શું કામ?
જન-મન-રંજન ધર્મનું, મૂલ્ય ન એક બદામ.

શાસ્ત્રકાર કહે છે કે :-

ભાવવિના દાનાદિકા, જાણો અલુણો ધાન,
ભાવસ્સાંગ મિલે થકે, ત્રુટે કર્મ નિદાન.

માટે જ કલ્યાણ મંદિર સ્તોત્રમાં કહ્યું છે કે :-

હે પ્રભુ! અનંત સંસારમાં ભ્રમણ કરતા એવા મને

તારૂં દર્શન એકવાર પણ થયું હોય તેવું લાગતું નથી. કારણ કે તારૂં દર્શન થયું હોત તો હજીસુધી મારી આવી વિષમ પરિસ્થિતિ રહેત જ નહિ. તત્પર્ય એ છે કે, વાસ્તવિક દર્શન થયું નથી. કદાચ દર્શન થયું હશે, પૂજા કરી હશે, આજ્ઞા સાંભળી હશે, તો પણ આ બધું શુદ્ધ પરિણતિ વિનાજ થયું લાગે છે. "યસ્માત્ ક્રિયા પ્રતિ ફલન્તિ ન ભાવશૂન્યાઃ" એ કારણથી ભાવરહિત ક્રિયા ફળદાયક થઈ શકતી નથી. માટે પ્રભુનું દર્શન–પૂજન આદિ વાસ્તવિક રીતે થયું જ નથી, એમ કહેવું તે અનુચિત નથી.

કહ્યું છે કેઃ–

હે! મનુષ્ય! કદાચ તેં ઘણું દાન દીધું. સમગ્ર જિનાગમ ભણ્યો, પ્રચંડક્રિયાકાંડ કર્યાં, વારંવાર પૃથ્વી ઉપર શયન કર્યું, તીવ્ર તપ કર્યો, ચારિત્ર ઘણો વખત પાળ્યું, છતાં મનમાં ભાવના થઈ નહિ, તો તે સર્વ અનુષ્ઠાનો (યોગ સ્વરૂપ ધર્મ) ફોતરાં વાવવા રૂપ નિષ્ફળ જાણજે. સુકત મુકતાવલીમાં કહ્યું છે કે :–

મનવિણ મિલવો જયું. ચાવવો દંતહિણે,
ગુરૂવિણ ભણવો જયું, જિમવો જયું અલુણે.
જસવિણ બહુ જીવી, જીવ તે જયું ન સોહે.
તિમિ ધરમ ન સોહે, ભાવના જો ન હોયે.

આ પંક્તિઓથી સ્પષ્ટ થાય છે કે, ભાવ રહિત ધર્મ–

ક્રિયા તદ્દન શુષ્ક છે. નકામી છે જીર્ણ છે. અનનુકરણીય છે. અનિષ્ટ છે. એમાં મન રહિત–મળવું અને દાંત વિના ચાવવા જેવું છે. અહીં કોઇ શંકા કરે કે, ભાવવિના ધર્મક્રિયા થાય જ નહિં, તો પછી અહીં ધર્મક્રિયાને ભાવ રહિત કેવી રીતે કહેવાય ? આનું સમાધાન એ છે કે અહીં ભાવ અંગે જે કહેવાય છે, તે ભાવ કયો ? તે સમજવું જરૂરી છે. તે ખાસ લક્ષમાં હોવું જોઈએ. ક્રિયાઓમાં (ધર્માનુષ્ઠાન રૂપ યોગ ધર્મમાં) માન પ્રાપ્તિનો, ભૌતિક લાલસાનો, સ્વ અવગુણ–ઢાંકવાનો, કે પોતાની મહત્તા દર્શાવવાનો, જે ભાવ વર્તતો હોય, તે ભાવને તો દુર્ભાવ કહેવાય. એટલે મોક્ષ-સાધક ક્રિયાઓ, આવા દુર્ભાવ પૂર્વક કરાતી હોય, તો તે ભાવવિનાની જ કહેવાય. સદ્ભાવપૂર્વક કરાતી ક્રિયા જ, ભાવપૂર્વક (શુભ યા શુદ્ધ ઉપયોગ રૂપ ધર્મ) ની અને ભવભ્રમણનાશક કહેવાય. જ્યાં વિષયનો વિરાગ, કષાયનો ત્યાગ, અને ગુણનો અનુરાગ, એ ત્રિવેણી સંગમ હોય. ત્યાંજ સદ્ભાવ, યા શુધ્ધભાવ કહેવાય. આ રીતના ઉપયોગ-રહિત બાહ્ય શુભઅનુષ્ઠાનોરૂપ યોગધર્મને, અહિં ભાવરહિત જ સમજવો.

કોરા ત્યાગ, તપ કે સંયમની જૈન શાસનમાં કાંઈ કિંમત નથી. સાઠ હજાર વર્ષ સુધી છઠના પારણે છઠ કરનાર તામલી તાપસના ઉગ્ર તપને પણ શાસ્ત્રમાં અજ્ઞાનકષ્ટ તરીકે ઓળખાવ્યો છે.

દેશોન દશપૂર્વનો જ્ઞાતા, જયણામાં અત્યંત સાવધાન,

જેના ઉપદેશના શ્રવણથી સંખ્યાબંધ આત્માઓ સંયમી બને, એવા અભવિજીવને પોતાને લાભ કેટલો ? લાભ માત્ર એટલો જ કે દેવલોકે જાય. આમ કેમ ? એ અભવિજીવ શ્રી તીર્થંકરની ઋદ્ધિ જુએ, સમવસરણ જુએ, દેવતાઓને પ્રત્યક્ષ જુએ, એટલે એને થાય કે, આવું બધું મળે, લોક-પૂજા પમાય, દેવલોક મળે, સુખસાહ્યબી મળે, એ માટે સંયમ સેવું. અને પછી આ ઇચ્છાને તૃપ્ત કરવા માટે જ સંયમ સેવે, અને ઉગ્ર તપ વિગેરે કરે, આવી આશંસાના પરિણામવાળા તે અભવિના તપ, સંયમ, ચારિત્ર, વિરાગ, આ બધું મોક્ષસાધક નહિં બનતાં, સંસારહેતુજ બને છે.

અધ્યાત્મ કલ્પદ્રૂમના અગિયારમા અધિકારમાં આચાર્ય ભગવંત શ્રી મુનિસુંદરસૂરીશ્વર મહારાજે કહ્યું છે કેઃ-

ભાવ અને ઉપયોગ વિના સર્વ આવશ્યક ક્રિયા કરવાથી તને માત્ર કાયકલેશ (શરીરની મજુરી) થશે. પરંતુ તેનું કંઈ પણ ફળ પ્રાપ્ત થઈ શકશે નહિ.

આ રીતે યોગ અને ઉપયોગ અંગેનું બીજા પ્રકારે સ્વરૂપ સમજી હવે ત્રીજા પ્રકારની વ્યાખ્યા વિચારીએ.

(૩) જ્યાં બાહ્યપુરૂષાર્થસ્વરૂપ યોગ, અશુભ હોય. પરંતુ અભ્યંતર પુરૂષાર્થસ્વરૂપ ઉપયોગ તે, શુભ કે શુદ્ધ હોય.

જે જીવોને પૂર્વકૃત પાપના ઉદયે વ્યાવહારિક જીવનને નિભાવવા માટે, યા પરાધિનતા-ભય આદિના કારણે, પાપ-પ્રવૃત્તિવાળા સંયોગોમાં રહેવું પડે, પરંતુ દષ્ટિકોણ તો શુભ

યા શુદ્ધ હોવાથી તે સંયોગોપ્રત્યે અરૂચિ, વિરાગવંત હોય. તે જીવોનો પુરૂષાર્થ અર્થાત્ યોગ-ઉપયોગની પ્રવૃત્તિ, આ ત્રીજા પ્રકારમાં ગણાય. આ પ્રકારનો પુરૂષાર્થ, અમુક સમય પૂરતી ભૌતિક પ્રતિકુળતા પ્રાપ્તથવા છતાં, અભ્યંતર પુરૂષાર્થની શુદ્ધિનું અસ્તિત્વ ટકી રહેવા દ્વારા, આત્મોન્નત્તિ થતી રહેવાની સૂચક છે.

અહીં સુવિહિત ધર્માચરણ ન હોય, તેના બદલે સાંસારિક પ્રવૃત્તિ અને તે પ્રસંગે પાપ-સ્થાનકોનું સેવન હોય. એમ છતાં ભવનિર્વેદ અને સમ્યગ્દર્શન હોવાના કારણે, એ પાપસ્થાનકોના સેવન પાછળ, દિલમાં તીવ્ર પશ્ચાતાપ-ડંખ વગેરે હોય છે. આ વિભાગમાં યોગ અશુભ છે, પણ ઉપયોગ વિશુદ્ધ છે. અશુભ યોગના કારણે પાપતો બંધાય છે, પણ ઉપયોગની વિશુદ્ધિના કારણે તેમાં સ્થિતિ અને રસની તીવ્રતા આવતી નથી. માટે જ વંદિતા સૂત્રમાં કહ્યું છે કે :-

સમ્યગ્દૃષ્ટિ જીવ જો કે પાપ અલ્પ કરે, તેને કર્મબંધ તો અલ્પ હોય, કારણકે તે નિર્દયપણે કરતો નથી.

જીવમાં મિથ્યાત્વની મંદતા થયા પછી, પાપકાર્ય અંગે તેના વિચારમાં અને વર્તનમાં કંઈક કંઈક તફાવત ઉભો થતો જાય છે. અને જ્યાં સુધી મહામુનિપણાની કક્ષાએ ન પહોંચે, ત્યાં સુધીમાં પોતે જે ન કરવા યોગ્ય ગણતો હોય, તે પણ કરે એવુંય બને છે. યથાર્થ રીતે હિંસાદિ પાપોને માન્ય રાખનારા, અને તેવી પાપપ્રવૃત્તિમાં પ્રવૃત્ત થવાની

ઇચ્છાવાળા ન હોવા છતાં પણ પ્રવૃત્ત કેમ બને ? આ બાબત અંગે કેટલાકને જરૂર શંકા થાય તે સ્વાભાવિક છે. એટલું જ નહિં પણ સમજવા છતાં પ્રવૃત્તિ કરનારને દંભી કહી દેવાનુંય સાહસ કરવા તૈયાર થાય.

પરંતુ અહિં સમજવું જોઈએ કે, જેમ દુનિયામાં શારીરિક સ્વાસ્થ્યને બગાડનાર માનસિક–વાચિક અને કાયિક પ્રવૃત્તિનો ત્યાગ કરવાનું ચોક્કસપણે જરૂરી સમજનારા કેટલાક મનુષ્યો, ત્યાગ કરવાની ઈચ્છાવાળા હોવા છતાં પણ, તેવી કેટલીક પ્રવૃત્તિથી નિવૃત્ત થઈ શકતા નથી. કુપથ્યને જાણનારા, માનનારા અને છોડવાની ઈચ્છાવાળા દર્દીઓ પૈકી, કાચા મનવાળા કેટલાક, ખાવા બેસતાં ફીકુ લાગે તો કુપથ્ય પણ ખાઈ જાય.

એજ રીતે આધ્યાત્મિક દૃષ્ટિએ આત્મિક સ્વાસ્થ્યને નુકશાન કરનારી હેય (ત્યાજ્ય) પ્રવૃત્તિને, ત્યાગ કરવા લાયક માન્ય રાખનાર, અને ત્યાગ કરવાની ભાવનાવાળા હોવા છતાં પણ, કેટલાક જીવો ત્યાગ ન કરી શકે, કે ત્યાગ કરવામાં અશક્ત હોય એમ બનવા જોગ છે. માટે તેમાં દંભ જ માનવો તે અણસમજ છે.

જેવું મનમાં તેવું આચરણમાં સર્વને સદા હોય જ, એવો નિયમ હોત તો, જૈનદર્શન કથિત ગુણસ્થાનકનો ક્રમ પણ હોઈ શકત જ નહિ. ચોથા ગુણસ્થાનકથી જિનેશ્વર ભગવાન કથિત રત્નત્રયીની અને જીવાદિ નવતત્વની માન્ય-

તામાં સમાનતા શરૂ થવા છતાં, ચોથા, પાંચમા અને છઠ્ઠા-ગુણસ્થાનકવર્તી જીવોમાં આચરણની ભિન્નતા હોય છે.

આધ્યાત્મિકવિકાસની દૃષ્ટિએ, જેવું મનમાં તેવું જ સર્વ આચરણમાં તો મહામુનિને જ હોય. અન્ય જીવોમાં તો માન્યતા અને આચરણમાં ક્યારેક સમાનતા પણ હોય, અને ક્યારેક ભિન્નતા પણ હોય. આનું કારણ એ છે કે આધ્યાત્મિક માર્ગમાં સંસારી જીવની માન્યતા અને આચ-રણ, તે બન્ને ભિન્ન ભિન્ન કર્મને આધીન છે.

માન્યતા પર અસર કરનારૂં કર્મ, તે દર્શનમોહનીય કર્મ છે. અને વર્તન પર અસર કરનારૂં કર્મ, તે ચારિત્ર-મોહનીય કર્મ છે. આ રીતે માન્યતા અને વર્તન ઉપર અસર કરનાર કર્મ, ભિન્ન ભિન્ન હોવાથી એકજ વ્યક્તિમાં પણ માન્યતા અને વર્તનમાં ભિન્નતા પડી શકે છે.

દર્શનમોહનીયકર્મની દૃઢતા હોય તો અધ્યાત્મ માર્ગમાં જીવની માન્યતા તદ્દન વિપરીત હોય. ગાઢમિથ્યાત્વી અચરમાવર્ત્તી જીવો આવી જ માન્યતાવાળા હોય. તે કર્મની શિથિલતા થવાથી શિથિલતાનુસાર માન્યતામાં પણ કંઈક સુધારો થાય. આ કક્ષાના જીવો ચરમાવર્તી હોય. દર્શનમોહનીય કર્મના ઉપશમ, ક્ષયોપશમ, કે ક્ષયમાં જીવોની માન્યતા શુદ્ધ થાય. અહીં સમ્યક્ત્વી, દેશવિરતિ, અને સર્વવિરતિ જીવો હોય. આવાઓમાં પણ ચારિત્ર મોહનીય કર્માનુસાર આચરણમાં ભિન્નતા હોય.

અણાહારીપદની સાધનામાં તીવ્રરૂચિ ધરાવનારને અને તેના માટે શક્ય એટલો પ્રયત્ન કરનારને પણ, આહાર લેવો પડે, એ બને. તેમજ અપ્રમતપણે જીવવાની અભિલાષાવાળા, તથા અપ્રમત ભાવને પેદા કરવાના પ્રયત્નોમાં પ્રવૃત્તને પણ, નિદ્રા લેવી પડે એ બને. પરંતુ એ પુણ્ય–વાનોની મનોવૃત્તિ, આહાર લઈનેય અણાહારીપદની સાધના સારી રીતે કરવાની, તથા નિદ્રા લઈનેય અપ્રમત ભાવને પેદા કરવાનો પ્રયત્ન કરવાની હોય. આવા જીવો, ઉદિત કર્મમાં, ક્ષયોપશમ ભાવની વૃદ્ધિ કરવા દ્વારા, અન્તે અલ્પ સમયમાં ક્ષાયિક ભાવને પ્રાપ્ત કરે.

(૪) જ્યાં બાહ્ય પુરૂષાર્થ અને અભ્યંતર પુરૂષાર્થ અર્થાત્ યોગ અને ઉપયોગ, બન્ને અશુભ હોય. પાપભીરૂતા વિનાના અજ્ઞાની જીવોથી થતાં દુષ્કૃત્યો અથવા અચરમાવર્ત્તી જીવોનાં જીવનનિર્વાહાદિનાં વ્યવહારિક કૃત્યો, આ ચોથા પ્રકારમાં ગણાય. આ રીતનો પુરૂષાર્થ, સાંસારિક ભૌતિક સામગ્રીની પ્રતિકૂળતા પ્રાપ્ત થવા સાથે, સંસાર પરિભ્રમણની પણ વૃદ્ધિ સૂચક છે. કારણ કે આ ચોથા પ્રકારમાં પ્રવૃત્તિ, તે પાપસ્થાનકના સેવનવાળી છે. સાથે ઉપયોગમાં પણ, તે પાપના સેવન અંગે, પશ્ચાતાપના સ્થાને. પ્રમોદહર્ષ હોય છે. એ રીતે અહીં યોગ અને ઉપયોગ બન્ને અશુદ્ધ છે. આવા અવસરે આત્મા જે પાપ બાંધે છે, તેની પરંપરા અનેક ભવોપર્યંત ચાલે છે.

જીવનમાં આધ્યાત્મિક વિકાસક્રમ સાધી અન્તે સંપૂર્ણ–

પણે અધ્યાત્મદશાને પ્રાપ્ત કરવા માટે, ઉપયોગશુદ્ધિમાં સ્થિર બની રહેવું, કેટલું આવશ્યક છે ? તે આ યોગ–ઉપયોગની ચતુર્ભંગીથી સ્પષ્ટ સમજી શકાય છે. જ્યારે જીવ, યૌવનકાળ અર્થાત્ ચરમાવર્તકાળમાં પ્રવેશે છે, ત્યારે જ તેને આ હકીકત સમજાય છે.

અનાદિકાળથી જડ–ચેતનના ભેદજ્ઞાનની અજ્ઞાનતાને લીધે, જીવનું લક્ષ્ય, કેવળ દેહપોષક ઉપયોગમાં જ લીન બની રહેવાના કારણે, પરમ સત્ય, આત્મસુખની સમજથી તો, તે વંચિત જ રહ્યો છે. અને સત્ય સુખના બદલે પોતે માનીલીધેલા સુખદ્વારા જ દુઃખની પરંપરાનું પોતાના માટે અને પોતાના જ હાથે સર્જન કરતો આવ્યો છે.

આ ચતુર્ભંગી પૈકી પહેલા અને ત્રીજા ભાંગાવાળા જીવો, ધર્મ–અર્થ–કામ અને મોક્ષ એ ચારેય પૈકી, ધર્મ અને મોક્ષ અંગે વધુ પુરૂષાર્થી, તથા સંવેગ અને નિર્વેદ ભાવનાવાળા હોય છે.

પહેલા ભાંગાવાળા જીવોને પુણ્યાનુંબંધી પુણ્યની અનુકુળતા હોવાના કારણે, તેઓ યોગશુદ્ધિમાં પણ ટકી શકે છે, જ્યારે ત્રીજા ભાંગાવાળા જીવોને અશુદ્ધ યા અશુભ યોગ પ્રવૃત્તિમાં અરૂચિ હોવા છતાંય, પુણ્યાનુબંધી પુણ્યની અનુકુળતાના અભાવે, તથા પુણ્યાનુંબંધી પાપના ઉદયના કારણે, સંયોગવશાત્ ઉદાસીનવૃત્તિથી અશુભ યા અશુદ્ધ યોગમાં ક્યારેક ક્યારેક પ્રવૃત્ત બની રહેવું પડે છે.

બીજા પ્રકારમાં જણાવ્યા મુજબના જીવો,વિશેષે કરીને તો અર્થ અને કામના જ મુખ્યપણે લોલુપી હોય છે. સાંસારિક સુખ સામગ્રી અને સંયોગોની પ્રતિકૂળતાથી ગભરાઈ જઈ, અગર તો તેવી સુખ સામગ્રીની અનુકુળતા હોવા છતાંય અતૃપ્તિના કારણે, તે સામગ્રીની કેવળ વૃદ્ધિની લાલસાએ, માન-મોભાની પ્રાપ્તિની આકાંક્ષાએ, અગરતો ઓઘ યા લોક સંજ્ઞાએ, દેવ-ગુરૂ અને ધર્મને આરાધવા માટેની આધ્યાત્મિક બાહ્ય પ્રવૃત્તિઓમાં પણ પ્રવૃત્ત બને છે. કેટલીક વખત તો સંવેગ અને નિર્વેદ ભાવવંત જીવો કરતાંય, આવા જીવોની આધ્યાત્મિક બાહ્યપ્રવૃત્તિઓ, ખૂબજ પ્રશંસનીય અને આકર્ષક હોય છે. છતાં જ્ઞાનીઓની દૃષ્ટિએ તેવા જીવો બિચારા, આધ્યાત્મિકલાભ અર્થાત્ આત્મિક ઉત્કર્ષતાનો લાભ, લેશ માત્ર પણ પામી શકતા નથી. કારણ કે મૂર્છાના ત્યાગરૂપ શુદ્ધભાવ વિના, દાન પણ સિદ્ધિનું સાધન બની શકતું નથી. વિષયવિરાગરૂપ ભાવવિનાનું શીલ પણ, ઈષ્ટ ફળને આપવાને સમર્થ નથી. અને અણાહારી પદની ઈચ્છારૂપ ભાવવિનાનો પૌદ્ગલિક ઇચ્છાઓથી થતો તપ પણ, સંસારના સમૂહને છેદનારો નહિ થતાં સંસારની વૃદ્ધિ પમાડનારો બને છે.

મનમાંથી વાસનાઓ દૂર થાય, ઇન્દ્રિય ભોગોની લાલસા ઓછી ને ઓછી થતી જાય, ચિત્તમાંથી કલેશો અને કષાયોનો ભાર ઓછો થતો રહે, અને હૃદયમાં નિજાનંદની મસ્તીનો પ્રાદુર્ભાવ થાય, તો જ ધર્મ કે અધ્યાત્મની સાચી

સાધના કરી લેખાય.

ભોગસુખોની કામનાવાળા ધર્મો (શુભ પ્રવૃત્તિ રૂપ ધર્મ), જન્માંતરમાં પૌદ્ગલિક સુખસામગ્રીનું સુખ જરૂર આપી દે, પરંતુ તેમાં શાંતિ તો જરાય ન આપે.

ચોથા ભાંગાવાળા જીવો તો કેવલ નાસ્તિક, અર્થ અને કામની પ્રાપ્તિમાં નીતિ તથા અનીતિને નહિ જોવા-વાળા, ધાર્મિક વૃત્તિઓને હંબક માનવાવાળા, મત્સ્યગલાગલ જેવી પ્રવૃત્તિવાળા, અને પાપભિરૂતા વિનાના જ હોય છે.

આ ચોથા ભાંગાવાળા જીવો, જેમ પુન્ય–પાપાદિના વિચારોથી રહિત છે, તેમ દ્વિતીય (બીજા) ભાંગાવાળા જીવોને પુણ્ય–પાપાદિના વિચારો ન જ આવે એવું નથી. ધર્મ કરે તે સુખી થાય, અને ધર્મ ન કરે તે દુઃખી થાય, એવી માન્યતા બીજા ભાંગાવાળા જીવોની હોઈ શકે છે. પરંતુ આધ્યાત્મિક દૃષ્ટિએ સુખ દુઃખ અંગેની તેઓની સમજમાં ઘણું અધુરાપણું અને કેટલુંક વિપરીતપણું હોય છે. વળી આવા જીવોમાં કેટલાક તો આત્મા અને મોક્ષની માન્યતાવાળા હોવા છતાં તેમની તે માન્યતામાં પણ બહુ જ મોટો તફા-વત હોય છે. તેઓની કેટલીક યોગપ્રવૃત્તિ સારી હોવા છતાં પણ, ઉપયોગમાં અશુદ્ધિ હોવાથી આધ્યાત્મિક વિકાસ-વાળી બની શકતી નથી. તેમ છતાં તેમની કેટલીક સારી પ્રવૃત્તિ લોકોપકારી થઇ શકે છે.

◆

## ૧૪ જ્ઞાન–ક્રિયાભ્યાં મોક્ષઃ

યોગ અને ઉપયોગની શુદ્ધાશુદ્ધતા આધ્યાત્મિક અને ભૌતિક વિચારધારાને અનુલક્ષીને છે. સાંસારિક હેતુઓની સિદ્ધિ માટે વર્તતો યોગ અને ઉપયોગ, ભૌતિક સ્વરૂપ હોઈ અશુદ્ધ છે. જ્યારે આત્માને અનુલક્ષી વર્તતો યોગ તથા ઉપયોગ, અધ્યાત્મ સ્વરૂપ હોઈ શુદ્ધ છે. શુદ્ધયોગ અને ઉપયોગમાં અધ્યાત્મભાવ વ્યાપેલો હોવાથી, એ મોક્ષ સાધક બની શકે છે.

આત્માને ભયવિહુણો બનાવી રાખવા ઇચ્છનારે અધ્યાત્મ સાધનામાં તત્પર બની રહેવું જોઈએ. અધ્યાત્મ માર્ગની સાધનામાં પ્રવેશી ચૂકનારને કોઈ પણ આધિ, વ્યાધિ કે ઉપાધિના તાપ પીડી શકતા નથી. અધ્યાત્મ તત્ત્વજ્ઞાનની પરિણતિથી વાસિત બની રહેલા હૃદયવંત પુણ્યાત્માઓ, વિષય–કષાયની વાસનાઓના કારમા સંતાપોથી બચી જઈ, અલ્પ સમયમાં જ ભવચક્રથી મુક્ત બની જાય છે. આ અધ્યાત્મભાવ એજ શુદ્ધ ઉપયોગ છે. એવા આત્માની શુદ્ધ ક્રિયા જ, શુદ્ધ ઉપયોગમાં સ્થિર બનાવી, ઇષ્ટસિદ્ધિને પ્રાપ્ત કરાવી આપનાર હોઈ, તેવી ક્રિયાને અધ્યાત્મક્રિયા કહેવાય છે.

રાગ–દ્વેષ અને મોહરૂપ કાષાયિક પરિણામની નિવૃત્તિ

તથા રત્નત્રયીના અભ્યંતર સાધ્ય ધર્મની સાધનાજ,વાસ્તવિક અધ્યાત્મ સાધના છે. આ ગુણની સાધના માટે કેટલાક નિયમોને અનુસરવું પડે છે. અને અનુભવીઓના ઉપદેશ મુજબ જીવનચર્યા ઘડવી પડે છે. એવી જીવનચર્યામાં અનેક પ્રકારના શાસ્ત્રીય વિધિ–નિષેધોને અનુસરવા પૂર્વક, પંચાચારના વિવિધ અનુષ્ઠાનોનું સેવન પણ, શુદ્ધ ઉપયોગની પૂર્ણતા પ્રાપ્ત કરવા માટે અત્યંત જરૂરી છે.

"જ્ઞાન–ક્રિયાભ્યાં મોક્ષઃ" મોક્ષની પ્રાપ્તિ જ્ઞાન અને ક્રિયા એ ઉભયના સંયોગથી છે. બે ચક્ર વિના રથનું વહન, અને બે પાંખો વિનાનું પક્ષીનું ઉડ્ડયન થઈ શકે જ નહિ. તેમ શુદ્ધજ્ઞાન અને શુદ્ધક્રિયા પૈકી એકના પણ અભાવે, અધ્યાત્મ સિદ્ધિ હોઈ શકે જ નહિ.

સ્વસ્વરૂપને અનુકૂલ, દર્શન અને જ્ઞાન શક્તિનો બોધરૂપ વ્યાપાર, તે જ્ઞાન છે. સકલ પુદ્ગલ ભાવોથી ઉદ્વિગ્ન બની, સ્વરૂપની શુદ્ધતાને પ્રાપ્ત કરવાની અભીલાષા પૂર્વક, યથાર્થ સ્વરૂપે આત્માને જાણવો, તેનું નામ જ્ઞાન કહેવાય છે.

સ્વરૂપપ્રાપ્તિને અનુકૂલ યોગોની શુભ પ્રવૃત્તિ કરવી તે સત્ક્રિયા છે. એ ક્રિયા, વીર્યશુદ્ધિનું કારણ છે. જીવનું સંસારભ્રમણ અને દુઃખની પરંપરા, અશુદ્ધ વીર્યપ્રવૃત્તિના કારણે જ બની રહે છે.

કર્મપ્રદેશોનું ગ્રહણ, યોગદ્વારા થાય છે. અને યોગો, વીર્યથી થતા હોઈ, અશુદ્ધ વીર્યવડે આશ્રવયુક્ત જીવ,

સંસારમાં ભ્રમણ કરે છે. પરંતુ તે જ જીવ, ગુણી પુરૂષોની સેવાથી, ગુણને પ્રગટાવવામાં તત્પર બની રહી, સંવરવાળો થાય છે. માટે યોગ (મન–વચન અને કાયા)નું જોડાણ તે પરમાત્માને વન્દન, સ્વાધ્યાય અને અધ્યયન આદિમાં જોડવામાં આવે તો, તે, કર્મ ગ્રહણ કરવા માટે સમર્થ થતાં નથી.

મોક્ષ સાથે આત્માનો સંયોગ કરી આપનાર હોવાના કારણે, સદનુષ્ઠાન તે જ અધ્યાત્મયોગ સ્વરૂપ છે.

સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર–ક્ષમા–નમ્રતા–સરળતાઆદિ ગુણોવાળા પુરૂષોનું બહુમાન, પોતાનાથી અધિક ગુણીનો આદર, દોષોનો પશ્ચાતાપ, પાપની જુગુપ્સા, અતિચારોનું આલોચન, દેવ–ગુરૂ અને સાધર્મિકની ભકિત, પૂર્વે ગ્રહણ કરેલા વ્રતનું સ્મરણ, નવીન પ્રત્યાખ્યાન, સામાયિક, ચતુર્વિંશતિ સ્તવ, ગુરૂવંદન, પ્રતિક્રમણ, કાર્યોત્સર્ગ, વગેરેની પ્રવૃત્તિ સ્વરૂપ સદનુષ્ઠાન કે સત્ક્રિયા–શુભક્રિયાઓ કરવાથી શુદ્ધ ભાવનું રક્ષણ થાય છે. અને નહિ ઉત્પન્ન થયેલા શુદ્ધ ભાવની ઉત્પત્તિ થાય છે. આ શુદ્ધભાવ એ જ શુદ્ધોપયોગ છે.

કેવલજ્ઞાન, કેવલદર્શન, ક્ષાયિકસમ્યક્ત્વ, યથાખ્યાત ચારિત્ર, ક્ષાયિક ભાવની દાનાદિ પાંચલબ્ધિ, એ આત્માના શુદ્ધ ગુણો અર્થાત શુદ્ધ ધર્મો છે. આત્મામાં પ્રચ્છન્ન ભાવે રહેલા આ ગુણોને આવિર્ભાવ સ્વરૂપે બનાવી રાખવા માટે, સત્પ્રવૃત્તિરૂપ ક્રિયા યા અનુષ્ઠાનની અત્યંત આવશ્યકતા છે. આને સદનુષ્ઠાન કહો, કે સત્ક્રિયા કહો, કે સદાચાર કહો,

તે બધાય પર્યાયવાચી શબ્દો છે.

વિવિધ અનુષ્ઠાનોનો સમાવેશ જ્ઞાનાચાર આદિ પાંચ આચારમાં આવી જાય છે. કોઈ પણ સદનુષ્ઠાન આ પાંચ આચાર પૈકીના જ કોઈ આચાર અંગેનું હોય છે, અગર કોઈ આચારના હેતુભૂત હોય છે.

આ પાંચ પ્રકારના આચાર શિવાય, આત્માના ઉપરોક્ત કેવલજ્ઞાનાદિ ગુણોના આવિર્ભાવને રોકી રાખનાર કર્મોથી આત્માનો છૂટકારો થઈ શકતો જ નથી. જે જે આત્માઓએ કર્મથી મુક્ત બની પોતાનામાં પ્રચ્છન્નભાવે રહેલ કેવલજ્ઞાનાદિ ગુણોને પ્રગટ રૂપે બનાવેલા છે, અને બનાવશે, તે આ જ્ઞાનાચાર આદિ પાંચ આચારરૂપ સદનુષ્ઠાનની સાધના દ્વારા જ સમજવું. જેથી મોક્ષ માર્ગની સાધનાના ઇચ્છુકે સાધનરૂપ આ પંચાચારની ક્રિયાનું આચરણ અવશ્ય કરવું જોઈએ.

નિમિત્તનું અવલંબનકરી પ્રવૃત્તિ કરવી તે આચાર. એ આચારજ ગુણોની પૂર્ણતામાં હેતુભૂત હોવાથી ગુણોની પૂર્ણતા થાય ત્યાં સુધી તે આચરવા યોગ્ય છે.

માટે ક્ષાયિકસમ્યકત્વની પ્રાપ્તિ થાય ત્યાં સુધી જિનોક્ત તત્ત્વમાં નિઃશંકપણું વગેરે આઠ પ્રકારના દર્શનાચારનું સેવન કરવું, કેવલજ્ઞાનની પ્રાપ્તિ થાય ત્યાં સુધી કાળવિનયાદિ જ્ઞાનાચારનું નિરંતર પાલન કરવું, યથાખ્યાત ચારિત્રની પ્રાપ્તિ પર્યંત ચારિત્રાચારનું પાલન કરવું, પરમ શુકલધ્યાન સુધી, તપાચાર ને આદરવો, સર્વ સંવર સુધી

વીર્યાચારની સાધના **અવશ્ય** કરવી, એવું વિધાન છે.

પંચાચારના પાલન સ્વરૂપ ક્રિયા-અનુષ્ઠાનથી રહિત આત્મા, સ્વગુણોના સાધકપણામાં રહેવાને અસમર્થ બને છે. કારણ કે સયોગી આત્માના વીર્યનું ચપલપણું હોવાથી પંચાચાર સ્વરૂપ સત્ક્રિયામાં જોડેલું આત્મવીર્ય જ, આત્માને ગુણોથી પડવા માટે થતું નથી. અન્યથા અનાદિ પ્રવૃત્તિમાં પ્રવૃત્ત થયેલો જીવ, ગુણથી પતિત થાય છે. અને ક્રિયા વડે તો ઉત્તરોતર વિશુદ્ધ સ્થાનને પ્રાપ્ત કરે છે, એક અપ્રતિપાતી (નહિં પડવાના સ્વભાવવાળું) તથા પૂર્ણ સ્વરૂપની એકતારૂપ સંયમસ્થાન તો જિનોને એટલે ક્ષાયિક જ્ઞાન અને ક્ષાયિક ચારિત્ર વાળાને જ હોય છે. બીજાને હોતું નથી. આ હેતુથી સાધકે ગુણોની વૃદ્ધિમાટે ક્રિયા કરવી જોઈએ.

પંચાચારસ્વરૂપ અનુષ્ઠાન-ક્રિયાના આચરણથી, આત્માના જ્ઞાન-દર્શન-સમ્યક્ત્વ-ચારિત્ર-તપ અને વીર્યશુદ્ધતાના ક્ષયોપશમની વૃદ્ધિ થતી રહી, અન્તે ક્ષાયોપશમીક ભાવે વર્તતા તે જ્ઞાનાદિ ગુણોને ક્ષાયિક ભાવે પ્રગટ કરી, આત્મા અનંત સુખનો ભોક્તા બને છે. જન્મ-મરણથી મુકત બને છે. શાશ્વત સ્થાનને પ્રાપ્ત કરે છે. અને અગુરૂલઘુતા ને પામે છે.

સ્વ અને પરના વિવેકવાળા પૂર્ણજ્ઞાની પણ કાર્ય કરવાના અવસરે સ્વભાવની પોષક એવી, સાધન કાર્યને કરવા રૂપ, ક્રિયાની અપેક્ષા રાખે છે. હેયોપાદેય તત્વનો જ્ઞાતા સમ્યગ્જ્ઞાની

તે દેશવિરતી રૂપ ક્રિયાનો. દેશવિરતિ તે સર્વ વિરતી રૂપ ક્રિયાનો, ચારિત્ર યુકત તત્વજ્ઞાની તે કેવળજ્ઞાનરૂપ કાર્યને ઉત્પન્ન કરવાની ઈચ્છાવાળા શુકલ ધ્યાનારૂઢ થવાની ક્રિયાનો, અને કેવળજ્ઞાની તે સર્વસંવર અને પૂર્ણાનંદસ્વરૂપ પ્રાપ્ત કરવાના અવસરે યોગ નિરોધ કરવા રૂપ ક્રિયાનો આશ્રય કરે છે. એ હેતુથી જ કહેવામાં આવ્યું છે કે, જ્ઞાનીને પણ ક્રિયાની અપેક્ષા છે. પછી ભલે પોતપોતાની યોગ્યતાનુસાર તે ક્રિયાઓમાં ભિન્નતા હોય.

માટે જ તત્ત્વજ્ઞાનીઓ ક્રિયાદિને, રત્નત્રયીરૂપ ધર્મનું સાધન કરવામાં કારણ હોવાથી, ધર્મરૂપે માને છે. મુખ્ય ધર્મ તો રત્નત્રયી સ્વરૂપે આત્મામાં જ છે. પણ કારણનો કાર્યમાં ઉપચાર થઈ શકતો હોવાના કારણે દ્રવ્યક્રિયા પણ ધર્મ રૂપે મનાય છે.

### સદનુષ્ઠાનમાં નિર્દંભતા :—

પોતાના જીવનમાં જ્ઞાનક્રિયાત્મક અધ્યાત્મની વૃદ્ધિ ઇચ્છનારના સદનુષ્ઠાનરૂપ આચારોનું પાલન, કોઈ પણ જાતના દંભ રહિત હોવું જોઈએ. ઘણા મૂલ્યવાન મણિરત્નો પણ જેમ લેશ માત્ર ડાઘથી દૂષિત થાય છે, તેમ ગમે તેવા ઉત્તમ જાતિના સદાચારોનું આચરણ, લેશ માત્ર પણ દંભ પૂર્વક કરવાથી દૂષિત થાય છે. અને પરિણામે લાભના બદલે હાનિ થાય છે.

પોતાના દુરાચારો કે ખરાબ ઈરાદાઓ છૂપાવવા,

કે લોકોમાં પૂજાવા, અગર પોતાની મહત્તા વધારવાના ઈરાદે કરાતાં બાહ્ય અનુષ્ઠાનોથી, અનુષ્ઠાનકારકોના દોષો જ્યારે પ્રગટ થાય છે, ત્યારે તેઓ લોકોમાં ભારે કદર્થના અને માનહાનિને પામે છે.

સદનુષ્ઠાનો તે સ્વરૂપે પવિત્ર હોવા છતાં પણ તેના માટે અયોગ્ય જીવદ્વારા થતું આચરણ એ, ધર્મસ્વરૂપ સદનુષ્ઠાનોને છેક કિંમતવિહોણાં કરી મૂકે છે. જેને જોઈ બીજાઓ પણ તેવા અનુષ્ઠાન કરતા અટકી જાય છે.

જેનામાં ભવનો ત્રાસ તથા મુક્તિનો શુભભાવ પ્રગટ થાય છે, તે જ જીવ, ધર્મ અને તેના સાધનભૂત સદનુષ્ઠાનની યોગ્યતાવાળો બની શકે છે. કષ્ટ સહેવું સહેલું છે, પણ ઉપરોક્ત ભાવ પ્રગટવો દોહ્યલો છે. આવો ભાવ જીવને તેના ચરમાવર્ત્તકાળ (એક પુદ્ગલાવર્ત્ત શેષ સંસારકાળ) માં જ પ્રાપ્ત થઈ શકે છે.

અચરમાવર્ત (એક પુદ્ગલાવર્ત્ત કરતાં વધુ શેષ સંસાર કાળ) કાળમાં પણ અનાભોગપણે કદાચિત્ મિથ્યાત્વાદિની સ્થિતિનો અપકર્ષ થઈ જતો હોવાથી, તેવા જીવોમાં સંયોગવશાત્ બહારની દ્રષ્ટિએ બાહ્ય સદાચાર અને ચિત્તની સ્વસ્થતારૂપ અભય વગેરે ગુણો પ્રાપ્ત થયા હોય તો પણ, તે અવાસ્તવિક જ હોય છે. કારણ કે જ્યાં સુધી ભવનો ત્રાસ અને મુક્તિનો શુભભાવ પ્રગટ થતો નથી, ત્યાં સુધી તે જીવો ગુણલાભ માટે તદ્દન અયોગ્ય છે.

એટલે તો આ રીતના શુભભાવ વિના ધર્મના નામે જ અનેક વાર ધર્મનો નાશ થઈ જાય છે. માટે તો ધર્મને ઓળખવો સહેલો નથી. કારણ કે તેમાંય શુભ બુદ્ધિની, સંત સમાગમની અને આપ્તપુરૂષો પ્રણિત શાસ્ત્રશ્રવણની જરૂર રહે છે.

મોક્ષ સાધનને અનુકુળ યોગની પ્રવૃત્તિરૂપ અથવા આત્માના ગુણને અનુકૂળ વીર્યની પ્રવૃત્તિરૂપ ક્રિયાને વિષે તત્પર, શાન્ત, અને કષાયના તાપ રહિત, જેઓ આત્માના શુદ્ધ સ્વરૂપમાં રમણતામય છે એવા, અને ઇન્દ્રિયોને જીતનાર, એવા મહાત્માઓના ઉપદેશ અને સમાગમથી જ, તત્ત્વ અંગે જિનાજ્ઞામુજબ હેય-જ્ઞેય અને ઉપાદેયનો વિવેક પામી શકાય છે.

આવા મહાત્માઓ, સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રની પરિણતિવાળા, આત્મસ્વરૂપમાં રમણ કરનારા, આત્માને વિષે સ્થિરતા કરનારા, અને આત્માના અનુભવમાં મગ્ન થયેલા હોય છે.

આવા સંતના સમાગમ અને તેમની અમૃતવાણીના શ્રવણ દ્વારા, ભવનો ત્રાસ અને મુક્તિના શુભ ભાવ પૂર્વકની ધર્મની સાચી સમજ પ્રાપ્ત થયા પછી, અને આરાધનામાં ઉત્સુક બન્યા પછી, યથાશક્તિ વિધિઅનુસાર શુભક્રિયાનું આચરણ થતું હોય તો, તે શુદ્ધ પ્રણિધાન છે. અલ્પસમય માટે પણ પ્રાપ્ત થયેલ આવું શુદ્ધપ્રણિધાન, આરાધક આત્મામાં આસ્તિકતા-અને પ્રશમતા પ્રગટ કરે છે.

આ રીતે પ્રગટતી વિશિષ્ટ નિર્મળતાના કારણે, છેવટે પૂર્ણ શુદ્ધિ થઈ શકે છે. સંસારમાં પણ તેનાથી ઉત્તમકુળ, ઋદ્ધિ, સમૃદ્ધિ અને ધર્મની આરાધનામાં મદદગાર બની રહેનાર નિરોગી શરીર, વગેરેનો પણ લાભ પ્રાપ્ત થાય છે.

તે આત્મા, ચિરકાળ પર્યંત નિરન્તર આદર સહિત, બિલકુલ શુભ આવે, જેમ જેમ સુંદર આરાધક બની રહે છે, તેમ તેમ તેના યોગે, તેની શુદ્ધમાર્ગની રૂચિરૂપ શ્રદ્ધા, સદ્દનુષ્ઠાનના સામર્થ્યરૂપ વીર્ય, સ્વીકારેલ વ્રત-નિયમ-તત્વ વગેરેની યાદદસ્તીરૂપ સ્મૃતિ, ચિત્તની પ્રસન્નતા, તથા સૂક્ષ્મતત્વના અનેકવિધ પર્યાલોચન યોગ્ય વિશિષ્ટ શક્તિ-રૂપ પ્રજ્ઞા, આદિની સુંદર વૃદ્ધિ થતી રહેતી હોવાપૂર્વક તે મહાભાગ્યશાળી આત્મામાં, રાગાદિ મલનો હ્રાસ થઇ જાય છે. અર્થાત્ તેનામાં પ્રશાન્તવાહિતા-શમજન્ય સુખ પ્રગટ થાય છે.

આ રીતે ફળપ્રાપ્તિકારક અને નિર્દંભપણે કેવળ આત્મ શુદ્ધિને અંગે જ કરાતું સદનુષ્ઠાન પણ ઉચિતતા-યુક્તની સ્ખલનાભૂત બની ન રહે, તે માટે આજ્ઞા શુદ્ધિનો પણ પહેલો ખ્યાલ હોવો જોઈએ. કારણ કે આજ્ઞાશુદ્ધિ ક્રિયા જ, જ્ઞાનપૂર્વકની ક્રિયા કહેવાય છે. જ્ઞાનપૂર્વકની ક્રિયા જ મોક્ષ પ્રાપ્તિનું સાધન હોઇ આદરવા યોગ્ય છે.

આવા આજ્ઞાશુદ્ધ અનુષ્ઠાનને વચનાનુષ્ઠાન કહેવાય છે. અરહિંતની આજ્ઞાને અનુસરીને થતી ક્રિયા, વચનાનુષ્ઠાન છે. એવી ક્રિયા જ ધર્મનું કારણ બને છે.

વીતરાગ ભગવંતના વચનાનુસારે ઉત્સર્ગ અને અપવાદની અપેક્ષાવાળી વચનાનુષ્ઠાન ક્રિયા કરનાર જ, નિર્વિકલ્પ અને સહજ સ્વરૂપ એવી 'અસંગક્રિયા'નો યોગ પામે છે.

જ્ઞાનક્રિયાની અભેદ ભૂમિ, એ જ અસંગક્રિયા હોવાથી તે અસંગક્રિયારૂપ ભાવક્રિયા, શુદ્ધોપયોગ અને શુદ્ધ વીર્યોલ્લાસના તાદાત્મ્ય ભાવને ધારણ કરે છે. અહીં જ્ઞાનક્રિયાનો અભેદ એટલે, જ્ઞાન અને વીર્યની એકતા સમજવી.

## ૧૫. ધર્મ-બીજની પ્રાપ્તિ કરાવનાર ચરમાવર્ત્ત-કાળ

**સ્વગુણને** અનુકૂલ સ્વરૂપની પ્રવૃત્તિરૂપ ભાવક્રિયાની પ્રાપ્તિ માટે, તેની પ્રાપ્તિમાં નિમિત્ત ભૂત બની રહેનારાં, યોગની શુભ પ્રવૃત્તિરૂપ બાહ્ય અનુષ્ઠાનો જ હોઈ, જ્યારે ને ત્યારે પણ જીવે બાહ્ય સત્ક્રિયા અપનાવવી જ પડશે. કારણ કે એનાથી જ એનો શુભભાવ ક્રમશઃ વિકાસ પામવાનો છે. અને પુષ્ટ થવાનો છે. વિધિયુક્ત બાહ્ય શુભ ક્રિયા અને આંતર શુભપરિણામ વિના, કોઈ પણ જીવ, સ્વ પ્રગતિ-સાધક બની શકે જ નહિં.

દ્રવ્ય અને ભાવની અપેક્ષાએ વિચારતાં મન-વચન અને કાયાના વ્યાપાર રૂપ યોગની પ્રવૃત્તિ, દ્રવ્યક્રિયા સ્વરૂપ છે. અને વીર્યવ્યાપારરૂપ અર્થાત્ વીર્યપ્રવૃત્તિરૂપ ક્રિયા, ભાવક્રિયા છે.

શુદ્ધ અને અશુધ્ધની અપેક્ષાએ વિચારતાં સ્વસ્વરૂપને અનુકુળ યોગની પ્રવૃત્તિ, શુધ્ધ દ્રવ્યક્રિયા છે. અને કાયિકી વગેરે ક્રિયાઓ તે અશુદ્ધ દ્રવ્યક્રિયા છે.

પોતાના ગુણોનું સ્વરૂપે પરિણમન થવામાં નિમિત્ત-

ભૂત વીર્યવ્યાપાર, શુધ્ધ ભાવક્રિયા છે. અને પૌદ્ગલિક ભાવને અનુકૂલ ઔદારિકાદિ કાયવ્યાપારની સન્મુખ વીર્યની પ્રવૃત્તિ, અશુદ્ધ ભાવક્રિયા છે. શુદ્ધ દ્રવ્યક્રિયા, શુદ્ધ ભાવક્રિયાનું નિમિત્ત છે. માટે શુદ્ધભાવક્રિયાયુક્ત એવી શુદ્ધ દ્રવ્યક્રિયાને જ, મોક્ષસાધક ક્રિયા કહેવાય. આવી મોક્ષસાધક ક્રિયા તો ચારિત્ર અને વીર્ય ગુણની અભેદ પરિણિતવાળી જ હોય.

આ અનાદિ જગતમાં કાયિકી વગેરે અશુદ્ધ ક્રિયાની પ્રવૃત્તિથી તો સંસારવૃદ્ધિ થાય છે. પરંતુ તે જ સંસાર વૃદ્ધિ, સમિતિ-ગુપ્તિ વગેરે તથા વિનય-વૈયાવૃત્ય આદિ સત્ક્રિયા કરવાથી નિવૃત્ત બની રહેતી હોવાના કારણે, સંવર અને નિર્જરા રૂપ ફળને આપનારી સત્ક્રિયાઓને આત્માર્થી જીવોએ પોતાના જીવનમાં ખાસ અપનાવવી જોઈએ જ.

સ્વગુણનો વિકાસ કરવાના હેતુએ, દરેક અનુષ્ઠાનો જેમ ઉપરોક્ત રીતે દ્રવ્યશુદ્ધિ અને ભાવશુદ્ધિ પૂર્વકનાં જ હોવાં જોઈએ, તેમ તેવાં સદનુષ્ઠાનોમાં વિધિશુદ્ધતાનું પણ પૂર્ણ લક્ષ હોવું જોઈએ. જેને વિધિશુદ્ધિની ઉપેક્ષા છે, ક્રિયા તો જેવી હોય તેવી ચાલે, આ તો માત્ર કરવી જોઈએ, કંઈ ભાવ વિના નથી થતી, બહુ સૂક્ષ્મ રીતે વિચારીએ તો ક્રિયા જ અટકી જાય, આ રીતે બેદરકારી અને અનાદરવાળા તથા ઢંગધડા વિનાનાં અનુષ્ઠાનો તો પ્રાયઃ ઉન્માર્ગનાં પોષક હોઈ, સૂત્ર અને ક્રિયાનો નાશ કરનારાં બને છે. માટે માત્ર સમુચ્છિંમ જીવ જેવી કાયચેષ્ટા જ કરનારાઓનાં આવાં

અનુષ્ઠાનો પણ ચાલે, એવું કહેવામાં કે માની લેવામાં મહા-મૃષાવાદ છે.

દરેક આસ્તિક દર્શનોમાં આત્મશુદ્ધિ માટે પોત-પોતાના દર્શનને અનુરૂપ, વિવિધ અનુષ્ઠાનોનું આયોજન હોય છે. અને તે રીતે, તે તે દર્શનના અનુયાયીઓ અનુ-ષ્ઠાનનું સેવન કરે છે. આ દરેક અનુષ્ઠાનના આચરણનો મુખ્ય હેતુ તો, મોક્ષ પ્રાપ્તિને અનુલક્ષીને જ હોય છે. પછી ભલે તેનાથી સ્વાભાવિક રીતે સાંસારિક વિષયોનો લાભ થઈ જતો હોય, પણ આકાંક્ષા તો મોક્ષ પ્રાપ્તિની જ બની રહેવી જોઈએ. આ માન્યતામાં દરેક આસ્તિક દર્શનકારો એકમતી છે.

આવા આસ્તિક દાર્શનિક સંસ્કારોવાળા કુટુંબમાં જન્મ-પામેલ આત્મા, કદાચ તે તે દર્શનને અનુકૂળ બાહ્ય આચારના પાલનરૂપ વિવિધ ક્રિયા કરતો હોવાના કારણે, કદાચ તે પોતાનામાં રહેલી કર્મસ્થિતિને હળવી કરે, છતાં જ્યાં સુધી તે જીવ અસત્તૃષ્ણા અને મિથ્યા બુધ્ધિથી વાસિત હોય, ત્યાં સુધી તેને અધ્યાત્મમાર્ગીય કહી શકાય જ નહિં. તેઓના શમદમ આદિ ગુણોનું પાલન તો માત્ર ખ્યાતિ, પૂજા, ઋદ્ધિ, અને સંપત્તિ અર્થે જ હોવાથી, ભવાભિનંદી કહેવાતા એવાઓનું જીવદ્રવ્ય, એક પણ સાચા ગુણને મેળવી શકતું નથી.

આવા જીવો કદાચ સંસારના તુચ્છ-ક્ષણિક, પૂજા,

ખ્યાતિ, માન વગેરે ફળની અપેક્ષાએ, શુદ્ધ શ્રમણ ભાવયોગ્ય તે તે આવશ્યક, પ્રમાર્જન, પ્રતિલેખન આદિરૂપ ક્રિયાઓ પણ પૂર્ણરૂપે અને વિધિ સહિત કર્યે જાય, છતાં આ બધી સ્થિતિમાં તેને બહુધા ઉત્કટ આભિગ્રહિક (કદાગ્રહિત) મિથ્યાત્વ તથા અનંતાનુબંધી ઉત્કટ કષાયપરિણામ વિદ્યમાન હોઈ, તેનાથી ધર્મબીજની પ્રાપ્તિ તો થઈ શકે જ નહિ.

આવી પ્રબળ મિથ્યાત્વ મોહની સત્તામાં, કોઈ કારણવશાત્ રાગ–દ્વેષની મંદતા થવાથી, શમાદિનો લાભ પણ થઈ જતો હોવા છતાંય, મિથ્યાત્વરૂપ બીજ ઉત્કટપણે તેનામાં વિદ્યમાન હોઈ, તે રાગદ્વેષની મંદતા, "પાપાનુબંધી પુણ્યનો' જ હેતુ બને છે. જેનો આખરી નતીજો અધ્યાત્મ દ્રષ્ટિએ ઘણો જ બૂરો હોય છે.

જીવને જ્યારે સંસારવિરૂદ્ધ ઉત્કટભાવના તથા મુક્તિ વગેરે તરફ અદ્વેષવૃત્તિ યા અંશપણ રૂચિ પ્રગટે, ત્યારે જ તેનાં વિવિધ અનુષ્ઠાનો, સાચા ગુણને પ્રાપ્ત કરાવનાર બની શકે છે. એ રીતે આત્માભિમુખ થનારા જીવને જ, ક્રમશઃ અલ્પભાવે અને અવ્યક્ત ભાવે, ગુણોનું પ્રગટીકરણ થતું રહી, પરંપરાએ તે ગુણો પૂર્ણતાને પામી શકે છે.

પરંતુ જ્યાં સુધી જીવનું સંસાર ભ્રમણ એક પુદ્ગલપરાવર્ત પ્રમાણ કાળથી વધુ સમયનું શેષ હોય, ત્યાં સુધી આ અવસ્થાવંત જીવો, સુખ અને જ્ઞાનના રૂચિવાળા–દુઃખ,

ક્લેશ અને અજ્ઞાનતાની અરૂચિવાળા હોવા છતાં, મિથ્યાત્વ-રૂપ બીજ તેના આત્મામાં અતિ પ્રબલપણે વિદ્યમાન હોઈ, સુખ-દુઃખની વાસ્તવિક સમજમાં વિપરીત ભાવવાળા જ હોય છે. હિતાહિતનો અવિવેક હોવાથી તેઓને આત્મિક-દ્રષ્ટિએ અહિતકર હોય તે હિતસ્વી, અને અર્થકર હોય, તે અનર્થકર ભાસે છે. માટે જ તેઓના બાહ્ય અને આંતરિક પુરૂષાર્થનો ઝુકાવ, અજ્ઞાનપણે પણ સુખનાશક કારણો પ્રત્યે જ હોવાથી, પરિણામે તો તે જીવો, દુઃખ અને ક્લેશના દાવાનલમાં જ પારાવાર પરેશાની ભોગવતા રહે છે.

આવા આત્માઓમાં વર્ત્તતા ગાઢ મિથ્યાત્વની પ્રબલતાના કારણે, તેઓને સંસાર પ્રત્યે ઉદ્વિગ્નતા અને મોક્ષ રૂચિને અનુરૂપ પરિણામ તો સંભવી શકે જ નહિ. અને તેવી રૂચિ વિનાનાં ગમે તેવાં સદનુષ્ઠાનો પણ, તેઓને વાસ્તવિક સુખની પ્રાપ્તિ રૂપ, ઈષ્ટ ફળનાં સિદ્ધિકારક બની શકતાં જ નથી.

એ સદનુષ્ઠાનોથી પુણ્યોપાર્જન થાય, પરંતુ તેનો આખરી નતીજો તો પાપમાં જ પરિણમે છે. અને વધુ દુઃખની હોનારત સર્જાય છે. કારણ કે ગાઢ મિથ્યાત્વ ભાવ-વાળી અવસ્થામાં થતાં સદનુષ્ઠાનો સમયે, તે જીવો હિતાહિતના ભાવવિનાના, ખૂબ જ કદાગ્રહી, રાગ-દ્વેષથી ધમધમતા પરિણામવાળા બની રહેલ હોઈ, તે સમયે સદ્‌ક્રિયાથી બંધાતા પુન્યની સાથે ઉત્કટ મિથ્યાત્વનો પણ

બંધ કરે છે, જેથી મિથ્યાત્વસહિત બાંધેલ તે પુણ્યના વિપાક રૂપે, ભવાંતરે પ્રાપ્ત, બહારની સુખસંપત્તિની મોજ મજા તે માણી લે, પણ તે, પાપકર્મને આચરતો હોઈ, પુનઃ તેના વિપાક રૂપે, આખરે તો લાંબાકાળ સુધી દુર્ગતિમાં જ હડસેલાઇ જઈ, ઘોર દુઃખોનો ભોગ બની જાય છે. એટલે તેની ક્રિયા તદ્દન નિષ્ફળ તો ન ગઇ, પણ થોડો સમય મોજ કરાવી, પરંપરાએ ભીષણ દુઃખોની જ પ્રાપ્તિ કરાવનારી બની.

ભયંકર પાપરૂપ, ભયંકર ઝેર રૂપ, ભયંકર અંધકાર રૂપ, ભયંકર રોગરૂપ, આ મિથ્યાત્વ ભાવ, જીવને સાચો–સુખોપાય સુઝવા દેતો જ નથી. કોઈ ભવિતવ્યતાના કારણે આવા મિથ્યાત્વભાવવાહી જીવોને, કદાચ અમુક સમય પુરતા રાગ–દ્વેષાદિ મંદ પડી જાય, કષાયરૂપ કર્મો ઢીલા પડી જઈ, જ્ઞાન–વીર્ય–ક્ષમા–શમ અને સત્‌ક્રિયાદિ ગુણોનું પ્રગટીકરણ પણ થઈ જાય, તો પણ અંદર બેઠેલ મિથ્યાત્વ ભાવ, સમય આવ્યે જીવને તે ગુણોથી પટકી પાડી, ભ્રમણાની જાળમાં–ફસાવી, તેનું કરૂણ અધઃપતન કર્યા વિના રહે જ નહિં. માટે જ્યાં સુધી મિથ્યાત્વ હોય ત્યાં સુધી બધું જ ખોટું. એ જાય તો જ બધું સાચું. એ હોય તો દુઃખ, અને જાય તો સુખ.

અજ્ઞાનના અંધકારમાંથી વિરાટ પ્રકાશમાં આવી, દુઃખ સાગરનો વિસ્તાર પામી, અનંત પ્રકાશમય અને

શાશ્વત–સુખપ્રાપ્તિરૂપ મોક્ષપ્રાપ્તિ માટે, સ્વ અને પરના વિવેકપૂર્વક શુદ્ધ આત્મસ્વરૂપને જાણી–સમજી, તેની પ્રાપ્તિમાં બાધક અને સાધક તત્ત્વોને અનુક્રમે હેય અને ઉપાદેય તરીકે સ્વીકારી, ધર્મને અને ધાર્મિક અનુષ્ઠાનોને આદરવાની ઉત્કટ ભાવના પહેલી હોવી જોઈએ.

આ ભાવનાનું રોધક તત્ત્વ તો મિથ્યાત્વ જ છે. આ મિથ્યાત્વના કારણે જ, પરિણામે દુઃખદાયક એવી રાગ–દ્વેષની તમન્ના, વિષય કષાયની ઈન્તેજારી, આત્મહિતની ઉપેક્ષા, શરીર, ઈન્દ્રિય અને મનદ્વારા ભોગવાતા કેવળ મન–માન્યા સાધનોના સંયોગમાં જ મહાસુખની માન્યતા, અને તેવા સંયોગોની પ્રાપ્તિ માટે કરવાં પડતાં ગમે તેવાં કુકર્મોમાં પણ પાપભીરૂતાનો અભાવ, ઈત્યાદિ ભાવવાળું જીવન તે સંસાર, અને તેવા જીવનની રૂચિ, તે સંસારભાવ કહેવાય. આવા જીવન પ્રત્યે પ્રગટતો ઉદ્વેગ, અને ઉદ્વેગપૂર્વક સંસારભાવથી છૂટવાની તીવ્ર તમન્નાને મોક્ષ રૂચિ કહેવાય. અને એ રૂચિ પ્રગટે ત્યારે જ ધર્મબીજની પ્રાપ્તિ થાય.

આવી રૂચિનો ઉદ્‌ભવ તો મિથ્યાત્વ ભાવની મંદતાથી જ થાય. અને એ રીતે થતો સંસારઉદ્વેગ અને મોક્ષરૂચિ ભાવવાળા જીવોનો શેષ સંસાર કાળ, અર્થાત્‌ જન્મમરણો–રૂપ ચક્રોની વિદ્યમાનતા, વધુમાં વધુ એક પુદ્‌ગલ પરાવર્ત પ્રમાણ જ હોય. આ કાળમાં પ્રવેશી ચૂકેલા જીવોનાં જ સદનુષ્ઠાનો–સત્ક્રિયાઓને અધ્યાત્મક્રિયા કહેવાય, ધર્મ–બીજની

પ્રાપ્તિની યોગ્યતાવાળા આ કાળને યૌવનકાળ, અને ચરમાવર્ત પહેલાંના કાળને બાલ્યકાળ કહેવાય છે.

કર્મમળથી વિશુદ્ધ બનતા રહેવા માટે શાસ્ત્રોદ્વારા દર્શિત, સદનુષ્ઠાનરૂપ ઔષધના પ્રયોગની સફળતા તો, જીવને ચરમાવર્ત અર્થાત્ યૌવનકાળમાં જ થઈ શકે છે. કારણ કે બાલ્યકાળ અર્થાત્ અચરમાવર્તકાળમાં, જીવને ઉત્કટ મિથ્યાત્વ ભાવના કારણે, શાસ્ત્રના વચનનું પરિણમન પણ, વિપરીત પણે પરિણમતું હોવાથી, ધર્મક્રિયાઓ પણ વિપરીતપણે પરિણમે છે. એટલે એ કાળ વચનૌષધ માટે પણ અયોગ્ય હોય છે.

એ સમયની જ્ઞાન–શ્રદ્ધા અને ક્રિયા, બધુંય વિપરીત-ભાવી હોવાથી જ્ઞાનીઓની દૃષ્ટિએ, તે ત્યજવા લાયક છે. પરંતુ જ્યારે તથાભવ્યત્વ વગેરેના પરિપાકથી જીવ ચરમાવર્ત કાળને પામે છે, ત્યારે જ તે સત્યધર્મની પ્રશંસા અને ગુણાનુરાગ વગેરેરૂપ ધર્મબીજને, આત્મામાં વાવી શકે છે. તેનું પોષણ અને અંકુરા માટેની યોગ્યતા આ કાળમાં જ બની રહે છે.

જેઓ અવશ્ય મોક્ષગામી બનનારા જ છે. એવા સર્વ ભવ્યાત્માઓમાં ભવ્યપણું સરખું હોવાછતાં, સર્વ ભવ્યાત્માઓનો એક—સરખો પૂર્ણ વિકાસ અમુક એક જ ચોક્કસ કાળે થતો નથી. માટે જ મોક્ષપ્રાપ્તિ પણ દરેક ભવ્યાત્માઓને એક જ કાળે હોઈ શકે નહિ. કેટલાય જીવો

અનંતકાળ પૂર્વે મોક્ષે ગયા છે. કેટલાનો મોક્ષ અનંતકાળ પછી થશે. આ રીતે સર્વ ભવ્યજીવોમાં મોક્ષ પ્રાપ્તિની ભિન્નતાનું નિયામક કારણ, કાળ-સ્વભાવ અને કર્મ વગેરે સહકારીના સહયોગથી પરિપક્વ થતું, દરેકે દરેક જીવોનું પૃથક્ પૃથક્ એવું તથાભવ્યત્વ છે.

દરેકે દરેક જીવનું અલગ અલગ પણ જ્ઞાનીઓની દૃષ્ટિમાં નિયત બની રહેલું એવું તથાભવ્યત્વ, કાળ-સ્વભાવ અને કર્મ વિગેરે સામગ્રીના સહકારથી વિકસિત થઈ, આત્માની યોગ્યતાનુસાર તેને આગળ વધારે છે.

આ રીતે સર્વ ભવ્ય જીવોનું તથાભવ્યત્વ, અલગ અલગ હોવાના કારણે, દરેકનો ચરમાવર્તકાળ પણ અલગ અલગ હોય છે.

# ૧૬. ગાઢ મિથ્યાત્વના કારણે અચરમાવર્તી જીવોમાં ભાવશુદ્ધિનો અભાવ

સંસારી જીવોના સંસાર પરિભ્રમણ કાળને બે ભાગમાં વિભાજીત કરીએ તો એક ભાગને અચરમાવર્તકાળ અને બીજા ભાગને ચરમાવર્ત કાળનું નામ આપી શકાય.

અનાદિથી સંસારમાં પર્યટન કરતા જે આત્માનો સંસાર, જ્યાં સુધી એક પુદ્ગલ પરાવર્ત્ત કરતાં અધિક શેષ હોય, ત્યાં સુધી તે આત્મા અચરમાવર્તી, અને એક જ પુદ્ગલપરાવર્ત શેષ રહે ત્યારે તે ચરમાવર્તી કહેવાય છે.

અચરમાવર્તી અવસ્થાવાળા આત્માને મોક્ષની અભિલાષા અને સંસારભાવ પ્રત્યે ઉદ્વેગ જાગે જ નહિ. આથી જ્યારે આ અભિલાષા થાય ત્યારે જ તે આત્મા, ચરમાવર્તી હોવાનો નિર્ણય કરી શકાય.

જેમ કોઈ માણસને એવો પણ તાવ આવતો હોય છે કે, તેની શાંતિ માટે ઔષધ આપ્યું હોય તો પણ પ્રારંભમાંતો તે ઉલટું જ પડે. પણ તાવનો સમય પાકયા પછી

જ્વર શાંત થાય છે. અને ઔષધ લાભદાયક બને છે. પરંતુ સમય પાકયા પહેલાં તે ઔષધ કાંઈ પણ ગુણ ઉત્પન્ન કરતું નથી. એવી રીતે આત્મા પણ સંસારમાં આથડતાં આથડતાં દુઃખ, કલેશ અને તાપથી કંટાળે અને સુખનો અભિલાષી બને એટલે સ્વભાવતઃ કાળે કરીને તેની સ્થિતિ-પરિપકવ થઈ જાય. આ સમયે આત્માને મોક્ષ અભિલાષા જાગે એટલે, તીવ્ર પાપોનો નાશ થવાથી, અધિક કાળ પર્યંત સંસારમાં આથડવાનું બંધ થઈ જાય છે. આથી જ આ સમયને મહર્ષિઓ અંતિમ પુદ્દગલપરાવર્તન ભવસ્થિતિકાલ એવું ઉપનામ આપે છે. આંબાઓ વર્ષમાં અમુક સમયે જ પાકે, તેનું કારણ એ છે કે પરિપાક સિવાય કાર્ય સિદ્ધિ થઈ શકતી જ નથી. તેવી રીતે સુકૃત-દુષ્કૃતકર્મ, પ્રયત્ન, નિયતિ આદિ કારણો વિદ્યમાન છતાં, જ્યાં સુધી કાળ ન પાકે ત્યાં સુધી અંતિમ પુદ્દગલપરાવર્તપણું આત્માને પ્રાપ્ત થતું નથી. અર્થાત્ અંતિમ પુદ્દગલપરાવર્તપણામાં કાળ એ મુખ્ય કારણ છે, અને કર્મ, પ્રયત્ન, નિયતિ આદિ ગૌણ કારણો માન્યાં છે. આજ હેતુથી ઉત્તમ ધર્મરૂપી ઔષધ પણ, અંતિમ પુદ્દગલ-પરાવર્તકાળ પ્રાપ્ત આત્માને આપ્યું હોય, તો જ તે, ગુણકારક થાય, અને અન્યને આપ્યું હોય તો તે દોષકારક જ થાય.

દરેક જીવના અચરમાવર્ત કાળમાં તે તે જીવને સદ્દ-ગુરુઓદ્વારા સંસાર સુખની અસારતા અને મોક્ષ સુખની સારતા (વાસ્તવિકતા) પણ જાણવા સાંભળવા મળી શકતી હોવા છતાંય, તેવા અધિક સંસારીને શાસ્ત્ર વચનનું પરિણ-

મન વિપરીતપણે જ પરિણમે છે. તેવાઓની પરિણતિ યથાસ્થિત ન હોવાથી તેમજ મિથ્યાત્વવાસિત ચિત્ત હોવાથી તાત્વિક–પદાર્થોના પ્રકાશ કરવામાં સમર્થ, અને અજ્ઞાન અંધકારનો નાશ કરનાર સિદ્ધાન્તરૂપ દીપકમાં તેઓ, ( અચરમાવર્તી જીવો ) ભ્રાન્તિનો આરોપ કરી વિપરીતરૂપે દેખે છે. ભ્રાન્તભાવ પામવાથી આવા આત્માએ દાન, શીલ, તપ અને ભાવ વિગેરે ધર્મો અવિધિભાવે સેવે છે.

ધર્મ આદરવાનું ફળ, શાસ્ત્રોમાં કર્મનિર્જરા અને તે દ્વારા મોક્ષપ્રાપ્તિ કહી છે. સુપાત્રદાન, અભયદાન, અને અનુકંપાદાન, પવિત્ર આશય પૂર્વક હોવાથી તેનું ફળ કર્મનિર્જરા અને શુભબંધ જણાવ્યું છે. તપનું ફળ એકાન્ત કર્મનિર્જરા, શીલનું ફળ આત્મસ્વરૂપની નિર્મલતા, અને ભાવનું ફળ હૃદયના મલનો નાશ, અને ત્યાર પછી આ ધર્મોથી સર્વથા આત્માની કર્મોથી મુક્તિ કહી છે. અહીં સારાંશ એ છેકે દેવર્દ્ધિ કે રાજર્દ્ધિ, કે સંપત્તિ, અથવા ભોગપ્રાપ્તિ, આ કંઈ ધર્મોનું મુખ્ય ફળ નથી. તેથીજ તેના માટે તે ધર્મો આદરવા તેને વિપરીત માન્યતા જણાવી છે. તેમ છતાં ભ્રાન્તહૃદયી જીવો આ ધર્મોનું મુખ્ય ફળ દેવર્દ્ધિ, રાજર્દ્ધિ, સંપત્તિ આદિ જ માને છે. અને તેની પ્રાપ્તિ માટે જ તેમાં પ્રવર્તે છે. પણ મોક્ષ ફળને માનતો નથી. માટે આવા આત્માઓનાં દાનાદિ સદનુષ્ઠાનો પણ ભૌતિક પુણ્ય સામગ્રી પ્રાપ્તિની જ આકાંક્ષાથી, અગર તો કેવળ દેખાદેખીથી જ થતાં હોઈ, સમ્યક્ભાવ વિનાનાં જ કહેવાય. આવા જીવોના તપ–ત્યાગ

પણ ચારિત્રના પરિણામ વિનાના અને શરીરાદિની અનુકૂળતા પૂર્વકની અપેક્ષાવાળા જ હોય છે. કારણ કે આ કાળમાં ધર્મને જાણવાવાળા જીવોને પણ તેના મિથ્યાત્વ કર્મનો ગાઢ વિપાક, સંસાર પ્રત્યે વિરાગ અને મોક્ષ પ્રત્યે રાગના પરિણામને થવા દેતો જ નથી.

આત્માને તાત્ત્વિક ધર્મની પ્રાપ્તિ ન થવા દેનાર, અને સદ્ગતિમાંથી છેક નિગોદમાં લઈ જનાર કોઈ હોય, તો એ, સાંસારિક સુખોનો રાગ, અને આ રાગને સારો મનાવનાર મિથ્યાત્વ નામનું મહાપાપ છે.

આ મિથ્યાત્વ નામના પાપોદયના કારણે જ અચરમાવર્તી જીવોમાં સુખની સચ્ચાઈ, તે ઇન્દ્રિયોના અનુભવ પૂરતી જ મર્યાદિત હોય છે. જેથી ઇન્દ્રિયોથી પર એવા આત્મિક સુખની લેશમાત્ર ઝાંખી, આવા જીવોને થઈ શકતી જ નથી. ઇન્દ્રિયો દ્વારા થતા અનુભવો, કેવળ ભૌતિક કક્ષાના હોવા છતાં, તેને તેઓ સનાતન સત્યરૂપે માની બેસે છે. પરંતુ એવી માન્યતાને અધ્યાત્મી પુરુષો તો અજ્ઞાન અર્થાત્ વિપરીત સમજણ કહે છે.

અજ્ઞાની જીવોની સર્વ પ્રવૃત્તિઓ કેવળ ભૌતિકતાના અનુભવો માટે જ થતી હોવાના કારણે અને તત્ત્વદૃષ્ટિનો વિકાસ નહિ થયો હોવાના કારણે, તે અનુભવો તેમને સનાતન સત્ય સ્વરૂપે જોવાય છે.

વસ્તુની યથાર્થ સત્યતાને માત્ર ઇન્દ્રિયોથી જ જોવી, તેને ભૌતિક દૃષ્ટિ કહેવાય છે. એવી ભૌતિક દૃષ્ટિવાળી અવ-

સ્થામાં ચોમેર ભૌતિક એટલે પાર્થિવ સત્યનું જ દર્શન થાય. અને તેને જ શાશ્વત સત્ય મનાય તે સ્વાભાવિક છે.

ભૌતિક મિથ્યા જ છે. અગર અસત્ય જ છે. એવું કહેવાનો આશય નથી. પણ ભૌતિકની અંદર તત્ત્વદૃષ્ટિનો પ્રવેશ થયા વિના, આત્મિક સુખના વિરાટ સ્વરૂપની લેશમાત્ર અનુભૂતિ કે ખ્યાલ કદી પણ થઈ શકતો નથી. ભૌતિક પર છે, અને આત્મિક સ્વ છે, એ રીતે સ્વ અને પરના વિવેક–વિના ગમે તેવી ભૌતિક અનુકૂળતામાં, આંતરિક શાંતિ પ્રાપ્ત થઈ શકતી જ નથી. એટલું જ કહેવાનો આશય છે.

ભૌતિક પરિસ્થિતિમાં થતા ફેરફારો શાશ્વત કે સનાતન હોતા નથી. કારણ કે ભૌતિક શક્તિ અનિત્ય છે. આ અનિત્યતા અને ચંચળતાનો અનુભવ તો, જ્ઞાની તેમજ અજ્ઞાની, એ ઉભયને થાય છે. પણ જ્ઞાનીને સત્યનું દર્શન થયું હોવાથી, તેને હર્ષ કે શોક થતા નથી. જ્યારે અજ્ઞાની હર્ષ–શોકના વમળમાં ફસાઈ પડે છે.

સાંસારિક સુખ અંગેની અનેક જાતની ઈચ્છાઓ–તૃષ્ણાઓ –લાલસાઓથી અનેક જાતના દોષો અને દુષ્કૃત્યો આચરાય છે. સંસારસુખ અંગેની કોઈપણ પ્રકારે થતી ઇચ્છા, અને આસક્તિની તીવ્રતા, આત્મામાં કામ ક્રોધાદિ દોષોને અને હિંસાદિ પાપોને ખડા કરે છે. રાક્ષસી સ્વરૂપ એવા સંસાર સુખની ઈચ્છા, એ પાપોની માતા છે.

તદુપરાંત વિષય પ્રાપ્તિની એક ઈચ્છા શમે, એટલે બીજી

અનેક ઇચ્છાઓની ફોજ ઉતરી પડે છે. ઊઘાડે પગે ચાલતો હોય, તેને બૂટ કે પગરખાં–ચંપલનું મન થાય, પગરખાં મળે એટલે સાઈકલના કોડ જાગે. સાઈકલ આવ્યા પછી સ્કુટર માટે મન થાય, અને સ્કુટર આવ્યા પછી મોટરમાં મન દોડે. આમ આગળને આગળ વધુ અનુકુળતાની પ્રાપ્તિ માટેની લાલસાઓ ઉત્પન્ન થતી જ જાય. કારણ કે ઇચ્છાનો ક્યાંય અંત જ ન હોય. ત્યાં સંતોષની આશા જ ક્યાંથી રાખી શકાય ?

માટે જ સાંસારિક સુખોની વાસનાઓથી વાસિત બની રહેલ જીવાત્માઓ દુઃખી જ છે. આ એકદમ વૈજ્ઞાનિક સત્ય છે. આવા સુખની ઇચ્છા, અગ્નિ જેવી છે. અગ્નિમાં જેમ જેમ લાકડાં નંખાતાં રહે, તેમ તેમ અગ્નિ વધુ પ્રજવલિત બને. તેવી રીતે સાંસારિક સુખની જેમ જેમ વધુ પ્રાપ્તિ થાય, તેમ તેમ અતૃપ્તિની જ્વાલા, દિલમાં વૃદ્ધિ જ પામતી રહે. અતૃપ્તિના આ દુઃખમાં, પ્રાપ્ત સુખસામગ્રીનું સુખ તો સળગી જ જાય છે. કારણ કે અતૃપ્તિની જ્વાલામાં સપડાયેલ પ્રાણી, બાહ્ય સામગ્રીઓની પ્રાપ્તિથી દુનિયાની દૃષ્ટિએ ભલે સુખી દેખાતો હોય, પરંતુ તેનું માનસિક લક્ષ, પ્રાપ્ત અનુકૂલતા પર સ્થિર ન રહેતાં, અપ્રાપ્તની ઝંખનામાં જ દુઃખ અનુભવતું હોય છે. વાત આટલાથી જ અટકતી નથી. પણ આવી સુખ રસિકતા, બીજાને મળતાં સુખોને, જોઈ નથી શકતી. અને અતૃપ્ત અંતરને ઇર્ષ્યાની ભયંકર આગથી પણ જલાવી મૂકે છે.

આમ સાંસારિક સુખની ઇચ્છા, અતૃપ્તિ અને ઇર્ષ્યાના દુઃખોને ઉત્પન્ન કરે છે. આ અતૃપ્તિ અને ઇર્ષ્યાની જ્વાલાઓ જ અનેક વિશ્વયુદ્ધ સર્જી, સારાય વિશ્વમાં અશાંતિને ઉત્પન્ન કરે છે. ભીષણ માનવ સંહાર સર્જે છે. ભાઈ ભાઈઓ વચ્ચે, આડોશીપાડોશી પ્રત્યે, ભયંકર વૈમનસ્યભાવ પેદા કરાવે છે. દેશ, જાતિ તથા કૂળને અણ–છાજતા વર્તનો દ્વારા, અનર્થ ભરેલાં કાવતરાં કરાવે છે.

આમ સંસારમાં ચારે બાજુ નજર નાખતાં જણાય છે કે, આ જાતના સાંસારિક રાગના કારણે જ બધેય દુઃખનો દાવાનલ અને પાપની જ્વાલાઓ સળગી રહી છે. ક્રોધ–કષાયના અજગરો લટાર મારી રહ્યા છે. વિષય–કષાયના વરૂઓ ઘૂરકી રહ્યા છે. અને તૃષ્ણા તથા ઈર્ષ્યાના કારણે 'મત્સ્ય ગલાગલ ન્યાય' જેવી પ્રવૃત્તિ સર્જાતી હોવાના કારણે, જ્ઞાની પુરૂષોએ સંસારને દાવાનલ સ્વરૂપે વર્ણવી, તે પ્રત્યે નિર્વેદ, કે ઉદાસીનભાવ પેદા કરી, આત્મિક સુખની પ્રાપ્તિ માટે, ધર્મપુરૂષાર્થમાં પ્રયત્નશીલ બની રહેવા જણાવ્યું છે.

પરંતુ અનાદિ સાંસારિકરાગ પ્રત્યે ઉદાશીનતા, આત્મસ્વરૂપની વાસ્તવિક શ્રદ્ધા, અને શાશ્વત સુખની પ્રાપ્તિરૂપ મોક્ષરૂચિના અભાવે, અચરમાવર્તી જીવનો પુરૂષાર્થ વિપરીતપણે જ પરિણમતો હોવાથી, તે પુરૂષાર્થ, આત્મિક સુખની પ્રાપ્તિમાટે લેશમાત્ર પણ કારણ બની શકતો નથી.

આગળ કહ્યું કે મિથ્યાત્વવાસિત ચિત્તના કારણે આગમ સિદ્ધાંત (શાસ્ત્ર) રૂપ દીપકમાં, અચરમાવર્તી જીવો

ભ્રાન્તહૃદયી હોય છે. એનું કારણ એ છે કે આત્માને જ્યારે વિભાવ પદાર્થોનો કંટાળો આવે, આત્મજ્ઞાન સ્ફુરાયમાન થાય, સંસાર પ્રત્યે અપ્રેમ જાગે, અને સત્ય સુખની જિજ્ઞાસા વધે, ત્યારે જ આગમવચન ગુણકારી બને છે. અને એ રીતે જ્યારે આગમ વચન ગુણકારી બને, ત્યારે જ તે આગમને અનુસરીને થતી ધર્મક્રિયા પણ, આત્મિક ગુણનો વિકાસ કરનારી બની, આત્માને ઉત્થાનના માર્ગે લઈ જઈ શકે છે,

વિવિધ રીતે ગુણકારક બની શકતી વસ્તુનો ગુણકારક બની શકવાનો આધાર સામેની વ્યક્તિ ઉપર રહે છે. વ્યકિત વિપરીત ભાવી હોયતો, વસ્તુપણ વિપરીત ફળદાતા બની જાય છે. આમાં વસ્તુનો દોષ નથી. પણ વ્યકિતની વિપરીત પ્રકૃત્તિનો જ દોષ છે. શારીરિક પુષ્ટિને પેદા કરવામાં ઘીનો ઉપયોગ સર્વત્ર જાણીતો છે. તો પણ જવરવાળી વ્યક્તિને તે ઘી, દોષકારક બને છે. એ રીતે ભ્રાન્ત હૃદયીને લેશમાત્ર પણ પાપોપદેશ વિનાનાં એવાં સર્વજ્ઞકથિત અને સર્વત્ર-વાક્યાલંબી વચનો પણ, આત્મિક ગુણ માટે સમર્થ બની શકતાં નથી. આત્મા સર્વજ્ઞ વચન ઉપર પ્રેમ જાગૃત થયા વિના, ભ્રાન્તહૃદયી આત્માઓની ગમેતેવી સારી ક્રિયા પણ, ફળદાયક થતી નથી. અંધને દષ્ટિ હોવા છતાં તેનું ફળ કંઈ પણ નહિ હોવાથી, તે દષ્ટિ નકામી છે. તેમ ભ્રાન્ત-હૃદયી આત્માની ધર્મક્રિયા પણ આત્મિક લાભની દષ્ટિએ નકામી જ છે.

આગમનુ જ્ઞાન, જીવને ત્રણ રીતે પરિણમે છે. (૧)

વિષયપ્રતિભાષ, (૨) આત્મ પરિણુતિમત્ અને (૩) તત્ત્વ-સંવેદન.

જે જ્ઞાનથી જ્ઞાત વસ્તુ, તાત્વિક દૃષ્ટિએ હેય (ત્યાજ્ય) છે, ઉપાદેય (ગ્રાહ્ય) છે, કે ઉપેક્ષણીય છે, તેનો નિર્ણય ન થાય, અથવા વિપરીત નિર્ણય થાય, એટલે તાત્ત્વિક દૃષ્ટિએ હેય વસ્તુ તે ઉપાદેય લાગે, અને ઉપાદેય વસ્તુ તે હેય લાગે, તે જ્ઞાનને વિષયપ્રતિભાસજ્ઞાન કહેવાય છે. દશપૂર્વમાં કંઈક ન્યૂન જ્ઞાનપણ ગાઢ મિથ્યાત્વીને માત્ર વિષય પ્રતિભાસ રૂપે જ પરિણમે છે. આવા વિષય પ્રતિભાસ જ્ઞાનવાળો જીવ, સ્વભાવ અને વિભાવનો વિવેક ન કરનારો હોવાથી, અયથાર્થ ઉપયોગમાંજ મગ્ન થાય છે. જેમ ભૂંડ, સારૂં લક્ષ્ય છોડી વિષ્ટામાં મગ્ન થાય છે, તેમ ગાઢ મિથ્યાત્વના કારણે ઉચ્ચકોટિનું શાસ્ત્ર-જ્ઞાન પણ, માત્ર વિષયપ્રતિભાસ રૂપે જ બની રહે છે.

જે જ્ઞાનને પામેલો જીવ, અશુભકાર્ય રસપૂર્વક કરતો નથી, કિંતુ દુઃખાતા દિલે કરે છે, શુભ પ્રવૃત્તિ નહિં કરી શકવાથી તે કારમી વેદના અનુભવે છે, તે જ્ઞાનને આત્મ-પરિણુતિમત્ જ્ઞાન કહેવાય છે. આ જ્ઞાન, શુભ અનુબંધવાળું અને પરંપરાએ મોક્ષ આપનારૂં છે. આ જ્ઞાનનું ફળ વૈરાગ્ય છે. અર્થાત્ આ જ્ઞાનથી પ્રાય : વૈરાગ્ય થાય છે.

સમ્યગ્દર્શનાદિ રૂપ મોક્ષમાર્ગમાં નિરતિચાર પ્રવૃત્તિ અને મિથ્યાદર્શનાદિરૂપ સંસારમાર્ગથી નિવૃત્તિ, તે તત્વસંવેદન જ્ઞાનનું લિંગ છે. આ જ્ઞાનનું અનંતરફળ વિરતિ અને પરંપર ફળ મોક્ષ છે.

# ૧૭. સદનુષ્ઠાનની પારમાર્થિક આરાધના

**કાર્યસિદ્ધિની** સફલતાનો આધાર, વ્યક્તિની યોગ્યતાને જ અવલંબી છે. યોગ્યતા સિવાય આદરેલું કાર્ય નિષ્ફળ જાય છે.

અહિં અધ્યાત્મમાર્ગમાં કાર્યસિદ્ધિસ્વરૂપ ધ્યેયમાત્ર મોક્ષનું જ હોય છે. એ મોક્ષની સાધનાને જ ધર્મ કહેવાય છે. આ મોક્ષસાધનાનું વાસ્તવિક ફળ તે યોગ્ય અધિકારી સાધકને જ પ્રાપ્ત થઈ શકે છે.

આવી મોક્ષસાધના માટે અચરમાવર્ત્તકાળ તે અયોગ્ય છે. કારણ કે તે કાળવર્તી જીવો ઉપર, કર્મપ્રકૃતિનો પ્રબળ અધિકાર હોવાથી, તે કર્મની પરાધીનતાના કારણે તે જીવો સંસારના વિષયમાં તીવ્ર–ગાઢ આસક્ત હોય છે. આ જીવો (૧) ક્ષુદ્ર (કૃપણ) (૨) લાભરતિ (યાચાશીલ), (૩) દીન –દીનતારાખનાર (૪) મત્સરી–બીજાને સુખી જોઈ દુઃખી થનારા, (૫) ભયવાન–નિત્યભયભીત (૬) શઠ–માયાવી અને (૭) અજ્ઞ–મૂર્ખ હોવાથી તેને ભવાભિનંદી કહેવામાં આવે છે.

આવા જીવોને મોક્ષપામવાની જિજ્ઞાસા પણ હોઈ નહિ શકવાથી મોક્ષસાધ્યની પ્રાપ્તિકારક આગમવચનની પ્રતીતિ અને આગમદર્શિત ધર્મક્રિયાઓ પણ વિપરીતભાવ અને નિતા-

ન્ત દોષકારક જ થાય છે. કારણ કે ઉપદેશપદ ગ્રંથમાં કહ્યું છે કે, જિનાગમના બહુમાનવિહીન જીવોને ગુરૂલાઘવનું કે સત્ત્વાદિ ઉપર મૈત્ર્યાદિભાવનું શુદ્ધજ્ઞાન નહિં હોવાથી તેઓમાં વસ્ત્ર–પાત્ર કે યશકીર્ત્તિ લાભરૂપ લબ્ધિ વગેરેની અપેક્ષા–આશાથી જ ધર્મક્રિયા હોઈ શકે છે. પરંતુ તે સમ્યક્ક્રિયા નહીં હોવાથી મોક્ષસાધક થતી નથી. માટે જ શ્રુતજ્ઞાનની પ્રાપ્તિમાં પણ તેઓનું જ્ઞાન માત્ર વિષયપ્રતિભાષિત સ્વરૂપે જ હોઈ, કંઈપણ આત્મહિત કરનારૂં થઈ શકતું જ નથી. કારણ કે સાંસારિક સુખપ્રાપ્તિના આશયપૂર્વક થતાં ક્રિયાનુષ્ટાનો, તે મોક્ષપ્રાપ્તિના હેતુભૂત નહિં બનતાં, સંસાર વૃદ્ધિના હેતુવાળાં જ બને છે.

સંસારનું સુખ ખરાબ જ છે. તે સુખ જ પાપ કરાવે છે. એ પાપના યોગે જ નરક–તિર્યંચાદિ દુર્ગતિ છે. સાચુ અને શાશ્વત સુખ તો મોક્ષમાં જ છે: એવી શ્રદ્ધા–વિવેક –સમજ જેને થાય તે જીવ, ચરમાવર્ત્તી જ થયો કહેવાય. આવા ચરમાવર્ત્તી જીવો જ ધર્મને પામી શકે. કારણ કે સંસાર સુખના વિરાગી અને મોક્ષસુખના રાગી, એવા તે જીવોનાં જ ધર્માનુષ્ઠાનો, મોક્ષપ્રાપ્તિ માટે બની શકે.

સંસાર સુખની ઈચ્છા મારવા માટે, અને સંસારસામગ્રી ઉપરનો રાગ ઓછો કરવાના હેતુએ, જેઓ ધર્માનુષ્ઠાનમાં પ્રવર્ત્તે, તે જ જીવો, જ્ઞાન–દર્શન–ચારિત્ર સ્વરૂપ, રત્નત્રયીના વિકાસમાં આગળ વધી, અખંડ અને શાશ્વત એવા મોક્ષના સુખને પામી શકે છે.

જ્ઞાનીઓએ પ્રરૂપિત સદ્દનુષ્ઠાનરૂપી ધર્મારાધનની પ્રરૂપણા મુખ્યત્વે કરીને જે હેતુએ કરાઈ હોય, તે હેતુને અનુલક્ષી થતી આરાધનાને જ વાસ્તવિક આરાધના કહેવાય. પારમાર્થિક કહેવાય. તેમ છતાં આવી આરાધના બે હેતુએ થઈ શકે છે. તેમાં (૧) આલોક-પરલોકના સુખ-સંપતિ આદિની પ્રાપ્તિ-માટેની ઇચ્છાએ અને (૨) એવી અપેક્ષા રહિત માત્ર મોક્ષ પ્રાપ્તિની જ ઇચ્છાએ.

સદ્દનુષ્ઠાનની આરાધનાનું ફળ, આરાધક આત્માના લક્ષ્યસ્વરૂપ ઉપયોગને અનુલક્ષીને જ મળે છે. જે વિષય પ્રત્યે ઉપયોગ વર્તે, તે વિષય અંગેની ફળ પ્રાપ્તિ થાય. અર્થાત્ ધર્મથી, અર્થ અને કામ આદિ સાંસારિક સુખોની પ્રાપ્તિ થઈ શકે છે, અને મોક્ષની પણ પ્રાપ્તિ થઈ શકે છે, પરંતુ અર્થ અને કામ આદિ સંસારસુખની ઇચ્છાથી કરેલ સદ્દનુષ્ઠાન સ્વરૂપ ધર્મથી જે સંપત્તિ મળે, તેના કરતાં મોક્ષની ઇચ્છાથી કરેલા ધર્મથી અધિક શુભસંપત્તિ મળે. બન્ને પ્રકારની ઇચ્છાથી થતા ધર્મથી સુખ સંપત્તિની પ્રાપ્તિ થઈ શકતી હોવા છતાં, સંસારસુખની ઇચ્છાથી કરેલા ધર્મથી પ્રાપ્ત સંપત્તિમાં, મોક્ષ માટે કરેલા ધર્મથી પ્રાપ્ત સંપત્તિ જેવી ઉત્તમતા તો હોઈ શકતી જ નથી.

તેનું કારણ એ છે કે અર્થ અને કામની ઇચ્છાએ થતી આરાધનાના ફળસ્વરૂપે પ્રાપ્ત શુભસંપત્તિ, તે પરંપરાએ દુઃખની જ સર્જક બની મોક્ષમાર્ગમાં બાધક બને છે. અને મોક્ષની ઇચ્છાએ થતી આરાધનાના ફળસ્વરૂપે પ્રાપ્ત શુભ

સંપત્તિનો ભોગ–ઉપભોગ, ધન્ના–શાલિભદ્ર આદિની જેમ મોક્ષપ્રાપ્તિમાં બાધક બનતો નથી.

અભવ્યો પણ તીર્થંકર ભગવાનોનાં સમવસરણાદિ બાહ્ય રૂદ્ધિ દેખીને તેવી રૂદ્ધિ પ્રાપ્ત કરવાની અપેક્ષાએ બાહ્ય સંયમને સારી રીતે પાળી તેના ફળસ્વરૂપે ગ્રૈવેકની સંપત્તિ મેળવી શકે છે. પરંતુ તે સંપત્તિ અપારમાર્થિક છે. કારણ કે તે સંપત્તિનો ભોગ અને ઉપભોગ તે જીવોને તેની અંદર એવો આશક્તભાવી બનાવે છે કે અન્તે તે ભોગ–ઉપભોગની સંપત્તિ સ્વરૂપ સામગ્રીથી તેનું દુર્ગતિમાં જ પતન થાય છે.

મોક્ષની ઇચ્છાએ કે સંસાર સુખની અપેક્ષાએ, એ બે પૈકી કોઇપણ હેતુએ કરાતી ધર્માનુષ્ઠાનની આરાધનાના ફળ સ્વરૂપે પ્રાપ્ત, અર્થ અને પંચેન્દ્રિયના વિષય સ્વરૂપ કામ આદિ સંપત્તિના સંબંધમાં એટલું તો ધ્યાનમાં રાખવા યોગ્ય છે કે, આ વસ્તુની પ્રાપ્તિ પુણ્યોદયે જ થતી હોવા છતાં જ્ઞાનીઓએ એકના પુણ્યને "પુણ્યાનુબંધી પુણ્ય" અને બીજાના પુણ્યને "પાપાનુબંધી પુણ્ય" સ્વરૂપે જણાવ્યું છે. એટલે મોક્ષ પ્રાપ્તિના હેતુએ કરાએલ આરાધનામાં બંધાતા પુણ્યથી પ્રાપ્ત સંપત્તિમાં "પુણ્યાનુબંધી પુણ્ય"નો ઉદય છે. આ પુણ્યના ઉદયે પ્રાપ્ત ઈંદ્રિયના વિષયો આદિને, જ્ઞાનીઓએ અનુપમ કહ્યા છે.

કારણ કે સારી રીતે રાંધેલાં મનોહર પથ્ય ભોજનની પેઠે તેનું પરિણામ સુંદર આવે છે. જેમ સારી રીતે તૈયાર કરેલું ભોજન ખાતી વખતે સુંદર લાગે છે, અને ત્યારપછી

શરીરમાં અજીર્ણ કર્યા વિના શરીરની તુષ્ટિ અને પુષ્ટિ કરે છે, તેમ પુણ્યાનુબંધી પુણ્યના ઉદયથી પ્રાપ્ત થયેલા ભોગો, પ્રાણિના અધ્યવસાયને વિશેષ ઉજ્જવલ બનાવે છે. અને આવી રીતે તે પ્રાણિનો આશય ઉદાર હોવાથી તે, વિષયોમાં અંધ-લોલુપી થઈ અતિ આસક્ત થઈ જતો નથી. એ પ્રમાણે વિષયભોગ ઉપર અત્યંત રાગ ન હોવાને લીધે, વિષયોને ભોગવતાં પણ પ્રાણી, પૂર્વે બાંધેલ પાપ–પરમાણુઓના બંધને શિથિલ કરે છે. અને સુંદર ફળ આપે તેવાં પુણ્યનાં પરમાણુઓને ગ્રહણ કરે છે. આવા પુણ્યનો જ્યારે વળી ઉદય થાય છે, ત્યારે સંસારપરથી આ પ્રાણિને વૈરાગ્ય ઉત્પન્ન કરાવે છે. સુખની પરંપરા આપે છે, અને છેવટે મોક્ષ પ્રાપ્ત કરાવે છે. તેટલા માટે જ પુણ્યાનુબંધી પુણ્યના ઉદયથી પ્રાપ્ત થયેલા શબ્દ વિગેરે વિષયોના ઉપભોગને જ સુંદર પરિણામવાળા કહેવામાં આવ્યા છે.

સાંસારિક સંપત્તિની અપેક્ષાએ કરાએલ ધર્મારાધનામાં બંધાતા પુણ્યથી પ્રાપ્ત સંયોગોમાં "પાપનુબંધી પુણ્ય"નો ઉદય છે. આ પાપાનુબંધી પુણ્યના ઉદયથી જે વિષયભોગો પ્રાપ્ત થાય છે, તે એકદમ મારી નાખે તેવા ઝેરથી લેપ કરાએલા લાડવાની પેઠે ભયંકર પરિણામ ઉપજાવનાર હોવાથી, વાસ્તવિક રીતે ભોગના તે નામને જ ઉચિત નથી. કારણ કે તેનો ભોગવટો કિલષ્ટ આશયોને વધારે છે. અને તેથી અધમ વિચારોથી વ્યાપ્ત થઇ જઈ પ્રાણી, પોતાની બુદ્ધિ ઉપર અંધી ચઢાવે છે. અને વિષયો ઉપર બહુ રાગ–પ્રીતિ–આસક્તિ

કરે છે. આવી રીતે થોડા દિવસો સુધી જ રહેનાર વિષયોને ભોગવતી વખતે તેને પ્રાપ્ત કરાવી આપનાર અલ્પ પુણ્યને પ્રાણી ખપાવી દે છે. વાપરી નાખે છે. અને તીવ્ર પાપ-કર્મના ભારથી પોતાના આત્માને ભારે કરે છે. એવી રીતે બાંધેલાં પાપકર્મો જ્યારે ઉદયમાં આવે છે, અને તેનાં પરિણામો ભોગવવાં પડે છે, ત્યારે આ પ્રાણી અનંતદુઃખથી ભરેલા સંસાર સમુદ્રમાં અનંતો કાળ ભટકયા કરે છે. તેટલા માટે જ પાપાનુબંધી પુણ્યના ઉદયથી પ્રાપ્ત થયેલા શબ્દ વિગેરે ઇંદ્રિયના ભોગો ભયંકર પરિણામવાળા હોવાથી વિવેકી પુરૂષો તેમાં મુંઝાઈ જતા નથી. કારણ કે જ્ઞાની પુરૂષો સદાય શુદ્ધ અને શુભ ઉપયોગવંત બની રહેતા હોઈ, પુણ્યાનુંબંધી પુન્યને ઉપાર્જન કરી, ક્રમે કરીને મોક્ષ ફળને પ્રાપ્ત કરી શકવાની યોગ્યતાવાળા હોય છે.

અચરમાવર્ત્તી જીવોમાં તો યોગ–ઉપયોગની ચતુર્ભંગી પૈકી (૧) યોગ અને ઉપયોગ એ બન્નેની અશુભતા અને (૨) કયારેક યોગની શુભતા પણ ઉપયોગની અશુભતા, એ બે ભાંગા, તથા પુન્ય–પાપની ચતુર્ભંગી પૈકી (૧) પાપાનું-બંધી પાપ અને કયારેક (૨) પાપાનુબંધિ પુન્ય, એ બે ભાંગા જ હોઈ શકે છે. કારણ કે તેઓમાં મુખ્યત્વે તો ઉપયોગની શુદ્ધતાના અભાવે પુન્યાનુબંધી પુન્યતા હોઈ શકે જ નહીં. તેઓના ધર્માનુષ્ઠાનો તો કેવળ સંસાર સુખની પ્રાપ્તિની ઇચ્છાવાળાં હોવાથી તે રીતે વર્ત્તતા અશુભ ઉપ-યોગના કારણે તે જીવો ધર્મને પામી શકે જ નહિં. ધર્મ

પામવા માટે તો સંસારસુખનો ભય લાગવો જોઈએ.

ગમે તેવા સાંસારીક સુખોની પ્રાપ્તિમાં પણ આનંદ કે સુખ મેળવવાની ઇચ્છા તો ઉભી જ રહેતી હોવાથી, સાંસારિક સુખ તે દુઃખગર્ભિત સુખ છે. એવા દુઃખગર્ભિત સુખને વાસ્તવિકપણે તો સુખ નહિં પણ દુઃખ જ લેખાય. કારણ કે જયાં કોઈપણ પ્રકારનું દુઃખ, શેષ હોય ત્યાં સાચું સુખ કહેવાય જ નહિં.

રાગ–દ્વેષ અને મોહથી મલીન બની રહેલી આત્મદશા એટલે સંસાર. આ રાગ–દ્વેષ અને મોહાધીન સંસારી દશામાં ઇષ્ટ વિયોગ અને અનિષ્ટ સંયોગોમાં આત્મા, આર્ત્ત–રૌદ્ર ધ્યાની પ્રકૃતિવંત બની રહેતો હોવાના કારણે, થોકબંધ ગાઢકર્મોના ભારથી ભારે બની જઈ, જન્મ મરણના ચકાવામાં ઘૂમતો જ રહે છે. તે ચકાવાના પરિભ્રમણના કારણે શરીરધારી બની રહેલી આ અવસ્થામાં શરીરને જ "સ્વ" અને શરીરની અનુકૂળતાના સંયોગોને "મમ" માનતો હોવાથી,તેવા સંયોગોની પ્રાપ્તિ માટે જ, અને પ્રાપ્તની રક્ષણતા માટે, સતત ઉત્સુક બની રહે છે. આ ઉત્સુકતાથી ઉદ્વેગ અનુભવે છે. આ ઉદ્વેગથી અસ્વસ્થ્યતા સર્જાય છે. અને અસ્વસ્થતાથી પુનઃ આર્ત્ત–રૌદ્રધ્યાની બનતો તે જીવ, ઘોરપાપકર્મોને ઉપાર્જિત કરી, અન્તે એક શરીરના સંબંધથી છૂટી, અર્થાત્ મૃત્યુ પામી, પુનઃ નવો જન્મ ધારણ કરી, નવા બાહ્ય સંયોગોમાં મૂકાય છે. અહીં મહામહેનતે ઉપાર્જિત પૂર્વજન્મની સર્વ સામગ્રીથી તે વંચિત બને છે. કારણ કે

બાહ્ય સર્વ સામગ્રીનો સંબંધ, તે, શરીર સંબંધ છૂટતાંની સાથે જ છૂટી જાય છે. એટલે તે બધાને છોડી, જીવને જવું જ પડે છે. આમ વારંવાર પલ્ટો થતો રહેતો હોવા છતાં, તે નશ્વર અને પરાઈ સામગ્રીના મમત્વ ભાવથી મુક્ત બની નહિં રહેતો હોવાના કારણે, જીવ દુઃખી થાય છે.

નવો જન્મ પામવાના સ્થાનમાં ત્યાંની જીંદગી માટે તે જન્મસ્થાનને અનુરૂપ, ફેર બાહ્ય સામગ્રીની જરૂરીયાત ઉભી થાય છે. પૂર્વસુકૃતના કારણે કંઈ પણ પુન્યોદય હોય તો, ઈચ્છિત અનુકૂળતા મળી રહે છે. પણ સાથે સાથે પૂર્વના કોઈ દુષ્કર્મના કારણે પાપોદયનું અસ્તિત્વ પણ હોઈ શકતું હોવાથી, ઇચ્છા–ઉત્સુકતા–ઉદ્વેગ અને અસ્વસ્થતાની ઉપસ્થીતિ તો હોય જ છે. આ રીતે વારંવાર શરીર બદલી થતી રહેતી જ હોવાથી પુનઃ પુનઃ બાહ્યસામગ્રીની અપેક્ષા રહેતી જ હોવાના કારણે જીવ, વારંવાર ઇચ્છા–ઉત્સુકતા–ઉદ્વેગ અને અસ્વસ્થતાની અગનજાળ ઝાળમાં હોમાતો જ રહે છે. તેમ છતાં અજ્ઞાની જીવને પોતાને વર્ત્તતા આવા ભીષણ દુઃખનો ખ્યાલ જ નહીં રહેતાં તેની સ્થિતિ, હાડકાને ચાવતાં પોતાના જ જડબામાંથી નીકળતા લોહીના સ્વાદમાં, પોતાના જ લોહીનું પતન થતું હોવાના, ભાન વિનાના શ્વાન જેવી વર્તે છે. આનું કારણ સ્વ અને પરના અવિવેકથી વર્ત્તતો રાગ–દ્વેષ તથા સ્વની શુદ્ધતા અને તેની પ્રાપ્તિના પ્રયત્નની અનભિજ્ઞતા જ છે.

ઈન્દ્રિયના વિષયોમાં મોહિત બનેલો માનવી, પોતાનો

જ્ઞાનરૂપી ખજાનો જોઈ-જાણી શકતો નથી. તેથી જ મૂઢમતી માનવી, જ્ઞાનામૃતનો ત્યાગ કરી સાંસારિક સંયોગોમાં અને ઇંદ્રિયાર્થમાં રાગાતુર થાય છે. તેવી આસક્તિ તેઓના વિવેકનો નાશ અને સમાધિનું હરણ કરે છે.

આવી દશામાં જીવને ભાન નથી રહેતું કે માંગેલાના માલીક થવાય નહીં. કંચન-કામિની-કુટુંબ-કાયા, એ સર્વે સંયોગિક-માંગીને લાવેલી ચીજ છે. આત્માની ચીજ નથી. માંગીને લાવેલી ચીજ કાયમ આપણી ન રહે, તેમાં આશ્ચર્ય શું ? પોતાની ચીજ હોય તો જ સાથે રહે. શરીર-કુટુંબ આયુષ્ય-મન-વચન-લક્ષ્મી-સાહ્યબી, એ બધુંય ચાલ્યું જાય, તો પણ જેમાં ન્યૂનતા આવે નહીં, તેજ ચીજ પોતાની કહેવાય. જેનો સંસર્ગ કદાપી છૂટે જ નહીં. આવી વસ્તુને ઓળખનારે જ પોતાની ચીજ ઓળખી કહેવાય. આવી સ્વચીજના પૂર્ણભોગવટાને મોક્ષનું સુખ કહેવાય.

સ્વચીજની સમજ, જીવને આવી જાય અને સ્વના સુખને માટે યોગ્ય પ્રયત્નમાં પ્રયત્નશીલ બની રહેવાય, તો ક્રમે કરીને રાગ-દ્વેષ અને મોહથી આત્મા, સર્વથા અને સદાના માટે મુક્ત બની, શુદ્ધસ્વરૂપી આત્મદશાની પ્રાપ્તિરૂપ મોક્ષના સુખને વરી શકે છે. અહિં નથી શરીર, નથી મરણ. કેવળ એકાકી આત્મા જ શુદ્ધસ્વરૂપે વર્તે છે. અને શાશ્વતપણે ટકી રહે છે. આવી શુદ્ધસ્વરૂપી આત્મદશામાં જીવને આત્મા સિવાય કોઈપણ વસ્તુની અપેક્ષા બિલકુલ રહેતી જ નથી. પછી તેને આત્મા સિવાય અન્ય કોઈપણ પદાર્થ ઉપર સુખનો

આધાર રાખવો પડતો જ નથી. એટલે કોઈ પ્રવૃત્તિ પણ બાકી રહેતી નથી. કારણ કે અહિં ચૈતન્ય શક્તિનો સંપૂર્ણ વિકાસ થઈ જતો હોવાના કારણે, વિશ્વના તમામ પદાર્થો અને તેના ત્રિકાલિક પર્યાયો અંગેના સંપૂર્ણ જ્ઞાનસ્વરૂપ કેવલજ્ઞાન અને કેવલદર્શન વર્ત્તતું હોય છે. અહિંયાં રાગ-દ્વેષ તથા મોહથી સર્વથા અને સદાના માટે મુક્ત બની રહેલો આત્મા, માત્ર સ્વરૂપ રમણતા રૂપી સુખનોજ અનુભવ કરે છે. પૂર્ણ સ્વસ્થતાને પામે છે. આવા મોક્ષ સુખમાં દુઃખની આત્યંતિક નિવૃત્તિ હોઈ, તે સુખ, શાશ્વત છે. વિશેષ કોઈ સુખની સ્પૃહા રહેતી નહિં હોવાથી નિરૂપમ છે. અહિં આત્મામાં જ આત્મા વડે આત્માને સુખ અનુભવવાનું હોવાથી સ્વાધીન છે.

પરંતુ આત્માના વાસ્તિવક સુખથી અનભિજ્ઞ જીવો, અન્ન-પાનાદિના ભોગ-ઉપભોગ અને ઇંદ્રિયોના વિષયોની અનુકૂલતામાં, તથા પતિ-પત્ની-પુત્ર-ભાઈ આદિ કુટુંબ પરિવારના સંયોગોમાં, ધન ધાન્યાદિ પરિગ્રહભાવમાં, રૂપ-બળ-જાતિ-કૂળ આદિના ગૌરવમાં જ સુખ, અને તે સિવાય અન્ય કોઈ પણ રીતનાં સુખોનું અસ્તિત્વ નહિં હોઈ શકવાની સમજવાળા હોઈ, આવી વસ્તુઓના અભાવવાળા, મોક્ષક્ષેત્રમાં સુખ હોઈ શકવાની હકીકત જ તેમને હૃદયગમ્ય બની શકતી નથી. તેવાઓ તાત્ત્વિક દૃષ્ટિએ વિચારે તો સરલતાથી સમજી શકાસે કે સારી પણ દવા, અને મીઠી લાગતી પણ ખુજલીની ખણુજ, તે અનુક્રમે બીમારી અને ખુજલીની ચળના દર્દને

નિવારણ કરવા માટે જ જરૂરી હોય. એવી રીતે અન્નપાનાદિના ભોગની આવશ્યકતા તો ક્ષુધા-પિપાસા આદિની નિવૃત્તિ માટે જ હોય. કારણ કે ક્ષુધાદિ ઉત્પન્ન થતાં અસ્વાસ્થ્ય ઉત્પન્ન થાય છે, અને તે ક્ષુધાદિ દૂર ન થાય ત્યાં સુધી અસ્વાસ્થ્ય દૂર થઈ શકતું નહીં હોવાથી, સ્વાસ્થ્ય મેળવવા ક્ષુધાદિની નિવૃત્તિ કરવાની જરૂર પડે છે. જેને ક્ષુધાદિ ન હોય તેને અસ્વાસ્થ્ય પણ ન હોય. સ્વાસ્થ્ય જ હોય. સ્વાસ્થ્યવાળાને અન્નાદિ ભોગની જરૂર જ પડે નહિં. ક્ષુધાદિની ઉત્પત્તિ તો કર્મના ઉદયથી જ થાય છે. એટલે સકલકર્મોથી મુક્ત એવા સિદ્ધો (મોક્ષ પામેલાઓ)ને ક્ષુધાદિ નહિં હોઈ શકવાથી સદા સ્વાસ્થ્ય જ હોય છે.

જેમ દવાની જરૂરીયાત અસ્વસ્થ્યને જ હોય, સ્વસ્થ્યને ન હોય, તેમ સિદ્ધોને સર્વોચ્ચ કોટિનું સ્વાસ્થ્ય હોવાથી, અન્ન આદિનો ભોગ નિરર્થક છે. વળી મોહનો અભાવ હોવાથી મૈથુન આદિ વિષય સેવન પણ નિરર્થક છે. જેમ ખુજલીના અભાવે ખણુજની જરૂર ન હોય, તેમ સિદ્ધોને મોહના અભાવે વિષય સેવનની પણ જરૂર રહેતી નથી. અને ત્યાં જરૂર નથી એટલે તેની ઇચ્છા પણ નથી. આટલી સાચી સમજણ પામી જવાય, પછી સદનુષ્ઠાનની પારમાર્થિક આરાધના આપણે સહજ ભાવે કરી શકીએ.

*

## ૧૮. અનુષ્ઠાન પંચક

**આંતરિક** પરિણતિસ્વરૂપ ઉપયોગની શુદ્ધતા અને અશુદ્ધતાને અનુલક્ષીને પૂર્વમહર્ષિઓએ સદનુષ્ઠાનોનું વર્ગીકરણ આશય ભેદે પાંચ પ્રકારે કર્યું છે. તે પાંચ પ્રકારોને ઉપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી મહારાજે સ્વરચિત અધ્યાત્મ-સારમાં નીચે મુજબ જણાવ્યા છે.

विषंगरोऽननुष्ठानं, तद्धेतुरमृतं परम् ।
गुरुसेवाद्यनुष्ठान, मितिपंचविधं जगुः ॥

વિષાનુષ્ઠાન, ગરાનુષ્ઠાન, અનનુષ્ઠાન, તદ્ધેતુ અનુષ્ઠાન, અને અમૃતાનુષ્ઠાન, એ પાંચ પ્રકારે ગુરૂસેવાદિક અનુષ્ઠાનો કહેલ છે.

(૧) આહારાદિની ઇચ્છાએ, સંસારના તુચ્છ અને ક્ષણિક સુખની અભિલાષાએ, પોતાના માન-મરતબાની વૃદ્ધિના કારણે, કારકીર્દીના ફેલાવા માટે, વાહવાહ કહેવરાવવાની ઇચ્છાએ, લોકોમાં પૂજાવાની આશાએ, અર્થાત્ વર્ત્તમાનકાલીન્ બાહ્ય વૈભવ મેળવવા, અને સસ્તી કીર્ત્તિ ખાટવા કે પોતાની પાપ પ્રવૃત્તિઓને છુપાવવા, ઠાઠમઠાઠો-દાકદિમાક વધારવા પૂર્વક થતાં, અનુષ્ઠાનોને **વિષક્રિયા** અનુષ્ઠાન કહેવાય છે. આ ક્રિયાથી ફક્ત ચાલુ ભવમાં જ આહારાદિક લેશ માત્ર ફળે.

(૨) અન્યભવે દેવભવ યા દિવ્ય પૌદ્ગલિક સામગ્રી પ્રાપ્ત થવાની અભિલાષાએ, તેમાં એકગણું દાન અને સહસ્રગણું પુન્યના ગણિતની ગણત્રીએ, ઇંદ્રની ૠદ્ધિ કે ચક્રવર્તી પ્રમુખની રાજ્યલક્ષ્મી વગેરે અદ્રષ્ટ દિવ્યભોગની ઈચ્છાએ થતાં તપશ્ચર્યા વગેરે અનુષ્ઠાનોને **ગરલક્રિયા અનુષ્ઠાન** કહેવાય છે.

આ ક્રિયામાં નિયાણું હોવાથી નિયાણાનાયોગે ભવાંતરે તે વસ્તુ પામે, પણ શુદ્ધક્રિયાનું ફળ પામે નહિ. કારણ કે શુદ્ધક્રિયાનું ફળ તો મોક્ષ જ છે. નિયાણાના યોગે પ્રાપ્ત થતી ભૌતિક સામગ્રી તે પાપાનુબંધી પુણ્યસ્વરૂપે હોવાથી તેના ભોગવટામાં મોહ અને અજ્ઞાનતાની પ્રબલતાના કારણે જીવને ભવાંતરે દુર્ગતિમાં રખડાવે છે.

આ **વિષાનુષ્ઠાન** અને **ગરાનુષ્ઠાન** એ બન્ને, જાતજાતના અનર્થોને આપનારા છે. કારણ કે તે મોહ અને અજ્ઞાનગર્ભિત છે. આ કારણથી **વિષાનુષ્ઠાન** તો કરવાના સમયે જ ચિત્તશુદ્ધિને હણે છે. જ્યારે પરલોકમાં સુખપ્રાપ્તિની અભિલાષાથી કરાતા અનુષ્ઠાનને **ગરાનુષ્ઠાન** કહેવાનું કારણ એ છે કે, તે અનુષ્ઠાનને આચરતી વખતે તો ચિત્તની શુદ્ધિ હણાઈ જતી નથી, કિન્તુ એ અનુષ્ઠાનના ફળરૂપે જે કાલાન્તરે દેવાદિભવનું સુખ મળે છે, તે વખતે ચિત્તની શુદ્ધિનો નાશ થઈ જાય છે.

તાત્કાલિક શરીરમાં વ્યાપી જઈ, ખાનારને હણનારી

વસ્તુને "વિષ" કહેવાય છે. જ્યારે ખાનારને બે, ચાર કે બારમાસે હણનાર કુદ્રવ્યના મિશ્રણવાળી વસ્તુને "ગર" કહેવાય છે. એ રીતે તાત્કાલીક ચિત્તશુદ્ધિને હણનાર અનુષ્ઠાનને **વિષાનુષ્ઠાન** અને કાલાન્તરે ચિત્તશુદ્ધિ હણનારા અનુષ્ઠાનને અહિં **ગરાનુષ્ઠાન** તરીકે ઓળખાવ્યું છે,

નિયાણું એટલે આશંસાભાવ–બદલાની વૃત્તિ. શ્રી જિનેશ્વર ભગવાનોએ તો કોઈપણ અનુષ્ઠાનમાં નિયાણું બાંધવાનું આગમમાં નિષેધ્યું છે. અને સર્વત્ર ધર્માનુષ્ઠાનમાં અનિદાન–અનાશંસા (અનિયાણું–નિરાશંસભાવ) રાખવાનું ફરમાવ્યું છે. માટે જ. આ બન્ને અનુષ્ઠાનોને અનર્થકારક દર્શાવી નિષેધ્યાં છે.

સદનુષ્ઠાનની આરાધના તો માત્ર મોક્ષપ્રાપ્તિના હેતુએ જ કરવાની છે. તેથી જ તત્ત્વાર્થના પ્રથમ સૂત્રમાં પૂજ્યશ્રી ઉમાસ્વાતી મહારાજે કહ્યું છે કે—"सम्यग्दर्शन ज्ञान चारीत्राणि मोक्ष मार्गः" વળી નિર્યુકિતકારકે પણ કહ્યું છે કેઃ

नाणं पयासगं, दंसणं चेव सम्मत्तं ।
चारित्तं च विशुद्धं, तेन्निवि मुक्खो भणिओ ॥

આ પ્રમાણે દર્શન–જ્ઞાન અને ચારિત્ર, એ ત્રણેના સંયોગે જ મોક્ષ કહ્યો છે. વળી પણ કહ્યું છે કે सम्मत्तम्मि उ लद्धे अवस्स वेमाणिओ होइ। અર્થાત્ સમ્યક્ત્વ પામ્યા પછી, અવશ્ય વૈમાનિક જ થાય. એટલે વૈમાનિકદેવ સિવાયનું આયુષ્ય ન બંધાય. આ રીતે અહિં સમ્યક્ત્વ–જ્ઞાન અને

ચારિત્રથી મોક્ષ પણ કહ્યો, અને દેવલોક પણ કહ્યો. પરંતુ જૈનશાસનમાં સાધ્યતો માત્ર મોક્ષ જ છે. દેવલોક એ સાધ્ય નથી, પણ પ્રાપ્યની કોટિમાં છે. પ્રાપ્ય એટલે મળી જતી ચીજ. જેથી દેવલોક મળવા છતાંય એ સાધ્યની ધારણામાં લેવાનો નથી.

ખેડુત અનાજ વાવે ત્યારે વચમાં ઘાસ થાય, અને પછી દાણો થાય. અહિં અનાજ વાવ્યા પછી વચમાં ઘાસ તો થવાનું જ છે. પણ ધારણામાં તે ન લેવાય. ધારણામાં તો દાણો જ લેવાય. તેવી રીતે જિનેશ્વરના શાસનમાં ઉંચો દેવલોક મળવાનો ખરો, પરંતુ ધારણા તો મોક્ષની જ અર્થાત્ સંસારથી છૂટકારાની જ રાખવાની છે.

(૩) અશુદ્ધિની ઉપેક્ષા, અને તીર્થોચ્છેદ થઇ જવાના બ્હાને શુદ્ધિના આગ્રહનો ત્યાગ કરી ગમે તેવું પણ ઘણા લોકો કરે તેવું કરવું, એ રીતના લોકનાગોટાળાવાળા આચાર શ્રદ્ધા સ્વરૂપ લોક સંજ્ઞાથી થતાં, અગર તો લોક-વચન–સૂત્રવચન કે ગુરૂવચનથી નિરપેક્ષ બનીને શૂન્યચિત્તે માત્ર દેખાદેખીએ જ, પરમાર્થથી અજ્ઞાનસ્વરૂપ, અને ઓઘ સંજ્ઞાથી થતાં, આવશ્યકાદિ અનુષ્ઠાનોને **"અનનુષ્ઠાન"** નામે ધર્માનુષ્ઠાન કહેવાય છે.

આવા અનુષ્ઠાનોમાં વિધિ–વિવેકના અજ્ઞાનના કારણે માત્ર લોકની દેખાદેખીએ સમુચ્છિંમની જેમ, અને મન વિના, ઉઠે બેસે કે કાયકષ્ટ કરવા માત્રથી કંઈપણ આત્મહિત સાધી શકાતું નથી.

અહિં સમજવું જરૂરી છે કે લૌકિક કાર્યો પણ જો વિધિસર સચવાય નહિં તો તેમાં પણ અનર્થ થઈ જવાનો ભય રહે છે. વૈદ્યે આપેલ ઔષધના પ્રમાણમાં–સમયમાં–પદ્ધત્તિમાં–આહાર નિહારના પાલનમાં, ઉપેક્ષક બની જનારાઓને તે ઔષધ વિપરીત રીતે પરિણમવાના કિસ્સાઓ પણ આપણે કેટલીક વખત સાંભળીએ છીએ. એટલે લૌકિક વ્યવહારમાં પણ દરેક કાર્ય વિધિપુરસ્સર જ હોવું જરૂરી ગણાય. તો પછી આધ્યાત્મિક અનુષ્ઠાનોમાં વિધિની ઉપેક્ષા કરવી તે વ્યાજબી કેમ ગણાય ?

વળી શુધ્ધતાની અપેક્ષાએ વિચારીએ તો શિક્ષિત–અસ્ખલિત ઈત્યાદિ શ્રુતગુણોના પાલનપૂર્વક, શુદ્ધપાઠોના ઉચ્ચારવાળી આવશ્યક ક્રિયાઓને પણ, જો તે ભાવવિહોણી હોય તો શાસ્ત્રમાં તેને દ્રવ્યાવશ્યક તરીકે ગણાવી છે. તો પછી પાઠોચ્ચારાદિમાં વર્ત્તતી અશુદ્ધતાવાળી ક્રિયાઓને પણ કેમ ચલાવી શકાય ? કાનો–માત્રા કે બિન્દુની ન્યૂનાધિકતાએ થતા શબ્દોચ્ચારમાં કેટલાય અનર્થો બની ગયાની હકીક્ત આપણે અનેકવાર સાંભળીયે છીએ.

વળી તીર્થોચ્છેદના ભયથી ગમે તેવું અનુષ્ઠાન પણ ચલાવી લેવાનું કહેવું તે અસંબંધ છે. કેમકે એ રીતે અશુદ્ધતાને નભાવી લેવાથી ગતાનુગતિએ તેવી અશુદ્ધતાવાળું અનુષ્ઠાન પ્રચલિત બની જવાથી, ખરી રીતે તો અશુદ્ધના આદરમાં જ તે રીતે, સૂત્ર ક્રિયાદ્વારા તીર્થોચ્છેદની સંભાવના છે.

કોઈપણ કાર્યની આચરણામાં ઘણા લોકો (બહુમતી) વડે થતી પ્રવૃત્તિમાં જ આચરણ યોગ્યતાનો સિદ્ધાન્ત સ્વીકારવો જોઈએ નહિં. કારણ કે એ સિદ્ધાન્તાનુસારે તો સદાકાળ સમ્યક્ત્વી કરતાં મિથ્યાત્વી જીવો વધુ હોવાના કારણે, મિથ્યાદ્રષ્ટિઓના ધર્મનું જ સેવન કરવું પડશે. અને તેથી તો સંસારહાનિના બદલે સંસારવૃદ્ધિ બની રહેશે. માટે અધ્યાત્મ માર્ગમાં બહુમતિના સિધ્ધાન્તને સ્થાન નહિં હોતાં, શ્રી અરિહંતદેવની આજ્ઞાને અનુસરીને થતી ક્રિયા જ ધર્મનું કારણ બની શકે છે. જેથી ગતાનુગતિ (દેખાદેખી) માત્રથી જ, અને સૂત્રની અપેક્ષારહિત ઓઘસંજ્ઞા કે લોકસંજ્ઞાપૂર્વક થતું કોઈપણ અનુષ્ઠાન, તે શુદ્ધોપયોગ અને શુદ્ધ વીર્યોલ્લાસના તાદાત્મ્ય ભાવરહિત હોવાથી, તેના વડે તો માત્ર અકામનિર્જરા જ થાય છે.

આવી અકામનિર્જરા કરાવવાવાળાં અનુષ્ઠાનો તો આ જીવે પૂર્વભવોમાં અનંતીવાર અને અનેક કર્યાં. તેનાથી કોઈ વખત દેવલોકાદિની રૂદ્ધિ અને સમૃદ્ધિ, કે કોઈ લૌકિક ચમત્કારોની સિદ્ધિ પ્રાપ્ત થઈ હશે, પણ સંસારભ્રમણ તો તેનાથી અટક્યું જ નહિં. સંસારભ્રમણની નિવૃત્તિ તો સકામનિર્જરા કરાવવાવાળા અનુષ્ઠાનના સેવનથી જ છે. અને તેવાં અનુષ્ઠાનો કેવળ મોક્ષાશય પૂર્વકનાં જ હોવાથી રત્નત્રયીના સાધનરૂપે મનાય છે.

જ્ઞાન વડે શુદ્ધઉપયોગ સહિત થતી પ્રવૃત્તિમાં થતી નિર્જરા તે સકામનિર્જરા કહેવાય છે. અને અજ્ઞાનપૂર્વક

અશુદ્ધોપયોગવાળી પ્રવૃત્તિવંત સદનુષ્ઠાનોમાં અકામનિર્જરા થતી હોવાના કારણે, વિષ–ગરલ અને અને અનનુષ્ઠાન ત્યાજ્ય છે.

વળી મોક્ષની જ ઇચ્છાથી કરવાની પ્રતિજ્ઞાવાળાં અનુષ્ઠાનોમાં આ લોકાદિના યશ વિગેરેની ઇચ્છા કરવાથી, તે અનુષ્ઠાનો વિપરીત પ્રયોજનવાળાં બની જવાથી મહામૃષાવાદનો અનુબંધ કરે છે. આ રીતે પાંચ પ્રકારના અનુષ્ઠાનો પૈકીનાં ત્યાજ્ય એવાં ત્રણ અનુષ્ઠાનોનું સ્વરૂપ વિચાર્યા પછી હવે ઉપાદેય (ગ્રાહ્ય) એવાં તદ્ધેતુ અને અમૃતાનુષ્ઠાનનું સ્વરૂપ વિચારીએ.

(૪) વૈરાગ્યવંત ભદ્રપરિણામી જીવ, શુદ્ધરાગે વધતે મનોરથે, ધર્મના અનુરાગે, અનુપયોગ–સહસાકારં વગેરે દોષોથી મુક્ત, એવું જે અનુષ્ઠાન આદરે છે, તેને **તદ્ધેતુ ધર્માનુષ્ઠાન** કહેવાય છે. જો કે આ અનુષ્ઠાનમાં વિધિશુદ્ધતાની અપૂર્ણતા હોવા છતાં, અંતે તો તેનાથી વિશુદ્ધિ થઈ જતી હોવાથી તે ફળદાયક છે.

ચરમાવર્ત્ત અર્થાત્ છેલ્લા પુદ્ગલપરાવર્ત્તની અંદર પ્રાપ્ત થતા, આ તદ્ધેતુ અનુષ્ઠાનમાં ધર્મનો યૌવનકાળ પ્રવર્તે છે. એટલે ધર્મ બળવાન થાય છે. અને સંસારની બાળદશા નિવૃત્ત થાય છે.

આ તદ્ધેતુ અનુષ્ઠાનના આચરણથી માણસ ધર્મમાં પૂર્ણરાગી બને છે. અને સંસાર પ્રત્યે વૈરાગ્યભાવી થાય છે.

આ અનુષ્ઠાનની અંદર સમ્યક્ત્વની પ્રાપ્તિ હોય જ એવો નિયમ નથી. પરંતુ જેઓ શુદ્ધ અનુષ્ઠાન કરતા હોય, તેમને જોઈ, તેમનું બહુમાન કરે છે. તેમની પ્રશંસા કરે છે. અને તેમ કરવાથી પોતે પણ શુદ્ધક્રિયા કરવાની તમન્નાવાળો થાય ત્યારે તેને બીજરૂપ સમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે. અને તમન્નાની થતી રહેતી વૃદ્ધિએ અંકુરરૂપ સમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે.

શુદ્ધક્રિયા કરવાનો આગ્રહ રાખી, નિર્મલભાવે તેના ઉપાયોની શોધ કરવાથી તદ્ધેતુ અનુષ્ઠાનના ફળરૂપે સમ્યક્ત્વરૂપ બીજમાંથી તેના સ્કંધની પ્રાપ્તિ થાય છે.અને તે તદ્ધેતુ અનુષ્ઠાનના અંગે શુદ્ધતાની વૃદ્ધિ કરવાવાળા ઉપાયો પ્રાપ્ત કરવા માટે થતી વિવિધ પ્રવૃત્તિ,સમ્યક્ત્વરૂપ બીજમાંથી નીકળતાં પત્રો સમજવાં. સદ્ગુરૂના યોગે અને તેમના ઉપદેશ પ્રમાણે થતી ઉપાયોની પ્રાપ્તિ,તે પુષ્પ સમજવું. સદ્ગુરૂની દેશના શ્રવણના પ્રતાપે મિથ્યાત્વ મોહનીયકર્મના ક્ષયોપશમાદિથી થતી સમ્યક્ત્વાદિ ભાવધર્મની પ્રાપ્તિ તે તદ્ધેતુ અનુષ્ઠાનરૂપી વૃક્ષનું ફળ છે. જે નિશ્ચે મોક્ષને સાધનારૂં છે.

આ તદ્ધેતુ અનુષ્ઠાનમાં ગુરૂસેવાદિ સુંદર કાર્યો તે છેવટે પાંચમા અમૃતાનુષ્ઠાનના હેતુ બનનારાં હોઈ, આવા કાર્યોવાળા અનુષ્ઠાનને તદ્ધેતુ અનુષ્ઠાન કહેવાય છે.

આ અનુષ્ઠાનમાં સંપૂર્ણ શુદ્ધિનું અસ્તિત્વ નહિં હોવાછતાં, શુદ્ધઅનુષ્ઠાન કરતા ભવ્યાત્માઓ પ્રત્યે બહુમાન, શુદ્ધતા પૂર્વક કરવાની પુનઃપુનઃ વર્તી રહેલી ભાવના, અશ-

કય પરિહારના કારણે છૂટી નહિં શકતી અશુદ્ધતાનું હાર્દિક દુઃખ, શુદ્ધતાના ઉપાયોનું સંશોધન, તેવા ઉપાયોની પ્રાપ્તિ માટે થતી વિવિધ પ્રવૃત્તિ,અને અન્તે તેવા ઉપાયોના પાલનથી સમ્યક્ત્વાદિ ભાવધર્મની પ્રાપ્તિ, ઇત્યાદિના કારણે પ્રારંભિક વર્ત્તતી અશુદ્ધક્રિયા પણ શુદ્ધક્રિયાનો હેતુ બની જાય છે. માટે આવી ક્રિયા પણ આદરણીય છે. કારણ કે આ અનુષ્ઠાનમાં કેવળ મોક્ષાભિલાષ અને ક્રિયાશુદ્ધિની જ ખના તથા સાવચેતીના કારણે ધીમે ધીમે પણ ક્રિયાશુધ્ધતાને પામી શકાય છે. અહિં શુધ્ધતા પ્રત્યે બેદરકારી નથી. શુધ્ધતાની પૂર્ણતા માટે શકય પ્રયત્ન અને તમન્ના છે. શુધ્ધતાની ન્યૂનતાનું હાર્દિક દુઃખ છે. અસંતોષ છે. માટે જ સદાશયપૂર્ક કરાતું આ અનુષ્ઠાન, અન્તે શુધ્ધતાની પૂર્ણતાને પ્રાપ્ત કરાવવાવાળું હોઈ, અધ્યાત્મસ્વરૂપ કહેવાય છે.

એવા અનંત આત્માઓ થઈ ગયા છે કે જેમનામાં માત્ર ગુરૂપારતંત્ર્યનો સદાશય હતો. અને એ સદાશયપૂર્વક જેમણે અગણિત અશુધ્ધિવાળી દીક્ષા લીધી છતાં સદાશયને લીધે કયારેક પણ અપૂર્વ વીર્યોલ્લાસ જાગી જવાથી અંતે શુધ્ધક્રિયાને પામી જઈ મોક્ષધામી બની ગયા,

અશુદ્ધ એવી દ્રવ્યક્રિયા પણ અનાદરણીય નહિં હોવાનુ શાસ્ત્રકથન, ઉપરોક્ત પ્રકારના સદાશયી જીવો માટે જ સમજવાનું છે. બાકી જેને શુદ્ધિની ઉપેક્ષા છે, ક્રિયા તો જેવી હોય તેવી ચાલે, કંઈ ભાવવિના ક્રિયા થતી જ નથી, બહુ સૂક્ષ્મ ન વિચારાય, એ રીતે બેદરકારી અને ઢંગધડા

વિનાનાં અનુષ્ઠાનો તો ઉન્માર્ગને જાગૃત કરનારાં હોઈ, સૂત્ર અને ક્રિયાને નાશ કરનારાં બને છે. માટે માત્ર સમૂર્ચ્છિમ જીવ જેવી કાયચેષ્ટા કરનારાઓનાં આવાં અનુષ્ઠાનોને ચાલીશકવાનુ કે માની લેવાનુ કહેવામાં મહામૃષાવાદ છે.

અશુદ્ધ એવી દ્રવ્યક્રિયા પણ અનાદરણીય નહિં હોવાનું કથન તો તદ્ધેતુ અનુષ્ઠાનને અંગે જ સમજવું. કારણ કે તે અનુષ્ઠાનકારકને લોકસંજ્ઞા ગમતી નથી. તેનું દિલ-મનોવૃત્તિ તે ગાડરીયા ટોળાની જેમ ગમે તેવી રીતે ચલાવી લેવાની કે મહામિથ્યાત્વીની જેમ દ્વેષભાવે યા અનાદરપણે કરી લેવાની હોતી નથી. તેને તો ક્રિયાનો આદર, શાસ્ત્રનું બહુમાન, અને વિધિ અનુસાર ધર્મ કરવાની તમન્ના હોય છે. વિધિ યા શુદ્ધતાની ન્યૂનતાનું હાર્દિક દુઃખ હોય છે. શકય પ્રયત્ને તેમાં સુધારો કરી લેવા તત્પર હોય છે. પ્રાપ્ત થયેલા ધર્મરત્નને અણમોલ માની તેની સાચવણી અંગે પૂર્ણ ધગશ હોય છે. સ્વસ્વરૂપને સમજવાની ઉત્સુકતાના કારણે શ્રુત સાંભળવામાં ઉત્કંઠીત બની રહે છે. તેમાં નીરસતા કે કંટાળો તો તેને સ્પર્શી શકતો જ નથી. ક્રિયાની પ્રવૃત્તિમાં શાન્ત, પ્રસન્ન, સ્થિર, ઉત્સાહયુક્ત અને ફળની ઉત્સુકતા રહિત હોય છે.

(૫) આગમોક્ત શુધ્ધ વિધિએ, શુધ્ધચિત્તના અધ્યવસાયે, પ્રીતિ-બહુમાન-ઉદ્યમ-તત્ત્વજિજ્ઞાસા-વિકથાદિનો ત્યાગ-શુધ્ધક્રિયાના જ્ઞાતાનો સંગ, જિનાગમપ્રત્યે આદર, આદિ શુધ્ધ લક્ષણથી યુક્ત, તન્મયતાપૂર્વક થતી અદ્દભુત સુરમણિ સમાન

ક્રિયાને "**અમૃતક્રિયાનુષ્ઠાન**" કહેવાય છે. આ "અમૃતાનુષ્ઠાન" તે શુદ્ધચંદનની સુગંધ જેવા સહજ–સ્વાભાવિક એવા ભાવધર્મથી યુક્ત હોઈ તે કર્તવ્ય અને આદરણીય છે.

અનુષ્ઠાનોના આ પાંચપ્રકારો પૈકી પ્રથમના બે પ્રકારોમાં અશુદ્ધ ઉપયોગ છે. ત્રીજા પ્રકારમાં તે અનુષ્ઠાન અંગે કંઈ લક્ષ્ય કે ઉપયોગ જ નથી. દેખાદેખીથી માત્ર લોકસંજ્ઞાએ જ થાય છે. ચોથા પ્રકારમાં તન્મયતારૂપ પરિણામ અને વિધિ-શુદ્ધતાની ન્યૂનતા છે. તન્મયતા તેને જ કહેવાય કે ક્રિયાના સૂત્રોમાં જે કંઈ બોલાય, તે બોલતાં રોમરાજી વિકસ્વર થાય. બધા વિચારની છાયા, આત્મા પર પડે. એક એક શબ્દ હૃદયને ભેદીને નીકળે. અર્થાત્ ચૈત્યવંદન કરવા ટાઈમે જંકિંચિ શું ? નમુથ્થુણં શું ! જાવંતિ શું ? એ બધાનો વિચાર–ખ્યાલ–ઉપયોગ હોવો જોઈએ. જયવીયરાયમાં પ્રભુ-પાસે કઈ જાતની પ્રાર્થના કરીએ છીએ, તેનો ખ્યાલ હોવો જોઈએ. દેવવંદનના બાર અધિકારોમાં જે જે અધિકારને યોગ્ય સૂત્રની ગાથાઓ બોલાતી હોય, તે બોલવા ટાઈમે તે અધિકારને અનુરૂપ શરીરની મુદ્રાઓ બની રહેવી જોઈએ. એવી રીતે સામાયિક, પ્રતિક્રમણ આદિ દરેક આવશ્યક ક્રિયામાં અને અન્ય કોઈપણ પ્રકારના બાહ્ય અનુષ્ઠાનોમાં તન્મયતા હોય તો જ તે ક્રિયા, અમૃતાનુષ્ઠાનરૂપે બની રહી, ભાવધર્મની પ્રાપ્તિદ્વારા આત્માના અનંતચતુષ્કાદિ ગુણોનું પ્રગટીકરણ કરનાર થઈ શકે છે.

અહિં શુદ્ધ ભાવસ્વરૂપ શુદ્ધોપયોગવાળી અને સંસા-

રનો નિસ્તાર કરવાવાળી તો માત્ર પાંચમી અમૃતક્રિયા જ છે. વિધિની બરાબર શુદ્ધતાના અભાવવાળી હોવા છતાં, શુદ્ધરાગે અને વધતે મનોરથે થતી તદ્ધેતુક્રિયા પણ, ધીમે ધીમે અમૃતક્રિયારૂપે પરિણામ પામવાની યોગ્યતાવાળી હોવાથી તેને પણ ફળદાયક કહેવામાં વાંધો નથી. જેથી આ પાંચ-ક્રિયાઓ પૈકી તદ્ધેતુ અને અમૃત, એ બે ક્રિયાઓને શાસ્ત્રમાં સત્ અનુષ્ઠાનોરૂપે દર્શાવી તેને આદરવાયોગ્ય કહી છે. જ્યારે પ્રથમનાં ત્રણ અનુષ્ઠાનોમાં ઉપયોગ શુદ્ધિનો અભાવ હોવાથી તે ત્રણે અનુષ્ઠાનોને અસત્ કહ્યાં છે.

વળી ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી મહારાજે અધ્યાત્મસાર ગ્રંથમાં ક્રિયાશુદ્ધિની ઉત્તરોત્તર વૃદ્ધિની અપેક્ષાએ ત્રણ પ્રકારની પણ ક્રિયા દર્શાવી છે. (૧) વિષયશુદ્ધ (૨) સ્વરૂપશુદ્ધ અને (૩) અનુબન્ધશુદ્ધ.

(૧) મોક્ષના લક્ષ્યથી અજ્ઞાની જીવોની અજ્ઞાનકષ્ટ-ક્રિયાઓ, જેવી કે કાશીએ જઈ કરવત મુકાવવી, અગ્નિસ્નાન કરવું, ગીરનારની ભૈરવ શિલાઉપરથી પડતું મૂકવું, ઈત્યાદિ ક્રિયાઓમાં વિષય (લક્ષ્ય) પૂરતી જ માત્ર શુદ્ધિ હોવાના કારણે તેવી ક્રિયાઓને "વિષયશુદ્ધ" ક્રિયા કહેવાય છે.

આ ક્રિયાઓમાં રૂચિ તો મોક્ષની છે, પરંતુ તેની અંદર અજ્ઞાનનું પ્રમાણ પુષ્કળ હોય છે. એટલે આ ક્રિયાઓમાં શુભઆશયનો તો માત્ર લેશ જ હોવાના કારણે તેનાથી જન્મ-મરણની પરંપરા તૂટી શકતી નથી. કારણ કે તેની

અંદર, અજ્ઞાનતા હજુ ઘણી છે. તેથી મોક્ષના બાધકયોગો (સંસાર ભાવ)ને ખસેડવાની તાકાત, આ ક્રિયાઓમાં હોઈ શકતી નથી. આ ક્રિયાકારક આત્મામાં રહેલા મોક્ષાભિલાષને મોક્ષનો હેતુ ભલે કહી શકાય, પણ તેવી ક્રિયાને મોક્ષનો હેતુ કહી શકાય નહિં. કારણ કે માત્ર વિષયશુદ્ધિ પૂરતી જ ઉપરોક્ત ક્રિયાઓ કે તેવી જાતની અન્ય ક્રિયાઓ, સાવદ્ય હોવાથી, નિરવદ્ય એવા મોક્ષના હેતુવાળી બની શકે જ નહિં. નિરવદ્યનો હેતુ નિરવદ્ય જ હોય.

બીજી સ્વરૂપશુદ્ધ ક્રિયાઓમાં અજ્ઞાનીઓનાં યમ, નિયમ, કાર્યો તે સ્વરૂપતઃ શુદ્ધ હોવાથી, ક્વચિત, દોષની હાનિ કરી શકે છે. પરંતુ પરંપરાએ તેનાથી ઘણા દોષોનું સર્જન થાય છે. માટે મહાપુરૂષોએ અહિં થતી દોષહાનિને દેડકાના શરીરના ચૂર્ણ જેવી દર્શાવી છે.

વિષય અને સ્વરૂપશુદ્ધિ ઉપરાંત શાસ્ત્રોક્ત ગુરૂતાભાવ અને લઘુતાભાવની વર્ત્તતી વિચારણાના યોગે કર્મ દોષની અત્યંતનિવૃત્તિ કરનારી ક્રિયાને અનુબંધશુદ્ધક્રિયા કહેવાય છે. આ ત્રીજા પ્રકારની શુદ્ધતાવાળી ક્રિયાથી ઉત્પન્ન થતી શુભકર્માદિની પરંપરા પણ શુદ્ધ હોય છે. માટે જ તેને અનુબંધશુદ્ધક્રિયા કહેવાય છે. શુદ્ધતાની દ્રષ્ટિએ આ ત્રણે ક્રિયાઓ ઉત્તરોત્તર એક એકથી ઉત્તમ છે. નિર્ગલ છે. એટલે વિષયશુદ્ધિથી સ્વરૂપશુદ્ધ નિર્મલ છે. અને સ્વરૂપશુદ્ધથી અનુબંધશુદ્ધ નિર્મલ છે.

ઉપરમુજબ શુદ્ધતામાં ઉત્તરોત્તર ઉત્તમતાની અપેક્ષાએ

દર્શાવાએલી ત્રણ પ્રકારની ક્રિયાઓ પૈકી, પહેલી વિષયશુદ્ધિ ક્રિયાથી કદી પણ મોક્ષ થતો જ નથી. કારણ કે તેમાં ક્રિયાની સમજણ જ વીપરીત છે. માટે જ અધ્યાત્મસાર ગ્રંથકાર મહર્ષિએ, તે વિષયશુદ્ધક્રિયાને છોડી દઈ, તેના પછીની સ્વરૂપ-શુદ્ધ અને અનુબંધશુદ્ધક્રિયાને જ અધ્યાત્મસ્વરૂપ કહી છે.

બીજી સ્વરૂપશુદ્ધ ક્રિયામાં આત્મા વગેરે કે તેના ધર્મ વગેરેની વાસ્તવિક સમજમાં વિપરીતતા અગર ન્યૂનતા હોવાથી તે ક્રિયાથી પણ સીધેસીધી મોક્ષપ્રાપ્તિ થઈ શકતી નથી.

વસ્તુપ્રાપ્તિની ઇચ્છા હોય, અને તે માટે પ્રવૃત્તિ એટલે પુરૂષાર્થ પણ હોય, છતાં જેની પ્રાપ્તિ માટે તે ઇચ્છા અને પુરૂષાર્થ વર્ત્તે છે, તે વસ્તુની વાસ્તવિક સમજમાં જ વિપરીતતા અગર ન્યૂનતા હોય, તો પણ કાર્યની સિદ્ધિ થઈ શકતી નથી. આમ થવાનું કારણ એ છે કે, તેમાં આલંબન, અપૂર્ણ જ્ઞાનીના વચનનું છે.

સંપૂર્ણજ્ઞાની તો શ્રી જિનેન્દ્ર વીતરાગ ભગવંત જ હોઈ શકે છે. માટે તે પરમાત્માએ જે વ્યવહાર, આગમ-દ્વારા દર્શાવ્યો છે, તે વ્યવહાર પ્રમાણે ચાલી, દ્રઢ આદર અર્થાત્ બહુમાનપૂર્વક વિધિશુદ્ધતાએ જે ક્રિયા કરવામાં આવે, તે ક્રિયાથી જ રત્નત્રયી અર્થાત્ જ્ઞાન–દર્શન અને ચારિત્રની પ્રાપ્તિ થાય છે. આવી યોગ્યતાવાળીક્રિયા તો ત્રીજી અનુબંધશુદ્ધિ નામની જ હોઈ શકે છે.

આમ હોવા છતાં પણ મોક્ષપ્રત્યેના દ્રઢ આદરને લીધે, યમ અને નિયમાદિની સ્વરૂપતઃ શુદ્ધક્રિયા પણ સદ્દ્માર્ગનું બીજ બની શકે છે. અપૂર્ણ સમજ હોવા છતાં પણ મોક્ષ-પ્રત્યેના દ્રઢ આદરથી જન્માંતરમાં જિનેશ્વર દેવનો નિશ્ચ-યમુખી વ્યવહાર ધર્મ પ્રાપ્ત થાય છે. અને એ વ્યવહારધર્મથી આત્મશુદ્ધિનું કાર્ય, પરંપરયા બની શકે છે. આ દ્રષ્ટિએ શ્રી ઉપાધ્યાયજી મહારાજે અધ્યાત્મસાર ગ્રંથમાં સ્વરૂપશુદ્ધ-ક્રિયાને પણ અધ્યાત્મસ્વરૂપે દર્શાવી છે.

આ અનાદિ જગતમાં કાયિકી વગેરે અશુદ્ધક્રિયાની પ્રવૃત્તિથી તો સંસારની વૃદ્ધિ થાય છે. પરંતુ તે જ સંસાર-વૃદ્ધિ, સમિતિ–ગુપ્તિ વગેરે તથા વિનય–વૈયાવૃત્ય આદિ સત્ક્રિયા કરવાથી નિવૃત્ત બની જતી હોવાથી, સંસારનો નાશ કરવા માટે સંવર અને નિર્જરારૂપ ફળને આપનારી તેવી સત્ક્રિયાઓ જીવનમાં ખાસ અપનાવવી જોઈએ.

*

## ૧૯ પ્રશમરસ સ્વરૂપ શુદ્ધાત્મસ્વરૂપની અનુભૂતિ

**સંસારમાં** ગમે તેટલાં સુખ હોય, સાહ્યબી હોય, ચાહે સમૃદ્ધિની અજબ છોળો ઉછળતી હોય, પણ તે બધાં કેવળ કલ્પનાનાં જ સુખ છે. વાસ્તવિક સુખ નથી. એવાં પ્રતિરોધક સુખો તો આત્માએ અનંતીવાર ભોગવ્યાં છે. પણ એથી કંઈ આત્મામાં પ્રકાશ થયો નથી, કે કર્મરાજાની ગુલામીએ સર્જેલો અંધકાર ગયો નથી. સુખ તો એવું ચાહવું જોઈએ કે જે કેવળ, અચળ અને લેશમાત્ર દુઃખના અભાવવાળું હોય. વળી તે સુખ કોઈથી ઝુંટવી શકાય કે જેનો કદાપિ નાશ થાય તેવું નહિં હોતાં, આત્મામાં સત્યનો પ્રકાશ પ્રસરાવનારૂં હોય.

આ આત્માની જ એક એવી સ્થિતિ છે કે જેમાં સુખનો સૌરભ, અખંડ જીવનને સુવાસિત કરે છે. જ્યાં પરમાનંદનો મધુર ગીતધ્વની રેલ્યા જ કરે છે. જ્યાં સ્વતંત્રતાની મસ્તીને જાગૃત કરતો મદભર જીવનરસ છલકાય છે. આ સ્થિતિમાં પૂર્ણતા, અદ્‌ભૂતતા, અલૌકિકતાના દિવ્ય અનુભવો જાગૃત રહે છે. અને પ્રતિક્ષણ નવનવી અકલ્પ્ય સ્થિતિમાં આત્મા મહાલે છે. આવી સ્થિતિ પ્રાપ્ત થવી એ, કવિની કલ્પના માત્ર નથી, પરંતુ એક સત્ય ઘટના છે.

એમ ભારત વર્ષના અનેક સિદ્ધપુરૂષોએ–સંતોએ–યોગીજનોએ–તત્વજ્ઞોએ અને તત્વાનુભવી મહાત્માઓએ ઉદ્ઘોષ કર્યો છે. આવી સ્થિતિ પ્રાપ્ત થવી એ નિઃશ્રેયસની સિધ્ધિ છે. અધ્યાત્મજીવનની પરાકાષ્ટા છે. એનું નામ જ મોક્ષસુખની પ્રાપ્તિ છે.

આવી સ્થિતિ એ દૂર નથી. દૂરના કોઈ પ્રદેશમાં નથી. કોઈ ચમત્કારિક સિધ્ધિવાળા પુરૂષના વચનમાં નથી. પરંતુ પોતાના અંતરાત્મામાં જ રહેલી છે. એ પૂર્વના તત્ત્વદર્શિઓએ દઢ અનુભવથી પૂર્ણ નિશ્ચયરૂપે જણાવ્યું છે. એટલું જ નહિં, પરંતુ હાલના માનસ તત્વાનવેષી માનસશાસ્ત્રના નિષ્ણાતોએ પણ એજ નિર્ણય કર્યો છે.

પ્રાણિમાત્રનો આત્મા, સર્વ સુખ—સમૃધ્ધિ, સામર્થ્ય અને જ્ઞાનનો નિરંતર વહેતો ઝરો છે. એમાંથી જ આ અદ્ભૂત વિશ્વની ઉત્પત્તિ છે. એમાંથી જ જગતનું જ્ઞાનમાત્ર પ્રકાશ્યું છે. એમાંથી જ અસંખ્ય ચમત્કાર સ્થૂલ–સૂક્ષ્મ સ્વરૂપે આપણા અનુભવમાં આવ્યા છે, અને આવે છે. આ આત્માને ગમે તે નામ આપો, આત્મા કહો–પરમાત્મા કહો –તત્ત્વ કહો–સત્ય કહો કે ઈશ્વર કહો. પરંતુ તેની પ્રાપ્તિ, તેનો સંબંધ, અને તેમાં તન્મયતા એ જ નિઃશ્રેયસની સિધ્ધિ છે.

સંસારના સમસ્ત જીવો, સુખની ચાહનાવાળા, દુઃખથી ડરવાવાળા, અને દુઃખથી છૂટવાના ઉપાયો કરનારા હોવા છતાં, તેમની સમજ અને ઉપાય વિપરીત હોવાથી, સંસા-

રની ચારે ગતિના ભ્રમણુમાંથી છૂટી શકતા નથી. અને વિપરીત પ્રયત્નના પરિણામે, દુઃખની પરંપરામાં વૃદ્ધિ કરતા હોવાના કારણે પોતે જ પોતાના શત્રુ બને છે.

જેમ બિચારો ભોળો હરણીયો પોતાની નાભિમાં જ ખુશબોદાર વસ્તુ હોવા છતાં તેનો અજાણ હોઈ તે કસ્તુરીને મેળવવા ચારે બાજુ રઝળી રખડી વિટંબના પામે છે. તેમ મિથ્યાત્વ અંધકારમાં અટવાયેલ મનુષ્યને સાચું સુખ તે પોતાના આત્મામાં જ રહેલું હોવાનો ખ્યાલ નહિં હોવાથી, બીજાની મારફત તેને લેવા દોડધામ કરે છે. પરંતુ તેથી તો સુખ પ્રાપ્તિને બદલે દુઃખ પ્રાપ્તિની ગર્ત્તામાં જ અથડાય છે. આશા અને વિહ્‌વલતા, અસ્થિરતા અને મલિનતા, અવિદ્યા અને અપૂર્ણતાના સહચારી બને છે. કહ્યું છે કેઃ—

विदन्ति तत्वं न यथास्थितं वै, संकल्प चिन्ताविषयाकुलाये :
संसार दुःखैश्चकदर्थितानां, स्वप्नेऽपि तेषां न समाधिसौख्यम् ॥

અર્થાત—સંકલ્પ, ચિંતાઓ અને વિષયાસક્તિની ચૂંગાલમાં સપડાયેલા પ્રાણિયોથી, વાસ્તવિક તત્વપ્રાપ્તિ અત્યંત દૂર જ રહેવાની. આવા જીવો સંસારના વિવિધ ભયંકર દુઃખોથી હેરાન—પરેશાન બની રહેતા હોવાથી તેઓ સમાધિ સુખને સંપાદન કરી શકતા જ નથી. કારણ કે તેવા જીવો ઈન્દ્રિયજન્ય સુખને જ સત્ય સુખ તરીકે સ્વીકારી રહ્યા હોય છે.

ઈન્દ્રિયજન્ય સુખ, અને આત્માનું સુખ, એ બન્ને સુખ જુદી જાતનાં છે. ઈન્દ્રિયથી થયેલા સુખમાં સુખપણું આરોપિત જ છે. અવિચ્છિન્ન સુખની પરંપરા તો આત્મામાં

જ છે. સર્વજીવો સુખની ચાહનાવાળા હોવા છતાં, આત્મિક સુખથી અનભિજ્ઞજીવો, માત્ર શબ્દ–રૂપ–રસ–ગંધ–સ્પર્શ આદિ જે ઇંદ્રિયથી અનુભવાના વિષયો છે, તેની અનુકુળતામાં જ માત્ર સુખ પ્રાપ્તિ માની લે છે.

પરંતુ જ્ઞાનિઓ તો કહે છે કે શબ્દાદિ પંચ વિષયો પૈકી એવો કોઈ પણ વિષય નથી કે જેનું પુનઃપુનઃઆસેવન કરવા વડે, શબ્દાદિ અનેક ભેદમાં આસકત થયેલી અને સદાય સંતોષ વગરની ઇંદ્રિયો તૃપ્તિ પામે. કેમકે ઇષ્ટ લાગતી વસ્તુ કયારેક અનિષ્ટ, અને અનિષ્ટ લાગતી વસ્તુ કયારેક ઇષ્ટ પણ બની રહે છે. એટલે પંચેન્દ્રિયના આ વિષયોમાં સદાના માટે સુખ જ હોય એવું નક્કી નથી. વેણુ–વીણા–ગાયનાદિકનો ધ્વનિ, રાગપરિણામવશાત્ પ્રથમ ઇષ્ટ છતાં ભૂખ કે તૃષાથી પીડાતા પ્રાણિને, પાછળથી દ્વેષ પરિણામવશાત્ અનિષ્ટ થઈ પડે છે. અનિષ્ટ થઈ પડેલો તેજ વિષય, પુનઃકાળાન્તરે રાગપરિણામથી ઇષ્ટ થઇ જાય છે. એવી રીતે વિષયો પ્રત્યે ઇન્દ્રિયોનો પ્રેમ, અનવસ્થિત હોવાથી, તે વિષય–જનિત સુખ પણ, અનિત્ય–કૃત્રિમ જ છે. જે શબ્દાદિક વિષયો કોઇ તીવ્રરાગીને સ્વમનઃપરિણામવશાત્ સંતોષદાયી થાય છે, તેજ શબ્દાદિક વિષયને અન્ય પુરૂષો પ્રબલ દ્વેષવશાત્ પોતાની મતિકલ્પનાથી અનિષ્ટ માનીને ધિક્કારે છે.

સ્વજનાદિ સ્નેહી વર્ગ પ્રત્યે વર્ત્તતો રાગ પણ, આ પંચેન્દ્રિયના વિષયની અનુકૂળ પ્રાપ્તિને અનુલક્ષીને જ છે. આ વિષયોની પ્રતિકૂળતા સર્જનમાં નિમિત્તભૂત બની રહેનાર ગમે તેવો સ્નેહી પણ ઘડીભરમાં દુશ્મન માની લેવાય છે.

વળી ઇન્દ્રિયના વિષયોનું સુખ તે અન્ય વસ્તુના સંયોગથી પ્રાપ્ત થતું હોવાથી તે લાચારીવાળું છે. કારણ કે તે કાયમી ટકી રહેવામાં અવિશ્વાસુ હોઈ, તેના વિયોગનો ભય તો ઊભો જ હોય છે. એટલે તેને સ્વતંત્ર સુખ કહેવાય જ નહીં. એ તો સર્વ સુજ્ઞ મનુષ્યો સમજી શકે તેવી હકીકત છે. સુખ–દુઃખની વ્યાખ્યા સમજાવતાં ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજે "નિસ્પૃહાષ્ટક"ના આઠમા શ્લોકમાં કહ્યું છે કે :—

परस्पृहामहादुःखं, निःस्पृहत्व महासुखम् ॥
एतदुक्तं समासेन, लक्षणंसुख दुःखयोः ।

પરની આશા–લાલસા કરવી તે મહાદુઃખ છે. અને નિઃસ્પૃહપણું તે મહાસુખ છે. એ સુખ–દુઃખનું લક્ષણ સંક્ષેપથી કહ્યું છે.

પરમાર્થ બુધ્ધિથી જોતાં શબ્દાદિક વિષયો, તે કેવળ પ્રિય કે અપ્રિય સંભવતા નથી. છતાં તેમાં વર્ત્તતા જીવના ઈષ્ટાનિષ્ટ પરિણામો તે જીવને અષ્ટવિધ કર્મબંધના હેતુ થાય છે. તેનાથી જીવનો દેવ–મનુષ્ય–તિર્યંચ અને નારક સ્વરૂપ સંસાર સર્જાય છે. સંસારથી પુનઃપુનઃ શરીર અને મન સંબંધી દુઃખ પેદા થાય છે. એમ ઈષ્ટાનિષ્ટ સંયોગથી રાગ–દ્વેષ, રાગ–દ્વેષથી કર્મબંધ, કર્મબંધથી સંસાર, અને સાંસારિક સંયોગથી પુનઃ રાગ–દ્વેષનાં પરિણામ, એમ ઘટીયંત્ર ન્યાયે જીવના સંસારનો પ્રવાહ ચાલ્યો જ રહેતો હોવાથી, આત્મસ્વભાવનો વિલાસી એવો આત્મા કે જે સ્વધર્મમાં

સ્થિત છે, તે હંમેશાં મનુષ્ય અને દેવોના વિષય સુખને તુચ્છ અને અસાર જ માને છે. આવા બાહ્યસંપત્તિ રહિત નિઃસ્પૃહ મુનિ, ચક્રવર્તીથી પણ અધિક સુખી છે. કારણ કે ચક્રવર્તી વગેરે તો વિનશ્વર અને ઉપાધિથી પ્રાપ્ત થયેલા સુખોથી પૂર્ણ છે. જ્યારે સંતો તો સ્વરૂપથી ઉત્પન્ન થયેલાં અવિનશ્વર અને પરમાનંદ સુખથી પરિપૂર્ણ છે.

જન્મ–જરા–મરણ અને શરીરાદિકમાં વારંવાર સમ્યક્ પ્રકારે આલોચન કરવાથી ઉપસ્થિત થતા ભાવ વડે, જે આત્માઓની વૈરાગ્ય વાસના દૃઢ બનતી જાય છે–સંસારના સુખની અનિત્યતા ભાસે છે, મોક્ષસુખની અભિલાષા જાગે છે, અને મોક્ષ પ્રાપ્તિના કારણોને સેવવા ઇચ્છા થાય છે, અર્થાત્ અત્યંત નિર્વેદ અને સંવેગરૂપ જે ભાવનામય મનના પરિણામ વડે વૈરાગ્ય દૃઢ થાય છે, તેવાઓને ઇષ્ટાનિષ્ટ સંયોગો અંગે થતા ઇચ્છા–મૂર્છા–કામ–સ્નેહ–ગૃદ્ધતા–મમત્વ–અભિનંદ અને અભિલાષા સ્વરૂપ રાગ તથા ઇર્ષ્યા–રોષ–દોષ–દ્વેષ –પરિવાદ–મત્સર અસૂયા–વૈર અને પ્રચંડન સ્વરૂપ દ્વેષવૃતિયો હટતી જાય છે. જેટલા જેટલા અંશે રાગ–દ્વેષસ્વરૂપ તે વૃત્તિયો આત્મામાંથી ન્યૂન થતી જાય છે, તેટલા તેટલા અંશે તે આત્મા, પ્રશમરસરૂપ આત્મસુખને અનુભવે છે. અને ઉપરોક્ત વૃત્તિઓનો આત્મામાંથી સદાના માટે સંપૂર્ણપણે નાશ થાય છે, ત્યારે તે આત્મા, સંપૂર્ણ પ્રશમસ્વરૂપ ચિરસ્થાયી આત્મિક સુખનો ભોક્તા બને છે. આ સુખની પૂર્ણતા અને શાશ્વતા એજ મોક્ષ સુખ છે.

આવા પ્રશમસ્વરૂપ આત્મિકસુખનું અનુભવજ્ઞાન તો શાંત વૈરાગ્યરસમાં નિમગ્ન બનેલા મહાપુરૂષ જ અનુભવી શકે છે. તે સુખનું વર્ણન, શબ્દદ્વારા દર્શાવવું ઘણું જ કઠીન છે. માટે જ શ્રી વીરવિજયજી મહારાજે સ્વરચિત પંચકલ્યાણકની પૂજાની ઢાળમાં છેવટે કહ્યું છે કે :-

" વેધકતા વેધક લહે મનમોહનજી;
બીજા બેઠા વા ખાય, મનડું
મોહ્યું રે મન મોહનજી.

આવા પ્રશમરસનો અનુભવ એજ આત્માનું અંતરંગ સુખ છે. જેને સંતપુરૂષો આત્મજ્ઞાન કહે છે. તે આ પ્રશમરસની સ્વાનુભૂતિથી કોઈ જુદી ચીજ નથી. અનેક જન્મનાં પુરૂષાર્થ અને સાધનાદ્વારા જ આ આત્માનુભવ–આત્મજ્ઞાનની પ્રાપ્તિ થઈ શકે છે. આ પ્રશમરસનો આત્માનુભવ, એ માત્ર વાક્ચાતુર્યનો ખેલ નથી, કવિની કલ્પના જ નથી, પરંતુ નજીકના કાળમાં જ થઈ ગયેલ કેટલાક ત્યાગી મહાત્માઓએ પણ અનુભવ્યાના સ્પષ્ટ ઉલ્લેખો જોવા મળે છે. ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજે સ્વરચિત શ્રીપાળ રાસના ખંડ ચોથાની તેરમી ઢાળમાં સ્પષ્ટ કહ્યું છે કે :

માહરે તો ગુરુચરણ પસાયે, અનુભવ દિલમાંહે પેઠો;
રૂચિ વૃદ્ધિ પ્રગટી ઘટમાંહિ, આતમરતિ હુઈ બેઠો રે....

વળી ઉપાધ્યાય શ્રી માનવિજયજી મહારાજે પણ શ્રી અજિતનાથજિનસ્તવનમાં કહ્યું છે કે :—

પ્રભુની મહેરે તે રસ ચાખ્યો, અંતરંગ સુખ પામ્યો;
માનવિજય વાચક ઈમ જંપે, હુઓ મુજમન કામ્યો.

પ્રભુજી મહેર કરીને આજ કાજ અમારાં સારો;
અધ્યાત્મયોગી શ્રી આનંદઘનજી મહારાજે પણ પોતાને થયેલ અનુભવની જાગૃતિ અંગે જણાવ્યું છે કેઃ—

અવધુ અનુભવ કલિકા જાગી,
મતિમેરી આતમ સમરન લાગી.
અનુભવરસમેં રોગ ન શોગા, લોકવાદ સબ મેટા;
કેવળ અચળ અનાદિ, શિવશંકર ભેટા. અવધુ૦

સમાધિ વિચારના દુહાઓમાં તે દુહા બનાવનારે કહ્યું છે કેઃ-

આતમઅનુભવજ્ઞાનમાં, મગનભયા અંતરંગ;
વિકલ્પસવિ દૂરે ગયા, નિર્વિકલ્પ રસ રંગ.
આતમસત્તા એકતા, પ્રગટયો સહજ સ્વરૂપ;
તે સુખ ત્રણ જગમેં નહિં, ચિંદાનંદ ચિદ્રૂપ.

આ રીતે પ્રાપ્ત થતા અનુભવજ્ઞાન—આત્મજ્ઞાનના કારણે અનુભવી આત્માઓનો સંસાર અલ્પ થતો જાય છે. અલ્પ સંસારના કારણે શરીર અને મનસંબંધી દુઃખથી સર્વથા મુક્ત બનવાનું તેમના માટે સરલ બને છે. પ્રશમરસસ્વરૂપ આત્મિકસુખનો લેશમાત્ર પણ સ્વાદ અનુભવમાં આવી જવાથી તે સુખની પરિપૂર્ણ પ્રાપ્તિ માટે તેને તીવ્ર તાલાવેલી જાગે છે. અને દેવ—મનુષ્ય સંબંધી ભૌતિક સુખો પ્રત્યે નફરતભાવી તે બને છે.

તત્ત્વજ્ઞાન અને સદનુષ્ઠાનનો હેતુ ઉપરોક્ત અનુભવજ્ઞાન પ્રાપ્તિ માટે જ હોવો જોઈએ. એના લક્ષ્યવિનાનાં તત્ત્વજ્ઞાન કે સદનુષ્ઠાનો લેશમાત્ર પણ આત્મહિત કરનારાં બની શકતાં નથી.

સ્વને ચૂકી પરમાં જ અહર્નિશ સાવધાન રહેતા માનવીનું ચિત્ત, જ્યારે બાહ્ય જગતમાંથી ખસી જઈ, આંતર જગતમાં સ્થિર થાય છે, ત્યારે જ તે પરમશાંતિ કે સાચો આનંદ અનુભવે છે. આ સ્થિરતા એ જ શુદ્ધોપયોગ છે.

આંતરજગતમાં સ્થિર બનવાની કળાને સિદ્ધ બનાવવા માટે પરમાત્મા પ્રત્યે પ્રેમ–ભક્તિ, જીવજગત પ્રત્યે આત્મીયતાભરી સહાનુભૂતિ, ભૌતિક જગત પ્રત્યે વિરક્તિ, અને પોતાના અવિનાશી સ્વરૂપનું અનુસંધાન જેનાથી સધાતું હોય કે વધુ દૃઢ થતું હોય તેવી વૃત્તિ–પ્રવૃત્તિયુક્ત જીવન વ્યવહાર બનાવી, પોતાના દેહ તથા મન અંગે થતા પર્યાયો (પરિવર્તન)ને એક પ્રેક્ષકની જેમ દૂરથી માત્ર સાક્ષી ભાવે જોયા કરવાનો અભ્યાસી બની રહેનાર મનુષ્ય જ, પ્રશમરસ સ્વરૂપ આત્મજ્ઞાન અનુભવી શકે છે. આવા અનુભવજ્ઞાનમાં જ મુક્તિનો આસ્વાદ પામી શકાય છે. શુદ્ધ આત્માની અનુભૂતિ એ મોક્ષપ્રાપ્તિનું બીજ છે. શુદ્ધોપયોગમાં જ એ શુદ્ધ અનુભૂતિ છે.

જેઓને આવી શુદ્ધ આત્માની અનુભૂતિનો આવિષ્કાર થાય છે, તેઓને પછી જગતની અન્ય કોઈ વસ્તુ મેળવવાની ઇચ્છા રહેતી જ નથી. કારણ કે જે સુખનો આનંદ આત્મામાંથી પ્રાપ્ત થાય છે, તે આનંદ, જગતની કોઈપણ વસ્તુથી પ્રાપ્ત થઈ શકે તેમ નથી જ. માટે જ દરેક જીવે શુદ્ધોપયોગી બની રહેવા પ્રયત્નશીલ થવું જોઈએ.

આવી અનુભૂતિ પામેલ મનુષ્યને, આત્માની પ્રકાંડશક્તિ

પાસે જગતની બીજી કોઈ શકિત ટકી શકતી નહિ હોવાનો ખ્યાલ પેદા થતો હોવાથી, આ અનુભૂતિના સુખ કે આનંદ પાસે, જગતનાં અન્ય સુખ કે આનંદ, વામણાં બની રહેતાં દેખાય છે. અને આત્મિક સુખના અનુભવમાં, આત્મ પ્રદેશો-માંથી જાણે કે શાંતરસ નીતરતો હોય, અને તે અમૃતરસ પોતે ભોગવતો હોય, એમ તેના અનુભવીને લાગે છે. આ શાંતરસના અનુભવને શુદ્ધોપયોગનો જ અનુભવ કહેવાય છે.

અજ્ઞાન અવસ્થામાં ઘર કરીનેબેઠેલી ભુતકાળની સ્મૃતિઓ, સંસ્કારો અને ભવિષ્યની કામનાઓ, આત્મજ્ઞાનની સિદ્ધિમાં અવરોધક બની, બાહ્ય જગતની ઘટનાઓના પ્રત્યાઘાતથી મનુષ્યને રાગી–દ્વેષી બનાવી, હર્ષ કે વિષાદમાં ડુબાવી, વિવિધ સંકલ્પ–વિકલ્પના વમળમાં અથડાવી અથડાવી આત્મસ્થિર-તાથી ચૂકાવી દે છે. એટલે અનુભવજ્ઞાનની પ્રાપ્તિનો માર્ગ કદાચ સરલ દેખાતો હોવા છતાં તેના મર્મને તો માત્ર પરિપકવ સાધકો જ પામી શકે છે. તેમ છતાં તે માટે હતાશ નહિં બનતાં ધીમે ધીમે પણ તેની પ્રાપ્તિ માટે ઉત્સાહી બની, અનુભવીઓએ દર્શિત માર્ગમાં પ્રયત્નશીલ થવા જાગૃત રહેવું જોઈએ.

કોમ્પ્યુટર યંત્રની જેમ યાંત્રિકપણે ઉપસ્થિત થતા જ રહેતા ભૂતકાળના સમગ્ર સંસ્કારોથી, અને ભાવિની આકાં-ક્ષાઓ અને તૃષ્ણાથી મુક્ત બનવા, પ્રતિસમય એજ ચિંતવવું કે, આત્માના નિર્મળજ્ઞાન અને નિરૂપાધિક આનંદ સિવાયના કોઈપણ બાહ્યસંયોગ પાછળની દોડ, એ, દુઃખ પ્રાપ્તિનું

જ બીજ છે. બાહ્યજગત એતો અનિત્યનું અંધારૂં છે. અને આંતરિક જગત આંતરિક ખોજ—આંતરિક સ્થિરતા એ નિત્યનો પ્રકાશ છે.

અનિત્યના અંધારા પાછળ નિત્યનો પ્રકાશ જોવાની ઉત્કટ ઈચ્છા માણસને જ્યારે થાય, ત્યારે જ કહી શકાય કે આત્મિક ચિરશાંતિનું અનુભવજ્ઞાન પ્રાપ્ત કરવાની જિજ્ઞાસા તેને હવે પ્રગટી છે. માટે જ સાંસારિક સુખ (ભૌતિક-ઈન્દ્રિયજન્ય સુખ)નો વૈરાગ અને મોક્ષસુખ-આત્મિક સુખનો રાગ, એજ અનુભવજ્ઞાન પ્રાપ્ત કરવાની જિજ્ઞાસા અંગેનું લિંગ છે. આવા જીવો જ તત્ત્વજ્ઞાન અને સદનુષ્ઠાનની આરાધના માટે આધ્યાત્મિક દૃષ્ટિએ યોગ્ય ગણાય છે.

સર્વજીવોની સંખ્યાની અપેક્ષાએ આવા જીવો અતિ અલ્પ સંખ્યામાં હોય છે. વિશેષ સંખ્યા પ્રમાણ જીવો તો સંસારની રંજોગુણી અને ભ્રામક પ્રવૃત્તિઓ પાછળ જ ચોવીસે કલાક રચ્યા-પચ્યા રહેનારા જ હોય છે. પણ તેઓની તે વૃત્તિઓ, તેઓને ચિરંતન સુખ અને શાંતિ કદાપિ આપી શકતી જ નથી.

સર્વ આત્માઓ શુધ્ધોપયોગોમાં સદા સ્થિર બની રહી, આત્માના પ્રશમરસસ્વરૂપ અમૃતભોજનના ભોકતા બની રહે એ જ શુભેચ્છા.

★

## ૨૦ : ત્રિપદી

**તીર્થંકર** પરમાત્મા ભગવાન શ્રી મહાવીરદેવે લોકવ્યવસ્થા અને દ્રવ્યસ્વરૂપના સંબંધમાં પોતાનો સુનિશ્ચિત વિચાર પ્રગટ કર્યો છે. પરમાત્મા શ્રી મહાવીરદેવે ફરમાવ્યું છે કે "દ્રવ્ય" તેને જ કહેવાય કે જે ગુણ અને પર્યાયનો આશ્રય હોય. વસ્તુનો સહભાવી ધર્મ "ગુણ" છે. તેનો સંબંધ દ્રવ્યત્વની સાથે છે. તે ગુણ યા તે શક્તિ તે તે દ્રવ્યની સાથે હતી જ અને રહેવાની જ. વસ્તુનો જે ક્ષણિક પરિવર્ત્તન સ્વભાવ છે, તે પર્યાય છે. અર્થાત્ પ્રત્યેક વસ્તુમાં પ્રતિક્ષણ પરિવર્ત્તન ચાલુ જ રહે છે ત્યાં પૂર્વાકારનો ત્યાગ અને ઉત્તરાકારનું ગ્રહણ ચાલુ જ હોય છે. માટે જ જૈનશાસ્ત્રમાં દ્રવ્યની પરિભાષા આ પ્રમાણે દર્શાવી છે કે :- उत्पाद व्यय ध्रौव्य युक्तं सत् અર્થાત્ ઉત્પાદ-વ્યય અને ધ્રૌવ્ય ગુણ સ્વભાવથીયુક્ત છે, તે પદાર્થ કહેવાય છે. અહીં ઉત્પાદ અને વ્યય તે દ્રવ્યના પર્યાયરૂપ છે. અને ધ્રૌવ્ય તે દ્રવ્યરૂપ છે. જેવી રીતે સોનાના ઘરેણાને ત્રોડીને નવાનવા ઘાટમાં થતી ઘરેણાની બનાવટમાં સોનું તો સદા મૌજુદ છે. અને પૂર્વાકારનો વિનાશ તથા ઉત્તરાકારોની ઉત્પત્તિ તે અનુક્રમે વ્યય અને ઉત્પાદ છે. આ પ્રમાણે ભગવાન શ્રી

મહાવીરદેવે લોકવ્યવસ્થા અને દ્રવ્યસ્વરૂપના સંબંધમાં સુનિશ્ચિત વિચાર પ્રગટ કર્યો છે. તેઓશ્રીએ ષડ્દ્રવ્યમય લોક તથા દ્રવ્યના ઉત્પાદ-વ્યય અને ધ્રૌવ્યાત્મક સ્વરૂપને બહુ જ સ્પષ્ટપણે અને સુનિશ્ચિત પદ્ધત્તિથી બતાવેલ છે. પ્રત્યેક વર્ત્તમાન પર્યાય, પોતાના સમસ્ત અતીત સંસ્કારનો પરિવર્ત્તિત પુંજ છે. અને પોતાની સમસ્ત ભવિષ્યત્ યોગ્યતાઓનો ભંડાર છે. તે પ્રવાહમાન પરંપરામાં તે તે સમયે તેવું પરિણમન, તે તે સમયના ઉપાદાન અને નિમિત્તના બળાબળના અનુસારે હોતું જ રહે છે. ઉત્પાદ -વ્યય-અને ધ્રૌવ્યના એ રીતના સાર્વદ્રવ્યીક અને સાર્વકાલિક નિયમનો આ વિશ્વમાં કોઈપણ અપવાદ નથી. પ્રત્યેક દ્રવ્યની આગળ આગળ થતી રહેતી પર્યાય, ચાહે સદૃશ-અલ્પ સદૃશ, અર્ધ સદૃશ યા વિસદૃશ ભલે હોય, પરંતુ તે દ્રવ્યની પ્રત્યેક પર્યાય, પ્રત્યેક સમયે બદલતી તો રહે જ છે.

ઉપર કહેવાઈ ગયું કે ગુણ યા શક્તિ તે વસ્તુનો સહભાવી ધર્મ હોવાથી વસ્તુની સાથે ત્રિકાલ શાશ્વત સંબંધ ધરાવે છે. પહેલાં વિજ્ઞાનના ક્ષેત્રમાં શક્તિનું એક સ્વતંત્ર અસ્તિત્વ મનાતું હતું. પરંતુ આઈન્સ્ટીને સ્પષ્ટ કર્યું છે કે શક્તિ (Energy) અને દ્રવ્ય (Matter) એક બીજાથી અત્યન્ત ભિન્ન નથી. વૈજ્ઞાનિક ક્ષેત્રમાં આઈન્સ્ટીનનો આ એક ક્રાન્તિકારી નિર્ણય બની રહ્યો છે. પૌદ્ગલિક શક્તિનું સ્થૂલરૂપ ઉષ્ણતા, ચુમ્બક, વિદ્યુત અને પ્રકાશ હોવાનું વૈજ્ઞાનિકોએ સ્વીકાર્યું છે. વૈજ્ઞાનિક ક્ષેત્રમાં શક્તિ અને

પદાર્થને એક જ તત્ત્વ માની લીધા બાદ એક વાત સ્પષ્ટ બની ગઈ છે કે પદાર્થમાં પ્રતિક્ષણુ નવા આકારની ઉત્પત્તી છે, પ્રાચિનનો વિનાશ છે, અને પદાર્થત્વની નિશ્ચલતા છે. પદાર્થ તે શક્તિના રૂપમાં બદલાય છે, પરંતુ શક્તિ તે નાશ નહિં પામતાં કોઈ પ્રકારવિશેષે બદલતી રહે છે. "થીસિસ એન્ડ એનર્જીન" નામે ઇંગ્લીશ પુસ્તકમાં તેના લેખક એલ. એ. કોલ્ડિંગ લખે છે કે, શક્તિ તે અવિનાશી નહીં હોતાં પરિવર્ત્તન પામતી બીજારૂપે પ્રગટ થતી રહે છે. આ રીતના પરિવર્તનમાં તેની માત્રા જેવીને તેવી જ સ્થિત રહે છે. વૈજ્ઞાનિકોની આ માન્યતામાં પદાર્થનો ગુણ કે શક્તિ તે પદાર્થનો સહભાવી ધર્મ હોવાથી જૈનદર્શનની નીચે મુજબ માન્યતાને દઢ બનાવે છે. ઉત્તરાધ્યયન સૂત્રના અ. ૨૮, ગા. ૮ માં કહ્યું છે કે:

गुणाण भासओ दव्वं एगदव्वसिया गुणा।
लक्खणं पज्जवाणंतु, उभओ अस्सिआ भवे. ॥

અર્થ :- દ્રવ્ય ગુણોને આશ્રય આપે છે. અને ગુણો એ દ્રવ્યને આશ્રિત હોય છે. પરંતુ પર્યાયનું લક્ષણુ એ છે કે તે દ્રવ્ય અને ગુણુ, ઉભયને આશ્રિત હોય છે.

દ્રવ્ય, ગુણુને આશ્રય આપે છે. એટલે દ્રવ્યને પોતાના વિશિષ્ટ ગુણો હોય છે. આ ગુણો દ્રવ્યને આશ્રિત હોય છે, એટલે તે દ્રવ્યની સાથે જ રહેનારા હોય છે. તેનાથી અલગ પડતા નથી. દાખલા તરીકે ચૈતન્ય એ જીવદ્રવ્યનો

ગુણ છે, તો તે તેની (જીવની) સાથે જ જોવામાં આવે છે. પણ તેનાથી અલગ જોવામાં આવતો નથી.

પર્યાય એટલે અવસ્થા વિશેષ. તે દ્રવ્ય અને ગુણ એ બન્નેના આધારે હોય છે. પરંતુ એકલા દ્રવ્યથી કે એકલા ગુણથી હોઈ શકે નહીં. દાખલા તરીકે ઘડો એ પુદ્ગલનો પર્યાય છે, તો તેમાં પુદ્ગલદ્રવ્ય પણ છે. અને વર્ણાદિ ગુણ પણ છે. આનો સારાંશ એ છે કે વિશ્વની વ્યવસ્થા કરનાર ધર્માસ્તિકાયાદિ છએ દ્રવ્યો, ગુણ અને પર્યાયથી યુક્ત જ હોય છે. તે ક્યારેય પણ ગુણરહિત કે પર્યાયરહિત હોતા જ નથી. માટે જ શ્રી ઉમાસ્વાતિ વાચકે તત્ત્વાર્થાધિગમ સૂત્રના પાંચમા અધ્યાયમાં "गुणपर्यायवद् द्रव्यम्" સૂત્રથી આ વસ્તુ સ્પષ્ટ કરી છે.

અહિં સમજવાનું એ જ છે કે ગુણ એ સહભાવી છે, એટલે દ્રવ્યની સાથે સદા રહેનાર છે. અને પર્યાય એ ક્રમભાવી છે, એટલે એક પર્યાયનો નાશ થયા પછી નવા સ્વરૂપે ઉત્પન્ન થનાર છે. તાત્પર્ય એ છે કે પર્યાયના રૂપાંતર સમયે પણ તેના (દ્રવ્યના) ગુણો કાયમ રહેતા જ હોવાથી તે દ્રવ્યનું સાતત્ય આપણા અનુભવમાં આવે છે. ભગવાન શ્રી મહાવીરદેવે દ્રવ્યનું લક્ષણ સત્ માની તેને ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્યવાળું જણાવ્યું છે, તેનું રહસ્ય પણ આ જ છે.

વિશ્વના તમામ પદાર્થોનું તત્ત્વરહસ્ય, આ ત્રિપદીના

જ આધારે છે. વસ્તુનું વાસ્તવિક સ્વરૂપ તો ત્રિપદીથી જ સમજાય છે. વર્તમાન વિજ્ઞાન પણ જેમ જેમ આગળ વધતું જાય છે, તેમ તેમ સર્વજ્ઞ અને સર્વદર્શી એવા ભગવાન શ્રી મહાવીરદેવે કહેલા સિદ્ધાન્તોનું સમર્થન થતું જાય છે. પરંતુ વૈજ્ઞાનિક આવિષ્કારો તો ભૌતિકતા પોષક જ બની રહે છે. જ્યારે શ્રી સર્વજ્ઞદેવે આવિષ્કારિત પદાર્થ-વિષયો તે આધ્યાત્મિક ઉન્નત્તિના વિકાસ અર્થે પ્રરૂપાયેલ છે.

આધ્યાત્મિક ઉન્નત્તિના વિકાસ માટે આ ત્રિપદીના સિદ્ધાંતદ્વારા સહુથી પ્રથમ તો આત્મતત્ત્વનું જ્ઞાન મેળવી લેવું જોઈએ. અર્થાત્ આત્માના લક્ષણ વગેરેથી પરિચિત થવું જોઈએ. માટે જ "ઉપયોગસ્વરૂપ" જીવના લક્ષણને સમજવાની પહેલી જરૂર છે. આ રીતે જેઓ જીવને સારી રીતે જાણે છે, તે અજીવને પણ સારી રીતે જાણી શકે છે. જીવ અને અજીવને સમ્યક્ પ્રકારે જાણનાર, એક ભવમાંથી બીજા ભવમાં જવાની ક્રિયાસ્વરૂપ સર્વજીવોની બહુવિધ ગતિને પણ જાણી શકે છે. ગતિ સંબંધી જ્ઞાન પ્રાપ્ત કરનાર, પુન્ય, પાપ, બંધ અને મોક્ષનો પણ જાણકાર થાય છે. પુણ્ય–પાપ–બંધ અને મોક્ષનું સ્વરૂપ બરાબર જાણનાર તે, સ્વર્ગીય તથા માનુષિક ભોગો તરફ વૈરાગી બને છે. વૈરાગી આત્મા, અભ્યંતર અને બાહ્ય સંયોગોને છોડી દે છે. તાત્પર્ય એ છે કે સાધકને જ્યારે સ્વર્ગીય કે માનુષિક કોઈ ભોગોની ઇચ્છા રહેતી નથી, ત્યારે કષાય કરવાનું કારણ રહેતું નથી. અને ધન–

ધાન્યાદિ તથા કુટુંબીજનો પરનું મમત્વ આપોઆપ ઘટી જાય છે અને અંતે તે આત્મા, અણગાર ધર્મમાં પ્રવજિત થાય છે. અણગાર ધર્મમાં પ્રવજિત થનાર, ઉત્કૃષ્ટ સંયમરૂપ ધર્મને સારી રીતે આચરી શકે છે. અને તે સંયમરૂપ ધર્મના આચરણથી જીવના મિથ્યાત્વજનિત કલુષિત ભાવોથી ઉત્પન્ન થયેલી કર્મરજ ખંખેરાઈ જાય છે. કર્મરજ ખંખેરાઈ જવાથી સર્વવ્યાપીજ્ઞાન (કેવલજ્ઞાન) અને સર્વવ્યાપી દર્શનને (કેવલદર્શન) પામી શકાય છે. સર્વવ્યાપી જ્ઞાન અને દર્શનને પ્રાપ્ત કરનાર સાધક, લોકાલોકનો સાક્ષાત્ જાણકાર થાય છે. અને જિન તથા કેવલી બને છે. અને અંતે મન-વચન-કાયાની તમામ પ્રવૃત્તિઓને રોકી શૈલેશી અવસ્થાને પ્રાપ્ત કરે છે. અર્થાત્ પર્વત જેવી સ્થિર-અકંપ દશાને પ્રાપ્ત કરે છે. તે વખતે તમામ કર્મોને ખપાવી શુદ્ધ થઈ, સિધ્ધિને પામી, લોકના મસ્તક ઉપર રહેનારો શાશ્વત સિધ્ધ બને છે. આ પ્રમાણે શાશ્વતસુખવાળી જીવની સિદ્ધાવસ્થા પ્રગટ કરવા માટે સહુથી પ્રથમ આત્મજ્ઞાનની પહેલી આવશ્યકતા છે. અને આત્મજ્ઞાનની પ્રાપ્તિ માટે ત્રિપદીનું સ્વરૂપ જાણવું ખાસ જરૂરી છે. ત્રિપદીનું સ્વરૂપ જાણનાર જ વિશ્વના તમામ પદાર્થો અને તેની વિવિધ અવસ્થાઓ તથા વસ્તુના લક્ષણને સારી રીતે સમજીને હેય, જ્ઞેય અને ઉપાદેયનો વિવેકી બની શકે છે. જેથી વિશ્વના તમામ પદાર્થોનું ત્રિકાલિક વિજ્ઞાન આ ત્રિપદીમાં જ સમાએલું છે.

જૈનાગમોની રચના શ્રી ગણધર ભગવંતો, શ્રી તીર્થંકર પરમાત્માના મુખથી સાંભળેલી ત્રિપદીના આધારે જ કરે છે. ત્રિપદીના આધારે રચિત આ દ્વાદશાંગી તે વિશ્વના તમામ પદાર્થોના સંપૂર્ણ વિષયથી ભરપૂર હોય છે. જેથી જ એક કવિએ કહ્યું છે કે :–ગણધરને ત્રિપદી સંભળાવી, શાસ્ત્ર રચાવ્યાં અપરંપાર;

ગણધર ભગવંતો દીક્ષિત થતાંની સાથે જ, વીતરાગ કેવલજ્ઞાની એવા શ્રી તીર્થંકર પરમાત્માને "ભગવાન્ કિં તત્વં ?" આ પ્રમાણે ત્રણવાર પૂછીને તેના ઉત્તર સ્વરૂપે ભગવાન શ્રી તીર્થંકરદેવ પાસેથી "उपन्नेइवा विगमेइवा धुवेइवा" આ ત્રિપદી પામીને, પૂર્વભવમાં સુંદર આરાધનાદ્વારા ક્ષયોપશમ લઇને આવેલા, બીજબુધ્ધિવાળા તે ગણધર ભગવંતો અંતર્મુહુર્ત્ત માત્રમાં સંપૂર્ણ દ્વાદશાંગીની રચના કરે છે. બાર વિભાગમાં વિભાજીત જૈનાગમને દ્વાદશાંગી કહેવાય છે. વિશ્વના કોઈ પણ પદાર્થનો કોઈપણ વિષય આ દ્વાદશાંગીની રચનામાં બાકી રહેતો નથી. કારણ કે આ દ્વાદશાંગીની રચના ત્રિપદીના આધારે જ થાય છે. એ ત્રિપદી, સર્વપદાર્થના સર્વ વિષયસૂચક છે.

ત્રિપદી અંતર્ગત, ઉત્પાદ-વ્યય અને ધ્રૌવ્ય આ ત્રણ બાબતો, વસ્તુ માત્રને વિષે દરેક કાળે, દરેક સ્થળે અને દરેક સ્થિતિમાં કાયમ હોય જ છે. "ઉત્પત્તિ થઇ" એવો શબ્દ આપણે બોલીએ છીએ તેની સાથે જ આપણે એ વાત પણ સમજી લેવાની છે કે, આગલી સ્થિતિનો નાશ

થયો છે. અને "નાશ થયો" એવા શબ્દો જ્યાં બોલીયે છીએ ત્યાં એમ પણ સમજી જ લેવાનું છે કે, નવી કોઈપણ સ્થિતિનું સર્જન થયું છે. આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે ઉત્પત્તિ છે, ત્યાં નાશ છે. અને જ્યાં નાશ છે, ત્યાં ઉત્પત્તિ છે. ઉત્પત્તિવિના નાશ નથી, અને નાશ વિના ઉત્પત્તિ નથી. એનો અર્થ એ છે કે ઉત્પત્તિ અને નાશ એ બન્નેને પરસ્પર સંબંધ રહેલો જ છે. આ રીતે ઉત્પત્તિ અને નાશને કબૂલ રાખ્યા પછી એથી પણ એક ડગલું આગળ વધવાનું છે. કેમકે ઉત્પત્તિ અને નાશ એ વાત તો ઠીક, પરંતુ કોની ઉત્પત્તિ અને કોનો નાશ, તે વિચાર કરવો પડશે. ઉત્પત્તિ અને નાશ પામનાર કોઈપણ પદાર્થ જ ન હોય, તો પછી ઉત્પત્તિ અને નાશ તે કોનાં થયાં ગણાય? માટે એમ નક્કી થાય છે કે ઉત્પત્તિ અને નાશ સિવાય પણ ત્રીજી કોઈ વસ્તુ હોવી જોઈએ.

ઉત્પત્તિ અને નાશને માન્ય રાખનારે એ બન્ને સ્થિતિ વખતે હાજર હોવાવાળા ત્રીજા કોઈને માનવો જ પડશે. જેમ બાલ્યકાળ પૂર્ણ થયે યૌવનકાળ પ્રાપ્ત થાય છે. આ બન્ને અવસ્થાઓ મનુષ્યની જ છે. જો મનુષ્યપણું છે, તો જ બાલ્યાવસ્થા અને યૌવનાવસ્થા હોઈ શકે છે. માટે બાલ્યાવસ્થાનો નાશ અને યૌવનાવસ્થાની ઉત્પત્તિમાં મનુષ્યપણું એ ધ્રૌવ્ય છે. આ ઉપરથી માલુમ પડે છે કે જગતના હરકોઈ પદાર્થના ત્રણ સ્વભાવ છે. ઉત્પત્તિ-નાશ અને નિશ્ચલતા. કોઈપણ પદાર્થ એવો નથી કે જે ઉત્પત્તિ, નાશ અને નિશ્ચલતા વિનાનો હોય. હવે એક પદાર્થનું આવું

સર્વમાન્ય લક્ષણ જાણ્યા પછી જગતના તમામ પદાર્થોની સ્થિતિને તે ઉપરથી જાણી શકાય છે, એ સ્પષ્ટ છે. આથી જ શાસ્ત્રકારોએ એમ કહ્યું છે કે "જે એકને જાણે છે, તે બધાને જાણે છે." એક પદાર્થના ઉત્પાદ–વ્યય અને સ્થિરતાને જાણે છે, તેઓ સઘળા પદાર્થના ઉત્પાદ–વ્યય અને સ્થિરતાને જાણે છે. એક રતિ સોનું લઈ તેની પરીક્ષા કરી જાણનાર ચોકસી અગર સુવર્ણકાર, તમામ સોનાનો નિર્ણય કરી શકે છે. ચેતના લક્ષણ ઉપરથી જીવપણું સમજી શકનાર, જગતના તમામ જીવોનો નિશ્ચય કરી શકે છે. માટે જ આચાંરગ સૂત્રકારે આચારાંગ સૂત્રમાં જણાવ્યું છે કે "जे एगं जाणइ से सव्वं जाणइ, सव्वं जाणइ से एगं जाणइ." અર્થાત્ જે આત્મા, પોતાના એક જીવને સ્વરૂપ અને લક્ષણથી જાણે છે, તેણે જગતના સઘળા જીવોને જાણી લીધા છે. અહિં લોકમાં ધર્માસ્તિકાયને, ગતિ કરનાર પદાર્થને ગતિ કરવામાં સહાયક માનીએ છીએ, તો તે જ ન્યાયે લોકાંતે રહેલા ધર્માસ્તિકાયનું લક્ષણ ત્યાં પણ ગતિસહાયક જ છે, એમ માનીયે છીએ. જો સર્વ આત્મા નિત્ય અને કર્મના ભોક્તા તરીકે માનીયે તો આપણો આત્મા પણ બધા આત્માઓ પૈકીનો જ એક હોવાથી તે પણ નિત્ય અને કર્મનો ભોક્તા હોવાનું મનાય છે. વળી એક ભવ્યાત્માને જો મોક્ષમાં જવાની લાયકાતવાળો માનીએ તો સર્વ ભવ્યાત્માઓને મોક્ષમાં જવાની લાયકાતવાળા સ્વીકારવા જ પડે. વળી જીવ અને અજીવની ભિન્નતા સમજવા માટે "ઉપયોગ લક્ષણ" જો એક જીવનું માનીએ તો સર્વ જીવોનું પણ

ઉપયોગ લક્ષણ સ્વીકારવું જ જોઈએ.

માત્ર જીવને જ નહિં, પરંતુ જીવ અને અજીવસ્વરૂપે રહેલ, વિશ્વનાં છ મૌલિક દ્રવ્યોની ત્રિકાલિક અવસ્થાને સમજાવવા માટે તે છએ દ્રવ્યને લાગુ પડી શકે એવું એક સર્વસામાન્ય લક્ષણ, ઉત્પાદ–વ્યય અને ધ્રૌવ્ય સ્વરૂપ હોઈ, શ્રી તીર્થંકર પરમાત્મા, એ ત્રિપદીને જ પ્રરૂપે છે. જ્યારે છએ દ્રવ્યો પૈકી એક જીવદ્રવ્યના જ સ્વરૂપને સમજવા માટે જીવના લક્ષણરૂપે "ઉપયોગ"ને જ પ્રરૂપ્યું છે. એવી રીતે શેષ પાંચ અજીવદ્રવ્યોના પણ તે તે જાતના અલગ અલગ મૌલિક દ્રવ્યને પોતાની સર્વ જાતીને લાગુ પડી શકે એ રીતે ગતિસહાયક, સ્થિતિસહાયક, અવકાશદાતા, પુરણ અને ગલન તથા વર્ત્તના લક્ષણ, શાસ્ત્રોમાં જણાવ્યાં છે.

આ ત્રિપદીના નિયમાનુસાર દરેક પદાર્થ તે માત્ર નિત્ય કે અનિત્ય જ નહિં હોતાં "નિત્યાનિત્ય છે." તેમ છતાં આ હકીકતને માન્ય નહીં રાખનાર ક્ષણિકવાદીને પણ સ્વીકારવું તો પડશે જ કે બાલ્યાવસ્થા વટાવી યુવાવસ્થા પ્રાપ્ત વ્યક્તિ, તે તે જ મનુષ્ય છે, કે, જે પ્રથમ બાલ્યવસ્થામાં હતો. બાલ્યાવસ્થામાંથી યુવાવસ્થામાં આવનાર વ્યક્તિ તે કંઈ બાલ્યાવસ્થાવાળી વ્યક્તિથી ભિન્ન નથી. વ્યક્તિ તેની તે જ છે, પરંતુ બાલ્યવસ્થામાંથી યુવાવસ્થા પ્રાપ્ત કરવા સ્વરૂપ તે વ્યક્તિનું અવસ્થાન્તર થયેલ છે. અને અવસ્થાન્તર થવા છતાં તે વ્યકિતનો અન્ય વ્યક્તિ

સાથે વર્ત્તતો સગાંસંબંધીનો સંબંધ બદલાઈ જતો નથી. એવી રીતે નિત્યવાદીને પણ સ્વીકારવું પડશે કે અવસ્થાન્તર થવા છતાંયે પોતાના જીવનનો પલ્ટો તો છે જ. હતા એવાને એવા તો નથી જ. સારાંશ એ છે કે બાલ્યવસ્થામાંથી યુવાવસ્થામાં આવેલ તે વ્યક્તિરૂપે ધ્રૌવ્ય છે. બાલ્યાવસ્થા એ વ્યય છે. યુવાવસ્થાની ઉત્પત્તી છે. આ દ્રષ્ટાંતદ્વારા ખાસ સમજવાનું તો એ જ છે કે પ્રત્યેક વસ્તુમાં ત્રિપદીવાળો પ્રવાહ, પ્રતિસમય પ્રવાહિત થયા જ કરે છે. આ રીતે ત્રિપદીના સિદ્ધાન્ત દ્વારા વસ્તુમાત્રમાં પ્રતિસમય ઉત્પાદ-વ્યય અને ધ્રૌવ્ય, અવસ્થિત હોવાનો ખ્યાલ પેદા કરી જીવે પોતાના શ્રેય માટે ઉપયોગના અશુદ્ધ પ્રવાહને ટાળી શુદ્ધપર્યાયમાં પ્રવાહિત બની રહેવું જોઈએ.

*

# ૨૧ સમતા અને મમતા

**મોહથી** અનુરંજિત ઉપયોગ તે અશુદ્ધ ઉપયોગ છે. અને મોહથી અલિપ્ત ઉપયોગ તે શુદ્ધ ઉપયોગ છે. અશુદ્ધ ઉપયોગમાં મોહની પ્રબલતા છે, અને શુદ્ધ ઉપયોગમાં મોહની ક્ષીણતા છે. જીવમાં મોહનો ઉદ્ભવ એ રાગ અને દ્વેષરૂપે પરિણમે છે. અને રાગ અને દ્વેષરૂપે થતું મોહનું તે પરિણમન જીવમાં વર્તતી મમતાના જ કારણે છે. આ મમતા જ મોહનું લિંગ છે. જ્યારે એથી વિપરીતદશા એ સમતા છે. સમતા એ ઉપયોગશુદ્ધિદર્શક છે અને મમતા એ ઉપયોગની અશુધ્ધિદર્શક છે. સમતામાં જ મોહની ક્ષીણતા સમજાય છે. જ્યારે મમતામાં મોહની પ્રબલતા સમજાય છે. માટે જ ઉપયોગની અશુધ્ધિને ટાળવાનો માર્ગ, સમતા દ્વારા જ સરલતાએ પામી શકાય છે. આ મમતા અને સમતા જ ઉપયોગની અશુધ્ધતા અને શુધ્ધતાને અનુક્રમે પરખવાની કસોટી છે. મમતા અને સમતાસ્વરૂપે વર્ત્તતા જીવપર્યાયની માહિતીદર્શક જીવનું પોતાનું મન છે. એટલે મન એ કંઈ મમતા અને સમતાનું ઉત્પાદક નથી. પરંતુ ઉત્પત્તિદર્શક છે. દર્પણસ્વરૂપ છે.

મનન કરે તેને મન કહેવાય. કોનું મનન કરવું અને કેવું મનન કરવું તેમાં મનની સ્વતંત્રતા નથી. જે બાહ્-

તનો ઉપયોગ વર્ત્તતો હોય, તેનું જ મનન મન કરી શકે છે. પછી તે ઉપયોગ ભૂતકાલીન ઘટનાની સ્મૃતિરૂપે હોય કે વર્ત્તમાનકાલીન ઇન્દ્રિયપ્રત્યક્ષ ઘટના અંગેનો હોય. ઉપયોગના પલટામાં મનના મનનને પણ પલટાવું પડે. એટલે મનનમાં તો ઉપયોગની પછવાડે જ મનને ચાલવાનું હોય છે.

હવે મનન તે શુભ કરવું કે અશુભ કરવું તેનો આધાર તો જીવના પૂર્વબદ્ધ સંસ્કાર–વૃત્તિના ઝુકાવ ઉપર છે. કેટલાક વિવેકી લોકોની ફરીયાદ હોય છે કે અમારે અમુક વિચારો નહિં કરવા જોઈએ છતાં પરાણે આવી જાય છે. આ હકીકત જ પૂર્વબદ્ધ સંસ્કારોની ઉત્તેજના અનુસાર જ, અનિચ્છનીય મનન પણ થતું રહેતું હોવાની બાબતને સિદ્ધ કરે છે. આ રીતે થતા સંસ્કારોની ઉત્તેજનાને વૈજ્ઞાનિક ભાષામાં અવ્યક્ત મન, અને જૈન સિદ્ધાન્તિક ભાષામાં લેશ્યા તરીકે પણ સમજી શકાય.

સંસ્કાર–વૃત્તિ, એ એક આદત છે. જેને જેવી આદત હોય તે પ્રમાણે તેની વિચારધારા હોય. એક સૌંદર્યવાન યુવતીના મૃતદેહને જોઈને વિષયાંધ માણસના મનનું મનન, સૌંદર્યની આસક્તિને અનુરૂપ હોય. ચોરી કરવા નીકળેલ ચોરનું મનન, તે મૃતયુવતિના અંગ ઉપરનાં કિંમતી અલંકારોને ઉઠાવી લેવા અંગેનું હોય. યોગીનું મનન, દેહના સૌંદર્યની અસારતા અને નાશવંત સ્વભાવના સ્વરૂપ અંગેનું હોય. એટલે સમજી શકાય છે કે ઉપયોગને અનુરૂપ વસ્તુનું, અને સંસ્કાર–વૃત્તિને અનુરૂપ વસ્તુનાસ્વરૂપ અંગેનું મનન ચાલે છે.

સારા અને બુરા એમ બન્ને જાતના સંસ્કારોથી જો જીવ સંસ્કારિત હોય તો તેમાં જે સંસ્કારો વધુ દ્રઢ બની રહ્યા હોય તે સંસ્કારોનો, તે વૃત્તિનો, ઉદ્ભવ વર્ત્તે. દ્રઢ સંસ્કારોથી વિપરીત સંસ્કારો તે ટાઈમે ગૌણ બની જાય. બાકી જેઓ બુરા જ સંસ્કારોથી વાસિત છે, તેને તો તેના મનમાં વર્ત્તતા બુરા મનનનો ખેદ જ ન હોય.

જીવની કોઈપણ પ્રવૃત્તિ (માનસિક, વાચિક કે કાયિક) તે તેની પછવાડે તેના સંસ્કારો તો જીવમાં મૂકતી જ જાય છે. પરંતુ તે સંસ્કારોની ઘનિષ્ટતા અને ટકાવ તો, પ્રવૃત્તિમાં વર્ત્તતી લયલીનતા અને આસક્તિની ન્યૂનાધિકતાના જ આધારે બની રહે છે. લયલીનતા અને આસક્તિની મંદતાએ તો બધ્ધસંસ્કાર જલ્દી વીલીન પામી જાય છે. ઘનિષ્ટ સંસ્કારો જ જીવમાં ટકી શકે છે. કષાયોની ઉત્તેજનામાં આ સંસ્કારોનો ઉદ્ભવ જ કામ કરે છે.

સારી અને બુરી અનેકવિધ વૃત્તિઓ સંસ્કાર સ્વરૂપે આત્મામાં સુષુપ્ત પડી રહેલી હોય છે. જીવના પ્રતિસમય વર્ત્તતા ઉપયોગ સમયે જે જે ટાઈમે જે જે બાબત અંગેનો ઉપયોગ વર્ત્તતો હોય તે તે બાબતનું નિમિત્ત પામીને તેને અનુરૂપ વૃત્તિઓનું પ્રગટીકરણ થતું રહે છે. આ વૃત્તિઓ સારી હોય તો સદ્ભાવે મનન ચાલે. અને વૃત્તિઓ બુરી હોય તો દુર્ભાવે મનન ચાલે. સારી અને બુરી વૃત્તિઓની અસર, જીવના મનન દ્વારા જ સાકાર બનતી હોઈ "मन एव मनुष्याणां कारणं बन्ध मोक्षयो:" બોલાય છે.

વાસ્તવિક રીતે તો મનનું મનન, ઉપયોગ અને ઉદ્ભવિત સંસ્કાર સ્વરૂપ વૃત્તિના જ આધારે હોઈ કર્મબંધ અને કર્મમુક્તિ તે ઉપયોગમાં વર્ત્તતી વૃત્તિના જ કારણે છે. કારણ કે મનનમાં મનને સ્વતંત્રતા નથી. સારૂં કે બુરૂં મનન તે વૃત્તિના આધારે જ ચાલે છે.

જીવનીવૃત્તિ તે સંસ્કારજન્ય છે. તેમાં સુસંસ્કાર તે સમતાજન્ય છે. અને કુસુંસ્કાર તે મમતાજન્ય છે. સંચિત કુસંસ્કારોનું શુદ્ધિકરણ ન થાય તો તે કુસંસ્કારોનું મમતા સ્વરૂપે પ્રગટીકરણ થતું રહી, પુનઃ પુનઃ તે મમતાદ્વારા કુસંસ્કારોની ઉત્પત્તિનું ચક્ર ચાલ્યા જ કરે છે.

કુસંસ્કાર પોષિત નિમિત્તોથી દૂર રહી, સુસંસ્કાર પોષિત નિમિત્તોમાં રહેવાથી જીવમાં સુસંસ્કારો સંસ્કારિત બને છે. અને પૂર્વબદ્ધ કુસંસ્કારોનો વૃત્તિરૂપે ઉદ્ભવ થવા પહેલાં જ જીવમાંથી તે કુસંસ્કારો વિલીન પામે છે.

અશરણ, અનિત્યાદિ બાર ભાવના અને મૈત્ર્યાદિ ચાર ભાવનાનું ચિંતવન, સદ્ધર્મારાધન, સત્સંગ, સદ્શાસ્ત્રનું વાંચન અને શ્રવણ, ઇત્યાદિથી મમતા ઘટે છે. અને સમતા વૃદ્ધિ પામે છે. સુસંસ્કારોનું પોષણ અને કુસંસ્કારોનું શોષણ થાય છે. જેથી જીવનો ઉપયોગ ક્રમે ક્રમે શુદ્ધતાને પામતો રહે છે. ઉપયોગ તે જીવનું જ લક્ષણ હોવાથી સદા ચાલુ રહેવાનો જ છે. પરંતુ આધ્યાત્મિક ઉત્ક્રાન્તિ માટે ઉપર મુજબ તેની અશુદ્ધિ ટાળી, નવીન થતી અશુદ્ધિને અટકાવી, શુદ્ધ બનાવી રાખવામાં જ જીવનું શ્રેય છે. પરમશાંતિનો અનુભવ છે. સારાંશ એ જ છે કે મમતાના

અને સમતાના સ્વરૂપને, તથા તેની અનર્થતા અને સાર્થકતા સમજીને, તેમાં હેય અને ઉપાદેયના વિવેકપૂર્વક, મમતાથી દૂર રહી સમતાને કેળવવામાં જ ઉદ્યમવંત–પુરૂષાર્થી બની રહેવું, એમાં જ વિવિધ રીતે થતા સદનુષ્ઠાનોની સાર્થકતા છે.

ઉપયોગ પ્રવર્ત્તનમાં કર્મબદ્ધ આત્માને કર્મ જ્યારે પ્રભાવિત કરે છે, ત્યારે તેના દ્વારા જીવના અધ્યવસાય, બાહ્યાભિમુખ બને છે. સંચિતસંસ્કાર, તે કાર્યમાં સહયોગી થાય છે. બુદ્ધિચક્ર તે બાહ્યાભિમુખ ભાવનાઓને પોતાની રશ્મિયોદ્વારા આકર્ષિત કરે છે. ક્ષાયોપશમિક ભાવની યોગ્યતાનુસાર તે વિષય પર, આ બુદ્ધિચક્ર ઉહાપોહ કરે છે. હેય અને ઉપાદેયની દ્રષ્ટિથી મીમાંસા કરે છે. અને પોતાનો નિર્ણય, પ્રસ્તુત કરે છે. અહિં સુધીની પ્રક્રિયા તો આત્મામાં અવ્યક્તપણે ચાલે છે. ત્યારબાદ મનદ્વારા તે વ્યક્ત થાય છે. આ બધી કાર્યવાહી અતિ ઝડપે બને છે. મન તે, બુદ્ધિનો જ એક કેન્દ્રીય વિભાગ છે. જેથી તેનામાં ચંચલતા ઉદ્ભવે છે. અને આજ્ઞાકારી અનુચરની માફક, બુદ્ધિના નિર્ણયનો સ્વીકાર કરે છે. તે ટાઈમે વિવેકી જીવને પોતાના ઉપયોગની શુદ્ધાશુદ્ધતાનો ખ્યાલ પેદા થાય છે. પોતાની વિચારધારા દ્વારા વિચારશીલ જીવ, પોતાના લક્ષને તો સમજી શકે છે. પરંતુ તેની શુદ્ધાશુધ્ધતાનો વિવેક તો સમ્યગ્દ્રષ્ટિ જીવ જ કરી શકે છે.

અહિં ઈષ્ટ અને અનિષ્ટની કલ્પનામાં મનની ચંચલતા છે. અને ઈષ્ટાનિષ્ટની કલ્પનારહિત માત્ર જ્ઞાતા–દ્રષ્ટા બની રહેવામાં મનની નિશ્ચલતા છે. ચંચલતામાં મમતા છે. અને નિશ્ચલતાનાં સમતા છે.

અનાત્મીય તત્ત્વોમાં આત્મીયતાનો અભિનિવેશ હોવો તે મમતા છે. જેમકે મારૂં શરીર, મારૂં ઘર, મારો પુત્ર, ઈત્યાદિ. અનાત્મીય તત્ત્વોમાં સર્વથી અધિક આત્મીયતાની બુદ્ધિ, શરીરમાં જ હોય છે. શરીર તે આત્મીય નથી તો પણ તેમાં આત્મીયતાની બુધ્ધિ થાય છે. તે જ, જીવના મનમાં અનાત્મીયતાને આત્મીય માનવાના સંસ્કાર ઉત્પન્ન કરે છે. જેથી તે સંસ્કારદ્વારા દરેક અનાત્મીય વસ્તુને જીવ, આત્મીય માનવા લાગે છે.

મમતાની સાથે સાથે અહંકારના સંસ્કાર પણ પુષ્ટ બનતા જાય છે. જેમ કે હું મોટો માણસ છું, અધિકારી છું, ધનવાન છું, બળવાન છું, ઈત્યાદિ અહંકારસૂચક ભાવો છે. પરમાં સ્વની બુધ્ધિ તે મમતા છે, અને સ્વપરના વિવેકપૂર્વક સ્વમાં જ રમણતા તે સમતા છે. બધા દોષોનું ઉત્પત્તિ કારણ મમતા છે, અને દોષોનું નિવારણ એ સમતા છે. ઉપયોગને મલીન-અશુધ્ધ કરનાર તે મમતા છે, અને ઉપયોગનું શુધ્ધિકરણ એ સમતા છે. મમતાવંતના મનનમાં આર્ત્ત અને રૌદ્રધ્યાન છે, જ્યારે સમતાવંતના મનનમાં ધર્મ અને શુકલધ્યાન છે.

ભૌતિક સુખોની અત્યંત આસક્તિ અને અહંકાર જ મમતાને પેદા કરે છે પરંતુ તે પ્રત્યેનો વૈરાગ્ય-ઉદાસીનતાથી સમતાની પ્રાપ્તિ થાય છે. મમતા એ મનની બિમારી છે, અને સમતા, એ મનની સ્વસ્થતા છે. તનની બીમારી કરતાં મનની બીમારી ભૂંડી છે. આજે શારીરિક બીમારીઓનો રાફડો ફાટયો છે. રોજબરોજ નવી નવી જાતની

બીમારીઓ સાંભળવા મળે છે. આ બધી બીમારીઓનું મૂળ, મનુષ્યના જીવનમાં વર્ત્તતી ભૌતિકતાની અતિભૂખરૂપ મમતા છે. કેવલ બાહ્ય નિમિત્તોથી જ બિમારી પેદા થાય છે, એવું નથી. દરેકને પોતપોતાની અંદર પણ બિમારીનાં અનેક નિમિત્તો છે. હોમિયો પૈથિકના પ્રવર્ત્તક ડો. હનીમેને કહ્યું હતું કે બીમારીની જડ, કીટાણું જ નહિં, પરંતુ બીમારીની જડ અમારા હ્રદયના ઉંડાણમાં છે. યથાર્થમાં બીમારીની જડ, મમતાના કારણે પેદા થતા કાષાયિક ભાવો છે. ક્રોધ, માન, માયા, લોભ, ઈર્ષ્યા, નિંદા, ઈત્યાદિ દુષ્ટવૃત્તિઓમાં બીમારીઓની જડ છે. આ હકીકતોને મનોવૈજ્ઞાનિકોએ પણ સિદ્ધ કરી બતાવી છે. ભૌતિકસામગ્રીની અનુકુળતાનો રાગ અને પ્રતિકુળતાનો દ્વેષ તે મમતાના કારણે જ છે. આ રાગ જ સર્વ બીમારીનું અને અશાંતિનું બીજ છે. અનેક દુરાચારોનું મૂળ, મમતા છે. મમતા અને અહંકારે જ અનેક યુદ્ધ સર્જ્યાં છે. પછી તે મમતા ભલે ધનની હોય, કે સત્તાની હોય કે ભૂમીની હોય. પોતાની મમતાને સંતોષવા માટે મનુષ્યો ગમે તેવું દુષ્કૃત્ય કે જીવસંહાર કરતાં પણ અચકાતા નથી. ઘોર હિંસાઓ કરીને અન્યની ભૂમિ, મિલ્કત, કે અન્ય સામગ્રીઓ મેળવીને મદાંધ બની રહેલા માનવીઓને છેવટે તો તે સામગ્રીઓ મૂકીને જ ચાલ્યા જવું પડ્યું છે. પણ તેઓનાં કાળાં કૃત્યોનું કલંક કંઈ દુનિયામાંથી ભૂંસાઈ શકતું નથી. ભવાંતરમાં તે કૃત્યોની શીક્ષા ભોગવવી પડે એ પણ નક્કી જ છે. મમતા જેમ બાહ્ય સામગ્રી અંગેની હોય છે, તેમ

નામનાની અને યશકીર્ત્તિ અંગેની પણ હોય છે. કેવળ બાહ્યસામગ્રીની મમતાવાળા જ દુર્ગતિમાં જાય છે એવું નથી. નામના અને યશકીર્ત્તિની ભૂખ પણ મનુષ્યને અહંકારી બનાવી દુર્ગતિમાં ઘસડી જાય છે. નામના અને યશકીર્તિની ભૂખ તો સર્વથી ભૂંડી છે. તપ અને ત્યાગને આચરનાર પણ જો કોઈ બાહ્ય સામગ્રીની કે યશકીર્ત્તિની લાલસાવાળો બની રહે તો તેનો તે તપ અને ત્યાગ, તેના આત્મિક ઉત્થાનમાં-અર્થાત્ આધ્યાત્મિક સાધનામાં નિઃકામ બની રહે છે. મમતાના કારણે જ વિશ્વમાં અશાંતિનો કોલાહલ મચેલો છે. આ દુનિયામાં ધન, નારી, સત્તા, પ્રતિષ્ઠા, રૂપ, બળ, વગેરે ભૌતિક સંયોગોની જેટલી આસક્તિ છે, તેટલું બંધન છે. તેટલું દુઃખ છે. આસક્તિ જેટલી ઓછી તેટલું દુઃખ પણ ઓછું છે. અજ્ઞાનીઓને આ વાત સમજાતી નથી. જે જે પદાર્થ અંગે આસક્તિ ઉત્પન્ન થાય, તેનો તે તે અંગેની દોષદ્રષ્ટિથી વિચાર કરીને આસક્તિ ઓછી કરવામાં જ પ્રશમરસસ્વરૂપ આત્મિક સુખની પ્રાપ્તિનો ઉપાય છે. આમાં આત્મિક સુખની અનુભૂતી છે.

ધનની લાલસા, વાસનાની લિપ્સા, સત્તાનો નીશો, પ્રશંસાનો મોહ, પરાયું હડપ કરવાની બુધ્ધિ, સ્વાર્થ માટે પરને પીડા કરવાની તમન્ના, આવા અનેક દુર્ગુણોની જનની તે મમતા જ છે.

મમતા અને અહંકારરહિત એવા સુસંસ્કારી-વિવેકી-સમ્યગદ્રષ્ટિ માણસ પાસે ધન હશે પણ એની લાલસા નહીં હોય. નારી હશે પણ વાસનાની લિપ્સા નહીં હોય. સત્તા હશે પણ સત્તાનો નીશો નહિં હોય. પ્રતિષ્ઠા હશે પણ

પ્રશંસાનો મોહ નહિં હોય. બુદ્ધિ હશે તો પણ પરનું હડપ કરવાની વૃત્તિ કે સ્વદેહના રક્ષણ માટે પરનો ધ્વંસ કરવાની નિષ્ઠુરતા નહિં હોય. કારણ કે આધ્યાત્મિક સંસ્કારોથી સુવાસિત બનેલ મનુષ્યના જીવનમાં,સ્વાર્થની ગૌણતા અને પરાર્થની મુખ્યતાનો સિદ્ધાન્ત તે ઓતપ્રેત વણાયેલો હોય છે. તેમના જીવનમાંથી ધન, નારી, સત્તા, અને પ્રતિષ્ઠાનો આસક્ત તથા અહંભાવ ઓગળી ગયેલો હોય છે. તેઓ અન્યાય, અને અનીતિથી દૂર જ રહેતા હોઈ પરમશાંતિને અનુભવે છે.

ઉપરોક્ત સામગ્રીની વધુ પડતી લિપ્સા–આસક્તિ –મમતાએ જ વર્ત્તમાન કાળે લાંચરૂશ્વત અને કાળા બજારનું નિર્માણ કર્યું છે. ન્યાય અને નીતિને વીસરાવી દીધી છે. સમગ્રના હિતની ચિંતા, સદ્‌ગુણાનુરાગ, અનુકંપાભાવ, અને માધ્યસ્થવૃત્તિ, ઈત્યાદિ સદ્‌ગુણોનો લોપ થવાથી મત્સ્યગલાગલ જેવી સ્થિતિ સર્જાઈ છે. મમતા અને સમતા એ મનના જ ભાવો હોવા છતાં એકભાવ બૂરો છે, અને બીજો ભાવ સારો છે. અનુકુળ કે પ્રતિકુળ સંયોગોમાં સમાનભાવ તે સમતા છે. આ સમતા જ વિશ્વશાંતિની જનની છે.

સમતા એ જીવને, ક્રોધમાં જતો રોકી ક્ષમામાં સ્થિર કરે છે. પુદ્‌ગલાસક્તિમાંથી રોકીને આત્મભાવમાં સ્થિર કરે છે. હર્ષ કે શોકને શાંત કરીને ગંભીરતામાં ધારી રાખે છે. અકડાઈને રોકી, કોમળતામાં લાવે છે. વક્રતામાંથી બચાવીને સરલતામાં રાખે છે. દ્વેષથી અટકાવીને મિત્ર ભાવમાં સ્થિર કરે છે. લોભનું નિવારણ કરીને સંતોષમાં સ્થિર કરે છે. માયાથી રોકીને નિઃશલ્યભાવી કરે છે. અભ્યંતર

આકુલ-વ્યાકુલતા ટાળી, શાંતિમાં રાખે છે. આવી રીતે દરેક દોષમાંથી મુકત કરીને તેના પ્રતિપક્ષી આત્મગુણને ઉત્પન્ન કરનાર સમતાભાવ, એ, આત્માનું મહાન પરાક્રમ છે.

કર્મના વિપાકોદય સમયે જીવનમાં ઉત્પન્ન થતી ક્ષોભ, આવેશ, ઉશ્કેરાટ, ગભરાટ, અસ્થિરતા-આકુળ વ્યાકુળતા, આતુરતા, તન્મનાટ ઇત્યાદિ રાગદ્વેષની લાગણીઓને અટકાવીને તેના પ્રતિપક્ષી આત્મગુણને પ્રગટ કરવા દ્વારા કર્મપ્રકૃતિનો રસ નિષ્ફળ બનાવી જીવને સ્વસ્વભાવમાં સ્થિર બનાવી રાખનાર સમતા જ છે. સમતાને કેળવવાનો અભ્યાસ રાખ્યો હોય તો તેના સંસ્કાર, આગામી ભવમાં પણ ભવાંકુરનો નાશ કરવામાં સહાયક બનશે

સમતાવંત મહાત્માઓની સાન્નિધ્યમાં રહેતા નિત્યના વૈરી પ્રાણિઓ પણ પોતાના વૈરભાવને ભૂલી જાય છે. આધિ-વ્યાધિ અને ઉપાધિરૂપ ત્રિતાપથી પીડાતા સંસારના પ્રાણિઓ, સમતારૂપી અમૃતધારાથી સિંચાઈ પરમ શાંતિને અનુભવે છે. આ સમતાનું સુખ એ જ મોક્ષના સુખની વાનગી છે. શાશ્વતસુખના સ્થાનરૂપ મોક્ષપ્રાપ્તિનો અનન્ય ઉપાય સમતા જ છે. યોગ્યતામુજબ ભિન્નભિન્ન જીવોની અપેક્ષાએ વિવિધ આધ્યાત્મિક અનુષ્ઠાનોના આયોજનનો મુખ્ય હેતુ તો સમતાને જ સાધવાનો છે. ચૌદ ગુણસ્થાનકનો ક્રમ તે સમતામહેલના આરોહણનાં પગથીઆં છે એ રીતે સર્વ આત્માઓ સમતાવંત બની ઉપયોગની પૂર્ણશુદ્ધિને પામો એ જ શુભેચ્છા.

**સમાપ્ત**

# સમતાની સુવાસ

જે [illegible]ણીમાં જોડાયેલ બળદની આંખો આડે ડાબલાઓ બાંધેલ [illegible]. તે બળદ, બાજુમાં જ પડેલું ઘાસ જોઈ કે ખાઈ શકતો નથી, પરંતુ ડાબલાઓ ખુલી જતાં તે ઘાસ ખાઈ શકે છે, એ જ રીતે સંસારરૂપી ઘાણીમાં જોડાયેલ માનવીની અંતરભૂત આંખે મમતાનાં પડલો છવાયેલ હોવાથી ઉપયોગ, અધ્યવસાય, લેશ્યા, અને ચિત્તની શુદ્ધિકારક સમતાને સમજી કે પામી શકતો નથી. પરંતુ સંતપુરૂષોના સમાગમ દ્વારા જ્યારે તેને મમતાની અનર્થતા સમજાય છે, ત્યારે જ મમતાનાં પડલો દૂર થવાથી સમતાવંત બની ઉપયોગાદિની શુદ્ધિમાં પ્રવર્તી શકે છે. સકલ ધર્મનો, સકલ ધર્માનુષ્ઠાનોનો, સકલ તત્ત્વજ્ઞાનનો સાર એક જ છે કે, મમતાને છોડી, સમતાને પામો.

જે મનુષ્યે સમ્યગ્દર્શન પ્રાપ્ત કર્યું છે, અને જ્ઞાનીઓના વચનાનુસાર જાણવાયોગ્યને જાણી લીધું છે, તેને મમતા તો સ્પર્શી શકતી જ નથી. મસાલને નીચી કરો છતાંય અગ્નિ–શિખા તો ઉંચી જ ચડશે. એવી જ રીતે ગમે તેવી અનુકૂળ કે પ્રતિકૂળ પરિસ્થિતિમાં પણ સમતાવંત જીવોની હૃદયજ્યોત તો ઉંચી જ પ્રકાશતી રહેશે.

દેહથી ભિન્ન, સ્વપર પ્રકાશક પરમ જ્યોતિ સ્વરૂપ એવો આ આત્મા, તેમાં નિમગ્ન થાઓ. હે આર્યજનો ! અંતર્મુખ થઈ, સ્થિર થઈને આત્મામાં જ રહો, તો અનંત અને અપાર આનંદને અનુભવશો.